૧૯૩૨ - 1932 ૫

પ્રભાતે.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૧ લો. |
| વાર્ષિક રૂ. ૨-૮-૦ | તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | શનીવાર તા. ૨૯-૧૦-૧૯૩૨. |

# આત્મ નિવેદન.

આ વર્ષે સાંવત્સરિક પર્વનિમિત્તે આત્મવિચારણા કરતાં સંઘ અને શાસન પરત્વે પણ કેટલાક વિચાર આવ્યા તેમાંથી થોડો ભાગ જે મારા પોતાના આત્મા અને સંઘ સાથે સંબંધ ધરાવે છે તેટલો સંઘ સમક્ષ મૂકવા ઈચ્છું છું. જો તેમાં કોઇને સમભાવ અને સત્ય દેખાય તો તે ઉપર વિચાર કરે.

આજકાલ આખા જૈનસંઘમાં કલેશ અને કંકાસનું વાતાવરણ ચોમેર ફેલાઈ રહ્યું છે. અને તે દિવસે દિવસે વધતું જાય છે. દરેક પક્ષકાર સામા પક્ષ ઉપર બધો જ દોષ નાખવા પ્રયત્ન કરે છે અને સામો પક્ષ પણ એ જ રીતે કરે છે. પરિણામે કોઇ પોતાના દોષ તરફ અને બીજાના ગુણો તરફ લક્ષ આપતું નથી. સૌ બીજાના દોષો અને પોતાના ગુણો જ દેખાય છે. આ સ્થિતિ ચોમેર વર્તે છે.

સંઘમાં વર્તતા કલેશને અંગે કેટલાક ધર્મી ગૃહસ્થો જ્યારે પ્રસંગ આવે ત્યારે મને પણ કહે છે કે "સંઘમાં શાંતિ સ્થાપવી જોઇએ અને તેઓ મને વિનવે છે—આપ આ કલેશ દૂર કરવા કંઈ કરો.

ધર્મમાં અને સરળ ચિત્તવાળા આવા ભાઇઓની વાત ઉપર હું વિચાર કરૂં છું, ત્યારે છેવટે મને એ જ લાગે છે કે—આ બાબતમાં હું મારા "આત્મ નિવેદન" સિવાય શું કરી શકું? કાંઇ સૌના ઉપર અધિકાર ચાલતો નથી. તેમ સૌ એક પ્રકૃતિના હોઇ શકે પણ નહિ. તેથી મને મારા પોતાના વિષેજ કાંઇ કરી શકવાનો કે કહેવાનો હકક રહે છે.

જૈનસંઘમાં વર્તતા કે વધતા કોઈ પણ જાતના કલેશમાં હું નિમિત્ત થતો હોઉં એવું મારી જાણમાં આવતું નથી; પ્રયત્ન તો એ વિષે હોય જ ક્યાંથી? છતાં એવો પણ સંભવ છે કે—જે વસ્તુ મારા લક્ષમાં ન હોય કે ન આવતી હોય તે બીજાઓના લક્ષમાં આવે. તેથી આ બાબતમાં મને એકજ માર્ગ આજે સૂઝે છે અને તે કોઈ પણ રીતે નુકશાનકારક નથી. કદાચ બીજાઓને પણ તે અનુકરણ કરવા જેવો બને. તે માર્ગ આ છે—

"ન્યાયાંભોનિધિ જગદ્વિખ્યાત પરમગુરૂદેવ શ્રી ૧૦૦૮ શ્રી વિજયાનંદસૂરીશ્વરના હસ્ત દીક્ષિત અને મારા સંઘાડામાં અતિમાન્ય વયોવૃદ્ધ એવા બે મુનિવરો છે. જેમને હું પૂજ્ય ગણું છું અને જેમના માટે સંઘના મોટા ભાગનો આદર છે તે બે—પ્રવર્તક શ્રી ૧૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજ અને શાંતમૂર્તિ શ્રી ૧૦૮ શ્રી હંસવિજયજી મહારાજ છે. આ બે સિવાય વિદ્વાન પ્રતિભાસંપન્ન અને પ્રભાવશાળી આચાર્ય શ્રી ૧૦૮ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ અને શ્રી ૧૦૮ શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ જેઓ તદ્દન નિષ્પક્ષ અને કોઈનાય પ્રભાવથી અંજાય તેવા નથી. આ ચાર સ્થવિરોને હું મારા તરફથી વિનવું છું કે—તેઓ એકત્ર મળીને અગર પત્રવ્યવહાર કરીને જો હું કાંઇ ભૂલ કરતો હોઉં તો તે વિચાર ચલાવી તમને એ વિચારને પરિણામે આ સંઘકલેશની બાબતમાં જો કાંઇ મારી ભૂલ દેખાય એ મને સૂચવે."

હું સંઘને ખાત્રી આપું છું કે—ઉક્ત ચાર સ્થવિરોની એકમતિથી કે બહુમતિથી પણ મને કંઇ ભાસી જણાવવામાં આવશે તો હું તેના ઉપર શ્રદ્ધાપૂર્વક અને ઉદારતાથી વિચાર કરીશ અને મારામાં જો મને ભાસી તો ખુલ્લં ખુલ્લા એનો હું એકરાર કરીશ એટલું જ નહિ પણ મારા ... દૂર કરવા હું બનતું કરીશ.

... છું કે—પરિમિત શક્તિવાળો કોઇ પણ, પછી ભલે તે આચાર્યપદધારક હોય, ... આથી વધારે શું કરી શકે?

... હું તો મારા પોતાથી બનતી શાસનસેવા અને સંઘનું હિત સાધી શકાય ... રહીશ. એમાં કોઇનેય કહેવાપણું નહિ રહે.

શ્રી સંઘનો દાસ—વલ્લભવિ

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૯-૧૦-૩૨.


## નૂતનવર્ષના પ્રભાતે—

### પ્રબુદ્ધ પ્રભુતામાં પગલાં માંડે છે.

ભારતવર્ષમાં રૂઢિચૂસ્તતા અને ધર્માંધતા જ્યારે પ્રધાન સ્થાન ભોગવતી હતી. આપ મેળે બની બેઠેલા આગેવાનો સમાજને પોતાની એડી તળે દબાવી રહ્યા હતા. શ્રીમંતશાહીનો દોર અને સાધુઓની સફેદ પછેડી સર્વોપરિપણું ભોગવતી હતી. અનેક પ્રકારની કુરૂઢીઓ અને વ્હેમો સમાજને કોરીને ખાઇ રહ્યા હતા. અને શાસ્ત્રને નામે, ભગવાન મહાવીરના નામે સ્વેચ્છાચાર અને સ્વચ્છંદતા વધી પડયાં હતાં ત્યારે પાશ્ચાત્યદેશોના સ્વતંત્ર વાતાવરણમાંથી નૂતન પ્રેરણા મેળવી કેટલાક યુવક બંધુઓએ સમાજની રૂઢીચુસ્તતા અને ધર્માંધતાનો નાશ કરવા માટે કેડ બાંધી. તેમણે તે માટે સંગઠન કરવાનો રાહ લીધો. અને **યુવક સંઘ** અસ્તિત્વમાં આવ્યો. તેના ઉદ્દેશો ઘડાયા. પ્રચાર કાર્ય આરંભાયું, રૂઢીની ગુલામીની જંજીરોમાં જકડાયેલો સમાજ ચોંકી ઉઠયો, ત્હેણે આ સંઘને મૂળમાંથી દાબી દેવા ઘણા પ્રયત્નો કરી જોયા, સમાજમાં પ્રચારકાર્ય આરંભાયું છતાં તેમાં નિષ્ફળતા મળી; અને યુવક સંઘ અણનમ રહયો. ત્હેણે લોકમત કેળવવા ભાઇ જમનાદાસ અમરચંદ ગાંધીના તંત્રીત્વ નીચે 'યુવક સંઘ પત્રિકા' શરૂ કરી. અને તેમાં નિડરતાથી સમાજના અનેક સળગતા પ્રશ્નો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો. પૂરાણા સમાજને પોતાના ચક્ષુ સમીપ મૃત્યુનો ભય તરવરવા લાગ્યો. અને ત્હેના અનેક ધમપછાડાઓ છતાં [illegible]ત્રિકા ચાલુ જ રહી. લોકોનો ચાહ વધ્યો, આમ દિનપ્રતિદિન [illegible] પ્રગતિ [illegible] રહી, ત્યારબાદ [illegible]લાક સમય પછી તે [illegible]ત્રિકાને "**પ્રબુદ્ધ જૈન**" ના રૂપમાં ફેરવી નાખવામાં આવી [illegible]ને ન્યાયતીર્થ ન્યાયવિજયજી મહારાજના આશિર્વાદ સાથે [illegible]ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ અને શ્રી હરિલાલ શિવલાલ [illegible] [illegible]ત્વમાં નિકળવા લાગી. એ અરસામાં યુવક પરિષદ [illegible] [illegible]ધાર્મિક યુવકોએ નિશ્ચય કર્યો અને પ્રબુદ્ધે તેમાં [illegible] આપ્યો. તેમજ પરિષદને સફળ બનાવી. આસ[illegible] [illegible] માસ વીત્યા બાદ ભાઇશ્રી ઉમેદચંદભાઇને તેમની [illegible] [illegible]મ થવાથી તેમજ ભાઇશ્રી હરિલાલ સુરત [illegible] [illegible] સહતંત્રીએ રાજીનામું આપ્યું [illegible] [illegible] એ રાજીનામું સ્વીકારી લીધું [illegible]

અને તંત્રી તરીકે અમારી વરણી ક[illegible] ઇતિહાસ છે.

ત્યાર પછી કેટલાક સાધુઓની [illegible] અમારે ખૂબ લડત લડવી પડી, ત્હેમ[illegible] કરી સમાજને મૂંઝવી નાખ્યો. અમ[illegible] પ્રવૃત્તિ સામે મોરચા માંડવાની અનિવાર્ય [illegible] એક તો અમારે યુવકોના માનસ કે[illegible] દીક્ષાના પ્રશ્નને શાસ્ત્રીય દૃષ્ટિએ [illegible] બાબતો માટે અમારાથી બનતું અ[illegible] સર્વોપરિતા સિદ્ધ કરી છે. એ અરસામાં [illegible] સંન્યસ્ત દીક્ષાપ્રતિબંધક નિબંધની કસોટી માટે [illegible] નીમી, અને તેમાં આખાયે સમાજમાં [illegible] જુબાનીઓ, લેખિત પૂરાવાઓ અને [illegible] આવી. તે માટે લોકમત કેળવવા અમે સંપૂર્ણ [illegible]

સમાજના બીજા સળગતા પ્રશ્નો [illegible] પ્રભુજીના નામે, વગેરે વિષયો ચર્ચી સમાજની [illegible] કરવા માટે બનતો ફાળો આપ્યો છે. તે સિવાય [illegible] આક્ષેપોના રદીયા આપવામાં પણ પ્રબુદ્ધે [illegible] નથી. દરેક વખતે નિડરતાથી ત્હેણે પોતાનો [illegible] સમક્ષ મૂકયા છે. ઉપરાંત સ્ત્રીઓની [illegible] વાડાઓ માટે પણ પોતાનો સ્વતંત્ર મત [illegible] આમ દિન પ્રતિદિન પ્રબુધ્ધે પોતાની પ્રગતિ સાધી છે [illegible] તેમ યુવકોમાં સંગઠન થાય. યુવકોમાં ચેતન [illegible] પ્રેરણ મળે તેવું સાહિત્ય પૂરું પ્રાડયું છે. આમ પોતાનું ગત વર્ષ [illegible] પસાર કરી બીજા વર્ષમાં "**પ્રબુદ્ધ**" પ્રવેશ [illegible] છે, પ્રબુધ્ધને સર્વાંગ સંપૂર્ણ બનાવનાર ત્હેના લેખકોએ ગત [illegible] જનતાની અભિલાષાને અનુરૂપ લેખો લખી જે સેવા [illegible] છે, ત્હેનો આ સ્થળે અમે આભાર માનીએ [illegible] ઇચ્છીએ છીએ કે તેઓએ પ્રબુદ્ધને ગત વર્ષમાં જે સેવા આપી [illegible] તે આ વર્ષે પણ ચાલુ રાખે.

નૂતનવર્ષમાં પણ અમારો કાર્યક્રમ સમાજને કોરી ખાતા સડાઓ સ્હામે લોકમત કેળવવ.નો જ રહેશે. અને જે પ્રમાણે ગત વર્ષમાં પ્રબુધ્ધે સેવા કરી છે, તે પ્રમાણે નવા વર્ષની પણ એજ નીતિ રહેશે.

અમારા ગ્રાહકોનો પણ અમે આ સ્થળે આભાર માન[illegible] છીએ કે જેઓ અમારા ઉત્સાહમાં પૂરતી [illegible] છે. [illegible] **એમના તરફથી એક એક ગ્રાહક વધારવાની આશ રાખીએ તો તે અસ્થાને નહિ ગણાય.** છેટ[illegible] "**પ્રબુદ્ધ**" નૂતન વર્ષની મંગળમય ઉષાના આછા અજવાળે પ્રભુતામાં પગલાં માંડે છે, ત્હેના ઉપર [illegible] ઉતરો, એમ ઇચ્છી અમારું વકતવ્ય [illegible]

**દીપમાળા.**

[illegible] અનંતકાળથી દીપમાળા [illegible] દીપમાળાઓ ગણી, છતાં હજુ જગત [illegible] એજ વાયુ, એજ [illegible] ઉપવનો [illegible] સનાતન નિયમ એનો એજ છે, [illegible] એ દીપમાળામાં [illegible] [illegible] જન્મ થાય છે [illegible] [illegible] ત્હેનામાં નવીન [illegible]

અને આનંદના આંદોલનો પ્રસરાવી દે છે. ભૂતકાળને ભૂલી જઇ ભવિષ્યકાળની સૃષ્ટિને ઉત્પન્ન કરે છે. આમ કરતાં હજારો વર્ષના વ્હાણાં વાયાં પણ ઉન્નતિ ક્યાં? ત્હેમાં ખામી છે, આપણે આદર્શવાદી છીએ, પણ એ આદર્શને આપણા જીવનમાં ઉતારવા માટે આપણી અશક્તિ જાહેર કરીએ છીએ. આપણે ધ્યેય નક્કી કરી શકીએ છીએ પણ એ ધ્યેયની પાછળ મરી ફીટવા જેટલી શક્તિ કેળવી શકતા નથી. આપણે રાષ્ટ્ર, ધર્મ અને સમાજની ઉન્નતિનાં મધુરાં સ્વપ્નાં સેવી સ્વપ્નદ્રષ્ટા બનવા માગીએ છીએ પણ તે રાહે જવાને આપણે તૈયાર નથી. આ બીના પણ એટલી જ પૂરાણી છે. આમ જો ભવિષ્યમાં પણ બન્યા જ કરે, એટલે કે જે પ્રમાણે ચાલ્યું આવ્યું છે, એમ ભવિષ્યમાં પણ ચલાવવામાં આવે તો દીપમાળાનો કશો અર્થ નથી. દીપમાળાની પાછળ ઉજ્વળ અને પ્રેરણાદાયક ઇતિહાસ છે. વર્ષો પહેલાં એ દિવસે સત્યુગના રામે અસુરોનો નાશ કર્યો હતો. વિક્રમે દુનિઆમાંથી દરિદ્રતાને હાંકી કાઢી હતી. ગૌતમ-ઇંદ્રભૂતિએ જગતમાં અજોડ એવું તત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. અને કૈંક વિજેતાઓએ વિજેતાદિન તરીકે ઉત્સવ ઉજવ્યો હતો. એજ સનાતન નિયમ હજુ જળવાઇ રહ્યો છે, ફેર માત્ર એટલો કે તેઓ એ દિન ઉજ્વી ચેતનની ચિનગારી મૂકતા, જ્યારે આજના ઉત્સવ પાછળ જડપ્રકૃતિ યંત્રવત્ પોતાનું કાર્ય કર્યે જાય છે. નથી ત્હેમાં જીવનનો આનંદ કે નથી અનંત ચેતન?

દીપમાળાઓ પ્રગટાવી અનેક દંપતિ દામ્પત્યજીવનનાં અનેરાં સ્વપ્નાંઓ સેવે છે. અનેક યુવાન હૃદય નૂતન પ્રેરણાવંતા બને છે, પણ તે દિવસ પૂરતાં જ, બીજે દિવસે તો ઘાંચીના બેલની માફક એજ હોળી બળ્યા જ કરે છે, અને ત્હેમાં આપણે પણ સાથ પૂરાવીએ છીએ. એ વસ્તુ હવે ચલાવી લેવી ઉચિત નથી.

આપણામાં આપણા ધ્યેયને પહોંચી વળવા જેટલી શક્તિ છે, દામ્પત્યજીવનનાં મોંઘેરા લ્હાવા લેવાની હોંશ છે, રાષ્ટ્ર, ધર્મ અને સમાજને ઉન્નત બનાવવાની તમન્ના છે. શા માટે આપણે એ શક્તિનો ઉપયોગ ન કરવો? અને આપણા જીવનનું સાફલ્ય ન બનાવવું?

બંધુઓ! આજે જ નિશ્ચય કરો. આજની સહસ્રગણી દીપશિખાઓમાં આપણી નિષ્ફળતાને ભસ્મીભૂત કરી નૂતન આશાઓને વેગ આપી તેને સિદ્ધ કરવાનાં કાર્યમાં લાગી જવાનો, નૂતન વર્ષના મંગળમય પ્રભાતે ઉષાના આછાં કિરણોમાં તનમનાટ અને ચેતનના પૂર વ્હાવી કર્તવ્ય વિહોણા જીવનને કર્તવ્યપંથમાં ધકેલી દો, અને જુઓ પછી, તમે ત્હમારા ધ્યેયમાં કેટલા આગળ વધ્યા છો, સંયમ અને સહનશીલતાનો પાઠ પઢી જીવનના અનેક વિકટ પ્રસંગોમાંથી પસાર થતાં શીખો! ધીર અને વીર બનો! સેવાના મહામૂલા મંત્રને જીવનમાં ઓતપ્રોત કરી નાંખો! અને પછી ત્હમારા જીવનનો આનંદ કેટલો સુખપ્રદ છે તે તપાસો! દીપમાળા કેટલી ચેતનવંતી છે ત્હેનો અનુભવ કરો! બનશે ત્હમારાથી આ? જો ન બને તો ત્હમે યુવક કહેવડાવવાને લાયક નથી. સાચો યુવક એજ કહી શકાય કે જે પોતાના ધ્યેયની પાછળ મરી ફીટે! અમને આશા છે કે દીપમાળા પ્રગટાવી આપણા બંધુઓ ભૂતકાળના બધા પાપોને ધોઇ ભવિષ્યકાળના સોનેરી ધ્યેય પાછળ મરી ફીટવાનું પોતાનું માનસ કેળવશે.

# શ્રી જૈન મહિલા સમાજ.

મજકુર સમાજ તરફથી આપણી જૈન બ્હેનોને ઔદ્યોગિક, માનસિક અને નૈતિક કેળવણી મળે, તેમજ ઘરમાં પોતાના વપરાશમાં આવે તેવા કપડાં જાતે શિવીને સ્વાશ્રયી બની શકે તેવું શિવણ કામ શીખવવાનો તથા ખપ પૂરતું અંગ્રેજી આવડે તેને માટે અંગ્રેજી વર્ગ તથા સંગીત વર્ગ આસો વદી ૩ને ગુરૂવાર તા૦ ૨૦-૧૦-૩૨ થી એક વરસની ટ્રાયલ ઉપર કોટ, ફ્રીઅરરોડ શેઠ જમનાદાસ મોરારજીના માળામાં શ્રી માંગરોલ શ્રીમાળી સમાજના હોલમાં રવિવાર સિવાય દરરોજ (સ્ટાં. ટા.) ૨॥ થી ૪॥ સુધી શીખવવામાં આવશે.

અઠવાડીયામાં ત્રણ દીવસ અંગ્રેજી સૌ. તારાબ્હેન સૌભાગ્યચંદ દેશાઇએ તથા શ્રી. મેનાબ્હેન નરોત્તમદાસે ઓનરરી શીખવવાનું કબુલ કર્યું છે.

સંગીત તથા શિવણને માટે પગારદાર શિક્ષક રાખવામાં આવશે. બે દિવસ શિવણકામ અને એક દીવસ સંગીતનો રાખવામાં આવશે.

દાખલ થવા ઇચ્છનાર બ્હેને સમાજમાં સભાસદ થવું પડશે. સભાસદની વાર્ષિક ફી પહેલો વર્ગ રૂ. ૫) બીજો વર્ગ રૂ. ૩) અને ત્રીજા વર્ગનો રૂ. ૧) છે. વર્ગોમાં શીખવાની ફી કંઇ પણ લેવામાં આવશે નહિ.

સમાજની આર્થિક સ્થિતિ ઘણીજ નબળી છે, તેથી આ વર્ગો ફક્ત એક વરસની ટ્રાયલ ઉપર કાઢવામાં આવે છે. પરંતુ શિખવા આવનાર બ્હેનો સારા પ્રમાણમાં લાભ લેશે અને જ્ઞાનપ્રેમી ભાઇબ્હેનો એને સારી મદદ કરીને ઉત્તેજન આપશે તો આ વર્ગો અમે કાયમને માટે ચલાવીશું,

આ વર્ગોની દેખરેખ રાખવાનું કામ શ્રી. લીલાવંતી દેવીદાસ કાનજીએ તથા શ્રી. મેનાબ્હેન નરોત્તમદાસે કબુલ કર્યું છે, તેમની સહાનુભૂતિને માટે અમો તેમનો આભાર માનીએ છીએ.

મજકુર શ્રી માંગરોળ શ્રીમાળી સમાજનો હોલ તેમના કાર્યવાહકો એક વરસને માટે કંઇ પણ ભાડું લીધા વગર વાપરવા આપશે તેને માટે અમે તેમના મોટા આભારી છીએ.

અન્ય કોમની બ્હેનોને પણ દાખલ કરવામાં આવશે.

લી૦ શુભેચ્છક,
**શ્રી. મંગળા મોતીલાલ ફકીરચંદ,**
**સૌ. તારા સૌભાગ્યચંદ દેશાઇ,**
**સૌ. નવલકિશોરી હરિલાલ દફતરી.**
જો. ઓ. સે.

---

## ખુલાસો.

પ્રબુદ્ધજૈનના તા૦ ૮-૧૦-૧૯૩૨ ના અંકમાં શ્રીયુત કકલભાઇ ભૂધરદાસ વકીલના ભાષણમાં જણાવવામાં આવ્યું હતું કે "શરૂઆતમાં જ આ સંસ્થાએ દલિતોના ઉદ્ધારનો વિકટ પ્રશ્ન ઉપાડી લીધો છે" આ માટે અમો લખી જણાવવાની જરૂર જોઇએ છીએ કે—"અમારી સંસ્થા તરફથી એવું કોઇ પણ જાતનું કાર્ય ઉપાડવામાં આવ્યું નથી."

લી૦ સેક્રેટરી શ્રી. ગ. સ્ત્રુ. અમદાવાદ.

## જૈન જગત.

**જુના ડીસામાં જુઠાણાભર્યું તર્કટ**—શ્રાવકોની વિનંતિથી શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજે પર્યુષણા કરાવવા બે મુનિશ્રીને મોકલેલા, તે ગામ બહાર મંદિરે આવી આરામ લેતા હતા, ત્યાં બંને સ્થળોના શ્રાવકો સામૈયા સહિત ગયા. તેજ વખતે 'શ્રાવક ધર્મ વિરૂધ્ધ ઉપાશ્રયે એક પણ સાધુને જવું નહિ' તેવી માગણી ધર્મશાળાવાળા તરફથી થઇ. મહારાજે ગુરૂ આજ્ઞા સિવાય સ્વીકારવાની અસમર્થતા બતાવી. તેથી તેઓ સામૈયામાંથી નીકળી ચાલી ગયા. આટલેથી ન અટકતાં હંસવિજયજી મહારાજને અસભ્ય અને તોછડી ભાષામાં પત્ર લખેલ, મહારાજના પોટકાં એક દિવસ રોકી રાખી પોતાની ઉચ્છૃંખલતા જણાવી. પ્રભાવના પણ અમુકને જ આપવામાં આવતી. છતાં સત્યથી વેગળી હકીકત છપાવી જુઠાણાભર્યું તર્કટ ઉત્પન્ન કર્યું છે. જૈન પ્રજા! સાવધાન!

**વાર્ષિક સભા**—શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની વાર્ષિક સભા અમદાવાદ તા૦ ૧૬-૧૦-૩૨ ના રોજ શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે મળી હતી. તેમાં ગામના સિવાય બહારગામથી ૭ પ્રતિનિધિઓ આવ્યા હતા: આ સભામાં ત્રણ કામો કરવાના હતા. ૧ સં. ૧૯૮૭ ના ઓડિટ થયેલ હિસાબ ઉપર વિચાર કરવા. ૨ સં. ૧૯૮૮ નો હિસાબ ઓડિટ કરવાની યોજના બાબત. ૩ કેશરીઆમાં બોલીના પૈસા પંડયાઓને આપવા સંબંધી થયેલા હુકમથી ઉભી થયેલ પરિસ્થિતિ ઉપર વિચાર કરવા. બાદ આમંત્રણ પત્રિકા વંચાયા પછી સં. ૧૯૮૭ ની સાલના ઓડિટ કરેલા હિસાબના મહેનતાણા બદલ મેસર્સ સોરાબજી એસ. એન્જીનીઅર્સને રૂ. ૧૨૫૦ આપવામાં આવ્યા હતા. અને કેશરીઆજીની ઉભી થયેલી પરિસ્થિતિ અંગે પત્રવ્યવહાર ચલાવવો તેમ ઠરાવવામાં આવ્યું હતું. બાદ કેટલીક બાબતની ચર્ચા થયા પછી પ્રમુખનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

**ઘાટકોપરમાં ચોમાસામાં બાળદીક્ષા**—ઘાટકોપરમાં શ્રી સાગરાનંદજીના શિષ્યો ચાતુર્માસ રહેલ છે તેમણે નાની ઉંમરના બાળકને ચાર-છ દિવસ પહેલાં છાની રીતે મૂંડી નાખી કપડાં પહેરાવી દીધાં છે તેવું સંભળાય છે. અને લાલબાગમાં બિરાજતા સાગરાનન્દજીનો કેમ્પ ઉપધાન કરાવવા ચાર પાંચ દિવસમાં (ચાતુર્માસ છતાં) ઘાટકોપર જનાર છે. અને પાંચ સાત ભૂલકાંઓને પણ મૂંડી નાખવાની તજવીજ કર્યાની ઉડતી અફવા સંભળાય છે.

**શું જૈન સાધુઓનો આવો ધર્મ હશે?** વઢવાણના જૈન સંઘનું આમંત્રણ નહિ છતાં પાંચ દશ ભક્તોની સહાયથી ચાતુર્માસ કરી રહેલ મુનિ રામવિજયજીએ પોતાનાં પનોતા પગલાંથી સંઘમાં ઝેર વેર વધાર્યાં છે. તેઓએ પોતાના ચાતુર્માસ દરમ્યાન સાધ્વી જયશ્રી (વ્હાલા રામ! વાળા) ને પણ તેજ શહેરમાં સાથે ચોમાસુ કરવા રાખેલ છે. જે ઉપાશ્રયના મેડા ઉપર સાધ્વી જયશ્રીને રાખેલ છે તેની સાથે દેવેન્દ્રશ્રી નામની સાધ્વી છે તે પોતાની ત્રણ ચાર વર્ષની છોકરીને સાથે રાખી મોટી કરે છે. વ્હોરી લાવેલ આહારમાંથી ખવરાવે છે. પાસે સુવાડે છે, રમાડે છે તેવી રીતે પાળી પોષી મોટી કરે છે, શું પંચાંગીમાં સાધુ સાધ્વીને આવો અધિકાર બતાવ્યો છે?

## —જૈન યુવાનોને—

આજે સમાજમાં ઝેરી વાતાવરણ શાસનપ્રેમીને નામે ઓળખાતી દાંભિક ટોળી તરફથી થતું રહ્યું છે. રાવબહાદુર ગોવિંદભાઇ જેવાને પણ ભાંડવામાં બાકી રાખતા નથી. તો પછી પૂજ્ય શ્રી ન્યાયવિજયજી, રા. મહાસુખભાઇ અને યુવક સંઘોને ભાંડે તેમાં શી નવાઇ? પરંતુ તેવાઓ હવે ન ભૂલે. આજે સમાજનો યુવાન વર્ગ ખૂબ જાગૃત થયો છે. દાંભિકોની દાંભિકતા ખૂલ્લી પાડવા, સત્ય અને નીતિને માર્ગે ચાલતા ગમે એટલા આફતોના વાદળો ઘેરાય તો પણ સામનો કરવા આજે જૈનયુવાનો પૂરેપૂરા તૈયાર થયા છે. આવા પ્રસંગે આવતા નાતાલના દિવસોમાં જો વડોદરા મુકામે દ્વિતીય જૈન યુવક પરિષદ ભરાય તો વધારે સારૂં. અને વડોદરા સ્ટેટે બહાર પાડેલ દીક્ષા પ્રતિબંધક નિબંધને પણ હિંદના કેટલા મોટા ભાગના જૈન યુવાનોનો ટેકો છે તેની કહેવાતા શાસનપ્રેમીઓને ખબર પડે. અને પૂજ્ય શ્રી ન્યાયવિજયજીની તેવાઓને મન કંઇ કિંમતિ નથી પણ તેમને કયાં ભાન છે કે-સૂરજ સામે ગમે તેટલી ધૂળ ઉડાડો પરંતુ સૂરજ કદી છુપો રહેવાનો નથી. અત્રે હું દરેકે દરેક જગ્યાના યુવક સંઘો કે મંડળોને વિનંતિ કરી કહું છું કે-યુવક પરિષદ કયાં? અને કયારે ભરવી? એવો પોતાનો અભિપ્રાય જો તેઓ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ઉપર લખી મોકલે તો કાર્યવાહકો ને પોતાની કામની પણ સમજ પડે. **યુવાનો! ઘોર નિન્દ્રા તજી દુનિયામાં જીવો છો એટલું બતાવશો ખરા કે?**

R. B. SHAH.

---

**જૈન મંદિર પૂજારીના કબજામાં**—ભરૂચ જિલ્લાના હાંસોટ ગામમાં જૈન દેરાસર છે. તે પ્રથમ શ્રાવકોના કબજામાં હતું. પણ શ્રાવકો પાછળથી વૈષ્ણવ બની જવાથી તે દેરાસર અને તેની મિલ્કતનો કબજો પૂજારી દબાવી બેઠેલ છે. પ્રતિમાજીની પખાલ કે પૂજા પણ થતી નથી. આશાતનાનો તો પાર જ નથી. છતાં ભરૂચનો જૈન સંઘ દેરાસરની મિલ્કત, પ્રતિમાજી વિગેરે કબજે લેવા કોઇ પણ જાતથી સત્તાવાર પગલાં કેમ લેતો નથી? ભરૂચનો જૈન સંઘે આ બાબત તપાસ કરી જિનાલયનો કબજો લઇ યોગ્ય વ્યવસ્થા કરવાની ખાસ આવશ્યકતા છે.

**કરાંચીમાં નવરાત્રિ પશુબલિ બંધ**—શ્રી ખીમચંદ માણેકચંદ શાહના પ્રયાસથી હરિજનો તરફથી દર વર્ષે નવરાત્રિમાં દેવીને ભોગ નિમિત્તે અર્પાતા સંખ્યાબંધ ઘેટાંઓ આ વર્ષે બચાવવામાં આવ્યા છે. અબોલ પ્રાણિઓની દયા અને બચાવવાની મેળવેલ સફળતા માટે ઉક્ત ભાઇશ્રીને શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન સંઘની સામાન્ય સભા અંતઃકરણપૂર્વક અભિનંદન આપે છે. અને સદંતર બંધ કરાવવાના પ્રયાસોમાં સહકાર આપવા સંઘ તેમને ખાત્રી આપે છે.

**ભરૂચના પાટીદારનો છોકરો ગુમ**—પા. છોટાલાલ વલ્લભદાસનો દીકરો નામે મંગુ ત્યાંના વાણીઆના છોકરા સાથે ભાદરવા વદી ૧૨ ના રોજ નિશાળેથી ગુમ થયેલ છે. તેનો આજ દીવસ સુધી પત્તો નથી. તેની ઘરડી મા તેના વિયોગે મરવા પડી છે તેની ઉંમર આશરે ૧૬ વર્ષની છે. રંગે ઘઉં વર્ણો છે. મોઢા પર શીતળાના આછાં ચાઠાં છે, તેનો પત્તો મેળવી આપનારને રૂા. ૧૦ નું ઇનામ આપવાનું જાહેર કરવામાં આવ્યું છે.

# મી૦ શાહની ડાયરી- ધાર્મિક વિષયોની નોંધ.

સંગ્રાહકઃ-"ચોકસી."

(તા૦ ૧૫-૧૦-૩૨ ના અંકથી ચાલુ.)

......સૂરિજી પાટ પર વિરાજમાન હતા, એક નાની ઉંમરના બાળમુનિને પણ પાસે જ બેસાડેલા, બીજા સાધુઓ નીચેની પાટો પર બેઠેલા, માર્ગ પરના પેલા ભાવિ શ્રાવકો અને શ્રાવિકાઓ આગળ જઇને ગોઠવાયા. સંસારની અસારતા, મોહના પ્રપંચ અને રાગની માયા જાળોપર ઠીક બાણવૃષ્ટિ ચલાવવા માંડી, સૌ સ્વાર્થના છે, અને કોઈ કોઇનું નથી. એવો ચિતાર સરસ રીતે રજુ કર્યો. મૂળ વિષયથી તો કેટલાયે આગળ વધી બીજી દિશામાં ઉતરી પડ્યા. પાના તો હાથમાં જ રહ્યાં અને જિહ્વાતો ધસારાબંધ દોડવા લાગી. ત્યાં તો સૂરિજીના નેત્રો મારી તરફ વળ્યાં ને ભભૂકી ઉઠ્યા-કેમ મી૦ શાહ! લખાણ તો લાંબા ચોડા ચિતરો છો ને કરવું તો કંઈ નથી? પૂજ્યશ્રી? આપ આટલી સૂક્ષ્મતામાં ઉતરો છો તે કરતાં આ પર્ષદાને ઘણું જાડું જ્ઞાન આપવાની જરૂર છે. ઘણાને હજુ પૂજાની વિધિનું કે ગૃહસ્થના ધર્મોનું પણ ભાન નથી, તત્ત્વનું સ્વરૂપ સમજનારા તો જુજ છે અને આ શ્રાવિકાઓ તો સૂત્રો ગોખી જાણે છે, અર્થમાં ઉંડા ઉતરવાની ભાગ્યે જ તસ્દી લે છે. એમના આગળ આપનું આ કથન બ્હેરા આગળ શંખ ફુંકવા જેવું મને તો જણાય છે. મારા જેવાને આ નિયમ સ્વીકૃત કરવા પૂર્વે બીજું ઘણું ઘણું કરવાનું છે. ડગલેને પગલે આચરી રહેલ મોટા દોષોમાંથી ઉગરવાની પહેલી કોશિષ કરૂં કે આ નાનીશી બાબતમાં ઉંડો ઉતરૂં? ભૂલની ક્ષમા આપશો છતાં કહેવું પડે છે કે આપે સંસારની અસારતાને રાગની નિબિડતા સારી છટાથી સમજાવી છતાં એમાંથી આપ પણ ઉગર્યા નથી! તેથી જ આજે પદ્ધરની સાઠમારી ચાલી રહી છે. અને તેથી જ "ગુણા: પૂજાસ્થાનં" જેવા વાક્યને વિસારી મૂકી આપ આવા અલ્પ વયસ્ક બાળસાધુને આસન પર ચઢાવવા લાગ્યા છો!

......જ્ઞાનના ભંડારો અને એ માટે કરવી જોઇતી કાળજી, જરૂર એ વાત પૂર્વાચાર્યો અને તે વખતના શ્રાવકો સારી રીતે સમજતા હતા, એમાં જ જ્ઞાનની-શ્રુતની અનુપમ ભક્તિ છે એમ માનતા. પણ અફસોસ છે. આજે કે એ વાત ગૌણ બની છે. પુસ્તકો ભલેને કીડાના ભોગ થતાં હોય, ભલેને ઉધઇ એનું જડમૂળથી નિકંદન કાઢતી હોય. છતાં હાલના મહાનુભાવોને જેટલી ચંદરવા-પૂંઠીઆને ચાંદી સોનાની હવણીની પડી છે, તેટલી તેની પડી નથી. મારા તારાના મમત્વમાં પણ ભંડારોની વાખાળીખી ઓછી નથી થતી. આવો જ એક ભંડાર કે જ્યાં તાડપત્રની પ્રતોનો ઠીક સંગ્રહ છે તે સાચવનને અભાવે ધીમે ધીમે શીર્ણ વિશીર્ણ થતો જાય છે. જ્ઞાન પંચમીના દિને કાગળ બરાના શોકડા કરનારાનું નથી તો ચિત્ત એ તરફ ખેંચાતું કે નથી તો એના માલિકના મનમાં ઉદ્ભવતું કે કોઇની સારી દેખરેખ હેઠળ એને મૂકું. તરવાનાં સાધન, જ્ઞાન મેળવવાનાં સાધન, આજે તાળા ચાવી તળે સંરક્ષાયલા રાખવામાં ધર્મ મનાય છે! સૂર્યના કિરણો સામે એકાદવાર આણવાની પણ રક્ષકોને ફુરસદ નથી.

......ભાઇશ્રી! આ ભંડારમાંથી આ ગ્રંથ વાંચવા સારૂ મળી શકે તેમ છે કે? જરૂર જણાય તો હું ડીપૉઝીટ મૂકવા પણ તૈયાર છું. માસ્તર! આ કંઈ જાહેર લાયબ્રેરી નથી. આ તો........સૂરિનો ભંડાર છે. એમની રજા સિવાય એક પણ પુસ્તક મારાથી કોઇને ધીરી શકાય નહિં. જરૂર હોય તો એમનો કાગળ લાવો. ઘાસની ગંજીપરના કુતરા જેવી આ સ્થિતિ! તાત્કાલિક ઉપયોગમાં આવે તેવી કાંઇ યોજના જ ન મળે! આ તે ભંડારકે સંગ્રહ! બસ! કબાટોપર જોશો તો જણાશે કે 'મૂર્ચ્છાને પરિગ્રહ' સમજનારા પણ ગ્રંથ પર કેવી ગાઢી મૂર્ચ્છા ધરાવી સ્વનામના લેબલો લગાવી રહ્યા છે!

......મેં પાઠશાળા જોઇ, પણ વસ્તીના પ્રમાણમાં વિદ્યાર્થીઓની સંખ્યા અતિ અલ્પ લેખાય. ધર્મ પર વારી જનારા નગરમાં, અરે! જ્યાં સૂરિ પુંગવોના ચોમાસાં સૂકાતાં પણ નથી એવી જૈનપુરીમાં ધાર્મિક જ્ઞાન આપનાર સંસ્થાની આ દશા! કલહના કારણે ગમે તેમ હોય છતાં સાંભળ્યા પ્રમાણે આ શાળાનો લાભ પ્રાગ્વાટને ઓશવાળ જ્ઞાતિના બાળકો જવલ્લે જ લે છે. આ ઓછી શોચનીય વાત નથી! ધાર્મિક જ્ઞાનમાં પ્રતિબંધ ન જ હોય. એ રાખનાર કે માનનાર ખરેખર ભીંત ભૂલે છે. અર્થ વગર પંચપ્રતિક્રમણ, એ તો અભ્યાસની પરિસીમાં ગણાય છે. કોઇક જ જીવવિચાર કે નવતત્ત્વના પગથીએ પગ માંડે છે! અર્થનું ગાડું તો વંદિતુ પ્રાપ્ત થતાં જ રગશીયું ચાલવા માંડે છે! આટલું પણ શિક્ષકની ધગશને આભારી છે. બાકી નથી તો શિખનારાઓને પડી. અને નથી તો વિદ્યાર્થીઓના વાલીઓને પડી. જ્યાં દેખરેખના વાંધા ત્યાં કસોટી રૂપ પરીક્ષા કે સારો અભ્યાસ કરનારને પારિતોષિક તો ક્યાંથી હોય? અરે! આપણે જૈનો ધણારતા ખોટા કલહમાં પડી આપણી આવી અગત્યની સંસ્થાઓનું હિત નષ્ટ થવા દઇએ છીએ ને સ્વહસ્તે એની ઘોર ખોદીએ છીએ.

---

## પાટણ જૈન સંઘના કેસની અપીલનો ટુંક સાર.

તા૦ ૧૭-૧૦-૩૨ ના રોજ પ્રાન્ત ન્યાયાધિશ રા૦ રા૦ તામણે સાહેબે નીચે મુજબ આપ્યો છે:

**નીચેની કોર્ટે જે તારીખના તહોમતનામા ફરમાવ્યા છે તેથી ગુન્હો બનતો નથી. એટલે નિશાની ૨૯ (૧૫૩ ને સંબંધહાર મૂકવાનું હેન્ડબીલ) પ્રમાણે ગુન્હો બનતો નથી. તેથી વિવાદ (અપીલ) મંજુર કરી નીચેની કોર્ટનો ઠરાવ રદ કર્યો છે અને આસો વદી ૩ ના રોજ બ્રાહ્મણ ફર્યો કહેવાય છે. એટલે જો ગુન્હો બનતો હોય તો તે તારીખનું તહોમતનામું ફરમાવી ઠરાવ કરવા કામ પાટણની કોર્ટમાં પાછું મોકલવા ઠરાવ્યું છે. કેસને અંગે દીક્ષા સંબંધીના શાસ્ત્રના આધારો, પુરાવાઓ વગેરે આ કેસને અંગે બીન જરૂરી માન્યું છે.**

# "શત્રુંજયનો શ્યામ." નામક ગ્રંથ વિષે કંઇક—

—નાનાલાલ દોશી.

આ પુસ્તક વિષે ઘણા પત્રોમાં મીઠી અને તીખી તમતમતી ટીકાઓ થઈ છે, લેખક મહાશય કનુ મુન્સીને ચીલે ચાલેલા છે, તેમ તેમના ઉપોદ્‌ઘાતમાં તેઓ સ્પષ્ટ જણાવે છે. પુસ્તક લખવાનો આ પ્રથમ પ્રયત્ન હોઇ તેમની રસપૂર્ણ લેખન શૈલી માટે પ્રયાસ સ્તુત્ય અને અભિનંદનીય લેખાય. પરંતુ કનુ મુન્સીની પેઠે જૈન સમાજનું મન દુભવવાની રીતિ તેઓએ અખત્યાર કરી નહોત તો તેમનો પ્રયાસ વિશેષ સ્તુત્ય અને આવકારદાયક લેખાત. ગુજરાતી ભાષાના અમુક વર્ગને પુસ્તક વાંચન બાદ એમ કદાચ લાગે કે એક પ્રજાને જાણ્યે–અજાણ્યે જાતીયદ્વેષથી અન્યાય થયો છે, તો તે બીના કંઇક અંશે સંભવિત ખરી.

ગુર્જરદેશનો જેટલો ઇતિહાસ હસ્તગત છે. તે કંઇ વિદ્વાન જનતાથી અજાણ્યો નથી. ગુજરાતના સમર્થ વા ઉગતા નવલકથાકારો ધર્મ અને કોમ વિષે સંકુચિત મનોવૃત્તિ છોડી, સમાજમાં જેમ સંગઠન અને ભ્રાતૃભાવના વિશેષ આંદોલનો ફેલાય, ધર્મોનું ભિન્નત્વ છેદાઇ એકીકરણ થાય. એવું ધ્યેય ધરી તેમની લેખિની અને કલ્પના સૃષ્ટિને ઉત્તેજિત કરતા હોય તો શું તેઓ આપણી સામાજીક ઉન્નતિમાં સક્રિય ફાળો ન અર્પી શકે? પછી તો જેમને કુદરતે સાહિત્યસર્જક શકિત બક્ષી છે. તેવા ભાગ્યશાળી પુરૂષો લેખિનીને સવળે માર્ગે ચલાવી સુંદર બીજારોપણ કરી શકે. અને તેજ વ્યકિતઓ ભાષા નિપુણ હોય તેનો વ્યભિચાર યાતો યથેચ્છ ઉપભોગ કરે તો તે માટે તેઓ સંપૂર્ણ હક્કદાર છે. હવે તો એવો સમય આવ્યો છે કે જ્યારે ઇતિહાસની કાળી બાજુ ભૂંસી નાખી નૂતન પ્રજાને ને વેરઝેરના ધમંડી વાતાવરણથી મુકત રાખી તેમની કુમળી માનસસૃષ્ટિમાં ઇતિહાસના સુંદર તત્ત્વોની વાવણી કરવી. નવલકથાની વસ્તુ તથા પાત્ર ગુંથણી યથાર્થ છે કે કેમ? યા તો પુસ્તક માંહેના દરેક પાત્રને યોગ્ય ન્યાય આપવામાં આવ્યો છે કે કેમ? અથવા ધારપરનું સમૃદ્ધિશાળી નગર કાળના અવિરત રથચક્રના સપાટામાં આવી ખેદાન મેદાન થયું અને તેના પ્રતાપી રાજવીએ લાચાર બની ભગ્નહૃદયે દેહાત્સર્ગ કર્યો તે સર્વ બીના સાથે આપણે ઓછી જ લેવા દેવા છે. ભૂત અને વર્તમાન જૈન સમાજને આ ગ્રંથમાં શું લાગે વળગે છે, અને તે બીના ગ્રંથકારે પ્રમાણિકપણે આલેખી છે કે કેમ? તે વિગતનું અવલોકન આ ટીકાનો મુખ્ય વિષય છે.

પ્રથમ તો રાજરાણી ગહુંલીનું પાત્ર જોઇએ. આવું સદ્‌ગુણી, શિયળવંતુ, પ્રભાવી, તિક્ષ્ણ બુદ્ધિવાળું અને સકળજનતાને પ્રેરણાસિંચન કરતું આકર્ષકપાત્ર રાક્ષસી વૃત્તિવાળું હોય તે કલ્પના જ ભયંકર છે. ઘણાયે યુગપ્રવર્ત્તકો અને પયગંબરો ક્રાંતિકારો જ હતા. **મહાત્મા ગાંધી પણ ક્રાંતિકાર જ છે.** એ સૌ ક્રાંતિકારો તેમના સત્યપ્રયોગોને ખાતર અનેક જીવનનાં નાશ માટે નિમિત્ત ભૂત થયા હશે? કિન્તુ આ કારણે એવી દૈવી વ્યકિતઓને રાક્ષસી માનસ ધારી ન જ લેખી શકાય. જગતમાં જે કાંઈ બન્યા કરે છે તે કર્મના સિદ્ધાંત મુજબ બન્યા જ કરવાનું અને તે પણ પ્રત્યેક દેશ પરદેશના કર્મના ઉદયે જ. કોઇ એક વ્યકિત નથી તેની આડે આવી શકતી કે નથી તે આવતા પૂરને અવરોધી શકતી. જે ગહુંલી ધારપરના ટેક અને નાક માટે પ્રણાર્પણ કરે છે, તે ગહુંલીને જોગણીના ઉપનામથી નવાજવી તે અત્યંત અનુચિત અને અનિચ્છનીય તેમજ અવાસ્તવિક લાગે છે.

ચૂસ્ત જૈનધર્મી ઘુંઘલની ભગિની ગહુંલીના મુખમાંથી જૈન પ્રજાની તે સમયની પરિસ્થિતિ માટે જે બ્યાન આલેખાયું છે, તે પણ અમને તો ગેરવ્યાજબી લાગે છે, જે સૂત્ર સિદ્ધાંતોમાંથી વસ્તુપાળ, તેજપાળ, મુંજાલ કે ગોસલ વગેરે મંત્રીઓ સંસ્કાર

## ચાતુર્માસમાં સુરતમાં છાની દીક્ષા.

**સુરતમાં વસતા, પાટણ નિવાસી શાહ મણિલાલ નાગરદાસની સધવા સ્ત્રીએ પોતાની અગીઆર તથા આઠ વર્ષની બે દીકરીઓ સાથે સુરતમાં તારાશ્રી નામની સાધ્વી પાસે દીક્ષા લીધાના અને તેથી તે બાઇના ભાઇ મફતલાલ, કે જેઓ સેવતીલાલ નગીનદાસને ત્યાં હતા તે, અને તેમની બ્હેન મણિને તારથી સુરત તેડાવ્યાના સમાચાર આવવાથી સુરત ગયાના સમાચાર સંભળાય છે.**

---

......જ્યાં અજ્ઞાનતાને મમત્વ ધાર્મિક કામોમાં ઘુસ્યાં હોય ત્યાં જ્ઞાન બગીચાના કુસુમો કરમાઇ જાય તેમાં શું આશ્ચર્ય! પાઠશાળા જેવી જ શ્રાવિકાશાળાની દશા! સંખ્યા તો શોભારૂપ ન જ મનાય. મધ્યમપ્રકારનો ધાર્મિક અભ્યાસ કે થોડા સંસ્કૃત શિખનાર! એટલામાં જ શ્રાવિકાઓની પ્રગતિ, અર્થ સહિત અધ્યયન કરનાર બ્હેનોની સંખ્યા નહિ જેવી જ. આમાં પણ સધવાઓ કરતાં વિધવાઓ કે બાળાઓ વધુ. કંઇ ન હોય તે કરતાં આટલુંયે ઠીક!

કેવું સુંદર નામ! આયંબિલ વર્ધમાન તપ. પણ વિચિત્રતાનો પાર નહિ. પ્રભુ કહે નવકારના ગણનારને કે સમાન ધર્મ પાળનારને સાધર્મીભાઇ સમજી તેને સાથે બેસાડો, તેનું બહુ માન કરો, પણ અહિંના શાસનરસિકોને ગળે એ વાત કેમ ઉતરે? પિતા કરતાં એક પગલું આગળ ન ભરે તો એ સુપુત્ર (કુપુત્ર?) શાના? અમારી 'હા'માં હા ન ભણે તેની જોડે બેસી આયંબિલ પણ ન થાય. એવા કોઇને અહિં આયંબિલ કરાવાય પણ નહિ! ભૂલેચૂકે કોઇ કરી જાય તો બધું અભડાઇ જાય!

શ્રાવિકાઓનું પડિક્કમણું સદાને માટે 'પડિકમણું' રહેવાનું! ખોંચણું લઇને દોડવામાં ઉતાવળ! વિધિ ભણવામાં ઉતાવળ! અને શાન્તિ કહી નાખી પાળવામાં પણ ઉતાવળ! ધિરજ કે સમજનું જરાપણ ભાન ન મળે! કરવું માટે જ કરી નાંખવું એ ઉપરાંત જરા સરખી વિચારણાને સ્થાન નહિ, પાપથી પાછા પડવાને ટાણે જ ઝઘડી ઉઠે તો પછી વળ્યા પછી કલહમાં ઉતરવાની તે શી નવાઈ?

સિંચન પામ્યા છે, તે જ શાસ્ત્રો જો જૈન સમાજને ઢીલોને શિથિલ બનાવે છે, તો તે જૈન શાસનના અજોડ સિદ્ધાંતોનું કંઇક અંશે અજ્ઞાતપણું દાખવે છે. પ્રજા જે મુજબ સિદ્ધાંતોનું ગ્રહણ કરે છે, અને સાચા સ્વરૂપમાં તેનું રસપાન કરે છે, તે મુજબ ચેતનવંતી બને છે, લેખકે જે જે લખ્યું છે તે તે વર્તમાન પરિસ્થિતિને કંઇક અંશે લાગુ પડી શકે. પરંતુ ભૂતકાળમાં જ્યારે સૌને સ્વરક્ષણની ચિંતા હતી, જ્યારે આજના યંત્રવાદી સાધનો અને કૌવતહારક તત્ત્વો ઓછાં હતાં. જ્યારે મહાજનને પોતાના પરિબળ પર ઝુઝવાનું હતું. ત્યારે જૈનપ્રજા શારીરિકબળે અન્ય સહવાસી પ્રજાની સાથે જ ઉભતી તે નિઃશંક બીના છે. વળી જે ધારપરમાં અગીઆર–અગીઆર મંત્રીઓ જૈન હતા. તે ઉલ્લેખ તેમના બુદ્ધિ, કૌશલ્ય, મુત્સદ્દીગરી અને સમાજના નાયકપણા માટે પૂરેપૂરી સાબીતિ આપે છે. અને વર્તમાનકાળે પણ જૈન પ્રજા રાજકિય, સામાજિક કે અન્ય દેશહિત વિષયક પ્રશ્નોમાં પછાત હોય તો તે હાલના સમાજની અને સ્વદેશ પરાધિનત્વની દુઃખદ પરિસ્થિતિનું ભાન કરાવે છે. આજ તો નથી ક્ષત્રિઓમાં ખરૂં ક્ષાત્ર તેજ યા ટેક કે વચન માટે દેહ સમર્પણ કરવાની તીવ્ર ઇચ્છા અને નથી બ્રાહ્મણોમાં પૂર્ત પરિચિત વિદ્વતા કે શુધ્ધ મનોભાવના, જો આજ વૈશ્યમાં નિર્બળતા અને બીકણપણું દેખાય છે, તો તેજ રાહે ક્ષત્રિમાં પરાધિનપણાએ અને બ્રાહ્મણોમાં ભિક્ષુક વૃત્તિએ ઘર ઘાલ્યું છે.

દ્વિતીય જૈનપાત્ર શિવભૂતિ જતિનું છે, કથામાં આ પાત્રને જાંબભટ જેટલું અગત્યનું ગણ્યું છે. અસલના સમયમાં પાલીતાણા અને તેની ચોપાસના પ્રદેશમાં યતિઓનું વિશેષ ચાલતું, તે પુસ્તક ઉપરથી તેમ જ અન્ય દંતકથાઓથી સ્પષ્ટ સમજાય છે. ધારપરનગર કદાચ વર્ણવ્યા મુજબ સમૃદ્ધિશાળી હોય, તો અગાઉના વખતમાં ધમને રાજ્યધર્મ બનાવવાની લાલસા પ્રત્યેક ધર્મના મુત્સદ્દીઓમાં હતી. તે ત્યાં પણ હયાત હોય આટલું સ્વીકારતાં છતાં પણ શિવભૂતિ યતિ જેવા બાહોશ શાસ્ત્રજ્ઞ, કુશળ અને મુત્સદ્દી વ્યકિતને કામાંધ અને હિંસક ચીતરવામાં આવ્યો છે. તેમાં કંઇક દૃષ્ટિવિક્ષેપ લાગે છે. કવિશ્રીએ આ કલ્પિત પાત્રને બેહદ અન્યાય કર્યો હોય એવું વાંચકને જરૂર ભાસે.

આ ઉપરાંત અકબરની સનંદ વિષેનો સંવાદ પણ વિવાદાત્મક અને હાસ્યાસ્પદ છે. આ સનંદો વિષેનું સમર્થન અત્યારના નિર્ણયોમાં કે ઉભય પક્ષના નિર્ણિત સ્વામિત્વમાં કાંઇ ઓછું વત્તું કરી શકે તેમ નથી. નવઘણની કીર્ત્તિ ભારતવર્ષમાં સુવિદિત હોય તો તેનાથી બાદશાહ અકબર અજ્ઞાત રહે તે સંભવિત નથી. કારણ કે અકબરની રાજ્યપધ્ધતિ તે આજની બ્રિટિશ રાજ્યપધ્ધતિ જેટલી જ નિયમસર હતી તેમ ઇતિહાસ કહે છે. અકબર જેવો કુશળ રાજ્યકર્ત્તા પૂરતી તપાસ કર્યા વગર આવી અગત્યની સનંદ લખી આપે તે પણ કેમ માની શકાય. એટલે એ સનંદપત્રકો કયો પક્ષ મજબૂત કરે છે તે સઘળી બાબત વિવાદાત્મક હોઈ ઇતિહાસકારો જ તેનો નિર્ણય આપી શકે છે. નવલકથાકારો આવી બાબતોમાં ઘટીત અને મર્યાદિત છૂટ લે તે જ ઇચ્છનીય છે. અને છેલ્લા શત્રુંજય નિર્ણય બાદ આ ભૂતકાળના દસ્તાવેજોની પણ ખાસ અગત્ય હવે ઘણી ઓછી રહી છે. અને આ પ્રશ્નમાં તો તવારીખ વિષેની ગંભીર ભૂલ થઈ હોય તેમ જણાય છે. કિન્તુ આ પ્રશ્ન આંટી ઘુંટીવાળો હોઇ સંશોધક વર્ગને સોંપીએ તોજ ઠીક.

આમ જૈન પાત્રોને અકુદરતી અને વિકૃત બનાવવામાં મી૦ મહેતાનો શું ઇરાદો હશે? આ ભૂલ તેઓશ્રી તેમના અન્યગ્રંથમાં સુધારે તો તે ખરા પ્રાયશ્ચિત માટે અમે જરૂર એમને અભિનંદન આપીશું. તેઓ નવલિકાઓદ્વારા ગુજરાતને સ્વચ્છ સાહિત્યસુધાનું પાન કરાવતા રહેશે. તો ગુજરાતના વાંચક વર્ગ તેનો અનાદર નહિ જ કરે. ગુર્જરગિરાના પ્રદેશમાં જરાયે કાળપ કે અસ્વચ્છતા આવે તો તે દોષનાં ફળ ગુર્જરવાસીઓએ જ ચાખવાનાં છે. ગુર્જર બાળકો આજ નિર્મળ અને તાજગી ભર્યું સાહિત્યપાન કરવા આતુર છે. તેની તૃષા છીપાવવા ગુજરાતના સઘળા લેખકો ગુર્જરમાતના સંતાનોને અંધકારમાં ન અથડાવતાં શુધ્ધ પ્રકાશ આપી ઉપકૃત કરશે. તો તેમાં તેમની શોભા છે અને ગુજરાતની કીર્ત્તિ છે.

છેવટે એક સૂચન કરવું અગત્યનું છે. નવલકથાકાર પોતાનાં ગ્રંથ જનતા સમક્ષ ધરે તો તેની પ્રશંસા કે ઘટતી ટીકા કરવાનો વાંચકવર્ગને સંપૂર્ણ હક્ક છે, કિન્તુ આ સઘળું સૌજન્યતાપૂર્વક થતું હોય તો તેમાં ખરી મજા રહેલી છે. અને આ ટીકાઓ દ્વારા પત્રકારો પોતાનું મંતવ્ય મર્યાદિત ભાષામાં વ્યક્ત કરતા હોય તો જ અન્યોન્ય કલેશ થવાનો ઓછો અવકાશ રહે.


# દીવાળીમાં બહાર પડશે.

## મુંબઈ પજુસણ વ્યાખ્યાનમાળા.

કિંમત રૂ. ૦-૬-૦ વીશનકલ ઉપર ખરીદ કરનારને રૂ. ૦-૪-૦

### તમે જાણો છો?

**આપણા સમાજમાં ધાર્મિક અને સામાજીક પ્રશ્નોપર અનેક ઘા થઇ રહ્યા છે. એટલે જનતા વિચાર વમળમાં ગુંચવાઇ રહી છે. તેવા પ્રસંગે જનતાની ખરા રસ્તે દોરવણી કરવાના હેતુથી ગત પજુસણમાં મુંબઇમાં પંડિતવર્ય શ્રી સુખલાલજી, પંડિત દરબારીલાલજી, પંડિત નાથુરામ પ્રેમી, ડૉ૦ પ્રાણજીવનદાસ મહેતા, શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, શ્રી ઉમેદચંદ બરોડીઆ મોહનલાલ દલીચંદ દેશાઇ વગેરે વિદ્વાનો અને પંડિતોએ "ગુરૂપદ અને શિષ્યપદની લાયકાત શી શી? શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર છે? ત્યાગી કેવા હોવા જોઇએ? ધર્મ અને સમાજ, અધ્યાત્મ, સર્વ ધર્મના મૂળ સિધ્ધાંતો, ધર્મનો ભ્રમ, ધર્મ અને વહેમો, વિ૦ વિષયો પર સ્વતંત્રપણે નિડરતાથી દાખલા દલીલો સાથે અભ્યાસ કરવા યોગ્ય ભાષણો આપેલાં તે વાંચવા મળશે. આથી તમે ગ્રાહક ન થયા હો તો આજે જ તમારૂં નામ નોંધાવો.**

**કાઉન સોળ પેજી પોણાબસોથી બસો પાનાના પુસ્તકની ઓછી કિંમત રાખવાનો એજ હેતુ છે કે દરેક જણ લાભ લઇ શકે, તેમ કોઇ પણ ગૃહસ્થ છૂટથી લહાણી કરી શકે.**

**પંડિત દરબારીલાલજી અને પંડિત નાથુરામજીના ભાષણો નાગરી લીપીમાં ને હિન્દી ભાષામાં આપવામાં આવ્યાં છે, તેમ તેનો ટુંક સાર ગુજરાતીમાં આપવામાં આવ્યો છે.**

૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩. } લખોઃ— મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ

# જૈન મંદિરોમાં શ્રાવકોદ્વારા-પૂજાતા શિવલિંગો.

## શ્રાવકોએ હવે સાવધાન રહેવાની અગત્ય.

મુનિરાજશ્રી જયન્તવિજયજી મહારાજ.

(૧) શ્રી આબુગિરિરાજની પ્રદક્ષિણામાં વિહાર કરતાં અમો સિરોહીરાજ્યમાં આવેલા મઢાર ગામમાં ગયા હતા. ત્યાંથી દક્ષિણ દિશામાં પોથાવાડાના રસ્તા તરફ લગભગ એક ગાઉ દૂર આવેલ સાથસેણ ગામમાં પ્રાચીન મંદિર હોવાનું સાંભળ્યાથી અમો ત્યાં દર્શન કરવા ગયા. આ ગામ હાલ *પાલણપુર રાજ્યની પોથાવાડા તહેસીલની અંદર આવેલું છે. સાથસેણ ગામ લગભગ સાડાસાતસો વર્ષથી વધારે પ્રાચીન† છે. આ ગામની અંદર હાલમાં શ્રાવકોનું એક પણ ‡ઘર નથી. આ ગામમાં હાલ શ્રી શાંતિનાથજી ભગવાનનું એક પ્રાચીન મંદિર વિદ્યમાન છે. મૂલનાયકજીની મૂર્તિપર વિ. સં. ૧૭૨૧ નો લેખ છે. જીર્ણોદ્ધાર વખતે આ મૂર્ત્તિ સિરોહીથી લાવી અહિં પધરાવેલી હોય તેમ જણાય છે. મંદિર તો તેનાથી વધારે પ્રાચીન હોય તેમ જણાય છે. મૂલ ગભારો, ગુઢમંડપ, છ ચોકી, શ્રંગારચોકી અને ભમતીના કોટ યુક્ત શિખરબંધી આ મંદિર બનેલ છે. આ મંદિરની છ ચોકીમાં ડાબા હાથ તરફના એક દાસા (પાટડા) ઉપર વિ. સં. ૧૨૪૪ નો લેખ છે. તેમાં દેલ્હણ નામના શ્રાવકે શ્રીપાર્શ્વનાથ ભગવાનની દેવકુલિકા (દેહરી) કરાવ્યાનો ઉલ્લેખ છે. આ લેખ આજ મંદિરનો એજ સ્થાનપરનો હોવાનું માની શકાય તેમ નથી. કેમકે તે લેખમાં દેવકુલિકા કરાવ્યાનો ઉલ્લેખ છે, જ્યારે અત્યારે આ પત્થર દેહરીના બારશાખને બદલે છ ચોકીના સ્તંભો ઉપર પાટ (પાટડા) તરીકે લાગેલો છે. વળી આ મંદિરમાં ભમતીમાં દેહરી પહેલાં બનેલી હોય તેમ પણ લાગતું નથી. કારણ કે દેહરીઓ બની શકે તેટલી જગ્યા નથી. તેમ જ આ પથ્થરને અહિં લગાવતી વખતે લેખની બન્ને લાઇનોના છેડા બબ્બે ચાર ચાર અક્ષરો ઘડીને છોલી નાંખ્યા છે. એ ઉપરથી એ સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે કે આ પથ્થર બીજા મંદિરમાંથી અહિં લાવવામાં આવ્યો છે. તેમ જ આ ચોકીઓમાં લગાવેલા ઘણા ખરા સ્તંભો, કુંભીઓ અને દાસાઓ બીજા કોઈ તૂટી ગએલ જૈનમંદિરથી લાવીને અહિં લગાવવામાં આવ્યા હોય તેમ જણાય છે. અને તે બીજા કોઇ મંદિરમાં નહિ, પણ આ ગામથી બે ફર્લાંગ દૂર જૂના સાથસેણ ગામમાં એક જૈન મંદિર તૂટી ગએલું પડ્યું છે. જમીનથી ઉપર બે ત્રણ ફુટ ઉંચા ચોતરા સુધીનું કામ ¶મોજુદ છે. —ચાલુ.

* લોકો કહે છે કે—આ ગામ પહેલાં સિરોહી રાજ્યનું હતું. થોડાં વર્ષો પહેલાં રાજ્યની હદ મુકરર થઇ, તે વખતે આ ગામ પાલણપુરની હદમાં ગયું છે.

† અહિંના મંદિરમાં વિ. સં. ૧૨૪૪ નો લેખ છે, તેમ જ ગામથી પોથાવાડાના રસ્તા તરફ લગભગ બે ફર્લાંગ દૂર જૂનું સાથસેણ ગામ હતું. ત્યાં પડી ગએલા જૈન મંદિર અને શિવાલયની પાસે રાજપુતના એક પાળીયા ઉપર વિ. સં. ૧૩૪૬ નો લેખ છે. આ ઉપરથી આ ગામ સાડાસાતસો વર્ષથી વધારે પ્રાચીન હોવાનું માની શકાય છે.

‡ લોકો વિશ્વાસપૂર્વક માને છે કે—અહિં પહેલાં શ્રાવકોનાં ઘણાં ઘર હતાં. લગભગ દોઢસો બસો વર્ષ ઉપર જૂના સાથસેણમાં નવું જૈન મંદિર બંધાવવાનું કામ શરૂ કરીને જમીનથી બે-ત્રણ ફુટ ઉંચું ખુરશી સુધી કામ થયું. એટલામાં ગામના જાગીરદાર ઠાકોર સાથે ઝઘડો થવાથી બધા શ્રાવકો સંપ કરી ગામને ગોંદરે ગાધેતરો ઘાલીને (સમુદાયે મળીને નક્કી કરેલા ઠરાવથી વિરૂદ્ધ જે વર્તે તેનો બાપ ગધેડો એ પ્રમાણે એક પથ્થર પર લેખ લખી તેમાં ગધેડાનું ચિત્ર કોતરાવીને તે પથ્થરને જમીનમાં ઉભો કરવો તેને મારવાડમાં "ગાધેતરો અથવા ગાધૈયો ઘાલ્યો" એમ કહેવામાં આવે છે.) ગામનું પાણી હરામ કરીને ઉચાળા ભરીને બીજે ગામ રહેવા ચાલ્યા ગયા હતા. ત્યારથી આજ સુધી બીજો કોઇપણ વાણીયો અહિં રહેવા આવ્યો નથી.

¶ લોકો માને છે કે—શ્રાવકો આ જૂના ગામમાં નવું મંદિર કરાવતા હતા અને ઉપર લખ્યા પ્રમાણે ચોતરા સુધી કામ થતાં જાગીરદાર સાથે તકરાર થવાથી શ્રાવકો ગામ છોડીને ચાલ્યા ગયા તેથી મંદિર અધુરૂં પડ્યું રહ્યું. પરંતુ અહિં તૂટી ગયેલા મંદિરના પડેલા પત્થરો ઉપરથી જણાય છે કે—અહિં સાવ નવું મંદિર કરાવતાં નહિ હોય, પણ આ તુટી ગયેલા મંદિરનો ફરીને જીર્ણોદ્ધાર કરાવવાના ઇરાદાથી આ કામ શરૂ કરાવ્યું હશે. તેમ જ ગામ બહાર જંગલમાં ખાસ કોઇ તીર્થસ્થાન કે વિશેષ કારણ સિવાય નવું મંદિર બંધાવવાનું શ્રાવકો શરૂ કરે તે સંભવી શકે નહિ. પરંતુ જૂનું મંદિર જંગલમાં હોય તો તેનો જીર્ણોદ્ધાર કરાવવાનું તો સંભવી શકે.

---

## ગ્રાહકોને સૂચના.

પ્રબુદ્ધજૈનનું પહેલું વર્ષ પૂરૂં થયું છે. અને બીજા વર્ષની શરૂઆત થઈ છે. તેથી પહેલા વર્ષના સ્થાનિક ગ્રાહકો પાસે લવાજમો હજી બાકી છે, તે તેમણે ઓફિસે ભરી જઇ પહોંચ લઇ જવી. અગર ખબર આપવાથી માણસ આવીને લઇ જશે. અગર અમારા તરફથી અમારી છાપેલ પહોંચ લઇને લવાજમ લેવા માણસ ફરે છે તે આવે તો આપવા મહેરબાની કરવી. અને બહારગામના ગ્રાહકોએ બાકી રહેલ લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું જેથી અમારે વી૦ પી૦ ના રૂા. ૩-૩-૦ના નાહક ખર્ચમાં ઉતરવું ન પડે, આવતા અંક સુધીમાં લવાજમ નહિ આવે તો આવતો અંક વી૦ પી૦ કરવામાં આવશે.

વ્યવસ્થાપક.—

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by ·hivial Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay. 3

(1)

ઐકયનું સંગીત.

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૨ જો.<br>શનીવાર તા. ૫-૧૧-૧૯૩૨. |

## "યુવકને."

નેપોલિયને પોતાની પ્રથમ પચ્ચીશીમાં જ ઇટાલી સર કર્યું, અને ટેનીસને પહેલો ગ્રંથ અઢારમા વર્ષે લખ્યો. ૨૫ વર્ષના લ્યુથરે પોતાના ધાર્મિક આંદોલનોમાં વિકટ સફળતા પ્રાપ્ત કરી. એલેકઝાંડરે પોતાનું અપૂર્વ રણકૌશલ્ય તે સમયે દેખાડ્યું કે જ્યારે તેના ઓષ્ઠો પર રેખાઓ ફુટતી હતી. ન્યુટન, સ્ટીવન્સન અને એડીસનની જગવિખ્યાત શોધો યૌવનના નૃત્યકાળમાં જ થઈ હતી. બાયરન ૨૭ વર્ષે, શેલી ૨૧ વર્ષે અને કીટ્સ ૨૫ વર્ષે કવિ થયા હતા. કોઈ પણ યુવકનું ભવિષ્ય કવિ, કળાકાર, શોધક, શિલ્પી, વિચારક, કિસાન અગર મજુર થવાના માટે જ નિર્મિત થયેલું હોય છે. શ્રદ્ધાવાન્ યુવક! તું સંસાર પથ પર કયાં સુધી ઘાંચીની ઘાણીના બળદ માફક સંસારની ઘાણીમાં જોડાયેલો રહીશ! શું એથી તારા આત્માનો વધ નથી થતો? ત્હારૂં બુદ્ધિબળ ક્ષીણ નથી થતું? ભાગ્યવાન્ તરૂણ! તું ચેતનનો અવિરત ઝરો છે, ત્હારૂં યૌવન તેજસ્વી જવાળામુખી છે, તેના ક્ષણિક સ્પર્શથી પર્વતો ડગમગી જાય છે અને આપત્તિઓ ચૂર્ણ વિચૂર્ણ થઈ જાય છે, તારી યૌવનાગ્નિની ચિણગારીઓ સંસારભરની નિરાશાને બાળીને ભસ્મિભૂત કરી દેશે અને **સંસારમાં પ્રેમ અને દયાની જ્યોતિ પ્રકટ કરશે.**

યુવક! ત્હારૂં સર્જન શા માટે થયું છે? ત્હારા હૃદય તંતુઓને એનું સાચું જ્ઞાન છે. ત્હારા ધ્યેય ઓજનો પ્રદેશ ત્હારી પોતાની સંવેદના છે. મન છે, અંતર-આત્મા છે, ત્હારો જીવનો કોષ ત્હારા હૃદયની અંદર છુપાયલો છે, ત્યાં ધ્રુવચિત્તથી તેની શોધ કર અને તેની પ્રાપ્તિ માટે પ્રયાસ અને પ્રયત્ન કર, સંકટ અને સમયનું ખુશીથી સ્વાગત કર. ત્હારામાં આત્મશ્રદ્ધા હશે તો ત્હને કાંઈ પણ આવશ્યકતા ન રહેશે. રૂઢિગ્રસ્ત સમાજને રૂક્ષ વાયુ મંડળના વ્હેણ તરફ જીવન નૌકા લઈ જવા દે. નૂતન પ્રગતિના માર્ગપર તું અગ્રેસર થતો જા. આ જટિલ સામાજીક બંધનની પરવાહ ના કર. **આત્મશ્રદ્ધા તો દૈવી સંપત્તિ છે.**

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૫-૧૧-૩૨.


## ઐક્યનું સંગીત.

સારાયે વિશ્વમાં આજે કોઈ અનેરી ભાવના ખીલી ઉઠી છે, વને વને અને વૃક્ષે વૃક્ષે **ઐક્યનું સંગીત** સંભળાઈ રહ્યું છે. કોયલના ટહુકારમાં કે પુષ્પની સુવાસમાં, બસ જ્યાં જોશો ત્યાં એજ નાદ સૂણાઇ રહ્યો છે, ભારતમાં પણ ઐક્ય, સંગઠન અને સંપના આંદોલનો ફેલાઇ રહ્યાં છે. ગઈ કાલનો લડવૈયો આજે સંપ અને એકતાના ગુણગાન કરે છે. ખરેખર સંગઠન સિવાય ઉન્નતિ નથી. એક હાથે કદી તાળી પડતી જ નથી. આર્યાવર્ત્તના કમભાગ્યથી ત્હેમાં જુદી જુદી જાતિઓ હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તિ વગેરે આપસ આપસમાં લડી રાષ્ટ્રધનનો હ્રાસ કરી રહી હતી. આજના યુગાવતારના આત્મબલિદાનના નિર્ણયથી એ દરેક જાતિઓમાં ખળભળાટ થયો. દ્રષ્ટિબિન્દુ બદલાયું. જુના વૈરભાવ ભૂલાયા અને એકબીજા પ્રેમથી હાથ મિલાવી એક બીજાને ચાહતાં શીખ્યા, અને કોઇ પણ જાતિને અન્યાય ન થાય તેવા પ્રકારના સમાધાનીના સંદેશા શરૂ થયા. આ સંદેશા ફળીભૂત થશે કે કેમ? એ વાત બાજુએ રાખીએ છતાં આવા પ્રકારના આંદોલનોથી આપસના જે વૈરભાવ હોય છે તે નાશ થાય છે. ત્હેમાં જરાયે શક નથી. એક બીજાને મદદ ન કરે તો કંઇ નહિ, પરંતુ વિરોધ ન કરે એ પણ ઇચ્છવા યોગ્ય છે. ભારતની આઝાદી માટે સંપ–ઐક્યની આવશ્યકતા છે. અને તે આજના ભારતમૈયાના સંતાનો પછી તે પુરૂષ હોય કે સ્ત્રી હોય, યુવાન હોય કે વૃધ્ધ હોય, બાળ હોય કે પ્રૌઢ હોય; સ્વીકારે છે. આમાં સફળતા મળે કે ન મળે એ જુદી વાત છે, પરંતુ એથી બંધુત્વ અને રાષ્ટ્રત્વ ખીલે છે. એ દરેકને સ્વીકારવું પડશે.

આપણા સમાજમાં પણ આ આંદોલનોની અસર થઇ છે. એમ આજકાલના વાતાવરણ ઉપરથી સમજી શકાય છે. જૈન સમાજનાં બે પક્ષમાં પણ સુલેહની તમન્ના જાગી હોય તેમ પ્રયત્નો થઇ રહ્યા છે.

વર્ષો થયાં જુના વિચારવાળા અને સુધારકો વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. બન્નેનું દ્રષ્ટિબિંદુ એક છે. જ્યાં વૈમનસ્ય અને દ્વેષાગ્નિમાં દિન પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. ત્હેનું કારણ ગેરસમજ છે. અને આ ઇરાદાપૂર્વક ફેલાવવામાં આવે છે. આ ગેરસમજને દૂર કરવા બંને પક્ષોના લીડરો આપસમાં એક બીજાનું દ્રષ્ટિબિન્દુ સમજી લે એ જરૂરી છે. ખાસ કરીને દીક્ષા અને દેવદ્રવ્યની બાબતમાં ખૂબ જુઠાણું ફેલાવવામાં આવે છે. અને એ પ્રશ્નો આગળ કરી સુધારકોને જેટલા વગોવી શકાય તેટલા વગોવે છે. “સુધારકો દીક્ષાના તદ્દન વિરોધી છે, દેવદ્રવ્ય ખાઈ જવા માંગે છે” વગેરે વગેરે સમજાવી અજ્ઞાન સમાજને સુધારકો સ્હામે ઉશ્કેરવામાં આવે છે. પરિણામે કલહના મૂળ ઉંડા ઉતરતાં જાય છે. આ સ્થિતિ સમાજ માટે ભયાવહ છે. તે બાબત માટે સાધુઓનો મોટો ભાગ જવાબદાર છે. જે સાધુઓ સુધારકો માટે મૌન ધારણ કરે છે ત્હેમને પણ આ કહેવાતા સાધુઓ વગોવવામાં બાકી રાખતા નથી. ત્હેમને મનમાની સુપદવી (!) ઓથી નવાજે છે. રોટલાચાર્ય વગેરે વિશેષણો વાપરી આત્મસંતોષ અનુભવે છે. અને જે સાધુઓ કિંવા ગૃહસ્થો પછી તે ચાહે તેવા પ્રતિષ્ઠિત, શ્રીમંત કે વિદ્વાન્ હોય પરંતુ જો સુધારકોના વિચારોમાં સહાનુભૂતિ બતાવે તો તેને નાસ્તિક, ધર્મદ્રોહી કે કુસાધુ તરીકે જાહેર કરે છે. અને તેમ કરી પોતે શાસનની મહાન્ ઉન્નતિ કરી ન નાંખી હોય તેવો જીતનો ઢોલ પીટાવે છે. સમાજનો સમજુવર્ગ આ સ્થિતિથી કંટાળી ગયો છે. ત્હેને સમાજનું અસ્તિત્વ કઇ રીતે રાખવું ત્હેની ચિંતા થઇ પડી છે. અને ત્હેમાં એક જ માર્ગ જણાય છે **સુલેહ અને સંપ**. બન્નેનું ધ્યેય એક જ પ્રકારનું હોય તો પછી કલહ કઇ રીતે થાય તે સમજી શકતું નથી. ત્હેમાં સ્વાર્થસાધુઓ સમાજના બે પક્ષ એકત્ર થાય એ કોઇ રીતે ઇચ્છતા નથી. કારણ કે ત્હેમાં ત્હેનો નાશ છે. અને તેથી ઇરાદાપૂર્વક બન્ને પક્ષો એક બીજાથી ભડકે તેવા પ્રકારના પ્રયત્નો કરી રહ્યા છે. આ બાબત સમજુ વર્ગથી અજાણી રહી નથી. અને તેથી જ તે ઇચ્છે છે કે બન્ને પક્ષના આગેવાનો જો એક બીજાના સંપર્કમાં આવે તો ગેરસમજ ફેલાતી અટકે. અને ઐક્યનું સામ્રાજ્ય પ્રસરે. આજ ભાવનાથી વિસનગરથી મહાસુખભાઇ અને સાદડીથી શ્રી વિજયવલ્લભસૂરિ તરફથી એ માટે પ્રથમ શરૂઆત થઇ ચૂકી છે.

કોઇ કહે છે કે સમાજનો મ્હોટો ભાગ શ્રી વલ્લભસૂરિ અને રામવિજયજીને બન્ને પક્ષના લીડરો ગણે છે, બંનેના વૈમનસ્યથી ક્લેશાનળ સળગી રહ્યો છે. કોઇ કહે છે કે પૂજ્ય આત્મારામજી મહારાજના ગૃહક્લેશે સમાજને ભયંકર રીતે છિન્નભિન્ન કરી નાખેલ છે, કોઈ વળી શ્રી રામવિજયજી મહારાજની મહત્વાકાંક્ષા–શિષ્યલાલસા અને સત્તાના શોખને કારણભૂત ગણે છે. તો કેટલાક સુધારકો ઉપર દોષનો ટોપલો ઓઢાડવાનો પ્રયત્ન કરે છે. આમ જેને જેમ ફાવ્યું તેમ બોલે છે, ત્હેમાં સત્ય શું છે? એ તો જ્યારે કોઇ નિષ્પક્ષ વગદાર કમીટિ નિમાય અને તેની કાર્યવાહી સંપૂર્ણ સફળ થાય ત્યારે ખબર પડે. આપણે એ બાબતમાં અત્યારે કંઇ પણ ઉચ્ચારી શકીએ નહિ. પણ એટલું જરૂર સ્વીકારીએ કે સિધ્ધાંતોને બાધ ન આવે તેવું ઐક્ય દેશકાળને અનુસરીને થતું હોય તો જરૂર આવશ્યક છે.

દાખલા તરીકે દીક્ષાનો પ્રશ્ન. ત્હેમાં બન્ને પક્ષનો વિરોધ નથી. દીક્ષા ન થવી જોઇએ તેવું કોઇ કહેતું નથી. પરંતુ સુધારકપક્ષની એવી માન્યતા છે કે દીક્ષા કસોટી પછી થવી જોઇએ. દીક્ષા લીધા પછી મહાન્ જવાબદારી આવી પડે છે. આજનો સામાન્ય માણસ દીક્ષા લીધા પછી સારાયે સમાજને પૂજ્ય બને છે. ત્હેનામાં ત્હેવી લાયકાત છે કે નહિ? એ જોવું જરૂરી છે. ‘**દીક્ષા**’ એ જેવો તેવો પ્રશ્ન નથી, એક રાજ્યમાં

જવાબદાર હોદ્દા ઉપર માણસની યોગ્યતાની પરીક્ષા કર્યા પછી જ તેની નિમણુંક કરવામાં આવે છે. સાધુઓ જૈન શાસનમાં જવાબદાર ગણાય છે, ત્હેની કસોટી કર્યા પછી જો દીક્ષા આપવામાં આવે તો કોઇને કશો વાંધો નથી. અને એ હક્ક સ્થાનિક સંઘનો છે. એટલે ત્હેની દીક્ષામાં સમ્મતિ જોઇએ. 'બાળદીક્ષા' અને 'અસંમત દીક્ષા' ન થવી જોઇએ. જ્યારે સ્થિતિ ચૂસ્તવર્ગ દીક્ષા, કોઇ પણ ટાઇમે પછી ત્હેમાં સંમતિ હો કે ન હો, બાળ હો કે વૃદ્ધ હો, થવી જરૂરી સમજે છે. અને ત્હેમાં સંઘસત્તાની અવગણના કરે છે. આ બન્ને પક્ષોના દૃષ્ટિબિંદુમાં માનભર્યો તોડ નીકળી શકે તેમ છે, કારણ કે કોઇ દીક્ષાનો વિરોધી નથી.

દેવદ્રવ્યમાં પણ એમ જ છે, દેવદ્રવ્યમાં આપણા ઉપયોગમાં ન લેવું તે તો બન્ને પક્ષ સ્વીકારે છે. પરંતુ સુધારક પક્ષ, જ્યાં દેવના નામે લાખો અને કરોડો રૂપીઆ ભેગા કરવામાં આવે છે ત્હેનો વિરોધ કરે છે, તે કહે છે કેઃ-એક મંદિરમાં કરોડો રૂપીઆ જમા પડ્યા છે ત્યારે બીજું મંદિર પૈસાના અભાવે સાફસુફ પણ થતું નથી. આશાતના પારાવાર થાય છે. શું એક મંદિરના પૈસાનો બીજા મંદિરમાં ઉપયોગ ન કરી શકાય? બીજું દેવદ્રવ્યના ભંડારો ભરપૂર છે ત્હેમાં જે સાધનોથી આવક થાય છે તે સાધનોની કલ્પના બદલવી જોઇએ. એટલે કે ત્હેને સાધારણખાતામાં લઈ જવાનું નક્કી કરીએ તો ત્હેમાં આપણે કોઇ જાતનું ખોટું કરતા નથી. સાધારણખાતું દરેક ખાતાનો પિતા છે. ત્હેનાથી દરેક ખાતાં પોષી શકાય છે. જ્યારે દેવદ્રવ્ય તો કેવળ મંદિરના જ ઉપયોગમાં આવે છે. એટલે તે ખાતાને જરૂરીઆત કરતાં વધારે પુષ્ટ કરવું એ બીજાં ખાતાંઓનો દ્રોહ કરવા બરાબર છે. જ્યારે જુના વિચારવાળા દેવદ્રવ્ય વધારવામાં જ માને છે, ત્હેને બીજાં ખાતાંની કશી પડી નથી. આમાં કંઇક સિધ્ધાંતની દ્રષ્ટિએ વિરોધ છે. પણ ત્હેનો તોડ કાઢવો અસંભવ તો નથી જ.

આમ વિવાદાસ્પદ પ્રશ્નોનો લાભાલાભ જોઇને માનભરી રીતે તોડ કાઢવામાં આવે તો ત્હેમાં અમે કોઇ પણ જાતની ભૂલ જોતા નથી. સુલેહ અને સંપ. એ ઇચ્છવા યોગ્ય છે.

# પ્રાસંગિક નોંધ.

**સ્ત્રી કેળવણીઃ—**

એ તો હવે સૌ કોઈ સ્વીકારે છે કે સ્ત્રીઓને કેળવણી આપવી જરૂરી છે. દાંપત્યજીવનનાં મધુરા લહાવા લેવા હોય, સરસ, સુદૃઢ અને મજબુત બાળકો સર્જાવવા માંગતા હોઇએ તો જેટલી આપણે અનાજની જરૂરત છે તેટલી જ જરૂરત સ્ત્રી કેળવણીની છે, તે તરફ સમાજનું ધ્યાન ખેંચાયું હોય તેમ શ્રી મહીલા સમાજની કાર્યવાહી જોતાં જણાય છે. તે સમાજ તરફથી આપણી જૈન બ્હેનોને ઔદ્યોગિક, માનસિક અને નૈતિક કેળવણી મળે તેમજ ઘરમાં પોતાની વપરાસમાં આવે તેવાં કપડાં જાતે શીવીને સ્વાશ્રયી બની શકે તેવું શીવણકામ શીખવવાનો તથા ખપ પૂરતું અંગ્રેજી આવડે તે માટે અંગ્રેજી વર્ગ તેમજ સંગીતવર્ગ આસો વદિ ૭ ને ગુરૂવાર તા૦ ૨૦-૧૦-૩૨ થી એક વરસની ટ્રાયલ ઉપર કોટ ફ્રોઅરરોડ શેઠ જમનાદાસ મોરારજીના માળામાં શ્રી માંગરોળ શ્રીમાળી સમાજના હોલમાં રવિવાર સિવાય દરરોજ ૨ાા થી ૪ાા (સ્ટા. ટા.) સુધી શીખવવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ વસ્તુ સમાજની પ્રગતિની નિશાની બતાવે છે. વર્ષો થયાં આપણે સ્ત્રી કેળવણી તરફ આંખમિચામણાં કર્યા છે. આજે એ પાપ ધોઇ આપણે પવિત્ર થવાની જરૂર છે. સ્ત્રી કેળવણીના સંબંધમાં એક બંધુ લખી જણાવે છે કે—"સ્ત્રીઓને કેળવવા માટે સ્ત્રી કેળવણી મંદિરની સ્થાપના થવી જોઇએ. હું અહિં સ્ત્રી કેળવણી એટલે શાળા કે કોલેજની કેળવણીનો અર્થ કરતો નથી. હું જે કેળવણીની અહિં વાત કરૂં છું તે કેળવણી એટલે શારીરિક શાસ્ત્રનું જ્ઞાન, માતૃભાષાનું સંપૂર્ણ જ્ઞાન, માનવ-ધર્મનું જ્ઞાન, સ્ત્રી પુરૂષના વ્યવહારનું સ્પષ્ટ જ્ઞાન, બાળ ઉછેરનું જ્ઞાન, સત્ય-અસત્ય પારખવાનું જ્ઞાન અને વખત પડે તો પોતાનું અને કુટુંબનું પ્રમાણિકપણે પોષણ મેળવી શકે તેવા હુન્નર ઉદ્યોગનું જ્ઞાન, આ વસ્તુઓ દરેક સ્ત્રીએ શીખવી જ જોઇએ. એમ મારૂં માનવું છે. આમાં કાંઈ ઝાઝા ખર્ચની જરૂર નથી. પરંતુ સમૂહ સંપથી બહુ જ સસ્તી અને સ્હેલી રીતે શીખી શકાય, કોઇ પોતાનું ઘર આના ઉપયોગ માટે આપે, કોઇ બે શીવવાના સંચા અપાવે, એક હાથનો અને એક પગનો, કોઇ એક-બે, નાનાં મોજાં, ખમીશ, ગંજીફ્રાક ઇત્યાદિ ગુંથી શકાય તેવાં સંચાઓ અપાવે. કોઇ કોર ભરવાની શાળો અને દાણાનું ભરતકામ કરવાની સામગ્રાઓ અપાવે. જેમાંથી કોર, તોરણ આદિ ચીજો નીપજાવી શકાય. આ હુન્નર ઉદ્યોગના વર્ગને સ્થાનિક કોઇ હોંશિયાર સ્ત્રી ચલાવે, એની જવાબદારી નવાં શીખનારાઓને ધીમે ધીમે સોંપી પાછળથી ત્હેની ઇચ્છા હોય તો એ મુક્ત થઇ શકે. અવાર નવાર એમને અક્ષરજ્ઞાન આપવા પ્રયત્ન થાય, ત્હમારા કોઈ સ્થાનિક શિક્ષક એમાં જરૂર ઉપયોગી થાય, દર અઠવાડિએ બિમારની કેમ સારવાર કરવી તે પર સ્થાનિક ડોકટરો પાસે ભાષણો કરાવવાં, આવાં લોકોપયોગી ખાતાં માટે ડોકટરો ના ન પાડે, વૈદ્યોનો પણ આ રીતે લાભ લેવો. અઠવાડિયે એકાદ કલાક સ્થાનિક ફીમેલ હોસ્પિટલની લેડી ડોકટર પાસે પૂરા મહિને સ્ત્રીએ સંભાળ કેમ રાખવી? અને સુવાવડો અંગે શી કાળજી રાખવી? બાળકોને કેમ ઉછેરવાં? અને બાળકોની બિમારીમાં શા શા ઉપાયો કરવા? તે અંગે ભાષણો કરાવવાં.

સ્ત્રીઓમાં કળા પ્રત્યે પ્રેમ હોય છે જ. આ માટે કોઇ શાળાના ડ્રોઇંગ માસ્તર મહિનામાં એક બે વખત આવીને શીખવાડી જાય. ચિત્રો સુંદર આવડતાં હોય તો તે કોર પર, કપડાં પર, તકીઆ પર કે બારીના પડદા પર કાઢી શકે, જરૂર પડે તો એ વેચી એમાંથી નિર્વાહ પણ કરી શકે અને કંઇ નહિ તો પોતાનું ઘર કળાભર્યું બનાવી શકે.

પૂજ્ય ગાંધીજીના રેંટીઆને પણ દાખલ કરાય. બારડોલી ચરખા કે નવજીવન ચરખા પર બારીક સૂતર કાઢી ત્હેમાંથી ખાદી વણાવે અને ઘર ઉપયોગી ચીજો કપડાં, ચાદર, પડદા, ટુવાલ, રૂમાલ, ફેંટા ઇત્યાદિ બનાવી શકાય. આ કાર્ય બ્હેનો હોંશથી કરે છે એવો મ્હારો અનુભવ છે.

ખોરાક ખાવો-ગમે તેમ ખાઇને ચલાવી લેવું, એમાં પેટ જરૂર ભરાય છે. પણ ખાવાની ઇચ્છા સંતોષાતી નથી. પાક શાસ્ત્ર, એ આવશ્યક વિદ્યા છે. ખોરાકની બનાવટ અને ત્હેની સ્વચ્છતા, મસાલાનું પ્રમાણ, અને સમ પ્રમાણ વનસ્પતિ સમારવી અને એ બધામાં વિધવિધ વાનીઓ સર્જાવવી એ

પણ એક કળા છે. અવાર નવાર મહિને બે મહિને અને વિષે પણ કોઈ હોંશિયાર બ્હેન જ્ઞાન આપે અને સહ ભોજન થાય. સંગીતને પણ ભૂલવું જોઈએ નહિ. સંગીત એ રાગડા કાઢવાની વસ્તુ નથી. એની અંદર એકતાનતા અને તાલબદ્ધતા શિખાય છે, કહેને વિકાસ મળે છે. સ્વર કેળવાય છે. સંગીત શીખેલ માણસ કોઈ દિવસ ગમે તેમ ઘરમાં ઘાંટા પાડશે નહિ, એની મૃદુતા એટલી કેળવાયેલી હોય છે.

બ્હેનો ઘણું ખરું એકાદ વાગે પરવારી જાય છે, પછી કાંતો ગપ્પાં મારે છે, કાં લોકનિંદા કરે છે કે સૂઈ આળસમાં વખત વિતાવે છે, પાંચ વાગ્યા સુધીનો એમનો આ નકામો જતો સમય ઉપયોગમાં લેવાય. નિયમિત શાળામાં હોય છે તેવું વખત પત્રક હોવું જોઈએ” ઉપરોકત બંધુની આ વિચારશ્રેણિ જરૂર દરેકને લક્ષમાં લેવા જેવી છે. અમે માનીએ છીએ કે સ્ત્રી કેળવણી માટે આ સ્કીમ ઘણીજ સ્હેલી છે. સ્થાનિક સમાજ ધારે તો આ બાબત મૂશ્કેલ તેમજ ખર્ચાળ નથી. અમે ઇચ્છી એ છીએ કે દરેક સ્થાનિક સંઘો આ સ્કીમ ધ્યાનમાં લઈ શકય જણાય તો સ્ત્રી કેળવણી મંદિર ખોલે.


## ટુંક મુદતમાં બહાર પડશે.

### મુંબઈ પર્યુસણ વ્યાખ્યાનમાળા.

કિંમત રૂ. ૦-૬-૦ વીશનકલ ઉપર ખરીદ કરનારને રૂ. ૦-૪-૦

### તમે જાણો છો ?

આપણા સમાજમાં ધાર્મિક અને સામાજીક પ્રશ્નોપર અનેક ઘા થઈ રહ્યા છે. એટલે જનતા વિચાર વમળમાં ગુંચવાઈ રહી છે. તેવા પ્રસંગે જનતાની ખરા રસ્તે દોરવણી કરવાના હેતુથી ગત પર્યુસણમાં મુંબઈમાં પંડિતવર્ય શ્રી સુખલાલજી, પંડિત દરબારીલાલજી, પંડિત નાથુરામ પ્રેમી, ડૉ૦ પ્રાણજીવનદાસ મહેતા, શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, શ્રી ઉમેદચંદ બરોડીઆ મોહનલાલ દલીચંદ દેશાઈ વગેરે વિદ્વાનો અને પંડિતોએ “ગુરૂપદ અને શિષ્યપદની લાયકાત શી શી? શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર છે? ત્યાગી કેવા હોવા જોઈએ? ધર્મ અને સમાજ, અધ્યાત્મ, સર્વ ધર્મના મૂળ સિદ્ધાંતો, ધર્મનો ભ્રમ, ધર્મ અને વ્હેમો, વિ૦ વિષયો પર સ્વતંત્રપણે નિડરતાથી દાખલા દલીલો સાથે અભ્યાસ કરવા યોગ્ય ભાષણો આપેલાં તે વાંચવા મળશે. આથી તમે ગ્રાહક ન થયા હો તો આજે જ તમારૂં નામ નોંધાવો.

ક્રાઉન સોળ પેજી પોણાબસોથી બસો પાનાના પુસ્તકની ઓછી કિંમત રાખવાનો એજ હેતુ છે કે દરેક જણ લાભ લઈ શકે, તેમ કોઈ પણ ગૃહસ્થ છૂટથી લ્હાણી કરી શકે.

પંડિત દરબારીલાલજી અને પંડિત નાથુરામજીના ભાષણો નાગરી લીપીમાં ને હિન્દી ભાષામાં આપવામાં આવ્યાં છે, તેમ તેનો ટુંક સાર ગુજરાતીમાં આપવામાં આવ્યો છે.

૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩. લખો:— મંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ


## જૈન જગત.

**બાળશિષ્યોપર જુલમ**—આચાર્યશ્રી વિજયનેમિસૂરિ પોતે ૨૭ શિષ્યો સાથે ગામ બહાર જીનમાં રહેલ છે, અને બાકીના પાંચ સાત સાધુઓ ગામમાં રહે છે. તેમની સાથે તેમના બાળ શિષ્યો છે. તે સૂરિજીના મારથી ત્રાસી ઉઠ્યા છે, ત્રાસ સહન ન થવાથી સાધુ વેષને તિલાંજલિ આપી ચાલ્યા જવાની તજવીજમાં છે, પણ દાબ, ધાક અને સંયોગોને આધિન થઈ દબાઈ રહ્યા છે. તેમને ત્રાસ હદ વગરનો અપાય છે.

**સાધુએ આપઘાત માટે અફીણ માંગ્યું**—આ. નેમિસૂરિના શિષ્ય વિમળવિજયને સૂરિજી તરફથી માર મારવામાં આવે છે અને અત્યંત ત્રાસ અપાય છે, તે સહન ન થવાથી તેમણે એક શ્રાવકને પ્રતિજ્ઞા લેવરાવી આપઘાત કરવા માટે **અફીણ** અગર બીજું કંઈ **પોઈઝન** માંગ્યું. અને જણાવ્યું કે “આજે લાવી નહિ આપો તો કાલે પાસેના કુવામાં પડીશ.” દુઃખનું કારણ પૂછતાં હૃદય ભરાઈ જવાથી રડવા લાગ્યા. તે વાત શ્રાવકે સૂરિજીને કરી તેથી તે દિવસે રાત્રે પહેરો મૂકયો. અને બીજે દિવસે પોતાની પાસે બોલાવી સારી રીતે માર માર્યો અને બીજા સાથે વાત ન કરવાનો ઓર્ડર છૂટયો. અને તેને પોતાની પાસે રાખી અત્યંત દુઃખ આપી રહ્યા છે.

**ઇનામી મેળાવડો**—શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાયેલ પરીક્ષામાં પાસ થયેલ સ્ત્રી–પુરૂષને ઇનામ તથા પ્રમાણપત્ર આપવાનો મેળાવડો માસ્તર રતનચંદ તલકચંદના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશીએ બોર્ડના કામકાજનો હેવાલ રજુ કર્યા બાદ શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસિટર, લાલભાઈ કલ્યાણજી, પં. દરબારીલાલજી અને લલ્લુભાઈએ સમયોચિત વિવેચનો કર્યા હતા. બાદ પ્રમુખે ઉમેદવારોને ઇનામો તથા પ્રમાણપત્રો વ્હેંચી આપ્યા હતા.

**સેવા મંડળની સ્થાપના**—શ્રી પેથાપુર (મહીકાંઠા એજન્સિ) માં પ્રજાહિતાર્થ સેવા મંડળની સ્થાપના કરવામાં આવી છે. પ્રમુખ તરીકે શેઠ કેશવલાલ મનસુખરામ તથા સેક્રેટરી તરીકે શાહ લાલભાઈ માણેકચંદ અને ભોગીલાલ પેથાપુરીની નિમણુંક કરવામાં આવી છે, જે ઉદ્દેશથી મંડળની સ્થાપના કરવામાં આવી છે તેને ઉત્સાહ અને ખંતથી ફળીભૂત બનાવે. અને જનતાનો પ્રેમ સંપાદન કરી મંડળ પ્રજાહિતના કાર્યો કરવા તનતોડ પ્રયાસ આદરે.

**અયોગ્ય દીક્ષાના ખપરમાં**—અત્રે લાલબાગમાં અડ્ડા જમાવી, ધામા નાખી પડેલા × × × × સાગરાનંદજીનું ચોમાસુ પૂર્ણ થવા આવ્યું છે, ચોમાસામાં ન તો તેમનાથી સમાજમાં હોળી સળગાવાણી કે ન તો પરિવાર વધારવામાં એક પણ શિષ્ય મુંડાયો. આવા મહાન (!) સમર્થ આચાર્યજી (!) મહારાજનું ચોમાસું તદ્દન ખાલી ગયેલું હોઈ આફરો ચડી આવ્યો હોય તેમ જણાય છે, તેથી ચોમાસું ઉતર્યે અનેક ભૂલકાંઓ–નિર્દોષ બાળકોને મૂંડન ક્રિયા કરી જગતની બેકાર પ્રજામાં વધારે બેકાર માણસોની ભરતી કરવાની કોશિષ કરી રહ્યા છે. અને મૂંડનક્રિયા પછી ઘાટકોપર તરફ પોતાના ચરણો લંબાવવાના છે.

# દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખકઃ-
કેશવલાલ મંગળચંદ શાહ.

(તા૦ ૧૫-૧૦-૩૨ ના અંકથી ચાલુ.)

( લેખાંક. ૧ )

વર્તમાનમાં ઉપધાન કરાવ્યા સિવાય જ નવકારાદિ સૂત્રો ભણી શકાય છે, ભણાવી શકાય છેઃ અને ભણતાને અનુમોદના આપવામાં મહાન્ પુણ્ય મનાય છે. ત્યારે ભગવાન મહાવીર દેવ શ્રી ગૌતમસ્વામિના પ્રશ્નનો ઉત્તર આપે છે કેઃ—

**"से भयवं ! सुदुक्करं पंचमंगल महासुयरकंधस्स विणओवहाणं पन्नतं, महत्थी य (महंती य) एसा णियंतणा कइं बालेहिं कज्जइ ? गोयमा ! जेण केई इच्छेज्जा एयं नियंतणं, अविण ओवहाणेणं चेव पंचमंगलाइसुयनाणं अहिज्जियए अज्झावई वा अज्झावयमाणस्स अणुण्णं पयाइ, से णं ण भवेज्जा पियधम्मे ण हवेज्जा दढधम्मेण भवेज्जा भत्तिजुए हीलेज्जा सुत्तं, हीलेज्जा अत्थं, हीलेज्जा सुत्तत्थतदुभए, हीलेज्जा गुरुं, जेणं हीलेज्जा सुत्तत्थाभए जाव णं गुरु से णं आसाएज्जा अतीताणागयवट्टमाणतित्थयरे आसाएज्जा आयरियउवज्झायसाहुणो, जेणं आसाएज्जा सुयनाणमरहंतासिद्ध साहु से तस्स णं सुद्दी हया तमणंतसंसारमाहिडेमाणस्स तासु तासु संवुडवियडासु चुलसीइलरकपरिसंखणासु सीओसिणमीस. जोणिसु तिमिसंध्यारदुग्गंधामेज्झाविलीणखारमुत्तोजसिंमपडिहत्थवसजल्लपूयदुज्जिणवि विंचिल चिक्खल्लदुद्दंसणजं बालपंक बीभत्थघोरगब्भवासेसु कढकढितं चलचलस्स टलटलस्स जंतसंपिंडियं गमंगस्स सुइरं नियंतणा."**

મહાનિશીથ, પત્ર. ૨૧.

અર્થ–હે ભગવન્ ! પંચમંગલ મહાશ્રુત સ્કંધના વિનયરૂપ ઉપધાન ઘણા મુશ્કેલ છે. આ મહાકષ્ટ બાળજીવો શી રીતે કરી શકે ? હે ગૌતમ ! જે કોઇ આ નિયંત્રણા એટલે કષ્ટને–કષ્ટમય અનુષ્ઠાનને ન ઇચ્છે. વિનયોપધાન કર્યા સિવાય પંચમંગલ મહાશ્રુત જ્ઞાનને ભણે, ભણાવે અથવા ભણનારને અનુજ્ઞા આપે તેને ધર્મ પ્રિય નથી. તે ધર્મમાં સ્થિર નથી, તેને ધર્મ પ્રત્યે ભકિત નથી. તે સૂત્રની અવગણના કરે છે. અર્થની અવગણના કરે છે. સૂત્ર અર્થ તદુભયની અવગણના કરે છે, અને ગુરૂની પણ અવગણના કરે છે. જે સૂત્ર–અર્થ–તદુભયની અને ગુરૂની આશાતના કરે તે ભૂત—ભવિષ્ય અને વર્તમાન તીર્થંકરોની આશાતના કરે છે. આચાર્ય ઉપાધ્યાય, સાધુઓની પણ, જે શ્રુતજ્ઞાન અરિહંત–સિદ્ધ–સાધુની આશાતના કરે તેની શુદ્ધિ પણ હણાઇ ગઇ છે અને અનંત સંસારસાગરમાં ભમતાં તેને ગુપ્ત અને ચોરાશીલાખ સંખ્યા પ્રમાણ શીત, ઉષ્ણ અને શીતોષ્ણ યોનિઓમાં અત્યંત અંધકાર, દુર્ગંધી અને અમેધ્ય (વિષ્ઠા) શ્લેષ્મ, ચરબી, રૂધિર આદિ કર્દમથી નહિ જોઇ શકાય તેવા અને અત્યંત બિભત્સ ગર્ભવાસોમાં અંગોને સંકોચોને રહેવું ઇત્યાદિ અનેક વિધ કષ્ટો સહન કરવા પડે છે.

હે ગૌતમ ! વિનયરૂપ ઉપધાન કર્યા સિવાય પંચમંગળ મહાશ્રુત સ્કંધરૂપ જે નમસ્કાર મંત્રને ભણે, ભણાવે કે ભણવાની અનુજ્ઞા આપે, તે ભૂત, વર્તમાન અને ભવિષ્યના તીર્થંકરઃ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ આદિની આશાતના કરનાર થઇ અનંત સંસારી થાય છે. વગેરે હકીકત કોષ્ટકમાં આપેલા મહાનિશીથસૂત્રના પાઠ ઉપરથી જોઇ શકાય છે, છતાં વર્તમાનમાં ભણી શકાય છે, ભણાવી શકાય છે અને ભણવાની અનુજ્ઞા પણ આપી શકાય છે. આ શું સૂચવે છે ? ભગવાનના શબ્દોમાં તો તે અનંત સંસારી થાય છે. છતાં પૂર્વાચાર્યોએ ભગવાનની આ જાતની સખત આજ્ઞા હોવા છતાં દેશ, કાળ અને ભાવને અનુલક્ષી, લાભાલાભની દૃષ્ટિથી વિનયરૂપ ઉપધાન કર્યા સિવાય પણ, ભણવા, ભણાવવાની પરવાનગી આપી. અત્રે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે—શું ભગવાને પોતાના જ્ઞાનથી નહિ જાણ્યું હોય કે ભવિષ્યમાં આ આજ્ઞાથી વિરૂદ્ધ આદેશ આપવાની જરૂરીઆત પડશે. માટે હું તેવી જાતની જ આજ્ઞા આપતો જઉં. તેનો ઉત્તર એજ હોઇ શકે કે ભગવાનના સમયમાં જે પરિસ્થિતિ હતી તે પરિસ્થિતિને અનુલક્ષીને આ વિધાન ભગવંતે કર્યું અને તે વિધાન તે સમયને જ અનુલક્ષીને કર્યું હતું. એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી. કારણ કે જો એમ ન કહીએ તો ભગવાનના જ્ઞાનથી ભગવંતે આ પરિવર્તન કરવું પડશે. તેવું ન જોયેલું હોય તેમ માનવું રહ્યું. અને તેમ માનવામાં ભગવાનના ત્રિકાળીજ્ઞાન ઉપર જ શંકા કરવા જેવું જ થાય છે. એટલે એજ સમાધાન વાસ્તવિક છે કે ભગવંતે તે સમયને અનુલક્ષીને જ આ વિધાન કરેલું સમયના પરિવર્તન સાથે આ વિધાનમાં પણ પરિવર્તન કરવું પડ્યું. આ પ્રશ્નના સંબંધમાં શ્રીવિજયસેનસૂરીશ્વરજીને પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે—"**तथा श्रावकाणामुपधानवहनं विना नमस्कारादि पठनं शुध्यति न वेति ?**" (સેનપ્રશ્ન ઉલ્લાસ ૩ પૃષ્ઠ ૪૪) અર્થ—ઉપધાન વહ્યા સિવાય શ્રાવકોને નવકાર આદિ ભણવું શુદ્ધ કહેવાય કે નહિ ? આનો પ્રત્યુત્તર આપતા શ્રીવિજયસેનસૂરિ ઉપર ટાંકેલા મહાનિશીથસૂત્રનો હવાલો આપી કહે છે કે— [illegible]

"**सम्प्रति तु द्रव्यक्षेत्रकालाद्यपेक्षया लाभालाभं विभाव्या चरणयोपधानतपो विनाऽपि नमस्कारादिसूत्रपाठादिक्षणं कार्यमाण**

---

### છોકરાનો પત્તો લાગ્યો.

**સગીરોને નસાડવાનો ધંધો લઇ બેઠેલાઓએ બે માસ પહેલાં રમણિક ઉર્ફે બાબુને નસાડેલ, તેના સમાચાર મળે છે કે છોકરો અમદાવાદમાં પોલિસના કબજામાં છે, તેથી તેનો કબજો લેવા તેના વાલીઓ અમદાવાદ ગયેલ છે. ત્યાંથી એવા સમાચાર મળે છે કે બાબુનો કબજો લેવા તેના વાલીઓને કોર્ટનો આશરો લેવો પડ્યો છે અને ચોંકાવનારી હકીકતો સાથે મ્હોટા કહેવાતા માણસોના કાવ દાવાને ભયંકર ખટપટો બહાર આવવાની વકી છે. વધુ હકીકત આવતા અંકે–**

# મી૦ શાહની ડાયરી- ધાર્મિક વિષયોની નોંધ.

સંગ્રાહકઃ-"ચોકસી."

(ગતાંકથી ચાલુ.)

...કાચના આરિસામાં આકૃતિના બાહ્ય સ્વરૂપનું આબેહુબ દર્શન થાય છે, પણ આકૃતિ-વ્યક્તિ કે સમષ્ટિનું આંતર સ્વરૂપ જોવાને-નિહાળવાને એ કામ નથી આવતા. ત્યાં તો તીખી કલમે આળેખાયલા અક્ષરો જ સાચી સ્હાય અર્પે છે!

...મ્હારા મનમાં કે લાવને પહેલો મિત્ર ઇન્દુને ઘેર પહોંચુ ને ત્યાંનું વાતાવરણ નિહાળું. ત્યાં તો સામેથી વિવિધવર્ણી વસ્ત્રોમાં સજ્જ થયેલું એક સન્નારી મંડળ ગોરસના માટલા સહ સામું મળ્યું. આ કુળવંતીઓના ગીતોની વાનગી લેવા જેવી છે! એમના મુખમાં કેમ શોભતી હશે તે હજી પણ નથી સમજાતું! (૧)...ઉંચી નીચી...પાળે કયાં વસીરે, બાંધ્યા છે ગધેડા ચાર...(૨) એક બ્હેરી ને બીજી બોબડી, ત્રીજીનો તૂટયો કાન, ચોથી મુસલમાન (૩) હરિકથા કહું છું ને લાજી મરૂં છું (૪) તું તો એક જણીને બીજી જણજે રે, તું તો ત્રીજીની ત્રેવડ કરજે રે (૫) ...એનાં ઘરમાં..મડદો મ્હાલે.. પેલી...બિચારીનું કાંઇ ન ચાલે. આવું તો કંઇ કંઇ સાંભળતાં કાનના કીડા ખરે! પણ એ સામે પાઘડીવાળા ગૃહસ્થો એક હરફ પણ ન ઉચ્ચારે. જાણે પત્થરના પુતળા! કેટલાક જુવાનો પણ નીચી મુંડીએ સાંભળ્યે જાય! આ તે કેવી સંસ્કૃતિ? એને તે ગીતો કહેવા કે વ્હેવાઇને ગમે તે પ્રકારે ભાંડવાનો ચટકો માનવો! વીશમી સદીમાં આવું તો બોલતાં હલકી મનાતી કોમો પણ લાજે છે. અફસોસ છે કે શ્રી વીરના સંતાનોનો દાવો કરનારને, વાણીનો સંયમ જાળવવાની લાંબી ચોડી વાતો હાંકનારને ઘેર લગ્ન જેવા શુભ ટાણે, આ હજુ પણ હાલ્યું જાય છે. કેમ જાણે સુંદર ગીતોનો દુકાળ ન પડયો હોય?

...બ્હેન! જરા પાણી પાવને! મ્હને ઘણી તૃષા લાગી છે! અરે! જારે! તારા જેવી ઢેડીને પાણી પાવા સારૂ હું દાદરા ઉતરી નીચે આવું? ખડકીમાં ઘણા ઘર છે ફરી વળ બીજે. મારે મંદિરે જતાં મોડું થાય છે! નિરાશ વદને ઢેડી બીજા ઘર તરફ વળી, કમા કાકા! જરા પાણી તો પીવડાવો ત્યાં તો કમા કાકા તહુકી ઉઠયા મેર રાં...! તને રોજની ટેવ પડી. એક બે વાર પાયું ખરૂં ને! વાસણ કયાં છે? કાકા! વાસણ લાવી છું. જરા પાવ તો સારૂં! ડોસાના હૃદયમાં રામ ઉતર્યા! અલ્યા મણીઆ! જા પેલીને ડોલમાંથી પાણી આપ. જોજે ઉંચેથી રેડજે. મણીઓ ગાંધી યુગમાં ઉછર્યો હતો. શ્રી વીરના બંધુભાવ સૂચક વચનો હજી તેને કાને નહોતાં પડયાં, પણ **'અંત્યજનો તિરસ્કાર ન કરો.'** એ મહાત્માજીનું વાકય ઘણીએ વાર તેણે સાંભળ્યું હતું. એઠું જૂઠું ન આપતાં ચોકખું અન્ન-પાન આપવું એ વાત તેના ગળે ઉતરી ગઇ હતી. તરત જ એ ઉઠયો ને ગાગરડીમાંથી ઠંડુ પાણી આપી પેલી ઢેડીને સંતોષ આપ્યો. પણ કમા કાકાથી એ સહન થાય! શું ગાગરડીનું પાણી આ ઢેડી માટે હતું? એમ તે પોકારી ઉઠયા. બે ત્રણ સરસ્વતી (!) પણ સંભળાવી દીધી. મણીઆએ એક જ જવાબ દીધોઃ-દાદાજી! આપણા જેમ એ માણસ નથી શું?

......જ્યાં ડોસાજીના શબને ઉપાડી ઘર બહાર કાઢયું કે બૈરાંઓ રોવા લાગ્યાં. મોટા દીકરાની વહુ તો ગુલાંટ ખાઇને છાતી માથા કૂટવા મંડી અને નાના દીકરાની વહુએ તો કૂટી કૂટીને છાતી લાલચોળ બનાવી દીધી. અજાયબી તો એ થતી કે આ બધા કૂટનારા જૈન હોઇ આત્માની અમરતામાં સારી શ્રદ્ધા ધરાવતાં હતાં. છતાં ધ્વંસ થવાનો-નાશ પામવાનો પુદ્દગલનો સ્વભાવ છે એટલી વાત તેમના ગળે ઉતરી જણાતી નહિ. સંખ્યાબંધ વ્યાખ્યાનોમાં હાજરી આપ્યા છતાં અને પુનઃ પુનઃ સંસાર અસાર છે એવા વૈરાગ્યના વચનો સુણ્યાં છતાં આજે આવું મોહનાટક ભજવાતું હતું! શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું એક જ વાકય યાદ રાખી લ્યે કે-**'રોનારાની ગતિ એહવી'** તો કેવું સારૂં! વિચારીએ તો વૈરાગ્યનો ઉપદેશ આવા સમયે જ યાદ કરવાનો છે, હાયવોય કરવાથી કે પેળન નાકે છેડા વાળવાથી વા રાજીયા ગાવાથી જેનું મૃત્યું થયું છે તે પાછો સજીવન તો થનાર જ નથી. તો પછી લોક દેખાવનું શું પ્રયોજન? નજીકના સગાને કે અંતરના માણસને લાગી આવે, પણ એણે હૃદય એકાંતમાં ખાલી કરવું ઘટે, પણ **'ખોટું ગાવું ને જુઠું રોવું'** એજ જેમનો સ્વભાવ થઈ પડયો છે. એવી વામાઓને આ વાત કસે ત્યારે ને! લોકની વાત પરથી જાણ્યું કે ડોસાને જીવતા ખવડાવવા માટે તો રોજ કજીઆ થતા અને આખરે વારા બંધાયેલા! એના ગળે ધાન શાંતિથી ઉતરતું હશે કે કેમ એ પણ શંકાનો વિષય છે. છતાં એના મૃત દેહ પર આજે શોકના આંસુ સારવામાં કોઇ વહુ કચાશ નહોતી રાખતી!

—ચાલુ.

## વઢવાણમાં ગુમ કરેલો કાન્તિ.

**મૂળ લીંબડીના અને હાલ અમદાવાદ રહેતા સકરચંદ હરજીવનદાસનો છોકરો નામે કાન્તિલાલ ઉમર વર્ષ ૧૫ ના આશરેનો, વઢવાણથી સાધુના કાવાદાવાનો ભોગ થઇ પડયો છે. અર્થાત્ વઢવાણવાળો ભીખાલાલ નામનો એક માણસ તે છોકરાને ઉપાડી મુંબઇ લઇ ગયેલ છે. એવા સમાચાર મળ્યા છે.**

---

दृश्यते, आचारणायाश्च लक्षणमिदं कल्पभाष्ये उपदेशपदे च यथा -असढण समाइन्नं, जं कत्थइ केणइ असावज्जं। न निवारिअमन्नेहिं वहुमणुमयमे अमायरिअं ॥१॥ आचारणा च जिनाज्ञा समानेव -यद्गणितं भाष्यादा-असढाइन्न णवज्जं गीअत्थ अवारिअंति मज्झत्था। आयरणाविहु आणत्ति, वयणओ सुबहुमन्नंति ॥९॥ इति ध्येयम् ॥९॥ સેનપ્રશ્ન ઉલ્લાસ, ૩. પૃષ્ઠ ૪૪.

—ચાલુ.

# શેઠ કસ્તુરભાઇ લાલભાઇને વિનંતિ.

**જૈનોના સમાધાન માટે સક્રિય ભાગ લેવાની આવશ્યકતા.**

શ્રીમાન્ શેઠ કસ્તુરભાઇ લાલભાઇની સેવામાં,

જૈન સમાજમાં છ સાત વરસથી કુસંપ વ્યાપી રહ્યો છે. દિન પ્રતિદિન ઉગ્રસ્વરૂપ પકડતો જાય છે. તેવી પરિસ્થિતિથી આપ વાકેફગાર છો. આપ તટસ્થ ભાવ સેવી રહ્યા છો એવી મારી માન્યતા છે. સમગ્ર જૈનોમાં આપ પ્રતિષ્ઠિત ગૃહસ્થને શોભે તેવું ઉચ્ચપદ ધરાવો છો, જૈનેતર તેમજ સરકાર અને વેપારી મંડળમાં આપની સારી પ્રતિષ્ઠા છે. સમગ્ર હિન્દુસ્થાનનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના આપ પ્રમુખ છો. સામાન્ય રીતે આચાર્યો અને સાધુઓના પરિચયમાં છો. સમદ્રષ્ટિથી જોનારાવાળા છો. સાધુસંસ્થા અને જૈનસમાજના કેન્દ્રસ્થાનરૂપ ગણાતા અમદાવાદમાં આપનું નિવાસ સ્થાન છે. આ બધી આપની લાયકાતથી આકર્ષાઇ જૈનોનું સમાધાન કરવા આપને આ વિનંતિ પત્ર લખવા પ્રેરાયો છું. તસ્દી લઇ તે વાંચી લક્ષમાં લેવા કૃપા કરશો.

એ તો કુદરતનો નિયમ છે કે 'ગુમડું પાક્યા વિના ફાટતું નથી.' તે ન્યાયે જણાવું છું કે દીક્ષાની અયોગ્ય પ્રવૃત્તિથી જૈનસંઘમાં ઠામ ઠામ કલેશ ફેલાઇ રહ્યો છે તે દૂર કરવા પ્રયત્ન કરવા આપને જાહેરમાં કોઇએ વિનંતિ કરી હોય એવું મારા જાણવામાં નથી. હવે મારી માન્યતા કેટલેક અંશે એવી થઇ છે કે આ કલેશની પરિપક્વસ્થિતિ થવા આવી હોય એવો ભાસ થાય છે. પંન્યાસ શ્રી રામવિજયજીની અને શ્રી કસ્તુરચંદભાઇ કોઠારીની સહીથી સમાધાની માટે વઢવાણ શહેરથી ત્રણ માસ ઉપર જાહેર છાપેલી પત્રિકાઓ બહાર પડી છે તેમજ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ સાદરીથી તા૦ ૨૩-૧૦-૩૨ ના જૈન પત્રમાં પોતાની સહીથી અતિ નમ્રતા અને ઉદારતા ભરેલું આત્મનિવેદન બહાર પાડી પોતાનો કેસ આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી, આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી, પ્રવર્ત્તક શ્રી, કાંતિવિજયજી અને શ્રી હંસવિજયજી આગળ સાદર કરી તેનો નિર્ણય આપવા ખુલ્લા દિલથી જણાવ્યું છે.

આટલી દશાએ પહોંચેલી પરિસ્થિતિ જાહેરમાં આવી છે તે આપના લક્ષ બહાર નહિ હોય. તો આપને આગ્રહભરી વિનંતિ છે કે આટલેથી તે વાત અટકવી જોઇએ નહિ. તેને હવે સંપૂર્ણ પરિપક્વતાની દશાએ પહોંચાડી કલેશના ગુમડાને ફોડી નાખી શાંતિ કરવી જોઇએ. આ માટે કોઇ સારા વૈદ્ય, હકીમ કે ડોકટરની દરમ્યાનગીરીની જરૂર હોવાથી મારી નજર આપના ઉપર ઠરી છે. તે કામ આપે ઉપાડી લેવું જોઇએ. અલબત આપના ધંધાના વ્યવસાયને લીધે આપ તે માટે પૂરતા વખતનો બચાવ ન કરી શકો એ શક્ય છે. પરંતુ સમાધાનીના પ્રશંસનીય કામનું મહત્વ ધ્યાનમાં લઇ જૈન કોમ અને સાધુ સંસ્થાના હિતની ખાતર જરૂર વખતનો ભોગ આપશો. બંને પક્ષ તરફથી આટલી હીલચાલ થઇ છે તો આપ તે આચાર્યો સાથે પત્રવ્યવહાર ચલાવી કે તેમને રૂબરૂમાં મળી કલેશનું ગુમડું કેમ જલદી ફાટે તે પ્રમાણે સક્રિય ભાગ લેવા મહેરબાની કરશો. આપને યોગ્ય લાગે તેવા સમભાવથી કામ કરી શકે તેવા સહાયક ગૃહસ્થો આપની સાથે જોડી કાંઇકને કાંઇક તે દિશામાં આપ પ્રયત્ન કરો.

ઝઘડામાં આપણું બળ વેડફાઇ જાય છે, આપણા શ્વેતાંબરી-દીગંબરીના ઝઘડા સુકાતા જ નથી. તેમાં વળી શ્વેતાંબરીમાં આમ બે પક્ષો પડવાથી શ્વેતાંબરીઓ પરસ્પર લડી રહ્યા છે. શ્વેતાંબરીઓ આવા નજીવા ઝઘડાને લીધે એક બળ ન કરી શકે તો ભવિષ્યમાં આપણી કેવી દશા થાય? બંનેની લડાઇમાં ત્રીજા ફાવી જાય છે. અને તેમાં આપણી લક્ષ્મી અને શક્તિનો ખોટો ભોગ અપાય છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના આપ પ્રમુખ હોવાથી આ પરિસ્થિતિથી આપ વાકેફગાર છો. એટલે તે સંબંધી વિશેષ લખવા માગતો નથી. સમગ્ર બાર લાખ જૈનોને એકત્ર કરવાની સ્તુત્ય વાત તો વેગળી રહી, પણ છ લાખ શ્વેતામ્બરી એકઠા મળી એક બીજા સાથે મિત્રાચારી ભરી રીતે રહી સામાજિક અને ધાર્મિક કામ કરી શકે એટલું આપ કરી આપો તો તે આપનો ઉપકાર થોડો ન ગણાય. શ્વેતાંબરી એક થઇશું તો પછી દીગંબરી ભાઇઓની સાથે મળી તમામ ચાલતા ઝઘડાઓને તિલાંજલિ આપવા શક્તિમાન થઇશું. માટે ફરી આપને સવિનય પણ આગ્રહભરી વિનંતિ છે કે આવી સમાધાન માટે આવેલી સોનેરી તકનો લાભ લઇ આચાર્યો સાથે પત્ર વ્યવહાર ચલાવી કે રૂબરૂમાં મળી કલેશના ગુમડાને ફાડી નાખી હમેશને માટે શાન્તિ ફેલાવી જૈન સમાજ રૂપી શરીરને આરોગ્ય બક્ષી આભારી કરશો. આટલી તસ્દી આપી છે માટે માફ કરશો.

**મહાસુખભાઇ ચુનીલાલ શેઠ.**

---

# ધર્મઘેલાઓ! ચેતો!

આજ આખોયે સમાજ અવનતિની પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. રૂઢિઘેલાઓ અત્યારના સમયથી એક ડગલું પણ આગળ વધવા માગતા નથી. સમાજમાં જ્યાંને ત્યાં અંધશ્રદ્ધાના પૂરમાં ઘસડાતા અંધ ભક્તો દૃષ્ટિગોચર થાય છે. અને આવી સ્થિતિમાંથી સમાજ પસાર થાય છે ત્યારે ખરી વસ્તુસ્થિતિનું ભાન કરાવનારને શાસનમાં 'અંગારા' કે એવા બીજા કેટલાક શબ્દોથી સંબોધવામાં આવે છે. તટસ્થ બુદ્ધિવાળાને સહેજે સમજાયા સિવાય ન રહે કે આ શબ્દોમાં કેટલું હળાહળ વિષ ભરેલું છે. અંતરમાં ભરી રાખેલી ઝેરની કોથળીઓ લખાણ દ્વારાએ એક પછી એક ઠલવતા જાય છે. શ્રીમાન્ વલ્લભવિજયજી જેવા ધર્મધુરંધર આચાર્યને ફાવે તેમ વગોવવાનું બાકી રાખ્યું નથી તો બીજા ગૃહસ્થોની યા સાધુઓની તો વાત જ ક્યાં કરવી? જ્યારે વિસનગરવાળા શેઠ મહાસુખભાઇએ 'અમૃત સરિતા' નામનું પુસ્તક રચી દીક્ષાનું ખરૂં સ્વરૂપ જણાવ્યું ત્યારે ધર્મઘેલાઓએ વાક્પ્રહારો યા ગાળી પ્રદાનનો વરસાદ વરસાવ્યો. પરંતુ તેઓને ક્યાં ખબર છે કે વાપરેલા શબ્દો જનતા કેટલા પ્રમાણમાં માન્ય રાખી શકે? જનતા તો સારી રીતે સમજી ચૂકી છે કે 'દુઃખે છે પેટ અને કૂટે છે માથું' આજે ઇતિહાસનાં પાનેપાનાં તપાસો, કોણ ફાવ્યું છે? છેવટે અસત્ય ગબડી જ પડે છે. અને સત્ય વસ્તુ આરંભે ન માને પણ છેવટે તો તે વસ્તુ સર્વ પૂજાતી થઇ દરેક માનતા થાય છે, બીજાને ખોટી સ્વાર્થવૃત્તિથી ધિક્કારતાં પોતે જ જાતે ધિક્કારાય છે. આ ભૂલવાની જરૂર નથી. હજુ પણ એ દુરાગ્રહ છોડી દઇ સત્ય વસ્તુને ઓળખે, ઓળખી અમલ કરે અને આવું ઝેરી વાતાવરણ ફેલાવતાં પહેલાં સમાજની પરિસ્થિતિનો વિચાર કરે. તેમાં જ પોતાનું ગૌરવ સમાયેલું છે. —**સી૦ ભોગીલાલ પેથાપુરી.**

# જૈન મંદિરોમાં શ્રાવકોદ્વારા-પૂજાતા શિવલિંગો.

## શ્રાવકોએ હવે સાવધાન રહેવાની અગત્ય.

મુનિરાજશ્રી જયન્તવિજયજી મહારાજ.

– ગતાંકથી ચાલુ –

મૂળ ગભારાની જગ્યાએ તથા આસપાસમાં હજુ સુધી ઘણા પત્થરો પડયા છે. એટલે આ મંદિરમાંના જ જરૂર પૂરતા પત્થરો ઉપરના મંદિરમાં લઇ જઇને લગાવ્યા હોવા જોઇએ.

વિ. સં. ૧૯૨૨ થી આ મંદિરનો ખર્ચ મઢાર, પોથાવાડા વગેરે નજીકના પાંચ ગામો તરફથી પૂરો પાડવાની વ્યવસ્થા થઇ છે. દેખરેખ મઢારના સંઘની હોઇ મઢાર સંઘની ભલામણથી સાથસેણ જાગીરદારના કામદાર મઢારવાળા શા. લુંબજી રાખે છે. એક-બે વર્ષ પહેલાં આ મંદિરની જરૂર પૂરતી મરામત થઇ છે. પરંતુ મંદિરના શિખર પર કલશ અને ધ્વજાદંડ નથી તે કરાવવા માટે મઢાર આદિ પાંચે ગામના શ્રાવકોએ જલ્દીથી ધ્યાનમાં લેવાની આવશ્યકતા છે.

આ મંદિરમાં મૂલનાયકજી સહિત કુલ ચાર જિનબિંબ છે, અને તેની સાથે ગુઢ મંડપમાંથી મૂલગભારામાં જવાના મુખ્ય દરવાજાની પાસે જ એક થાળામાં મહાદેવજીનું લિંગ છે તેની જૈન મંદિરનો જ પૂજારી, જૈન મંદિરના જ કેશર-ધુપ-દીપ વિગેરેથી પૂજા કરે છે.

શ્રાવકોના ઘર વિનાના નધણીયાતા મંદિરમાં પુજારીએ અથવા ગામના ઠાકોરે આ શિવલિંગ આ મંદિરમાં સત્તા બળે ઘુસાડી દીધું હશે, અને તે પણ ખાસ મૂલગભારાના દરવાજા પાસે જ.

કામદાર લુંબજી કહે છે કે-મરામત કરાવતી વખતે શિવલિંગને બહાર ભમતીમાં એક જગ્યાએ મૂકાવ્યું હતું. મરામતનું કામ પુરૂં થઇ ગયા બાદ ન માલુમ કોણે અને કયારે તેને પાછું અંદર મૂલગભારા પાસે સ્થાપન કરી દીધું. વાહ! કલિયુગના કામદારો અને દેખરેખ રાખનારાઓની દેખરેખની પણ ખરેખર બલિહારી જ છે. અસ્તુ.

આમાં કામદાર એકલાનો શું દોષ કાઢવો? વર્ષોથી આસપાસના ગામોના શ્રાવકો અહિં દર્શન કરવા આવતાં એ વાતને જાણે છે. જુવે છે, અનુભવે છે. છતાં તેનો યુક્તિપૂર્વક સારી રીતે બંદોબસ્ત કરવાની કે કરાવવાની કોઇને દરકાર નથી. આમ બેદરકાર રહેવાથી કામ ચાલી શકે તેમ નથી. અત્યારે પરધર્મસહિષ્ણુતા રહી નથી. અત્યારે તો પોતપોતાની વાડો અને સત્તા વધારવા સૌ તત્પર છે. એક જરા છિદ્ર મળે કે ઝટ સ્વાર થઇ જઇ પોતાના હક્કનો દાવો માંડી અરધો અરધ ભાગ વહેંચવા કે આખુંને આખું સ્વાહા કરવા લોકો તૈયાર છે. શત્રુંજય અને ચારૂપ વિગેરેના આવા કેસો હજુ આપણી દૃષ્ટિ સામે જ છે. માટે એ તરફ વિચરતા પૂજ્ય મુનિવરો તેમ જ મઢાર આદિ પાંચે ગામોના પંચો અને આગેવાનો આ બાબત પર પૂરતું લક્ષ્ય આપી પોથાવાડા તહેસીલદારની અથવા પાલણપુર રાજ્યના મોટા હોદ્દેદાર ઓફીસરો પાસેથી કાયદેસર મદદ મેળવી સલાહ શાંતિથી યુક્તિપૂર્વક આ બાબતનો સુયોગ્ય બંદોબસ્ત કરશે કે જેથી પાછળથી પશ્ચાતાપ કરવાનો સમય ન આવે.

પહેલાં મઢાર વિગેરે આસપાસના ગામોનાં શ્રાવકો વાર તહેવારે તથા ખુણો મુકાવવા માટે નિયમિત રીતે અહિં જ આવતાં, પણ થોડા વર્ષો ઉપર મઢારના લગભગ સો બસો શ્રાવક-શ્રાવિકા અહિંના દર્શન કરી સાંજે પાછા મઢાર જતાં ભિન્ન રાજ્ય હોવાથી અને ખાસ અંગતદ્વેષ-ઇર્ષ્યાના કારણે ભારે લુંટફાટ થઈ. એક બે-શ્રાવકોનાં ખુન પણ થઇ ગયાં. ત્યારથી મઢારના શ્રાવકોએ સાથસેણ જવું બંધ કર્યું. એટલે મંદિરની આવક ઘટી અને દેખરેખમાં પણ વધારે ખામી પડવા લાગી છે. તેથી હવે પોથાવાડા વિગેરે ચાર ગામોના શ્રાવકો ઉપર આ મંદિરની જવાબદારી વિશેષે કરીને આવી પડેલી ગણાય. પરંતુ તે નાના ગામોના શ્રાવકો આ બાબતનો નિકાલ જલ્દી ન લાવી શકે માટે પાલણપુર અને પાલણપુર રાજ્યમાં વસતા આગેવાન શ્રાવકોએ આ બાબત ઉપર ધ્યાન આપી આનો સંતોષકારક રીતે નિકાલ જલદીથી લાવવાની જરૂર છે.

( ૨ ) આબુ ઉપર દેલવાડામાં શ્રી લુણવસહી મંદિરની પછવાડે જરા ઉંચાણમાં ચાર દેરીઓ છે. તેમાંની પહેલી શ્રી અંબિકા દેવીની મૂર્તિવાળી દેરીમાં એક નાનકડા થાળામાં નાનું શિવલિંગ અને પોઠીઓ વિગેરે રાખેલ છે. અહિંના બ્રાહ્મણ પૂજારીઓએ પોતાના ઇષ્ટ દેવના દર્શન પૂજા માટે આ શિવલિંગ અહીં રાખેલ હશે એમ લાગે છે.

( ૩ ) પીંડવાડા સ્ટેશનથી પશ્ચિમ દિશામાં ચાર માઇલ દૂર શ્રી બ્રાહ્મણવાડજી નામનું જૈન તીર્થ આવેલું છે. અહિં શ્રી મહાવીરસ્વામિજીનું પ્રાચીન જૈન મંદિર છે. આ મંદિરની ભમતીની દેરીઓની વચ્ચે ડાબા હાથ તરફના ગભારામાં બહારના મંડપમાં જિનમૂર્ત્તિઓની સાથે જ એક નાના થાળમાં નાનાં મોટાં સોપારી જેવડાં ત્રણ શિવલિંગો સ્થાપન કરેલાં છે. અહિં અને દેલવાડામાં જૈન મંદિરમાંના શિવલિંગો વિગેરેની પૂજા જૈન મંદિરના જ પૂજારીઓ જૈન મંદિરના જ પૂજાપાથી કરે છે અને શ્રાવકો એમને એમ ચલાવ્યે જાય છે. શ્રી બ્રાહ્મણવાડા અને દેલવાડાના જૈન મંદિરોનો વહિવટ હાલ સિરોહીના પંચોના હાથમાં છે. પરંતુ આ વાત સિરોહીના પંચોના હાથમાં વહીવટ આવ્યા પહેલાં બની ગએલી હોવી જોઇએ. સિરોહીના હાથમાં વહિવટ આવ્યા પછી આમ બનવાની સંભાવના ઓછી થઇ શકે.

–ચાલુ.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by hivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

શુષ્ક ક્રિયાકાંડો.

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૩ જો.<br>શનીવાર તા. ૧૨-૧૧-૧૯૩૨. |

## યુવકોને સંદેશ.

—" મજમુદાર. "

ભવિષ્યના ત્હમે મહાન્ પુરૂષ છો આપણી પડેલી અને ઘવાયેલી પ્રજાના ઘા ત્હમે જ રૂઝાવી શકશો. પરંતુ તે એક જ શરતે; અને તે એ કે તમારે હિંદના આદર્શને વફાદાર રહેવું.

જગતના ઇતિહાસમાં અદ્વિતીય એવો આદર્શ હિંદનો છે. એનું પહેલું પગથીયું સાદાઈ છે, પ્રાચીનકાળમાં જ્યારે ગ્રીસે સૌંદર્યને વખાણ્યું અને પૂજ્યું ત્યારે પણ હિંદે સાદાઇને જ અપનાવી. સાદા થવું એટલે જ સુંદર થવું.

આજે જર્મનીમાં યુવાનોની ચળવળ ચાલી રહી છે. તેમાં મજુર વર્ગના અને શાળા તેમજ મહાશાળાના વિદ્યાર્થીઓ પણ છે. તેઓ કુદરતી રીતે સામાજીક સુધારો કરવાની તરફેણમાં છે. અને તેઓ સાદુ જીવન ગાળવા ઇચ્છે છે. મ્હેલના વસનારાઓ અને મોટરમાં ફરનારા ધનવાનોના યુવાન પુત્રો પણ આ ચળવળમાં જોડાઇ ઉઘાડે માથે અને ઉઘાડે પગે રખડે છે, તેઓ મોજ, શોખ અને વિલાસને ધિક્કારે છે, સ્વચ્છ અને ખુલ્લી હવાવાળા ભાગોમાં તેઓ રહે છે.

આ યુવાનોની ટુકડીઓ રવિવાર અગર રજાઓના દિવસોમાં ગામડે ગામડે ઘૂમે છે. ગામડાની ભોળી અને નિર્મળ પ્રજા સાથે એકતાર થાય છે. તેમનું લોક સાહિત્ય એકઠું કરે છે. ત્હેમની સાથે મજુરી કરી કુદરતનો અનેરો આનંદ ભોગવે છે.

આ વીર યુવાનો બીડી, દારૂ અને એવા વ્યસનોથી સાવ મુકત છે. કડક ગળાં છોલી નાંખે એવા કોલરો અને છટકેલ જેવાં લટીયાં રાખનારને તેઓ અંતઃકરણથી ધિક્કારે છે, તેઓ લોકસાહિત્ય અને લોકગીતોને રાષ્ટ્રનો ખજાનો સ્હમજે છે. તેઓ સ્વાતંત્ર્ય અને પરાક્રમના પરમ ઉપાસકો છે અને ત્હેમના હૃદયના ઉંડાણમાં ગ્રામ્યજીવનના ધબકારા સર્વદા સંભળાય છે. આ યુવાનો એ નવા જર્મનીના ઘડનાર છે-ભાગ્યવિધાતા છે.

જો હિંદના નવયુવકો આ સાદાઇનો મંત્ર ગ્રહણ કરે તો હિંદ માતાની આશા પૂરી કરી શકાય.

અને તે સાદા જીવનનો મૂળ પાયો તે 'બ્રહ્મચર્ય' છે. વેદકાળના યુવાન વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય પાળતા અને એજ ત્હેમનો ઉંચ આદર્શ મનાતો. આજના હિન્દુ યુવાનો બ્રહ્મચર્ય જેવો શબ્દ પણ ભૂલી ગયા છે. આજે તો વસ્ત્ર, ભોજન અને જીંદગીના પ્રત્યેક કર્તવ્યમાં વિલાસ, ભોગ અને લંપટતા ખદબદી રહી છે.

ઓ ભારત નવયુવાનો ! હું તમને એ બ્રહ્મચર્યની સંજીવની શક્તિની સેવના કરવાની હાકલ કરૂં છું. ત્હમારા દેહ અને આત્માને પોષનાર, ત્હમારા નીતિ અને ચારિત્ર્યને ઘડનાર એ બ્રહ્મચર્ય બ્રહ્માસ્ત્ર છે

नायमात्मा बलहीनेन लभ्यः—

—બલહીન દેહમાં ઉન્નત આત્મા નથી વસી શકતો.

આજે તો હિન્દને વીર્યશાળીને મર્દ યુવાનોની આવશ્યકતા છે. બ્રહ્મચર્યના અટૂટ પાયા ઉપર આપણે આપણા દેશની પુનર્ઘટના કરી શકશું. કોઇ સૌંદર્યને ભજે છે. કોઈ લક્ષ્મીનું સેવન કરે છે, કેટલાયે જીવન ધ્યેય વિહોણાં સંસારમાં આથડે છે. પરંતુ ભારતના ઓ ભાવિ ભાગ્ય વિધાતાઓ ! સમાજની સુધારણાર્થે હિંદને પહાડ જેવા અચળ અને સમર્થ નવયુવકોની જ જરૂર છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवठ्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૨-૧૧-૩૨.


## શુષ્ક ક્રિયાકાંડો.

કોઇ પણ ક્રિયા સમજણ પૂર્વક થતી હોય તો તે ક્રિયા જરૂર ફળદાયી નિવડે છે. પરંતુ સમજણ વગરની ક્રિયા કદિ ફળીભૂત થતી નથી. આપણે અનેકવાર પોષહ અને પ્રતિક્રમણ કર્યાં, પૂજા અને પ્રભાવનાઓ કરી, શાસ્ત્રો અને વ્યાખ્યાતાઓના બહુ માન કર્યાં, સંઘો અને સ્વામીવાત્સલ્યો કર્યાં, તીર્થયાત્રા અને ગુરૂપૂજન કર્યાં છતાં હજુ જ્યાંના ત્યાં જ છીએ હેનું શું કારણ?

આપણે કેવળ રૂઢીમાં જ ધર્મ માની લીધો છે, ચતુર્દશી આવે એટલે પ્રતિક્રમણ કરવું જ જોઇએ. શ્રાવક થયા એટલે પૂજા તો થવી જ જોઇએ; પણ એ પ્રતિક્રમણને પૂજા વગેરે કરવાવાળાને અમે પૂછીએ છીએ કે પ્રતિક્રમણ એટલે શું? પૂજા એટલે શું? તો કેવળ ઉપલકિયા અર્થ સિવાય કશોય ઉત્તર નહિ મળે, આવા પ્રતિક્રમણ અને પૂજાથી કશું કલ્યાણ થવાનું નથી. આથી કોઇ એમ ન સમજે કે અમે પૂજા કે પ્રતિક્રમણ વગેરેમાં માનતા નથી, પરંતુ અમારૂં કહેવું અને માનવું એવું છે કે પ્રતિક્રમણ ભલે કરો. પણ એ પ્રતિક્રમણની પાછળનો ઉદ્દેશ સ્હમજો. 'પાપથી પાછા હઠવું' હેનું નામ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ કરતાં જે કોઇ જીવને આખા દિવસ દરમ્યાન દુઃખ ઉત્પન્ન કર્યું હોય, અઢાર પાપસ્થાનક સેવ્યાં હોય, તો હેની માફી માગવામાં આવે છે. જો આવી માફી ખરા દીલથી માગવામાં આવતી હોય તો જે સ્થિતિ આજે આપણી છે તે નહોત. પણ આ માફી ખરા દીલથી માગવામાં આવતી નથી. કેવળ માફી માગવાની એક રૂઢી પડી ગઇ છે. ખરી માફી તો ભૂલની જ હોય. એક વખત અણસમજથી કોઇપણ કાર્ય થયું હોય તો તે બદલ ક્ષમા યાચવી એ પ્રાયશ્ચિત છે, અને એ પ્રાયશ્ચિત્ત તો ત્યારે જ ખરૂં કહેવાય કે જે ભૂલ માટે આપણે ક્ષમા યાચીએ છીએ તે ભૂલ ફરીથી ન થવા પામે. નહિ તો પછી કુંભારના ઘડામાં કાંકરી મારી પછી કહેવું કે 'મિચ્છા મિ દુક્કડં' એનો કશો અર્થ નથી. આજે આપણાથી જે કુકર્મો થયા હોય તેની પ્રતિક્રમણદ્વારા શુદ્ધિ કરી બીજે દિવસે એ કુકર્મો આપણાથી ન થવાં જોઇએ. હેનું નામ સાચું પ્રતિક્રમણ છે. બાકી પ્રતિક્રમણ કરતાં જીંદગી પૂરી થાય તો પણ કદિ કલ્યાણ થાય તેમ અમે માનતા નથી.

પૂજામાં પણ એમ જ છે, પૂજા કરવી એ એક જાતની રૂઢી પડી ગઈ છે. પણ પૂજા શા માટે અને કેવી રીતે કરવી જોઇએ એ બાબત ઘણા ઓછા માણસો જાણતા હશે. પૂજા એ આત્મશુદ્ધિ માટે કરવામાં આવે છે. જે પૂજાથી આત્મશુદ્ધિ ન થાય એ પૂજાનો કશો અર્થ નથી. પૂજા ત્રણ પ્રકારથી થાય છે. નામ સ્મરણ, દર્શન અને સ્પર્શન. આપણે પ્રભુનું નામ સ્મરણ કરીએ એ પણ પૂજા છે. કોઈ જુવાન છોકરો પરદેશ ચાલ્યો ગયો હોય અને બાર-બાર વરસ સુધી હેનો કશો પત્તો ન હોય, તે છોકરાનું અસ્તિત્વ હેના માબાપના સ્મૃતિપટમાંથી ભૂંસાઇ ગયું હોય અને પછી એ છોકરાનો કાગળ આવે અને નામ સાંભળીને જ હેના માબાપના સ્મૃતિપટમાં છોકરાની પ્રતિકૃતિ ખડી થાય છે. હેમ પ્રભુનું નામ સ્મરણ કરતાં જ આપણા હૃદયમાં પ્રભુની પ્રતિકૃતિ ખડી થવી જોઇએ. ત્યાર પછી એ કાગળ વાંચવામાં આવે છે, છોકરો લખે છે કે-'હું અમુક દિવસે, અમુક ટ્રેનમાં આપની તરફ આવું છું' એ દિવસની હેના માબાપ આતુર હૃદયે રાહ જુવે છે. એ દિવસ આવે છે, તેઓ સ્ટેશને જઇ ગાડીની રાહ જુએ છે, છોકરો પણ મનમાં પોતાના માબાપને જોવા ગાડીની બહાર ડોકીઉં કાઢી ઉભો છે. ગાડી સ્ટેશને આવે છે અને એક બીજાની દૃષ્ટિ મળે છે. તે વખતે જે આનંદ આવે છે તેનાથી અધિક આનંદ પ્રભુના દર્શન કરતાં આપણને થવો જોઇએ. ત્યાર પછી ગાડી ઉભી રહે છે, છોકરો ગાડીથી નીચે ઉતરી પોતાના માબાપને ભેટે છે તે વખતનો જે મીલન આનંદ છે તેથી અનેક ગણો આનંદ આપણે પ્રભુની પૂજા કરતાં થવો જોઇએ. તોજ એ પ્રભુપૂજા ફળવતી છે, બાકી '**લે દેવ ચોખા અને દોડ મારો છેડો**' એમાં કશો લાભ નથી. આપણી દરેક ક્રિયાની પાછળ શુભ ઉદ્દેશ સમાયેલ છે, પરંતુ આજના વાતાવરણમાં આ શુભ ઉદ્દેશો તદ્દન ભૂલાઈ ગયા છે, કેવળ શુષ્ક ક્રિયા જ આપણે કરી રહ્યા છીએ. એ ખૂબ ખ્યાલમાં રહે કે શૂન્ય ચિત્તથી જે ક્રિયા કરવામાં આવે છે તે લાભને બદલે હાનિ વધારે કરે છે, એક છોકરો ગુન્હામાં આવ્યો હોય અને આપણે રોજ હેને માર્યા કરીએ તો એ છોકરો ધીટો બની જાય છે. હેને કશો ભય રહેતો નથી, કારણ કે એ જાણે છે કે બહુ તો મને બે ચાર લપાટો પડશે પણ જો તેને સ્હમજાવવામાં આવે અને કોકજ દિવસ જો એકાદ તમાચ પડી હોય તો પછી હેને વિચાર રહેશે અને તે સુધરવાનો પ્રયત્ન કરશે. તેમ રોજ પૂજા અને પ્રતિક્રમણ કરવાવાળો એમ સ્હમજે છે કે આપણે ગમે તેટલાં પાપ કરીએ પણ પૂજા અને પ્રતિક્રમણ કરીશું એટલે એ તમામ પાપ ધોવાઇ જશે. આવી માન્યતાથી એ પાપકર્મ કરતાં જરાએ ડરતો નથી. અને જે પ્રમાણે રોજ કરતો આવ્યો છે તે પ્રમાણે કર્યા કરે છે. પહેલાં છોકરાની જેમ એ પણ ધીટો બની જાય છે, પરંતુ દર ચતુર્દશીને દિવસે સમજણપૂર્વક જો પ્રતિક્રમણ કરવામાં આવે તો હેનો આત્મા જરૂર શુદ્ધ થશે. એટલે વરસના ત્રણસોને પાસઠ દહાડા શૂન્યચિત્તથી પ્રતિક્રમણ કરનાર કરતાં એક સંવત્સરીને દિવસે શુધ્ધ અંતઃકરણથી સમજણપૂર્વક પ્રતિક્રમણ કરનાર લાખ દરજ્જે ઉંચો છે, સામાયિકમાં પણ એમ જ છે. બે ઘડી સામાયિક કરીને આપણા આત્માને સમતાભાવમાં રાખવો જોઇએ. પરંતુ એ બાબત આજે કયાં છે? આપણે સામાયિક કરીને બેઠા હોઇએ અને આપણા ઘરમાં કુતરૂં કે બિલાડું પેસી જાય તો સામાયિક હોવા છતાં પણ હેને કાઢવાના પ્રયત્ન કરીશું. આવું સામાયિક એ સામાયિક નથી. સામાયિક એટલે જગતના તમામ સંબંધોને બે ઘડી તિલાંજલી આપી આત્માને ઓળખવો એ છે. આજે કેટલા માણસો સામાયિક કરી આત્માને ઓળખતા હશે?

# સ્વીકાર અને સમાલોચના.

**પ્રાકૃતભાષાની ઉપયોગિતા**–લે. પં. લાલચંદ ભગવાનદાસ. પ્રકાશક–શ્રી જૈન ધર્મપ્રસારક સભા. ભાવનગર.

શ્રી જૈન ધર્મપ્રસારક સભા તરફથી ચાલતી સંસ્કૃત પાઠશાળા તથા પં. શ્રી ગંભીરવિજયજી સં. પ્રા. પાઠશાળાના ઇનામી મેળાવડા પ્રસંગે તા૦ ૧૦–૭–૩૨ રવિવારે પં. લાલચંદે ઉપરોક્ત વિષય ઉપર ભાષણ આપ્યું હતું. ત્હેને પુસ્તક આકારે બહાર પાડવામાં આવ્યું છે.

પં. લાલચંદ જૈન સમાજમાં એક બાહોશ વિદ્વાન્ ગણાય છે. ત્હેમણે અનેક પૂરાતન ગ્રંથોનું સંશોધન કર્યું છે. પ્રાકૃત ભાષાનો ત્હેમનો અભ્યાસ અપૂર્વ છે, ત્હેમણે આ પુસ્તકમાં 'પ્રાકૃતભાષા' એ આર્યાવર્ત્તની દરેક ભાષાનું મૂળ છે એમ સિદ્ધ કર્યું છે. અને તેમ કરી પ્રાકૃતભાષાની ઉપયોગિતા સિધ્ધ કરી છે. તીર્થંકર દેવોએ પ્રાકૃતભાષા કેમ પસંદ કરી? સૂત્ર–સિધ્ધાંતો પ્રાકૃતમાં કેમ રચાયાં? વગેરેનો ખુલાસો આ પુસ્તકમાંથી મળી રહે છે. અમે ઇચ્છીએ છીએ કે આધુનિક વિદ્વાનો પ્રાકૃત ભાષાની ઉપયોગિતા સ્હમજી પં. લાલચંદ્રનો પ્રયાસ સફળ બનાવશે.

**જય સ્વદેશી**–સાપ્તાહિક, તંત્રી–રા. ભીમજી હરજીવન સુશીલ. મુ. રાણપુર, વાર્ષિક લવાજમ રૂ. ૫–૦–૦ છુટક નકલ રૂ. ૦–૧–૦ સૌરાષ્ટ્ર સ્વદેશી સંઘનું મુખપત્ર.

રા. ભીમજીભાઈ સુશીલથી જૈન સમાજ ભાગ્યે જ અપરિચિત હશે? ત્હેમણે દેશ સેવામાં પોતાનું જીવન અર્પણ કર્યું છે. અને સ્વદેશી ભાવનાને પોષવાનો પોતાનો કાર્યપ્રદેશ માન્યો છે. જય સ્વદેશીના તંત્રીસ્થાનેથી તેઓ સ્વદેશની અમૂલ્ય સેવા બજાવી રહ્યા છે. અમે ઇચ્છીએ છીએ કે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના ગામડે ગામડે જય સ્વદેશીનો ઘોષ પહોંચે અને સૌરાષ્ટ્ર અને ગુજરાત સ્વદેશીમય બને.

**સમયધર્મ**–તંત્રી–કેશવલાલ જગન્નાથ પંચોળી, ઠે. મહાવીર ચારિત્ર રત્નાશ્રમ. સોનગઢ (કાઠીઆવાડ) વાર્ષિક લવાજમ રૂ. ૨–૮–૦ છુટક નકલ રૂ. ૦–૧–૦

અમે આ પાક્ષિકની સફળતા ઇચ્છીએ છીએ.

**શ્રી સિધ્ધચક્ર**–તંત્રી–શ્રી પાનાચંદ રૂપચંદ, પ્રકાશક–શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઇ. વાર્ષિક લવાજમ રૂ. ૨–૦–૦

શ્રી સિધ્ધચક્ર માટે સમાજમાં દરેકને પૂજ્ય બુદ્ધિ છે. પણ એ પૂજ્ય બુદ્ધિનો દુરૂપયોગ કરવા જ્યારે ઇરાદાપૂર્વક શ્રી સિદ્ધચક્રના મથાળે ફોટા મૂકાય એ એક માફ ન કરી શકાય તેવો ગુન્હો છે. અંદરનું સાહિત્ય પણ શ્રી સિદ્ધચક્રથી તદ્દન વેગળું જાય છે. ઉપર સિદ્ધચક્રનો ફોટો મૂકી ત્હેનાં રૂડાં નામ નીચે અંતરની વરાળો કાઢવામાં આવે છે. આવા પત્રકારોથી સમાજ ચેતે!

**મણિમાલા વા વલ્લભાદર્શ**–રચયિતા–શ્રી ધીરજમલજી બચ્છાવત. પ્રકાશક–શ્રી શુભચિંતક જૈન સમાજ. સાદરી (મારવાડ)

ઉપરોક્ત ટ્રેક્ટ અમને મળ્યું છે. શ્રી વિજય વલ્લભસૂરિના ભક્તોને માટે આ ટ્રેક્ટ ઉપયોગી છે.

---

સમજણપૂર્વક જે પૂજા, પ્રતિક્રમણ કે સામાયિક થાય તેજ સાચી પૂજા, પ્રતિક્રમણ અને સામાયિક છે, બાકી તો સમયની નિરર્થક બરબાદી સિવાય કશો લાભ નથી.

# જૈન જગત્.

**રાધનપુરી મહાજનને**–કટ્ટર કોમીવાદી મૌલાના શૌકતઅલી જેવાઓ પણ જ્યારે હિન્દમાં એકતા સ્થાપવાની જરૂર જુએ છે અને તદનુસાર અલાહબાદમાં ઐક્ય પરિષદો ભરાય છે. ત્યારે આપણું રાધનપુર હિન્દમાં કયું સ્થાન ભોગવે છે એ ભાગ્યે જ જણાવવાનું હોય? આ પ્રશ્નનો અતિ વિશાળ દૃષ્ટિએ વિચાર કરીએ તો આપણે બાર માસ પૂર્વે કરેલી ભૂલનું આપણને ભાન થયા વગર નહિ રહે, દશાભાઇઓને આપણી જ્ઞાતિમાં નહિ ભેળવવાથી આપણો જ સમાજ છિન્નભિન્ન થયો છે એમાં કોણ ના કહી શકે એમ છે? જેવી રીતે હિન્દુ સમાજપર અસ્પૃશ્યતાનું કલંક હતું તેમ દશાભાઇઓને આપણામાં નહિ ભેળવીએ તો તે પણ આપણા રાધનપુરી મહાજન ઉપર કલંક સમાન છે. આ કલંક દૂર કરવાની પ્રત્યેક રાધનપુરી બંધુની ફરજ છે. ખાસ કરીને મહાજનના ગૃહસ્થો તથા નગરશેઠ પનાલાલ અરિમર્દને આ કાર્ય ઉપાડી લેવું જોઇએ. પ્રથમ આપણે અમુક ભાઇઓની સૂચનાની અવગણના કરી તુચ્છકારી કાઢ્યા હતા તે ભૂલ સુધારવાનો અવસર નજીક આવ્યો છે. તો તે થયેલ ભૂલને સુધારવી તે આપણું પરમ ભૂષણ છે.

**જૈન દવાખાનાનો લાભ લીધો**–શ્રી મુંબઇ જૈન દવાખાનાનો અકટોબર માસમાં ૭૦૮ પુરૂષ દરદીઓ, ૫૨૦ સ્ત્રી દરદીઓ, ૫૧૩ બાળક દરદીઓ મળી કુલે ૧૭૪૧ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજ દરદીની સરેરાસ હાજરી ૫૬ ની થઈ હતી.

**ઇન્દોરના નરરત્નમંદિરમાં વિજયધર્મસૂરિ**–ઇંદોરમાં હોલ્કર મહારાજા તરફથી એક વિશાળ 'નરરત્નમંદિર' બનાવવામાં આવ્યું છે. દુનિયાના મહાન્ પુરૂષોની તસ્બીરો સરકારની ખાસ પસંદગી અને મંજુરીથી મૂકવામાં આવે છે. મુનિરાજ વિદ્યાવિજયજીના ઉપદેશ અને 'નરરત્ન મંદિર'ના ક્યૂરેટર શ્રીયુત પંડિત ઓઝાજીના પ્રયત્નથી જગત્પૂજ્ય શ્રી વિજયધર્મસૂરિ મહારાજનું મોટું ઓઇલ પેઇન્ટીંગ ચિત્ર 'નરરત્ન મંદિર'માં સ્થાપન કરવામાં આવ્યું છે.

**બાબુ અમદાવાદમાં પકડાયો**–બાબુના સગાવ્હાલા તપાસ ચલાવી રહ્યા હતા. છતાં પત્તો મળતો નહોતો, પણ અચાનક બી. ડીવીઝન પોલિસને સદરહુ છોકરો ઝવેરીવાડ, વાઘણપોળમાં રહેતા પોપટલાલ કાળીદાસને ત્યાં હોવાની ખબર મળતાં તેને ત્યાંથી કબજે લીધો છે. અને બાબુએ પોલિસ સમક્ષ લંબાણ સ્ટેટમેન્ટ કર્યું છે એમ કહેવાય છે કે તરત જ મુંબઈ તાર કરી તેના સગાને બોલાવેલ અને તે અમદાવાદ ગયા અને તેમણે પોલિસમાં ઈ. પી. કોડ કલમ ૩૬૩, ૩૬૫ અને ૩૬૮ મુજબ અપહરણ વિગેરેની ફરીઆદ નોંધાવી છે. આ સંબંધી તપાસ સીટી ઇન્સ્પેક્ટર ખા. સા. કૈકોબાદ ચલાવી રહ્યા છે. આ સંબંધી હજુ વધુ ચોંકાવનારી વિગતો બહાર આવવા સંભવ છે.

**જૈન પ્રવચનનો બહિસ્કાર**–સાગરાનંદજી અને મુનિ રામવિજયજી વચ્ચે વધુ ચકમક ઝરવાને કારણે સાગરપક્ષવાળાઓએ "જૈન પ્રવચન" પત્રનો બહુધા બહિસ્કાર કર્યાથી 'પ્રવચન'ની ખપત ત્રીજા ભાગ જેટલી થઈ ગઇ છે.

# ભૂતપૂર્વ મુનિ જયવિજયજીની મુલાકાત.

'વોરા.'

ભૂતપૂર્વ મુનિ જયવિજયજી ઉર્ફે પં. જયંતિલાલ માસ્તર જેઓ હાલમાં અજીમગંજ ધાર્મિક તેમજ ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં જોડાઇ ગૃહસ્થ જીવનમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. તેઓ સાથેની મુલાકાતમાં મ્હને કેટલાક પ્રશ્નોત્તર થયા હતા.

૧ તેઓ સાધુ કેમ અને કયારે થયા? તેવા મ્હારા સવાલના જવાબમાં તેઓશ્રીએ જણાવ્યું કે—"અંધશ્રધ્ધાથી મોહિત થયેલા શ્રાવકોની ધામધૂમ જોઇને તથા સન્માન જોઇને અને તેજ અરસામાં તેઓના પિતાજીના અવસાન થવાથી અંતરમાં થતા ક્ષણિક ખેદ, દુઃખગર્ભિત વૈરાગ્ય તથા સાધુઓને મળતા ભૌતિક સુખો (જેવા કે ખાવાપીવાના સારા, વસ્ત્રો પણ મન માન્યા, વરઘોડાઓની ધામધૂમ અને સન્માન-કીર્તિ) અને સ્વર્ગાદિક સુખોની લાલચ ભરી ઉશ્કેરણીથી સંવત્ ૧૯૬૧ માં દીક્ષા લીધી.

૨ દીક્ષા લેતી વખતે આપનું શાસ્ત્રીય જ્ઞાન કેટલું તેમજ સંસારની અસારતા તથા દીક્ષાના રહસ્યની કેટલી સમજણ હતી? તેના જવાબમાં તેઓએ જણાવ્યું કે-શાસ્ત્રોના શબ્દો વાંચી ગોખીને મુખપાઠે કરવા ને અક્ષર બોધજ જ્ઞાન સમજીને તેમજ ગુરૂ ઉપર શ્રદ્ધા રાખવી તે દર્શન, બાહ્ય ક્રિયા કાંડો અને આડંબરો તે ચારિત્ર, અને પ્રથમ કહ્યું તેમ દુઃખ ગર્ભિત-ક્ષણિક વૈરાગ્ય તે બધું ધર્મ રહસ્યની સમજણ આવી હતી અર્થાત્ અંતર વૈરાગ્ય તો સ્વપ્નમાં નહોતો.

૩ તમે કયા ગુરૂજી પાસે દીક્ષા લીધી તથા ગુરૂજીનું જીવન કેવું હતું? તે ત્રીજા પ્રશ્નના જવાબમાં-મેં પંન્યાસ શ્રી ધર્મ વિજયજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી. તેઓ એશારામી, સ્વાદિષ્ટ ભોજનો જમનારા, સુંદર કપડાં તેમજ સ્ત્રીઓ અને સાધ્વીઓના પરિચયમાં આવતા, પણ મારી બાળવયની અણ-સમજણ અને અંધશ્રદ્ધા એટલી બધી હતી કે આપણાંમાં એક વાકય પ્રચલિત છે કે "દેવગુરૂની નિંદા કરે તે સાતમી નરકે જાય" આ શબ્દો મારા અંતરમાં ભયંકર રીતે ભરાઈ રહ્યા હતા જેથી તેમની કોઇ અનુચિત ચેષ્ટાઓ કે લીલાઓ જોઇ નથી. ટુંકામાં તેમના ચારિત્ર દોષ વિષે વિશેષ સર્વજ્ઞ જાણે, બાકી તેઓ શિષ્યોને ફરજીઆત મહીનામાં દશ ઉપવાસ કરાવતા, મારતા અને સેવાઓ કરાવતા.

૪ તમોને દીક્ષા આપી ત્યારે તમારા વડીલોની પરવાનગી મેળવી હતી કે? જેના જવાબમાં તેઓએ જણાવ્યું કે-આમાં ગુરૂજીનો પ્રપંચ હતો. કારણ કે મારી દીક્ષા કાર્તિક વદી ૬ના હતી ત્યારે ગુરૂજીએ કાર્તિક વદી ૩ ના મ્હારા વડીલબંધુને તથા માતાજીને દીક્ષાની પરવાનગી માટે પત્ર લખ્યો જે મારા ઘરના માણસોને મારા ગામ મીંમાસર (કચ્છ)માં ટપાલની સગવડ નહિ હોવાને કારણે કાર્તિક વદી ૯ ના મારી દીક્ષા લીધા બાદ ૩ દિવસે મળ્યો હતો. ગુરૂજીને મેં પૂછેલું ત્યારે ગુરૂજીએ મને કહેલું કે કાર્તિક શુદી ૧૦ નાજ પત્ર લખી નાખ્યો છે, પણ ગુરૂજી તદ્દન જૂઠું બોલ્યા હતા.

૫ વડીલોની સંમતિ વિના બાળકોને દીક્ષા આપવી એ શું શાસ્ત્ર સંમત છે? જવાબ-નહિ જ, જૈન શાસ્ત્રમાં 'आणाए धम्मो' અર્થાત્ આજ્ઞા એજ ધર્મ છે. આ સૂત્રની મહત્તા એમ છે કે જેમ કોઇ પણ કામ ગુરૂની આજ્ઞા વિના શિષ્યે કરવું જોઇએ નહિ, તેમ કોઇ પણ કામ સાંસારિક કે ધાર્મિક હોય તે સંસારી ગૃહસ્થોએ વડીલોની અને ગંભીરકાર્યમાં સંઘ અને પંચની આજ્ઞા વિના ન કરવું એવું શાસ્ત્રમાં વિધાન છે. હાલમાં કેટલાક સાધુઓ વડીલોના ફરમાન વિના ભાગવતી દીક્ષાના ખોટા બ્હાના નીચે કેટલી પ્રપંચબાજી, સ્વાર્થજાળ વગેરે બિછાવી શકે તે તેમના હૃદય જાણે. આ મ્હોટો શિષ્ય લોભ અને મોહ અટકાવવો જોઇએ.

૬ તમો ગુરૂજીથી શા માટે છૂટા પડયા? જવાબ ગુરૂના ત્રાસ તથા મારથી કંટાળી દીક્ષા બાદ ત્રણ જ વર્ષે છૂટો થયો.

૭ છૂટા થયા પછી તમારા જીવનને કેવી રીતે વ્યતીત કર્યું? જવાબ-બે વર્ષ તો જ્યાં ત્યાં રખડવામાં જ પૂરાં કર્યાં, બાદ વિદ્વાન્ થઇ પંન્યાસ પદવી મેળવવાની અને કીર્તિ મેળવવાની લાલસાએ કાશી ભણવા જવાની ઇચ્છા કરી પણ સાધન ન મળવાથી જીવન શુષ્કપણે જ પસાર થતું હતું, તેવામાં મ્હારા સદ્ભાગ્યે પરમયોગી મહાત્મા શુભમુનિજીના સમાગમથી જીવનનું વિચિત્રપણે પરિવર્તન થયું અર્થાત્ વૈરાગ્યથી રંગાયું.

૮ શુભમુનિજી મહારાજના સમાગમ તેમજ શ્રીમદ્ રાજચંદ્રજી જ્ઞાની પુરૂષોના મતોના શ્રવણ થયાં છતાં આપ જિતેંદ્રિય અને શુદ્ધત્યાગી કેમ રહી શકયા નહિ? જવાબ-હું નિખાલસપણે જવાબ આપીશ કે દોષ કરવો એ પાપ છે. પણ દોષને ગોપવવો એ મહાપાપ છે. તેથી સત્યજ કહીશ કે શુભમુનિજીના સહવાસ પહેલા મારામાં જે તીવ્ર વિકારની વાસનાઓ હતી તે તેમના સમાગમથી કંઇક શમી હતી, તે મહાત્માના બોધથી મારા પ્રબળ વિકારો તે વખતે ઉપશાંત થયા. હું જૈન ધર્મની અપૂર્વ મહત્તા, પરમાર્થની ભાવના, સન્માર્ગનું ચિંતન, સાચો વૈરાગ્ય તથા જીજ્ઞાસા ભાવને સમજી શકયો હતો. જો તે મહાત્મા વધારે જીવ્યા હોત અને તેઓશ્રીનો સત્સંગ ચાલુ રહ્યો હોત તો મારા જીવનની

### કુસુમવિજય સંસારી બન્યા.

**કાર્તિક શુદિ ૧૧ ની રાત્રિના બાર વાગે રામવિજયજીના બહુ ત્રાસથી પાટણવાળા કાન્તિલાલ ભોગીલાલ જેને મુનિ રામવિજયજીએ અમદાવાદ દીક્ષા આપેલી અને તેનું નામ કુસુમવિજય રાખેલ તે નાઠો, પણ વઢવાણશહેરના દરવાજા બંધ હોવાથી ગભરાયો અને પાછો ફરી ગામમાં કોઇને ત્યાં રહયો, સવારમાં નીકળી પાટણ જવા ગાડીમાં બેઠો, ત્યાં તો ઉપરા ઉપર તારો છૂટયા અને માણસો સાથે ગાડીમાં દાખલ થયાં. મેસાણેથી પાટણ ન જવા દેતાં રામભકતો પોતાની સાથે અમદાવાદ તેડી લાવ્યા. અને મેજીસ્ટ્રેટ રૂબરૂ રજુ કરતાં તેની મા આવતા સુધી અનાથાશ્રમમાં રાખેલ છે. વિશેષ હકીકત આવતા અંકે-**

કોઇ અપૂર્વ દશા થઇ હોત. છતાં એટલું તો નિઃશંકતાથી કહી શકું છું કે જો તેમનો મને સહવાસ ન મળ્યો હોત તો હું એક ત્યાગી હોવા છતાં પણ મહાન્ દુરાચારી યા ઘાતકી થઇ જાત એ ચોકકસ વાત છે. દીક્ષા પછી પંદર વર્ષ સુધી શારીરિક શુદ્ધિને સાચવી શકયો તેનું કારણ આ મહાત્માશ્રીનો જ સહવાસ છે.

૯ પણ આપને સાધુમાંથી સંસારી થવાનું ખાસ શું કારણ બન્યું ? જવાબ–શુભમુનિના દેહવિલય પછી એકાકી પણે વિચારવાથી શ્રાવક–શ્રાવિકાઓની અંધશ્રધ્ધા ભરી ભક્તિ અને સ્વાદિષ્ટ ખોરાકો આદિ મળવાથી દબાએલી વાસનાઓ ફરી જોરમાં ચાલવા લાગી, કચ્છમાં એક સ્થળે ચોમાસું થતાં એક આદર્શ વિધવા સાથે સ્નેહ બંધ થયો છતાં તેમનો મ્હારા પ્રત્યે નિર્દોષ પ્રેમ હતો. પણ તે વખતે તેના સાથે દેહ લગ્નથી બંધાઇ જાઉં તેટલું મારામાં હૃદયબળ નહોતું. ત્યારબાદ દેશના અને મહાત્માજીના અસહકારના આંદોલનમાં ૨–૩ વર્ષ સખ્ત કામ કર્યું, એક વર્ષ જેલજાત્રા ભોગવી, બાદ કચ્છી પ્રજા જાગૃતિ માટે કચ્છમાં ગયો. ત્યાં બીજી સ્ત્રી સાથે મોહિત થયો. મ્હારા પત્રો પ્રકટ થયા. મેં જાહેર પત્રોદ્વારા માફી માગી. બાદ હિમાલયના વિકટ સ્થાનોમાં અને લાભની ગુફાઓમાં જીવનને શાંત કરવા અર્થે ૩–૪ વર્ષો ગાળ્યાં. ટુંકામાં મનસા અને કર્મણા વિકાર શાંત કરવા અનેક ઉપાયો કર્યાં છતાં મ્હારી પ્રથમની સ્નેહિકા આ બાઇને ન ભૂલી શકવાથી તેમજ તેમના શ્વસુર તરફથી તેમને અસહ્ય ત્રાસ, આજીવિકા માટે દુઃખદાયક હાડમારી, આ જોઇને મને કષ્ટ, થતું ત્યાગ જીવનમાં રહી દોષિત ન જ થવું એવો સંકલ્પ હોવાથી, આદર્શ ગૃહસ્થ જીવનથી જ મ્હારૂં શ્રેય છે એમ સમજાયાથી, ગતવર્ષમાં વિધવા દેવી આશબાઇની સંપૂર્ણ સંમતિથી હું લગ્નગ્રંથીથી જોડાઈ ગૃહસ્થ બન્યો. આજે અમો બંને આદર્શ અને ઉચ્ચજીવન જીવવા પ્રયત્ન કરી રહ્યા છીએ.

૧૦ હવે આપ શું કરવા ધારો છો ? રાષ્ટ્રીય સેવા અગર જૈનસમાજમાં રાષ્ટ્રીયતા દાખલ કરી સમાજ સેવા કરવા ધારો છો ? જવાબ–જૈનદર્શનના અદ્ભૂત તત્વોની અપૂર્વ છાપ પડી છે. મ્હારૂં જીવન ઘડવામાં જૈનસમાજ તરફથી અનેક સહાયતા અને ઉપકારો થયા છે. તે સમાજની ઉન્નતિ માટે મ્હને રાત દિવસ ઝંખના રહ્યા કરે જ છે. આ પ્રશ્ન સેંકડો વખત વિચારતાં એજ નિશ્ચય થયો છે કે **રાષ્ટ્રીય પ્રગતિ વિના જૈનસમાજની કદાપિ ઉન્નતિ થવાની નથી.** તેથી વણિક બુદ્ધિનો સ્વાર્થ પ્રપંચ, કલેશ, ધર્માંધતા અને બાહ્યાડંબરથી પ્રાણહીન બનેલી આ સમાજમાં જો રાષ્ટ્રભાવના પ્રબળપણે જાગૃત થાય. નવયુવકો તૈયાર થાય તો જ સમાજની પ્રગતિ થઇ શકે. અહિં શિક્ષણ સંસ્થામાં કામ કરૂં છું છતાં જો કોઇ જૈનસંસ્થા રાષ્ટ્રીયતાને પોષવા સંપૂર્ણ ઉદારતા બતાવે તો ત્યાં સ્થાન મેળવવા દોડી જાઉં, આજીવિકા પૂરતું મેળવી સમાજ ક્રાંતિ થાય તેવાં કાર્ય ઉપાડું, અત્રેના સ્થાન કરતાં વધારે અનુકૂળ સ્થાન મળે એમ ઇચ્છું છું. અમો ઉભય હૃદયો સમાજ અને રાષ્ટ્ર સેવાનાં પૂર્વાતીત થઇ જીવનને સફળ કરીએ એજ પ્રબળ ભાવના છે. પછી તો પ્રભુ ઇચ્છા બળવાન છે.

આ ઉપરના ઉત્તરો સાથે તેઓએ મને કેટલાયે **વિજયજી** અને **ચંદ્રજી**ના ખુલ્લા નામ આપી **કલંક કથાઓ** કહી અને કેટલાકના તો પત્રો અને ફોટાઓ પોતા પાસે હોવાનું કહ્યું હતું અને તેઓ કોઇ યોગ્ય સમયે જો જરૂર જણાશે તો બહાર પણ પાડી શકશે તેમ જણાવ્યું હતું.

આ ઉપરથી જૈનસમાજ અને સંઘ ચેતે, ત્યાગ, પંન્યાસ અને આચાર્યપદ કેટલા કફીક છે તેનો ખ્યાલ કરે. અસ્તુ !

# સાધુતાના દિગ્દર્શન.

તા૦ ૫–૧૧–૧૯૩૨ ના રોજ કાર્ય પ્રસંગે મુંબઇથી પાટણ જતાં અમદાવાદથી પાટણ લોકલમાં અમદાવાદના આર્ટિસ્ટ ભાઇ નેમચંદ ગોકળદાસ કે જેઓ પં. કુમુદવિજયજીના તેડાવ્યાથી ચાણસ્મા જતા હતા તેઓની સોબત થઇ. અને બને છે તેમ પરસ્પર વાતચિતમાં તે ભાઇએ ચાણસ્મા જવાના કાર્યનું કારણ બતાવતાં કહ્યું કે–હું આર્ટિસ્ટ છું અને પંન્યાસ કુમુદવિજયજીએ કેટલુંક કામ કરાવવા માટે મ્હને બોલાવ્યો છે. હું પાટણ પણ આવી ગયો છું, ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજનો ઓઇલ પેઇન્ટ ફોટો ચીતરવાનો હોવાથી શેઠ નગીનદાસ કરમચંદને ત્યાં આવ્યો હતો અને હજુ આચાર્ય વિજયદાનસૂરિજીનો ફોટો બનાવવાનો હોવાથી એકવાર પાટણ આવવાનું થશે.

આચાર્ય વિજયસિદ્ધિસૂરિની કૃપાથી હવે મને સાધુઓ તરફથી અવારનવાર કામ મળ્યે જ જાય છે. વિજયસિદ્ધિસૂરિની તથા વિજયમેઘસૂરિની અને મનહરવિજયજીની એમ ત્રણ ઓઇલપેઇન્ટ છબીઓ વિદ્યાશાળાના હોલમાં મૂકવા માટે તેઓશ્રીએ મારી પાસે ચીતરાવી અને તે છબીઓ વિદ્યાશાળાના હોલમાં બીજા સાધુઓએ જોવાથી બીજા સાધુઓ પણ પોતાને કામ હોય ત્યારે મ્હને જ બોલાવે છે. વિજયસિદ્ધિસૂરિએ મારી પાસે રૂ. ૫૦૦૦) લગભગનું કામ કરાવેલું છે, આચાર્ય વિજયલબ્ધિસૂરિએ પણ મારી પાસે કામ કરાવ્યું છે. મુનિ રામવિજયજીએ વિદ્યાશાળામાં મૂકવા માટે પોતાનો ઓઇલ પેઇન્ટ ફોટો મારી પાસે જ કરાવ્યો હતો. પરંતુ વિદ્યાશાળાના ટ્રસ્ટીઓએ ગમે તે કારણ હોય પણ તે ફોટો ત્યાં મૂકવા ન દીધો વગેરે.

આથી આ ભાઇને મેં પૂછ્યું કે–વિજયસિદ્ધિસૂરિએ અમદાવાદ જુના અને અનુભવી આર્ટિસ્ટો હોવા છતાં તમને જ કેમ પસંદગી આપેલી. ત્યારે તે ભાઇએ કહ્યું કે મારી બીના વિજયસિદ્ધિસૂરિ સંસારીપણાના કાકા થાય છે. એટલે મારૂં કામ તેઓએ જોયેલું. અને સગપણનો સંબંધ તેમ જ બીજાઓના હિસાબે મારા ભાવ ઓછા એટલે મને કામ આપેલું અને તેમને લીધે બીજા સાધુઓ પાસેથી મળે. અને હું સાધુ પાસેથી ભાવ પણ ઓછા જ લઉં છું. મેં વીરશાસન પત્રમાં આજે ચાર પાંચ માસથી જાહેર ખબર પણ તે મુજબની આપી છે કે–સાધુઓ માટે ખાસ ઓછા ભાવે કામ કરી આપીશું.

આ હકીકત સાંભળી મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઇ. આ મહાપુરૂષો (!) વીતરાગદશાની તો મોટી મોટી ડીંગો મારીને પોતે આ શું કરી રહ્યા છે તેનું ભાન તેઓને છે કે નહિ? એ સમજી શકાતું નથી.

અત્યાર સુધી મારી એ માન્યતા હતી કે શ્રાવકો જ ગુરૂભક્તિને અર્થે ઓઇલ પેઇન્ટો કરાવી ઉપાશ્રય જેવા સ્થળોએ મૂકતા હશે અને સાધુઓ તરફથી પણ તેવો જ બચાવ કરવામાં આવતો હતો, પરંતુ આજે જ આ ભાઇ પાસેથી અનાયાસે સત્ય સમજાયું છે.

# મી૦ શાહની ડાયરી- સામાજીક વિષયોની નોંધ.

સંગ્રાહકઃ-"ચોકસી."

(ગતાંકથી ચાલુ.)

...મી૦ મયાચંદ, શાહના જુના પિછાનવાળા હતા. વળી ગયા લગ્નમાં તેમની કંકોત્રી પણ આવી હતી. તેમનું ઘર રસ્તામાં આવવાથી (મી૦ શાહના) મનમાં થઇ આવ્યું કે લાવને જરા મુલાકાત કરી લઉં. એ ઇચ્છાથી જ્યાં ઉંબરે પગ મૂકે છે ત્યાં જે જોયું તેની નોંધ...બે ચાર માંગનારાઓ બૂમ-રાણ કરી રહેલા, એક કાપડીઓ કહેઃ-ભાઇ! પૈસા નહોતા ત્યારે શા શારૂ કપડાં ખરીદ્યાં હતાં? ઘરમાં કહેવું'તુંને કે જાપાની સાડીઓ ન લેત. ધક્કા ખાઇને મારો દમ નીકળી ગયો! બીજો કહેઃ-મયાભાઈ! ખીસું જોઇને કામ કરવું હતું ને! ન્યાતભાઇઓને દૂધપાકને લાડુ જમાડયા ને વાહ વાહ તો ખૂબ બોલાવી તો પછી અમને શા સારૂ રઝળાવો છો? અમારૂં લ્હેણું તો ખરા પરસેવાનું છે! લાવોને થાળીઓ પાછી ખંડી-વાળું! કંઇ રસ્તો કાઢશો? ત્યાં તો અનાજના વેપારી ટોકરસી ભભૂકી ઉઠ્યાઃ-આવા નાગાઈના જવાબ દેતાં શરમ નથી લાગતી? કોણે તમને ઉંચા બાંધ્યા હતા કે સોસાયટી ઉડાવી. હજુ મારા જેવા સારો જેવો જીવ છતાં શીરાને સ્થાને લાડુ ઉડાવતાં કેટલોય વિચાર કરે છે. અરે! ટીપમાં માંડ બેથી પગલું ભરૂં છું. તમારા જેવાને એનો તો વિવેક ન મળે, 'શીશીને ફટાક' જેવું! પગ જોઇને પાથરણું તાણ્યું હતે તો આવો સમય આવતે? ટોકરશી શાહની વાતો સાંભળી ઘરમાંથી મયા ભાઈની વહુ બહાર આવ્યાં ને ધુંઆ પુંઆ થતાં કહેવા લાગ્યાંઃ-ભાઇ! તમારા જેવાના ચઢાવ્યાથી તો મારા ધણીએ ગજા ઉપરાંતનું વેતર્યું! આજે ડહાપણ ડોળો છો પણ તેમનો વિચાર નહોતો છતાં સીસોટી કરાવી તો તમે જ કેની? એમાંજ આ બધી મ્હોકાણ વળી ગઇને! આ લોકોને પતાવ્યા સિવાય તમને રાતો સવાકો પણ આપવાનો નથી! હું તો દંગજ થઈ ગયો! મયાભાઇની સાથે આંખનો મેળાપ કરી તુરત વિદાય લીધી. એ પણ શરમિંદા પડી ગયા, અજાયબી તો એ હતી કે એમના જેવા ગ્રેજ્યુએટે ફુલણજીની ફુલામણ જેવું કર્યું હતું!

...મોસાળું તો હજુ વધાવ્યું પણ નહોતું. ત્યાં તો પૈસા સારૂ ધડામાર શરૂ થઇ. છોકરા ન જંપે એ તો સમ-જાય, પણ બૈરાંઓ શરમ મર્યાદાને નેવે મૂકી જે ચેષ્ટા કરી રહ્યાં હતાં એ નિહાળી પેટનું પાણી પણ હાલી ઉઠ્યું. પાછળી ગાવામાં પૂરાં પંદર પણ ન્હોતા ત્યાં અત્યારે સેંકડો ફુટી નિકળ્યા હતાં! ઉતાવળ પણ કેટલી કે આપનાર તો મુંઝાઇ જાય. એના નામના પોકારો પડે. કેમ જાણે બધા જ હકકદાર ન હોય? તેમ બેફાટ બૂમો પાડે માત્ર બે પૈસા જેવી નજીવી વસ્તુ માટેનું આ પ્રદર્શન શું જૈન સમાજની કુલીનતાની કિંમત અંકાવતું નથી?

...પાણીમાં ને વાસી ખોરાકમાં જીવત્વ માનનાર જૈનોનો જમણવાર જોઇ હૃદયમાં જબરૂ મંથન થતું. જ્યાં એટલી સૂક્ષ્મતાની વાતો સમજવાનો દાવો કરાતો હોય ત્યાં વગર વિચાર્યે પાણી ઢોળવામાં આવે અને એઠાજૂઠાનો કોઇપણ જાતનો સુમાર ન રહે! અરે! એક રીતે કહીયે તો જીવહિં-સાના સીધા નહિ તો આડકતરા નિમિત્તભૂત થવાય એ શું કહેવાય? જમણોમાં આંખો મીચીને વ્યય કરનારા જરાપણ જમનારની સગવડતા અર્થે ચિંતા નથી કરતા અને ખોરાક કરતાં પણ જેની અગત્ય વિશેષ છે એવા જળની શુદ્ધિ સારૂ તો ખાસ પ્રબંધ જેવું જ ન મળે. ગોળાના પાણીમાં સૌ કોઇ ગમે તેવું વાસણ બોળે, કચરો પણ પડયો હોય, કોઇએ હાથ પણ ધોયા હોય! અને પીવાનું પણ એજ! ક્યાં તો પીરસનારની આવડતમાં ખામી; ક્યાં તો પીરસવાના સાધનોની ઉણપ, અગર તો જમનારની જમણ માટેની મર્યાદહીન લાલસા કે ગૃદ્ધિ, એ ત્રણમાંના ગમે તે કારણથી કહો, કિંવા ત્રણેના યોગથી કહો. જે છાંડ ઉદ્‌ભવે છે અને જે ગંદકીના સર્જન થાય છે એ અતિ-શોચનીય છે! જીવદયાના ઇજારદારોને આવું આચરણ જરા પણ છાજતું નથી! બેસવાની સગવડને જમવાની પદ્ધતિ એવી

## સાણંદથી નાસેલા રામવિજયના બે શિષ્યો.

**સાણંદમાં ચાતુર્માસ રહેલા રામવિજયના શિષ્યો પૈકી બે શિષ્યો બુધવારની રાત્રે ઉપાશ્ર-યમાંથી છાનામાના પગે ચાલી સાધુ વેષ છોડી પલાયન થયા હતા, આ કૃત્યને જૈન તત્વજ્ઞાન અને ધર્મનું ઘાતક માનવામાં આવે છે. આ બાબત જૈનોના દીલ બહુ જ દુઃખાયાં છે, અને ભારે ખળભળાટ થઇ રહ્યો છે.**

---

સાધુઓ પોતાના ઓઇલ પેઇન્ટ ફોટાઓ પાછળ શ્રાવકોના હજારો રૂપીઆ ખર્ચાવીને કઇ સિદ્ધિની આશા રાખે છે તે સમજી શકાતું નથી. શ્રાવકો તો સંસારી હોઇ તેઓમાંનો મોટો ભાગ પોતાની નામના અને કીર્ત્તિમાં જ જીવનની સાર્થકતા માની જીવનનો મોટો ભાગ તે પાછળ ખર્ચી નાખે છે, તેમ આ જાતના ફોટાઓ કરાવીને પોતાના રાગી ક્ષેત્રો હોય ત્યાં મૂકાવવામાં પણ પોતાની નામના અને કીર્ત્તિનો જ ઉદ્દેશ નથી એમ કોણ કહી શકે તેમ છે? જ્યાં આ સ્થિતિ હોય ત્યાં સાચી સાધુતા ક્યાંથી સંભવી શકે? સગીર અને અસમ્મત દીક્ષા આપવામાં અમારો ઉદ્દેશ તે તે ભવ્યાત્માઓનો ઉધ્ધાર કરી તેઓને વીતરાગના તરફ લઇ જવાનો છે એમ કહેનાર પોતાની નામના અને કીર્ત્તિ માટે જ આ બધું કરી રહ્યા છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. અને જ્યાં નામના અને કીર્ત્તિના જ મોહ હોય ત્યાં સાચી સાધુતા સંભવે ખરી? એનો જવાબ આ મહાપુરૂષો (!) આપશે કે?

લી૦

સાચા સાધુઓનો ચરણ કિંકર,

**કેશવલાલ મંગળચંદ શાહ.**

પાટણ.

સુંદર હોય કે જેથી જીવરક્ષાનો હેતું પૂર્ણ રીતે સચવાય, સુઘડતા જળવાયને બીજા ઘડો લઇ શકે.

...આ ચકલે તે વાજાવાળાની ટુકડીઓ, તાંસા વગાડનારની ટોળીઓ અને લાઇટવાળાની એક લાંબી હાર જમા થયેલી. ચોતરફ એવો તો પ્રકાશ ફેંકાયલો કે ઘડીભર થોભવાનું મન થઇ જાય. આમે મોડું તો થયું જ હતું એટલે અહીંનો થોડો અનુભવ લઇને જ ઇન્દુને ત્યાં જવાનો નિર્ધાર કર્યો. વરરાજા સારૂ પલાણ માંડવાના શણગારેલા ઘોડાઓ પણ અહિંજ શોભતા, આજે વણિક જ્ઞાતિમાં સારી સંખ્યામાં ચોરીઓ સાંભળેલી એટલે આ લોકોએ આપસમાં સંપી જઇ સારો હાથ મારવાનો નિશ્ચય કર્યો હતો. જેનાં વસ્ત્ર પર જરા સરખી પણ ધૂળ નહોતી એવા વણિક જાતિના યુવકોને પ્રૌઢોના આગમન શરૂ થયાં. કોઈ અશ્વને કાજે તો કોઈ વળી વાજુ લેવા, વાજા-

## સાધુની મોટરમાં મુસાફરી.

અમારા ખાસ ખબરપત્રી તરફથી.

**મુનિ કુસુમવિજય ઉર્ફે કાંતિલાલના બાપ (જે સાધુ થયેલ છે અને રામવિજયના શિષ્ય છે તે) તા૦ ૧૦-૧૧-૩૨ ના રોજ સાણંદથી મોટરકારમાં પોતાના છોકરાના વાલીપણાનો હકક માજીસ્ટ્રેટ પાસે સાબીત કરવા માટે અમદાવાદ આવ્યા છે. વધુ બીના હવે પછી—**

વાળાના પંદરને વીશના ભાવ સાંભળતાં જ આ મહાશયો થંડા થઇ જતા, ને તાંસાનો દર આઠ આના જાણીને વિચારમાં પડતા, વાજા માત્ર ત્રણથી ચાર હતા એટલે વિમર્શ–પરામર્શમાં ઝાઝો સમય આપવો પાલવે તેમ પણ નહોતું, કેટલીક વાર તો ગાઢ મિત્રોમાં પણ વાજું પોતાના સગામાં લઇ જવાની હરિફાઈ ચાલતી, અને કોઇ વેળા તો વાજાવાળાની દાઢીમાં હાથ ઘાલવા પડતા ! આવીજ સ્થિતિ વરરાજાના ઘોડા માટે થાટે થતી. દશ બારથી તો ઓછુ કોઇ ઉચ્ચારતું જ નહિ. લગ્ને આડંબરી વણિકોદ્વારા આજે તેમને સારો તડાકો પડવાની ચોકસ ખાતરી હતી જ.

પટેલ જેવી મોટી જ્ઞાતિ વાજાનો પ્રતિબંધ કરી શકે, બીજી વણિક જાતિઓમાં વરરાજો ખાદીના પોષાકમાં ને પગે ચાલતા પરણવા જઇ શકે. ઘણાંયે ખર્ચા ઉપર સમયોપયોગી કાપ મૂકી શકે. પણ આ શ્રાવક સમાજ–એના ડહાપણશીળ ગૃહસ્થોને ગળે હજી એ વાત કયાંથી ઉતરે ? એમાં કુલીનતાનો હાઉ અને શ્રીમંતાઇનો ભૂત નડતો હતો ! આડંબર વિના એમનો આનંદ સુકાઈ જતો હતો ! એમને મન લગ્ન એટલે મિષ્ટાન્ન જમણને વરઘોડાનો આડંબર ! વિધિનો સર્વ અધિકાર દ્વિજને ભળાવેલો એટલે જૈન લગ્ન વિધિની વાત કોણ સાંભળે ? પીરસણ આપવાના વ્યવસાયમાં જેના ટાંટીઆ લોથપોથ થયા હોય એવી નારીઓને પણ વિધિમાં શો સ્વાદ રહે ? વર–કન્યાને ગોર તથા નાનું શું મિત્રમંડળ અને એમાં જ ગૃહસ્થાશ્રમના મંડાણ મૂકપણે મંડાય. સમજુતીનો પ્રશ્ન ન જ હોય ! ભલેને ઘરમાં હુંલ્લા કુસ્તી કરતાં હોય અથવા તો લગ્ન પછી સાંગનારના રંગબેરંગી (!) વચનો સાંભળવાનાં હોય, છતાં લગ્ન વેળા વાજું તો વાંગવું જ જોઇએ ને ઘોડો પણ સમ્રાટ નેપોલિયનના અશ્વ જેવો જ હોય !

...ઇન્દુના લગ્ન નિરખી સારા દિવસનું ઉકળેલું હૃદય તૃપ્તિ પામ્યું. ભૂદેવ પણ સારા જાણકાર એટલે વિધાનની પ્રત્યેક બાબત સુંદર ખ્યાલ આજે જ સાંભળવાનો મલ્યો. ગોરના કહ્યા મુજબ લીટે લીટો ખેંચનારા વર–કન્યાના પાણિગ્રહણ તો કેટલાય જોઇ નાખેલા, પણ અહિં તો ઉભય સુશિક્ષિત–શબ્દ ભાવાર્થને હેતુ સમજ્યા વગર કંકુમાં હાથ સરખો પણ ન બોળે ! વળી વરને ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા વેળાનું ઇંદુનું ટુંકું છતાં મુદ્દાસરનું વિવેચન સૌ કોઇનું ધ્યાન ખેંચતું, લાજમાં જેનું અર્ધાં ઉપરાંત મ્હોં છુપાયલું હોય એવી કન્યાને બદલે જરા કપાળ ઢાંકી જેના ચ્હેરા ઉપર સ્મિત નૃત્ય કરી રહ્યું છે એવી કુસુમને જોતાં જ મન પ્રમોદ પામતું, તેણીએ જ્યારે મંજુલ સ્વરે પ્રતિજ્ઞા સ્વીકાર પતિભક્તિ દર્શક એક સુંદર ગીત ગાઇ સંભળાવ્યું ત્યારે સર્વત્ર આનંદના પોકારો થઈ રહ્યા !

—ચાલુ.


## ટુંક મુદતમાં બહાર પડશે.

### મુંબઈ પજુસણ વ્યાખ્યાનમાળા.

કિંમત રૂ. ૦-૬-૦ વીશનકલ ઉપર ખરીદ કરનારને રૂ. ૦-૪-૦

### તમે જાણો છો ?

આપણા સમાજમાં ધાર્મિક અને સામાજીક પ્રશ્નોપર અનેક ધા થઇ રહ્યા છે. એટલે જનતા વિચાર વમળમાં ગુંચવાઇ રહી છે. તેવા પ્રસંગે જનતાની ખરા રસ્તે દોરવણી કરવાના હેતુથી ગત પજુસણમાં મુંબઇમાં પંડિતવર્ય શ્રી સુખલાલજી, પંડિત દરબારીલાલજી, પંડિત નાથુરામ પ્રેમી, ડૉ૦ પ્રાણજીવનદાસ મહેતા, શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, શ્રી ઉમેદચંદ બરોડીઆ મોહનલાલ દલીચંદ દેશાઇ વગેરે વિદ્વાનો અને પંડિતોએ "ગુરૂપદ અને શિષ્યપદની લાયકાત શી શી ? શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર છે ? ત્યાગી કેવા હોવા જોઇએ ? ધર્મ અને સમાજ, અધ્યાત્મ, સર્વ ધર્મના મૂળ સિધ્ધાંતો, ધર્મનો ભ્રમ, ધર્મ અને બ્હેમો, વિ૦ વિષયો પર સ્વતંત્રપણે નિડરતાથી દાખલા દલીલો સાથે અભ્યાસ કરવા યોગ્ય ભાષણો આપેલાં તે વાંચવા મળશે. આથી તમે ગ્રાહક ન થયા હો તો આજે જ તમારૂં નામ નોંધાવો.

ક્રાઉન સોળ પેજી પોણાબસોથી બસો પાનાના પુસ્તકની ઓછી કિંમત રાખવાનો એજ હેતુ છે કે દરેક જણ લાભ લઇ શકે, તેમ કોઇ પણ ગૃહસ્થ છૂટથી લહાણી કરી શકે.

પંડિત દરબારીલાલજી અને પંડિત નાથુરામજીના ભાષણો નાગરી લીપીમાં ને હિન્દી ભાષામાં આપવામાં આવ્યાં છે, તેમ તેનો ટુંક સાર ગુજરાતીમાં આપવામાં આવ્યો છે.

૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩. } લખો:— મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ.

# જૈન મંદિરોમાં શ્રાવકોદ્વારા-પૂજાતાં શિવલિંગો.

## શ્રાવકોએ હવે સાવધાન રહેવાની અગત્ય.

મુનિરાજશ્રી જયન્તવિજયજી મહારાજ

– ગતાંકથી ચાલુ –

જો કે આગળના સમયમાં ના૦ સિરોહી દરબાર પાસે જૈનોનું ચલણ વધારે હતું. જૈનો દિવાન અને એવી મોટી મોટી જગ્યા ઉપર અમલદાર હતા. નામદાર દરબારની જૈનો ઉપર રહેમનજર વધારે હતી તેમ જૈનો પણ દરબાર ઉપર શુભ નિષ્ઠા રાખવાવાળા હતા, નામદાર સિરોહી દરબાર શ્રીમાન મહારાવશિવસિંહજીએ લગભગ સો વર્ષથી વીરવાડા ગામની રોકડ આવકમાંથી બાર આની ભાગ અને જમીનની ઉપજમાંથી આઠ આની ભાગ તથા તે સિવાય બીજા પણ અરંટો (કુવાવાળાં ખેતરો) શ્રી બ્રાહ્મણવાડાજીના મંદિરને ભેટ કર્યાં છે, જેની વાર્ષિક આવક લગભગ રૂપીયા બે હજારની હજુ પણ શ્રી બ્રાહ્મણવાડાજીના મંદિરને મળ્યા કરે છે. આમ પરસ્પર પ્રેમના જમાનામાં ના. દરબાર, ઠાકોરો અને અન્ય મુસદ્દીવર્ગની દાક્ષિણ્યતાથી મારવાડના કેટલાક શ્રાવકોની "સઘળા દેવ સાચા" એવી માન્યતાથી, પૂજારીઓના કારણથી કે બીજા ગમે તે કારણથી શ્રી બ્રાહ્મણવાડાજીના કંપાઉન્ડમાં જ એક બાજુમાં ખાસ મોટું શિવાલય વિદ્યમાન હોવા છતાં શ્રી મહાવીરસ્વામીના મંદિરમાં શિવલિંગો સ્થાપન કરેલ છે અને તેને આજ સુધી એમને એમ ચલાવી લેવામાં આવ્યું છે. પરંતુ હવે જમાનો બદલાયો છે. પહેલાંની સ્થિતિ હવે રહી નથી. ક્યા વેળાએ કેવી આફત આવશે તે સમજી શકાતું નથી. માટે આવા અવસરે સિરોહીના શ્રી સંઘે સવેળા ચેતવાની અને યુક્તિ તથા શાંતિપૂર્વક રાજ્યની મદદ કે સમ્મતિ મેળવીને તે બાબતનો સાચો બંદોબસ્ત કરવાની ખાસ અગત્ય છે. જો તેમ કરવામાં નહિ આવે તો પાછળથી તમારે-સકલ જૈન સંઘને અથવા તમારી ભવિષ્યની સંતતિને કેટલું સહન કરવું પડશે? કેટલું ધર્માભિમાન ખમવું પડશે અને કેટલું ગુમાવવું પડશે? તે સંબંધી હું અત્યારે કાંઈ કહેવું ઉચિત ધારતો નથી.

મારવાડમાં અને તેમાં પણ ગોડવાડ અને સિરોહી પ્રાંતમાં કેટલાક શ્રાવકો હજુ પણ એવા જોવામાં આવે છે કે જે "બધા દેવ સાચા" ની માન્યતા રાખવાવાળા હોય છે, અથવા પોતે ખાસ જૈન હોવા છતાં અન્ય દર્શનીયોના દેવો ઉપર શ્રદ્ધા રાખનારા અને તેમનાં મંદિરો બંધાવનારા હોય છે, તે નીચેના કેટલાક દાખલાથી પુરવાર થઇ શકે છે.

(૧) સિરોહીમાં શ્રી આદીશ્વર ભગવાનનું એક મોટું અને પ્રાચીન મંદિર આવેલું છે. જેને લોકો આંચલીયાનું મંદિર કહે છે, તેમાં પ્રવેશ કરતાં ભમતીની દેરીઓની પાસે જ જમણા હાથ તરફ એક આરસની ખાસ દેરીની અંદર શિવલિંગ, પાર્વતીજી અને પોઠીયો વિગેરે હિન્દુ ધર્મનાં દેવ-દેવીઓની મૂર્ત્તિઓ આ મંદિર બંધાવનાર અથવા તેમના વારસદાર શ્રાવકે સ્થાપન કરેલ છે.

(૨) સિરોહીથી અણાદરા તરફ જતાં વચ્ચે સિરોહી નામનું ગામ આવે છે ત્યાં ગામ બહાર શ્રીબ્રાહ્મણવાડાજી નામનું એક જૈન મંદિર શ્રાવકોએ બંધાવેલું છે. તેની અંદરની ભમતીમાં જમણા હાથ તરફ એક ખુણામાં એક શ્રાવકે થોડાં જ વર્ષો પહેલાં એક દેહરી કરાવીને તેમાં શિવલિંગો અને પોઠીઓ વિગેરે સ્થાપન કરેલ છે.

(૩) એરણપુર સ્ટેશનથી પાંચ માઇલ દૂર શિવગંજ ગામ છે. ત્યાં ગામની બહાર એક શ્રાવકે પોતાના બગીચામાં જોડાજોડ ત્રણ દેરીઓ કરાવી છે. તેમાં વચ્ચેની દેરીમાં તીર્થંકર ભગવાનની મૂર્ત્તિઓ, એક બાજુની દેરીમાં શિવલિંગ અને પોઠીઓ તથા બીજી બાજુની દેરીમાં પોતાના ગુરૂ કોઇ હિન્દુ સાધુ (બાવા)ની મૂર્ત્તિ સ્થાપન કરેલી છે.

(૪) સોજતગામની અંદર એક ઓસવાળ શ્રાવકે એક કંપાઉંડમાં જોડાજોડ બે દેરીઓ કરાવીને એકમાં શ્રી તીર્થંકરદેવની મૂર્ત્તિઓ તથા બીજી દેરીમાં શિવલિંગ વિગેરે સ્થાપન કરેલ છે.

(૫) મારવાડના કેટલાક શ્રાવકો પોતાની દુકાનમાં બે, એક કે અરધી આની મહાદેવજીનો, પોઠીયાનો, પાર્વતીજીનો, અંબાજીનો, ચામુંડાદેવીનો, ખેતલાજીનો, શ્રીકૃષ્ણ ભગવાનનો અને એવા અનેક દેવ-દેવીઓના નામે ભાગ રાખે છે. પછી તેની આવકમાંથી તે તે દેવ-દેવીઓનાં મંદિરો કે દેરીઓ બંધાવે છે, જીર્ણોદ્ધાર-મરામત કરાવે છે અથવા હિન્દુ તીર્થોમાં જઇને અનેક રીતે તે દ્રવ્ય ખરચે છે. જિનેશ્વરદેવ કે માણિભદ્ર, ચક્રેશ્વરી દેવી વિગેરે જૈન દેવ-દેવીઓનો ભાગ રાખનાર તો કોઇ વિરલો સોમાં એકાદ જ હશે. જેમ કે વાંકલીવાળા શા. હજારીમલજીએ પોતાની દુકાનમાં શ્રી બ્રાહ્મણવાડજીનો ભાગ રાખેલો છે, અને તેની આવકની મોટી મોટી રકમો વખતો વખત તેઓશ્રી બ્રાહ્મણવાડજીના શ્રી મહાવીરસ્વામીના મંદિરમાં ખરચે છે.

(૬) સિરોહી પ્રાંતના લગભગ ઘણાંખરાં મંદિરોમાં મૂળ ગભારામાં કે ગુઢ મંડપમાં, દેહરીમાં કે ગોખલામાં, છેવટે દીવાલમાં ખુણે ખચરે કોઇ પણ જગ્યાએ, પાષાણની, ચુનાની કે ધાતુની ગણપતિની મૂર્ત્તિ તો પ્રાયઃ હોય જ. આ મૂર્ત્તિઓ ઘણેભાગે યતિઓના ઉપાશ્રય, મહાત્મા (કુલગુરૂ)ની પોષાળ કે શ્રાવકોના ઘરેથી આવેલી હોય છે. પહેલાં તેઓ આવી મૂર્ત્તિઓ પોતાના ઉપયોગ માટે કરાવે છે અને પોતાના મકાનમાં રાખે છે. પાછળથી તે તે મકાનોનો નાશ થતાં, તેના પૂજનારાઓનો અભાવ થતાં કે તેઓ સાચવવાને અસમર્થ થતાં તેવી મૂર્ત્તિઓ જૈન મંદિરોમાં મૂકી દે છે. અને જૈન સંઘ, પંચ કે આગેવાનો તેને માટે અટકાયત કરતા નહિ હોવાથી જ આવી મૂર્ત્તિઓ જૈન મંદિરમાં ઘણી દૃષ્ટિગોચર થાય છે. ——ચાલુ.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay 3

લગ્ન સંસ્થા.

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૨-૮-૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૨ જું, અંક ૪ થો.
શનીવાર તા. ૧૯-૧૧-૧૯૩૨.

# યુવાનને હાકલ!

## યુવાન! તું જાણે છે?

જગતના ધર્મોમાં જેનું ઉંચ્ચ સ્થાન છે, જેણે જગતને અહિંસાનો મહામંત્ર સુણાવ્યો છે તે પિતા મહાવીરના શાસનની શું સ્થિતિ છે? તેને ભૂતાવળ વળગી છે. તેને ભયંકર રોગ લાગ્યો છે, છતાં તારા યુવાનલોહીમાં કેમ ઉકળાટ નથી થતો? સમાજ તરફનું ઋણ યાદ નથી આવતું? કે પછી અંધશ્રધ્ધાના રાહુએ ઘેર્યો છે? કે નિરાશાવાદમાં ઝુલે છે? કે પીળાં કપડાંધારીઓ ઉપર મહેલાત ચણી રહ્યો છે?

પીળાં કપડાંધારીઓ જ ઉન્નતિ કરશે એ અભિલાષા રાખવા પહેલાં તેમની સ્થિતિનો ખ્યાલ કર! તેમાં જેઓ કલેશથી દૂર ભાગનારા છે, આત્મખપી છે, તેઓ પણ પાખંડીઓથી ગભરાતા ફરે છે એટલે પીળાં કપડાંમાં છુપાયેલ પાખંડીઓ તાંડવનૃત્ય કરી સમાજને કોરી રહ્યા છે—પ્રભુના શાસનનું લીલામ કરી રહ્યા છે. તે તારાથી અજાણ્યું છે? છતાં જનતાને ભ્રમણામાં નાખી સતા થવા અનેક ગુલબાનો ઉડાવવામાં આવે છે, તેવા કોઇ ગુલબાનનું ભૂત તો નથી વળગ્યુંને? જો વળગ્યું હોય તો સાનમાં સમજી લે!

એક વર્ષ ઉપર પીળા કપડા ધારણ કરનાર રામવિજયના શિષ્ય ભરતવિજય ચોમાસાના નિયમને ઠોકરે મારી, રાત લઇ મોટરદ્વારા સાણંદથી કોચરબ ઉતરે છે. અને લોકને ઠગવા પગપાળા કોચરબથી અમદાવાદ આવે છે; વકીલ કરે છે, અરજી ઉપર સ્ટેમ્પ લગાડી વકીલ સાથે કોર્ટમાં હાજર થઇ દીકરાનો કબજો લેવા અરજ કરે છે. આ બધું પીળાં કપડાંના લેબાસમાં જ! જેનો ગુરૂ શાસ્ત્ર પ્રમાણે ચાલવાની વાતો કરે, તેનો એક વર્ષની દીક્ષા પર્યાયવાળો શિષ્ય ચારિત્રને ઝાંખપ લગાડનારૂં કૃત્ય કરવાની હિમ્મત કરે, એ શું ગુરૂના હુકમ સિવાય કરે? ત્યારે એ ઉપદેશ 'પરોપદેશે પાંડિત્યં' કે 'પોથીમાંના રીંગણા' જેવો ખરો ને?

આ તો જગજાહેર થયેલી વાત છે, બાકી પીળા કપડાધારીઓ કોઇ કુદરતની વિરૂધ્ધ પાપાચાર સેવનારા પડયા છે. કોઇ બાળશિષ્યોને ફટકાવનારા પડયા છે. કોઇ પાપના પોટલાં બાંધી મુલતાનથી રાત લઈ નાઠેલા પડયા છે, કોઈ ધાડપાડુઓ પેઠે બાળકોને નસાડવાના ધંધા લઈ બેઠેલા પડયા છે. આવા પેટભરા, સ્વાર્થી, ચારિત્રહીણ પૂરોહિત પાખંડીઓ પીળાં કપડાંને લજવી શાસનના નાવને ડૂબાડી રહ્યા છે. ત્યાં તું તેમના ઉપર સમાજોન્નતિનો આધાર રાખી બેસી રહે તો ભીંત ભૂલે છે એમ કહેવું શું ખોટું છે?

યુવાન! ઉઠ!

એ બધી આકાશકુસુમવત્ આશાઓ છોડી દઇ ઉઠ! ઉભો થા! અને સમાજની ઉન્નતિ માટે કટિબધ્ધ થઇ કામે લાગી જા! અને સમજી લે કે શાસનની ઉન્નતિ આડે જે ભૂતાવળ ભડકા સળગાવશે તે ભડકામાં જ તે ભૂતાવળને ખાખ થવું પડશે!

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૯-૧૧-૩૨.


## લગ્ન સંસ્થા.

જગતના વ્યવહારોમાં આપણે એક બીજાના સહકાર વગર રહેવું અશક્ય છે, તેમાંયે સ્ત્રીઓનો સહકાર જરૂરી છે, સ્ત્રી વગરનો પુરૂષ એ સંપૂર્ણ પુરૂષ બની શકતો નથી. આપણા દરેક વ્યવહારમાં સ્ત્રીઓનું સ્થાન ઉચ્ચતમ છે, તેમ સ્ત્રી જગતમાં પુરૂષનું સ્થાન પણ એટલું જ ઉચ્ચતમ છે. સ્ત્રી વગર પુરૂષ રહી શકતો નથી અને પુરૂષ વગર સ્ત્રી રહી શકતી નથી. કુદરતનો એ અટલ નિયમ છે. અને એટલા ખાતર જ સમાજમાં કોઇ પણ જાતની અંધાધુંધી કે વ્યભિચાર ન પેસી જાય તે માટે લગ્ન સંસ્થાની આવશ્યકતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જો કે આધુનિક લગ્ન સંસ્થામાં જરૂર સડો ઘૂસેલો છે, પણ એ સડાને દૂર કરીએ તો જરૂર આપણે આપણા ગૃહસ્થ જીવનને સ્વર્ગીય જીવન બનાવી શકીએ. દાંપત્યજીવનના મધુરા લ્હાવા લઈ શકીએ, પણ એ દિવસ કયાં ?

પ્રભુ આદિનાથ અને યુગલિયાના જમાનામાં તો કુદરતી રીતે જોડું ઉત્પન્ન થતું અને તે ધણી-ધણીઆણી તરીકે રહી પોતાનું આદર્શ જીવન જીવતાં હતાં, ત્યાર પછી યુગલિક પ્રથાનો લોપ થયો. કંઇ અંધાધુંધી અથવા સબળાઓ નિર્બળને હેરાન ન કરે તે માટે સમાજ તરફથી પ્રબંધ કરવામાં આવ્યો. અને કુલિન યુવાનોને યુવતીઓ ઉપર પોતાના લગ્નની જવાબદારી નાંખવામાં આવી હતી. આપણે એવાં અનેક રાજ્યો માટે ઇતિહાસમાં સાંભળ્યું છે કે-અમુક દેશની રાજકુંવરી માટે સ્વયંવરમંડપ રચાયો હતો. આગળ સ્વયંવરની પ્રથાથી જ એ લોકોના જીવન ઉચ્ચ પ્રકારનાં હતાં. માનવદેહને સાર્થક બનાવતા હતા. આપણા કથા સાહિત્યમાં પણ એવા ઘણા દાખલાઓ મળશે કે જેમાં લગ્ન સંબંધી કન્યાની ઇચ્છાને છેવટનો ચૂકાદો મનાયો છે. સ્ત્રી એ નિરૂત્સાહ માનવમાં પ્રેરણા આપનાર ચેતનનો ફુવારો છે. તેનાથી નૂતન ઉત્સાહ અને અગાધ પુરૂષાર્થ ફોરવવાની મહત્વાકાંક્ષાઓ જન્મે છે. સ્નેહલગ્નથી બંધાયેલ દંપતિથી જ સુદૃઢ અને મહાન્ સંતતિ ઉત્પન્ન થઈ શકશે. કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, વિમળ, ઉદયન અને એવાં બીજાં અનેક મહાપુરૂષો આવા સ્નેહલગ્નથી બધ્ધ થયેલ દંપતિથી જ ઉત્પન્ન થયેલ છે. જ્યાં સુધી સાંસારિક જીવન સંબંધી વર-કન્યાને કેળવણી ન મળે ત્યાં સુધી ત્હેના લગ્ન બીન આવશ્યક મનાવાં જોઇએ. તેઓ પોતાના પગ ઉપર ખડા ન રહી શકતા હોય તો એ આદર્શમય જીવન કઇ રીતે પસાર કરી શકે? વર અને કન્યાની ઉંમરમાં આઠ નવ વરસનો ફરક રહેવો જોઇએ; એટલે કે પુરૂષ પચીશ વર્ષનો હોય તો કન્યાની ઉંમર સોળ વર્ષની જોઇએ. આવાં જોડાંઓ જ સંગત ગણાય. સમાજમાં જો આ બાબત માટે ધ્યાન આપવામાં આવે તો ખરેખર આપણી લગ્ન સંસ્થા આદર્શમય નિવડે, સમાજનો ઉધ્ધાર થાય. કુરૂઢિઓ નાશ પામે અને કોઈ અનેરો આનંદ અને ઉત્સાહ ઉભરાઈ આવે. પણ એ બાબતની કોને પડી છે?

આજે તો કન્યાની ઇચ્છા હોય કે ન હોય, વરની ઇચ્છા હોય કે ન હોય, પરંતુ માબાપની ઇચ્છાને આધિન થવું પડે છે. કેટલેક સ્થળે તો વરવિક્રય અને કન્યાવિક્રય પણ થઈ રહ્યા છે. આવાં લગ્નને લગ્ન કહેવું એ ખરેખર લગ્ન સંસ્થાને વખોડવા બરાબર છે. કારણ કે લગ્ન સંસ્થા એટલે પ્રભુતામાં પગલાં માંડવાં. આજે કેટલા પ્રભુતામાં પગલાં માંડે છે? કેટલા દાંપત્યજીવનનાં અનેરા લ્હાવા લે છે? કેટલા સંસારનો સાચો આનંદ મેળવે છે? કેટલા ગૃહસ્થ જીવનને સુદૃઢ અને સુઘડ બનાવે છે? જવાબમાં કશો ઉત્તર નહિ આપી શકાય. કારણ કે આજનું આપણું ગૃહસ્થ જીવન સળગે છે. ત્હેનું કારણ કેવળ ઠોકી બેસાડેલ શરીર સંબંધ છે. જોહુકમીથી થયેલાં લગ્નનાં માઠાં પરિણામ આજે સમાજને ભોગવવાં પડે છે. સમાજનો નેવું ટકા ભાગ આજે લગ્ન સંસ્થાના બાહુ નીચે પોતાના ગૃહસ્થ જીવનને બરબાદ કરી રહ્યો છે. કજોડાં, બાળ અને વૃદ્ધ લગ્નોથી સમસ્ત સમાજ આજે ખદબદી રહ્યો છે.

અરે! જેની સાથે પોતાની જીવનનૌકા જોડી દેવાની છે, જેને પોતાના હૃદયમંદિરમાં આરાધ્ય દેવ કે દેવી તરીકે સ્વીકારવાના છે. જેની જોડે સંસારના મધુરા લ્હાવા લેવાના છે અને જેનાથી સંસારને સ્વર્ગમય બનાવવાની મહત્ત્વશાલિની ભાવના જાગૃત કરવાની છે, તેવા વરને કન્યા સંબંધી કે કન્યાને વર સંબંધી જરાયે માહિતી મેળવવાનો, ઓળખવાનો કે વાતચિત કરવાનો પ્રસંગ ન મળે એ લગ્નને લગ્ન જ કેમ કહી શકાય? એ અમે સમજી શકતા નથી. આવાં લગ્નને તો લગ્ન કહેવા કરતાં સમાજ સિતમની ચક્કીમાં પીલાતાં અને માબાપના સ્વાર્થનો ભોગ બનેલ યુવાન યુવતિનો વ્યભિચાર કહેવો વધારે સંગત લાગે છે. ખરી લગ્ન સંસ્થા તો એજ કહેવાય કે જે લગ્ન વરકન્યાની ઇચ્છાથી થતાં હોય, એક બીજા પરિચયમાં હોય, આપસમાં ઓળખતાં થાય, અને સમજી લે કે આપણું દાંપત્યજીવન સુખમય નિવડશે, તોજ એક બીજા લગ્નગ્રંથીથી જોડાય. આધુનિક પ્રચલિત લગ્ન સંસ્થાથી આપણી દશ લાખની વસ્તીમાં લગભગ દોઢ લાખ તો વિધવા છે. અને ત્હેમાંયે દશ હજાર તો બાળવિધવાઓ છે. આમ વિધવાની ફોજ જે સંસ્થાથી વધતી હોય ત્હેને આદર્શસંસ્થા કઇ રીતે કહેવાય? ખાસ કરીને કજોડાં લગ્ન, બાળ લગ્ન અને વૃદ્ધ લગ્નને લગ્ન સંસ્થાથી બાતલ કરવાં જોઇએ. અને જોહુકમીથી લગ્ન ન કરતાં વરકન્યાની સંપૂર્ણ સંમતિ લઇને પછીજ જો લગ્ન કરવામાં આવતાં હોય તો તે લગ્ન આદર્શમય નિવડે. લગ્નમાં બીજા પણ અનેક કુરિવાજો ઘૂસી ગયેલ છે કે જે સભ્ય જગતમાં જરાયે શોભાસ્પદ નથી. આ બાબત માટે '**શાહની ડાયરી**' કે જે અમારા ગતાંકોમાં પ્રગટ થઈ ગયેલ છે તેમાં ખૂબ કહેવામાં આવ્યું છે. બીજું લગ્નાદિ પ્રસંગોમાં જે લખલૂટ ખર્ચો કરવામાં આવે છે તે તદ્દન અનિચ્છનીય છે. જેટલો બાહ્ય આડંબર કરવામાં

આવે છે તેટલો જ તે સંસ્થા ઉપર ઓપ ચઢે છે. લગ્ન તો જેમ બને તેમ સાદાઇથી જ કરવાં જોઇએ. સાદાઇનો આદર્શ તો આપણા જીવનના પ્રત્યેક અંગોમાં આવવો જ જોઇએ, કુલિનતા અને શ્રીમંતાઇના ખપ્પરમાં કપડાં-લત્તા તેમજ જમણ-વાર, ઢોલ-તાસાં અને તેવા બીજા નિરર્થક કાર્યોમાં હજારોનો વ્યય થાય તે સામાજીક દ્રવ્યની નિરર્થક બરબાદી છે. જ્યારે દેશના કરોડો માણસો ભૂખે મરતા હોય, લાખો સ્વધર્મીબંધુઓ નોકરી અને ધંધાને અભાવે રોટી અને કપડાં માટે રવડતા હોય, ત્યારે આવા બીન ઉપયોગી ખર્ચા કરીએ એ આપણા આત્માનો દ્રોહ કરવા બરાબર છે.

---

# પ્રાસંગિક નોંધ.

---

## એક ખુલાસો:-

તા૦ ૧૧-૧૧-૩૨ ના 'વીરશાસન'માં અને તા૦ ૧૨-૧૧-૩૨ ના 'મુંબઇ સમાચાર'ના અંકમાં મગનકુમાર જૈન ઉર્ફે મહેન્દ્રવિજયજી તરફથી એક ખુલાસો બહાર પાડવામાં આવ્યો છે. તેમાં અમારા ઉપર તથા યુવક સંઘ ઉપર તદ્દન જુઠા આક્ષેપો મૂકવામાં આવ્યા છે. તે સંબંધી ખુલાસો કરવો ઉચિત સમજીએ છીએ. તે ભાઇ લખે છે કે "આ સંબંધમાં ચંદ્રકાન્તની સાથે મારે વાતચીત થઇ હતી તેથી વિપરીત સ્વરૂપમાં આળેખવામાં આવેલ છે" આ બીના તદ્દન જુઠી છે. અમે મગનકુમારને ઓળખતા જ નથી. તેમ કદી ત્હેને મળ્યા હોઇએ તેમ અમારી જાણમાં નથી. તો પછી અમારી જોડે વાતચીતનો પ્રસંગ ક્યાંથી જ હોય? પરંતુ વાત એમ બની છે કે મહેન્દ્ર-વિજયજી સંસારી બની મગનકુમાર થયો એટલે ત્હેના ગુરૂદેવો પ્રત્યે વેર વાળવા માટે અમારી (પ્રબુદ્ધ જૈન) ઉપર એક પત્ર લખવામાં આવ્યો છે, જે અમારી પાસે મોજુદ છે. ત્હેમાં એવું લખવામાં આવ્યું છે કે-જે અમે અક્ષરે અક્ષર બહાર પાડ્યો નથી. આવા લેભાગુઓ તરફથી જ્યારે કાંઈ પણ સંસ્થા વિરૂદ્ધ છપાય છે. ત્યારે શાસનપ્રેમી(!)નો દાવો કરતા કેટલાક ભદ્રંભદ્રો આવાઓને શોધતા જ ફરે છે; અને આજીવિકાના સાધન વિહોણા આવા અક્કલના ઓથમીરોને પોતાની શયતાની જાળમાં ફસાવી ત્હેને મોઢેથી યુવક સંઘ સામે અને ત્હેની કાર્યવાહી સામે બોલાવે છે. પેટને માટે પોતાની જાતને ગીરો મૂકતા આવા મગનકુમારો તેઓના હથીઆર બની પોતાના લખેલ પત્રને પણ ભૂલી જઇ યદ્રા તદ્રા બકે છે. બાકી સાધુઓની કાર્યવાહી હવે જનતાથી છાની નથી. આગળ ચાલતાં તે લખે છે કે "યુવક સંઘના કાર્યવાહકો ચન્દ્રકાન્ત અને કરસન વનમાળી જેવાની વાગ્જાળમાં હું ભોળો હોઇ ફસાયો, કે જેઓ આવાજ ધંધા કરે છે. અને જેમની સાથે અમારો સમુદાય સંબંધ રાખતો હતો" આ બીના પણ તદ્દન જુઠી છે. યુવક સંઘે કે અમે કોઇ દિવસ કોઇની દીક્ષા છોડાવવાનો પ્રયત્ન કર્યો નથી, કરસન વનમાળી કંઇ યુવક સંઘનો કાર્યકર્તા નથી. તેમજ તેની જોડે અમારે કે યુવક સંઘને કશો સંબંધ નથી. તે સિવાય ત્હેના સમુદાય જોડે પણ યુવક સંઘને કે અમારે કોઇ પણ જાતનો સંબંધ નથી. આ બધું તૂત ઉભું કરવામાં આવ્યું છે. મગનકુમારને બીલકુલ લખતાં આવડતું નથી. ખુલાસામાં પણ ગોટી શીશોસોશી ગ્રંથી છે. ત્હેના આવેલ પત્ર ઉપરથી અમે નિઃશંક કહી શકીએ છીએ કે આ ખુલાસો મગનકુમારનો નથી. અને હોય તો પણ અમારે ત્હેની સાથે કશી નિસ્બત નથી. આશ્ચર્ય તો એ થાય છે કે આવાઓ અમારૂં નામ શા માટે સંડોવે છે. શું "પ્રબુદ્ધ જૈન"ના નિડર લેખો ત્હેમને ભારે પડે છે? જનતાને પણ જણાવી દેવું જરૂરી સમજીએ છીએ કે આવા શાસનપ્રેમીઓના કારસ્થાનોમાં કશું વજુદ નથી.

## પીળાં કપડાંના પાપ.

વીરના શાસનમાં જે સાધુસંસ્થા પવિત્ર અને જગત્‌ની પ્રજાને ઉંચ કોટિની લાગતી હતી તે જ સાધુ સંસ્થામાંથી અમુક વર્ગને બાદ કરતાં બાકીનાં વર્ગની પીળાં કપડાંને લજવનારી વર્તણુંકોથી આખી સાધુ સંસ્થા વગોવાઇ રહી છે. અને મોવડીઓના મૌનથી શાસ્ત્રોને ઉંચા મૂકી મરકંડની પેઠે બેલગામ વર્તી છડેચોક શાસનનું લીલામ કરી રહી છે.

અત્યાર સુધી તો સગીરોને નસાડી, સંતાડી, મુંડી નાખવાની જ ચાલબાજી રમાતી, પરંતુ હવે તો તેમના પાપે અગર કર્મના દોષે કોઇ દીક્ષિત વેશ છોડીને નાશી છુટે તો અનેક પ્રકારના છળપ્રપંચો-દગાબાજીઓ કરતાં ન ફાવે તો ચારિત્રની પરવા કર્યા સિવાય કોર્ટના આસરા લઇ કબજા લેવાની બેવકુફી અદરાય છે. છતાં જેઓ આગમ પંચાંગીને માને છે તેવાઓ પાસે દંભી રામવિજય બોળાધરી માગે છે અને જ્યારે એનો પરિવાર આગમ ઉપર પગ મૂકી ચાલે છે ત્યારે ચલાવી લે છે.

સાધુ ફોજમાં પેટનો ખાડો પૂરવા બેકારોની જ્યારથી ભરતી કરવા માંડી ત્યારથી આ પેટભરા પીળાં કપડાં ધારીઓમાં જેઓ કાવાદાવામાં બધી વાતે પૂરા હોય તેવા નંગો ગુરૂને વહાલા થઇ પડે છે. એટલે પૂછવું જ શું? છતાં રામવિજયો અને સાગરાનંદો તેમના તેવા બેવકુફોના કાનમાં એવું તો ઝેરી વિષ રેડે છે કે-વિજયધર્મસૂરિ સાધુ નહોતા, અધર્મી હતા. આચાર્ય બુદ્ધિસાગરનું ચોથું વ્રત ખંડિત હતું. આવી તેમની માનસ સ્થિતિમાં ભાનભૂલ્યાની પેઠે સદ્દગત આચાર્યો માટે ખોટી વાતો ઉભી કરી, સમાજના શરીરમાં ખીલા ભોંકી, એક બીજાને લડાવી, ભકતોનાં ટોળાં ઉભાં કરી, જૈન સમાજને છિન્નભિન્ન કરવાનાં પાપ આ પાખંડીઓ સિવાય બીજા કોણ કરે?

જૈન સમાજના મોવડીઓ! હવે તમારો દ્યુપચુપસ્થિતિને સ્થિર કરી આ ભાન ભૂલેલાઓને પ્રભુનું શાસન કેવું છે? સાધુતા શું છે? તે સમજાવો. સાથે જેવી રીતે કાન્તિલાલના કેસને ઘરનો ગણીને ભાઇ હિમતલાલ શુક્લ વકીલે સેવાવૃત્તિથી, તેમ અમદાવાદના જૈન યુવાનોએ ફરજવૃત્તિથી જે મદદ કરી છે તેવી મદદ કરવા ઉભા રહો. અને બાળહરણ કરનારા, પીળાં કપડામાં રહી ચારિત્રને ભ્રષ્ટ કરનારા પતિતોને ચેતાવી દ્યો કે-**પતિતો, પેટભરાઓ, કલેશોત્પાદકો, બાળહરણ કરનારાઓ તમારી લીલાઓ સંકેલી લ્યો, ને પ્રભુએ દોરી આપેલા ચીલે ચાલો. નહિ તો તમારા કર્મે વગર ભાડાની ઓરડીમાં કે આંદામાનના ટાપુમાં હવા ફેર(!) જવું પડશે!**

## સાણંદમાં કુડું કલંક.

સાણંદમાં કારતક સુદિ ૧૧ ના રોજ પ્રતિક્રમણમાં એક ભાઈ શ્રી બુદ્ધિસાગર કૃત સ્તવન બોલતાં સાધુએ અટકાવેલ અને તેના સમર્થનમાં કહ્યું કે-બુદ્ધિસાગરનું ચોથું વ્રત ખંડિત

# જૈન ધર્મના દીક્ષા-ખપ્પરમાં

## એક વધુ બલિદાનની તૈયારીઓ

### ચૌદ વર્ષની કુમારિકા-બ્હેન તારા જૈનધર્મના દીક્ષા-ખપ્પરનો ભોગ અને તે પહેલાં જુવાનોએ જાગવાની જરૂર છેઃ

## ચૌદ વર્ષની કુમારિકાને સાધ્વી બનાવશે?

નાદાન અને કાચી ઉમ્મરના છોકરા-છોકરીઓને દીક્ષાની કફની પહેરાવી ચેલા-ચેલી બનાવવાની પ્રવૃત્તિ જૈનધર્મમાં આજે જોરશોરથી ચાલી રહી છે. એ પ્રવૃત્તિના આગેવાન તરીકે નામચીન બનેલા રામવિજયજીએ પોતાની સામે પ્રબળ વિરોધ છતાં આજસુધીમાં અનેક ચેલા-ચેલીઓનો સંઘ ઉભો કર્યો છે ને હજી પણ એમની એ વિનાશક યોજનાઓ ચાલુ જ છે. જૈન ધર્મનો શિક્ષિત સમાજ તો એ મુનિની આ પ્રકારની ધાર્મિક ગુંડાશાહી સામે ખુલ્લો રોષ જાહેર કરે છે તેમ છતાં વેવલાને અંધશ્રદ્ધાળુ ઘેટાં-ભકતોની મદદ વડે ધર્મના એ કહેવાતા મુનિ પોતાનું ગાડું આગળ ચલાવી રહ્યા છે.

પરંતુ એકલા રામવિજયની પ્રવૃત્તિઓ જાણે અધુરી હોય તેમ અમદાવાદમાં એના અનુયાયિ એક સાધ્વીએ ચૌદ વર્ષની કુમારી બાળાને પોતાના શિકાર તરીકે પસંદ કરી છે. અત્રેની ઝવેરી વાડ, આંબલી પોળના અપાસરાની ચંપકશ્રી નામની એ સાધ્વીની ઉંમર લગભગ પાંત્રીસેક વર્ષની હશે. એનું મૂળ નામ બાઇ ચંપા. લગભગ બે વર્ષ ઉપર પોતે વિધવા બનતાં ફુલશ્રી ગુરૂ પાસે એણે દીક્ષા લઈ સાધ્વી તરીકે જીવન શરૂ કર્યું ને આજે પોતાના સાધ્વી જીવનની શરૂઆતમાં શિકારની પહેલી ગોળી માત્ર ચૌદ વર્ષની અજ્ઞાન બાળા પર તાકી!

**સાધ્વીજીના પંજામાં**

સાધ્વી ચંપકશ્રીના પંજામાં બ્હેન તારા કેવી રીતે સપડાઇ એની વિગત પણ જરા જાણવા જેવી છે. મૂળ તો શાહ મંગળદાસ હરીલાલની પુત્રી બાઇ ચંપા પ્રસ્તુત બ્હેન તારાની માશી થાય; ને તેથીજ પોતાની માશી પરના વિશ્વાસને લઇ તારા તેની વારંવાર મુલાકાત લેતી, મુલાકાતો દરમ્યાન તેની માશી તેના પર પોતાના જીવનની છાપ પાડતી ને તેને પણ પોતાના જેવી બનવા અત્યારથી જ શીખામણ દેતી. આ રીતે આ જૈન સાધ્વીએ પોતાના પર મૂકેલ વિશ્વાસનો ગેર લાભ લઈ છોકરીનું મગજ ચકડોળે ચઢાવ્યું ને આખરે કારતક વદ ત્રીજના દિવસે બ્હેન તારાને દીક્ષા આપી સાધ્વી બનાવવા નક્કી કર્યું.

છતાં બહારથી માત્ર નજીવા દેખાતા કારણ પાછળ માશીના મનોરથોનો પાર નથી. ખરી વાત એ છે કે પોતાની ખાધેલ પીધેલ કાયાની સુશ્રુષા કરવા માશીને એકાદ ચેલીની જરૂર છે ને એવી જગ્યા પોતાની ભાણેજ પૂરે એવી આશાથી જ સાધ્વી ચંપકશ્રીએ પોતાની જાળમાં આ નિર્દોષ પંખી સપડાવ્યું છે.

**એક નિર્દોષ બાળા**

સાધ્વી ચંપકશ્રીની ભાણેજને જૈનધર્મના અગ્નિકુંડની આહૂતિ બનેલી બ્હેન તારાની ઉંમર માત્ર ચૌદ વર્ષની છે. ગુજરાતી ૭ ચોપડી સુધી તેણે શિક્ષણ મેળવ્યું છે, તેના પિતા અમૃતલાલ જેચંદ મહેતા હાલ મનસુખભાઇની સ્કુલમાં માસ્તર તરીકે કામ કરતા હોઇ દરિયાપુર કટકીયાવાડમાં રહે છે. ટુંકા પગારમાં એમને ચાર પાંચ સંતતિનું પોષણ કરવાનું છે ને તારાની માતા તો હાલ સુવાવડના છેલ્લા દિવસો ગુજારે છે. આ સંજોગોમાં ચૌદ વર્ષની નિર્દોષ બાળા પર એની માશીએ નાંખેલ ભૂરકી એના કુટુંબ માટે એક દુઃખદાયક ઘટના બને એ તદ્દન સ્વાભાવિક નથી શું? વધુ નોંધવા લાયક તો એ છે કે બ્હેન તારાનો વિવાહ પણ થઇ ગએલ હોઈ લગ્ન બાકી છે

**"માથું ફોડીને છોકરી લઇશ!"**

તારાએ તેની માતા મેનાને પોતાનો સાધ્વી બનવાનો ઇરાદો જણાવ્યો ત્યારે એણે કહ્યું કે 'હમણાં નહિ. બે મહિના પછી ત્હારે જે કરવું હોય તે કરજે!' પરંતુ માશીના ઉપદેશ પાછળ મુગ્ધ બનેલી નિર્દોષ બાળાએ પોતાની જક કાયમ રાખીને એની માશીએ તો વહેલી તકે પોતાનો શિકાર સર કરવા તદ્દન નજીકનું મૂહુર્ત કારતક વદ ત્રીજનું નક્કી કર્યું.

આ તમામ પ્રવૃત્તિઓની ખબર તારાની ફોઇ બ્હેન ગજીચકુભાઇ ફતેચંદની વિધવા જે હાલ રીચીરોડ પાડાપોળમાં રહે છે તેને મળતાં કારતક સુદ ૧૨ ને રોજ તેણે તારાને પોતાને ત્યાં મળવાને બહાને બોલાવી ને તારા પોતાને ત્યાં આવતાં તેને ઘેર પાછી જવા નહિ દેતાં પોતાને ત્યાં જ રહેવા ફરજ પાડી. તારાના માતા પિતા તો કંઈ કરી શકવા અશકત હતાં તેથી જ તારાને દીક્ષા નહિ લેવાનું સમજાવવા તેની ફોઇએ આ પગલું લીધું.

---

હતું. આથી ઉપાશ્રયમાં મોટો ઉહાપોહ થયો. છતાં સાણંદના યુવાનો આ ઝેરની ગોળી ગળી જઈ ટાઢા થઈ ગયા લાગે છે નહિ તો જેઓ બાળબ્રહ્મચારી હતા. જેના ચારિત્ર માટે કોઇ પણ દિવસ એક શબ્દ બહાર આવ્યો નથી. તેવા ચારિત્રશાળી આચાર્યશ્રીની હૈયાતિ પછી આજકાલના કલહપ્રિય લેભાગુઓ ઇચ્છાનુસાર ખોટાં કલંકો લગાડે છતાં સમાજ વધુ નહિ પણ માફી સરખી મંગાવવાની હિંમત ન દેખાડે એ શું ઓછી શરમની વાત છે?

પરંતુ, આમ થતાં પેલી સાધ્વી ચંપકશ્રીનો મિજાજ કાબુમાં ન રહ્યો. પોતે લગભગ પચાવેલ શિકારને તેની ફોઈ રક્ષણ આપે એ વાત તેને રૂચી નહિ તેથી બીજે દિવસે એટલે કારતક શુદ ૧૩ ને શુક્રવારે પોતે જ બહેન ગજીને ઘેર પહોંચીને કહ્યું કેઃ 'તારાને મારી સાથે મોકલો.'

તારાની ફોઇએ સાધ્વીજીનો બોલ ગણકાર્યો નહિ ને તારાને જવા પણ ન દીધી. એટલે તો જૈનધર્મના થાંભલા જેવી પોતાને ગણતી સાધ્વીએ અણછાજતો બોલ ઉચ્ચાર્યો ને એટલે સુધી પણ ધમકી આપી કે 'તમારૂં માથું ફોડીને પણ છોકરીને લઇશ!'

**હવે શું?**

સાધ્વીજીએ પોતાનાં મિજાજનું પ્રદર્શન તો બરાબર કર્યું. કેમકે, ધર્મના ને બહેન તારાના કલ્યાણ માટે જ એ તો બધું કરે છે ને? એમણે તો પોતાના શિકારનો કબજો મેળવવા તમામ પ્રયત્નો કરવાની ધમકી આપી છે ને વૈરાગ્યના વેચાણ પાછળ પાગલ બનેલા સાધ્વીજી એમ ન કરે તો બીજું કરે પણ શું? છતાં, જૈન ધર્મના પ્રાણવાન જુવાનોએ હવે બહેન તારાનો કોઇ પણ ભોગે બચાવ કરવો રહે. કારતક વદ ત્રીજનું મૂહુર્ત નકામું નિવડે તેથી કંઇ ખાસ ફાયદો નથી, ખરી વાત તો એ છે કે બહેન તારાના મગજમાં એની સાધ્વી માશીએ જે ભૂંસુ ભર્યું હોય તે વહેલી તકે દૂર કરવું જોઇએ. સાધ્વી ચંપકશ્રી પોતાના સ્વાર્થને ખાતર જ પોતાની ભાણેજનું જીવન ધૂળ કરવા તત્પર બન્યા છે, પરંતુ તે પોતાની પ્રવૃત્તિ ન અટકાવે તો જૈનધર્મને તેના સાચા સ્વરૂપમાં સમજતા આગેવાનો અને સંસ્કારી ભાઇ બહેનોએ આ વાતને ઉપાડી લઇ જીવનના ઉંબરે પગ મૂકતી નિર્દોષ કુમારિકાનું બરબાદ થતું ભવિષ્ય સુધારવા આ ક્ષણે જ તૈયારી કરવી જોઇએ.

(મનરંજન, તા૦ ૧૩-૧૧-૩૨)

**નોટ**–અમારા ખબરપત્રી તરફથી ખબર મળ્યા છે કે, કારતક વદી ૩ ના રોજ બેન તારાને દીક્ષા આપવાની હતી. પણ ખૂબ ઉહાપોહ ને ધાંધલ થવાથી આપી નથી. હાલ તુરત તો બંધ રહેલ છે. **તંત્રી.**


## શું ત્હમે ગ્રાહક નથી?

### ન હો તો આજે જ બનો!

**શિષ્ટ સમાજમાં બહોળો ફેલાવો પામેલું, સમાજના અનેકવિધ સળગતા પ્રશ્નોનું નિડરતાથી ઉકેલ કરતું, જૈનોમાં જાગૃતિ લાવતું, સમાજ, ધર્મ અને રાષ્ટ્રની શુધ્ધ સેવા બજાવતું, સેવાર્થે પ્રગટ થતું નૂતન યુગનું અગ્રગણ્ય સાપ્તાહિક–**

### "પ્રબુધ્ધ જૈન"

**દરેકે દરેક જૈનોનાં ઘરમાં હોવું જ જોઇએ, પ્રબુધ્ધ જૈન વિનાનું ઘર તે આભૂષણ વિનાના શરીર જેવું છે, પ્રબુધ્ધ જૈનના વાંચન સિવાય એક પણ જૈન વંચિત ન રહેવો જોઇએ માટે આજે જ ગ્રાહક તરીકે નામ નોંધાવો, વાર્ષિક લવાજમ ફક્ત રૂ. ૨–૮–૦**

છુટક નકલ એક આનો

લખોઃ–વ્યવસ્થાપક

"પ્રબુધ્ધ જૈન"


**[પંચમહાવ્રત ઉચ્ચર્યા છતાં સાધુઓ ગુંડાશાહી ચલવવામાં કેવો ભાગ ભજવે છે તેનો નમુનો. તંત્રી]**

# કોનો વાંક?

અમારા બોટાદના સદ્‌ભાગ્યે આચાર્યશ્રી વિજયનેમિસૂરીજીનું ચાતુર્માસ અત્રે થયું દરમ્યાન કમનસીબે તા૦ ૩-૧૧-૩૨ ની પોલ પત્રિકામાં તેમના એક શિષ્યનું ઉંચક મન થવાના અને આત્મઘાતની પ્રવૃત્તિ કરવાના ખબર પ્રકટ થયા. આ ખબર વાંચી સમુદાય કચવાયો હશે તેમને સંતોષવા પાસે બેસનારાઓએ કાન ભંભેરવાથી કે ગમે તેવા સંજોગોમાં હું તા૦ ૮-૧૧-૩૨ ના રોજ ગુરૂવંદન અર્થે ગયો ત્યારે પોલ પત્રિકામાં લખનાર તુંજ છો તેમ કહી સાધુ સમુદાયે મારા ઉપર ગાળોની ઝડી વરસાવવી શરૂ કરી અને આચાર્ય નંદનસૂરિએ તો જોરથી લાતનો પ્રહાર પણ કરી દીધો. આચાર્યના જવાબદાર સ્થાને રહેલા શ્રી નંદનસૂરિએ મર્યાદા મૂકી ત્યાં યુવક સાધુઓના પાટુ ગડદાની ગણત્રી કયાં કરૂં? મારે એટલું તો કબુલ કરવું જોઇએ કે, આચાર્યશ્રી વિજયનેમિસૂરિએ તેમને વાર્યા અને શાંતિ પાથરવાનો પ્રયત્ન કર્યો પણ તેઓએ માન્યું નહિ. આ મહાન્ પુરૂષની હાજરીમાં શિષ્યો મર્યાદા મૂકે તો પછી તેમની ગેરહાજરીમાં તેમના નામની હુંફથી કેવું વિપરિત પરિણામ આવે તે તેઓ સમજી શકયા હશે, હું મહાવીરના વેષને દુભવવા માગતો નથી; પરંતુ એટલો તો નિર્ણય થવો જોઇએ કે પોલ પત્રિકામાં લખાવનાર કોણ છે? તેનો લખનાર હું નથી એવું એવું મેં પ્રતિજ્ઞાપૂર્વક વારંવાર કહ્યું છતાં તે ઉપર ધ્યાન આપવામાં આવ્યું નહિ અને હું ગાળો ખાતો અને માર ખાતો બેસી રહીને ફરી ફરી એ જ વિનંતિ કર્યા કરતો, પણ ક્રોધ શાંત થવાને બદલે ઉગ્ર સ્વરૂપ લેવા લાગ્યો એટલે ફોજદાર સાહેબ તથા ગામના હાજર રહેલા ભાઇઓએ હાલ ખસી જવાની મને સલાહ આપવાથી મારે નિરૂપાયે ત્યાંથી અધુરી હાલે ખસી જવું પડયું છે; પરંતુ આ રીતે મારી ઉપરના આક્ષેપનું નિવારણ ન થઈ શકયું માટે આ જાહેર વિનંતિ કરવી પડે છે.

પોલ પત્રિકામાં છપાયેલી બીનાની સત્યતા માટે હું આ પ્રસંગે ચર્ચા કરવા ઇચ્છતો નથી, કેમકે મને સત્ય વાત મોઢેથી કહી દેવાની ટેવ છે અને ખોટા નામે લખવાની પ્રતિજ્ઞા છે તે વાત મહારાજ સાહેબ જાણે છે, છતાં કોઇના ઉશ્કેરવાથી દોરવાઇ જવું તે ત્યાગીઓને શોભતું નથી; માટે મારી આ અરજ ધ્યાનમાં લઇ પોલ પત્રિકામાં લખાવનાર કોણ છે તેની ખાત્રી ભરી તપાસ કરવા અને મને થએલ હડહડતો ગેરઇન્સાફ દૂર કરવા અથવા જે મહારાજશ્રીથી ઉતાવળું સાહસ થયું હોય તો તે ભૂલ અંતઃકરણથી સુધારી લઇ ચારિત્ર નિર્મલ કરવા નમ્ર વિનંતિ છે અને મારી કોઇ જાતની કસુર કે ભૂલ સાબિત કરે તો શ્રી સંઘ કહે તે પ્રમાણે વર્તવા તૈયાર છું.

લી૦ **લાડકચંદ પાનાચંદ–બોટાદવાળાની સહી દા. પોતાના**

---

**બદનક્ષીની ફરીયાદ**–અમદાવાદના શેઠ લલ્લુભાઇ મનોરભાઇવાળા શ્રી શકરાભાઇ "વીરશાસન" પત્ર સામે બદનક્ષીના આરોપની ફરીઆદ માંડનાર છે.

# કુસુમવિજયના કેસની રોમાંચક કથા!

## રામભકતોની દોડાદોડ!!—સાધુતાનું છડેચોક લીલામ!!!

## સી ટીમેજીસ્ટ્રેટની કડક ટીકા અને ચુકાદો.

સગીરોને નસાડી-ભગાડી મુંડી નાખવાનો ધંધો લઈ બેઠેલાઓએ બે વર્ષ ઉપર એક બાળકને ઝાંપડાની પોળમાં મુંડી નાંખી કુસુમવિજય નામ આપેલું. તેઓ ગત ચોમાસામાં તેમના ગુરૂ રામવિજય સાથે વઢવાણમાં ચોમાસું હતા. પરંતુ કંઇ કડવા અનુભવો થતાં પીળાં કપડાંથી નાશી છૂટવા કારતક શુદિ ૧૧ ના દિવસે ઓઘા સિવાય પીળા કપડામાં રાત લઇ નાઠા. વાત વાયરો લઇ જાય તેમ ખબર પડતાં રામભકતો અને બીજાઓ કુતુહળતાંથી પાછળ લાગ્યા. ખેંચતાણ થઇ. આખરે પોલિસદેવડી સુધી વાત પહોંચી ને સીટી ફોજદાર માધવસંગજી પાસે કુસુમવિજયે સ્ટેટમેન્ટ કરી ત્રણ-ચાર ભાઇઓ સાથે ગાડી પકડી, અને સાથે ચાર પાંચ રામભકતો પણ ચડી બેઠા, સૌ સંજોગવશાત્ અમદાવાદ ઉતર્યા.

રામવિજયના પાંજરામાંથી એક પંખેરૂં કંટાળીને-થાકીને સ્વેચ્છાએ નાશી છૂટે તે તેને કેમ પાલવે? એટલે તેનો ઇસારો થતાં જ અમદાવાદ તાર છૂટયા ને ગીરધર પરસોતમની આગેવાની નીચે રામભકતોની એક ટૂકડી અમદાવાદ સ્ટેશને હાજર થઇ હતી. ગાડીમાંથી ઉતરતાં કુસુમવિજયને સોંપી દેવાની માગણી કરી છતાં કાઠીઆવાડીભાઇઓ એમ થોડા જ સોંપી દે તેમ હતા. એટલે ઝઘડો જામ્યો, ને પોલિસ વચમાં પડી. અને પોલિસે સીટી મેજીસ્ટ્રેટ ધીરૂભાઇની કોર્ટમાં છોકરાને રજુ કર્યો.

બારને ટકોરે કોર્ટ બેસતાં જ કુસુમવિજયના બાપ જેઓ હાલ સાધુ છે, તેઓ તરફથી તેમના વકીલે કબજો લેવા જણાવ્યું. છતાં છેવટે મેજીસ્ટ્રેટે તેની મા ન આવે ત્યાં સુધી તેને રા. બ. મહીપતરામ રૂપરામ અનાથાશ્રમમાં રાખવા હુકમ કર્યો.

કાંતિલાલ (કુસુમવિજય)ની માતા બાઇ ગજીએ તેનો કબજો લેવા પોતાના વકીલ મી૦ હિંમતલાલ શુકલ મારફતે અરજી આપી. તેની સામે કાંતિલાલના પિતા ભોગીલાલ, જેઓ હાલ સાધુના વેશમાં છે અને ભરતવિજયના નામથી ઓળખાય છે, તેમ સાણંદમાં ચોમાસું છે. તેઓ એક સાધુ સાથે સાણંદથી રાતના ગાઉ એક ચાલી, તેડવા આવેલ મોટર મારફતે ચોમાસાના નિયમને ઉંચો મૂકી રાત્રિના વખતે મોટર નં. × ૮૩૯૨ દ્વારા કોચરબ ઉતર્યા અને કોચરબથી પગે વિહાર કરી અમદાવાદ આવી પોતાના વકીલ પાંડુરાવ સાથે કોર્ટમાં હાજર થઇ છોકરાનો કબજો લેવા સ્ટેમ્પ લગાડી અરજી કરી. વાહ! સાધુતા!!

બન્ને અરજીઓ ઉપર વાદવિવાદ થયા બાદ મળવાની પરવાનગી ઉપરથી કોર્ટે હુકમ કર્યો કે-હું કોઈ પણ પક્ષને મળવા રજા નથી આપતો અને શહેર કોટડા પોલિસ સ્ટેશને લખું છું કે કોઇ પણ પક્ષના માણસને અનાથાશ્રમમાં છોકરાને મળવા ન દે.

### ચુકાદો.

તા૦ ૧૨ ને શનિવારે કુસુમવિજયના કેસનો ચુકાદો હોવાથી રામભકતો અને સગીર દીક્ષાના વિરોધીઓ એમ બંને પક્ષના જૈનો કોર્ટમાં મોટી સંખ્યામાં હાજર થયા હતા. તેમ પોલિસ પાર્ટી પણ સારી સંખ્યામાં નજરે પડતી હતી અને કોર્ટના કંપાઉન્ડની બહાર મોટરોની લાઇન લાગી રહી હતી. એટલે વાતાવરણ સણસણાટીભર્યું લાગતું હતું,

બરાબર બાર વાગે કોર્ટ બેસતાં મેજીસ્ટ્રેટે ચુકાદો આપવાનું બે વાગે જાહેર કર્યું હતું. બે વાગતા બન્ને પક્ષના માણસો કોર્ટમાં ધસી આવવાથી પોલીસ સબ-ઇન્સપેકટર મી૦ બાણુરાવે કોર્ટની પરવાનગીથી ફાલતુ માણસોને કોર્ટ બહાર કાઢયા હતા.

લગભગ સવા બે વાગે મેજીસ્ટ્રેટે લંબાણથી ચુકાદો આપતાં જણાવ્યું કે-છોકરાએ ૧૯૩૦ ના જાન્યુઆરી મહિનામાં દીક્ષા લીધી હતી અને તે વખતે તેની માએ સિવિલ કોર્ટમાં દાવો નોંધાવ્યો હતો, પણ તે વખતે તેનો પિતા હાજર ન હોવાથી તેનો દાવો રદ ગયો હતો.

આગળ ચાલતાં મેજીસ્ટ્રેટે જણાવ્યું હતું કે અમદાવાદના સ્ટેશન પર છોકરો આવ્યો ત્યારે દીક્ષા પાર્ટીએ તેનું વલણ ફેરવવા માટે એમ કહેલું કે તેના બાપનો તાર આવ્યો છે, પણ એ તાર મારી સમક્ષ રજુ કરવામાં આવ્યો નથી અને દીક્ષા છોડયા પછી બાપને છોકરા સાથે સંબંધ રહેતો નથી તેમજ છોકરાને તે આપસરામાં રાખી શકે નહિ.

### જંજાળ છોડયા છતાં:-

મને નવાઇ તો એ લાગે છે કે છોકરાના અગાઉના બાપે સંસારની જંજાળ છોડયા છતાં શા માટે તે છોકરાનો કબજો લેવામાં આટલો બધો રસ લે છે? અને દીક્ષાપાર્ટી આ બિચારા છોકરાને શા માટે તેના બાપ પાસે મોકલવાનો પ્રયત્ન કરે છે. અને શા માટે કોર્ટમાં વકીલાતનામું મૂકવામાં આવ્યું છે, ને સ્ટેમ્પના પૈસા બગાડવામાં આવ્યા છે. દીક્ષાનું સૂત્ર સમજવું ઘણું ભારે છે, અલબત્ત તે એવું છે કે તેનાથી બીજી દુનિયામાં જવાય છે. આગળ ચાલતાં તેમણે જણાવ્યું હતું કે મને કહેતાં ઘણી દીલગીરી થાય છે કે દીક્ષા પાર્ટીના એક આગેવાન અનાથાશ્રમમાં ગયા હતા ને છોકરાને કહ્યું હતું કે તારે જો બન્ને પક્ષને ખુશ રાખવા હોય તો તું તારા બાપ પાસે જા.

### કાયદાની દ્રષ્ટિએ.

મેજીસ્ટ્રેટે છેવટે જણાવ્યું હતું કે કાયદાની દ્રષ્ટિએ આ કેસ મારા જ્યુરીડીક્ષનમાં નથી. અને તેથી હું છોકરાને તેની મા અગર તો તેના બાપને સોંપવાનો સ્પષ્ટ હુકમ કરી શકતો નથી. છોકરાને તેની ઇચ્છાનુસાર જ્યાં જવું હોય ત્યાં કોઇના

દમાણ કે અડચણ સિવાય જઈ શકે છે. પોલિસ માત્ર જાહેર શાંતિનો ભંગ ન થાય તે જોશે.

### ખાલી કરાવેલું કમ્પાઉન્ડ.

મેજીસ્ટ્રેટ ચુકાદો વાંચી રહ્યા કે તરત જ કોર્ટમાં ડેપ્યુટી સુપ્રી. ખા. બા. નાદીરશા, સીટી ક્રાઇમ ઇન્સપેક્ટર ખા. બા. કૈકોબાદ અને સી. ડીવીઝનના પોલીસ સબ ઇન્સપેક્ટર મી૦ બાબુરાવ શાહ, એ. ડીવીઝનના પોલીસ સબ ઇન્સપેક્ટર મી૦ કાઝી પોલિસો સાથે હાજર થયા હતા અને બંને પક્ષના માણસોને કોર્ટના કમ્પાઉન્ડમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં

## જાહેર–ચેતવણી.

હું બાઇ માણેક ગોપાલજી તે હીરાચંદ લીલાધર ઝવેરીની વિધવા, રહેવાશી જામનગરની, આ ઉપરથી સર્વને જાહેર ચેતવણી આપું છું કે–

મારો પુત્ર લક્ષ્મીચંદ, ઉમર વર્ષ ૧૪ ના આશરાની, અંગ્રેજી ત્રીજા ધોરણનો અભ્યાસ કરી ચોથા ધોરણમાં ગયો, ત્યાં હાલમાં સાગરાનંદસૂરિજીના શિષ્યો કે ભકતોના ભમાવ્યાથી તેનામાં દીક્ષા લેવા જેટલો વૈરાગ્ય આવ્યો છે એમ મનાવવા કેટલાકો બહાર પડ્યા છે, એમ મુનિ રામવિજયજી ઉપરના તેમના લખેલા પત્રો પરથી અને બીજી રીતે માનવા મને કારણ મળેલ છે.

મને દહેશત રહે છે કે મારા પુત્રને ભોળવી–ભમાવી ફોસલાવી તેમની ન્હાની ઉમર અને અપરિપકવ બુદ્ધિનો લાભ લઇ દીક્ષાને માટે તેમને મારા કબજા હવાલામાંથી ખસેડવામાં આવશે, અગર તો ચોરી છુપીથી તેને નસાડવામાં આવશે, જેથી સર્વ સાધુ મુનિમહારાજો તેમજ ગૃહસ્થોને આથી હું જાહેર ચેતવણી આપું છું કે–

કોઇપણ સાધુ કે આચાર્યે, કોઇપણ સંઘ કે ગચ્છે, કે કોઇપણ ગૃહસ્થે મારા પુત્ર લક્ષ્મીચંદ હીરાચંદને દીક્ષા આપવી કે અપાવવી નહિ. તેમજ દીક્ષાના કોઇ કાર્યને માટે તેમને ભગાડવો કે ભમાવવો નહિ, તેમજ તેવા કાર્યમાં ભાગ લેવો નહિ.

આ જાહેર ચેતવણી છતાં તેવું કાર્ય કોઇ કરશે તો તેમના સામે કાયદેસર તમામ ઇલાજો લેવામાં આવશે.

તા. ૬–૧૧–૩૨

**લી. માણેકબાઇ ગોપાલજીની સહી**

જામનગર

છોકરાને જ્યાં જવું હોય ત્યાં જવાનું હોવાથી બન્ને પક્ષના માણસો સજ્જ થયા હતા. કોર્ટમાં તેની માતા બાઈ ગજીએ તેની સાથે વાત કરી હતી. છોકરાએ તેની માતાને જણાવ્યું હતું કે હું આવતી કાલે પાટણ આવીશ. પોલિસે આ દરમ્યાન કોર્ટના ઝાંપા આગળ ઉભી રહેલી મોટરોને દૂર કરી હતી અને કમ્પાઉન્ડની ચારે બાજુ પોલિસ પહેરો મૂકી દીધો હતો, તેમ જ કોઈ પણ પક્ષકારને દાખલ કરવામાં આવતો ન હતો. છતાં બહાર તો મેદની જામેલી જ હતી અને ભારે સનસનાટી પ્રસરી રહી હતી.

### દીક્ષા લેવાની સ્પષ્ટ ના.

મામલો ભયંકર સ્વરૂપ પકડે તેવો ભય લાગવાથી પોલિસે છોકરાને કમ્પાઉન્ડમાં રાખ્યો હતો. આ દરમ્યાન તેના ભૂતપૂર્વનો પિતા અને હાલના મુનિ ભરતવિજયજી તેની પાસે ગયા હતા. અને છોકરાને પુછતાં છોકરાએ દીક્ષા લેવાની સ્પષ્ટ ના પાડી હતી. મુનિ ભરતવિજયે જણાવ્યું હતું કે હું તેનો પૂર્વાશ્રમનો પિતા છું અને હાલનો એ મારો ગુરૂભાઇ છે. તેણે રાજી-ખુશીથી દીક્ષા છોડી નથી, એમ હું સમજું છું, માટે હું તેને પુછવા આવ્યો છું. પણ છોકરાએ ના પાડવાથી તેમને કંપાઉન્ડ બહાર કહાડયા હતા.

### મારે પાટણ જવું છે, રક્ષણ આપો.

આમ લગભગ કલાક સુધી બન્ને પક્ષના માણસો છોકરાનો કબજો લેવા માટે બહાર ઉભા રહ્યા હતા અને પોલિસ પણ શાંતિનો ભંગ ન થાય તે માટે સખ્ત બંદોબસ્ત રાખી રહી હતી, લગભગ સાડાત્રણ વાગે સદરહુ છોકરાએ સીટી મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થઇને લેખીત અરજી આપી હતી. આ અરજીમાં જણાવ્યું હતું કે હું મારી મા સાથે પાટણ જવા માંગુ છું અને મને કોઈ જાતની હરકત ન થાય તેવો બંદોબસ્ત કરવા મહેરબાની કરશો. સીટી મેજીસ્ટ્રેટે આ અરજી પરથી પોલિસને હુકમ કર્યો હતો કે તેને હરકત ન થાય ને શાંતિનો ભંગ ન થાય તે રીતે પાટણ મોકલવો. આ હુકમ તરત જ ત્યાં હાજર રહેલા સીટી ક્રાઇમ ઇન્સપેક્ટર ખા. સા. કૈકોબાદને આપવામાં આવ્યો હતો. અને હુકમ મળતાં જ પોલિસે છોકરાનો કબજો લીધો હતો.

### પોલિસ પહેરા નીચે પાટણ ભણી.

સદરહુ કાન્તિલાલને અને તેની માને તરત જ પોલિસવાનમાં બેસાડવામાં આવ્યા હતા અને ગાયકવાડની હવેલીએ લઇ જવામાં આવ્યા હતા. જ્યાંથી તરત જ મોટર મારફતે તેને પાટણ લઇ જવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. એક મોટરમાં ચાર પોલિસના માણસો સાથે સદરહુ છોકરાને તેની મા સાથે મોટરદ્વારા રવાના કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત તેની સાથે બીજા કેટલાક જૈનો પણ ગયા હતા.

---

**સોસાયટીની છેલ્લી ઘડી**–અમદાવાદની દીક્ષા ફેકટરીથી નામચીન થયેલ, રૂઢીચૂસ્ત (Orthodox) પક્ષના પ્રાણરૂપ ગણાતી સીસોટી બાઇ (સોસાયટી) નિષ્પ્રાણ–મરણાંત દશા કેમ અનુભવી રહી છે? એ પ્રશ્ન ખાસ આકર્ષક અને ચર્ચાસ્પદ થઈ પડયો છે.

## યુવકસંઘના સભ્યોને સૂચના.

કેટલાક સભ્યો પાસે સં. ૧૯૮૭ ની સાલના મેમ્બરશીના લવાજમો તેમજ સં. ૧૯૮૮ ની સાલના લવાજમો બાકી છે, તે હજી સુધી આવ્યા નથી. તેમને સૂચના કરવાની કે સભ્યોએ પોતાના લવાજમો સંઘની ઓફિસમાં ભરી જઇ છાપેલ પહોંચ લઇ જવી. અગર અમારો માણસ આવે તેને આપી તેની પાસેથી પહોંચ લેવી.

મંત્રીઓ

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.**

## જૈન જગત્.

**રામટોળીની સાધ્વીની પ્રપંચજાળ**-વઢવાણમાં ચોમાસું રહેલી અને જગમશહુર થયેલી સાધ્વી જયાશ્રી આદિની ટોળીએ ત્યાંની ચાર શ્રાવિકાને ભરમાવી-ફોસલાવી તેમના ધણી અને સગાવ્હાલાંથી છાની રીતે નસાડવાની તૈયારી કરાવેલ. પરંતુ તેમના ધણી અને સગાં વ્હાલાંઓને જાણ થતાં તે બાઇઓને સખ્ત દેખરેખ નીચે પૂરા બંદોબસ્તથી રાખવામાં આવેલ છે એવું સંભળાય છે. અને તે સાધ્વીની પ્રપંચજાળમાં ફસાતી શ્રાવિકાઓ બચી ગઇ છે.

**રાતોરાત પલાયન**-રામટોળીના વલ્લભવિજયજી તથા રતનવિજયજી નામના બે સાધુઓ (!) પરગામના કોઈ એક છોકરાને લઇ સાણંદથી તા૦ ૯-૧૧-૩૨ ની રાતોરાત નાઠા છે. ચોમાસામાં અને રાતોરાત આમ વિહાર કરવાથી સાણંદની જૈન જનતામાં ખૂબ ખળભળાટ મચી રહેલ છે. અને કયા શાસ્ત્રના આધારે આવી રીતે સ્વચ્છંદતાનો આશ્રય લેવામાં આવેલ છે તે સંબંધી જનતામાં ઉહાપોહ થઇ રહેલ છે. છેદસૂત્રીયા ખરાને?

**રાજકોટના જૈનો સાવધાન!**-રાજકોટના પરામાં રહેલ સાગરવેલની શરમ કથાવાળો રમણિકસાગર નામનો નામધારી સાધુ ત્યાંના રૂઢીચૂસ્ત શ્રાવકોને દોરા-ધાગા, દીકરા આપવાના મંત્ર-જંત્ર અને કામણ-ટુમણના બ્હાનાથી વશ કરી શહેરના દહેરાસરના ઉપાશ્રયમાં પગપેસારો કરી અડડો જમાવવાની કોશિષ કરી રહેલ છે. જૈનો! સાવધાન! આવા ભ્રષ્ટાચારીથી ચેતશો!

**શિવગંજમાં બોર્ડિંગ**-શિવગંજનિવાસી શેઠ તખ્તરાજજી, શેઠ દેવીચંદજી પાલડીવાળા, ફોજમલજી, પુનમચંદજી અને શિવદાનમલજી આદિ આબુજી શાંતમૂર્તિ શાંતિવિજયજીના દર્શનાર્થે આવેલા તેમને મહારાજશ્રીએ ઉપદેશ આપવાથી શિવગંજમાં બોર્ડિંગ વ સ્કૂલ સ્થાપવાનો નિશ્ચય કરી પોતપોતાની તરફથી સારી રકમ આપવાની ઉદારતા દર્શાવી અને સ્થાપનની તીથિ નિશ્ચય કરી મંગલિક હેતુએ ગોળ ધાણા વેંચી શ્રીફળની પ્રભાવના કરી હતી.

**તેર વર્ષની બાળાની કુરબાની**-અગવરી (મારવાડ)ના રહીશ મૂળચંદ જેતાજી સાથે. ગુંદલા (મારવાડ)ના રહીશ ગુલાબચંદ ચેલાજીએ પોતાની ૧૩ વર્ષની કન્યાનું લગ્ન કરવાનું કર્યું છે, જ્યારે વરની ઉમ્મર માત્ર ૫૦ વર્ષની છે. જ્ઞાતિએ પોરવાડ જૈન છે, આ પ્રદેશમાં પોરવાડ જ્ઞાતિમાં કન્યાવિક્રય પૂર જોશમાં ચાલી રહેલ છે. જાણે કન્યા એટલે બજારનું કરીયાણું કે અનાજ ન હોય? તેવી રીતે કન્યાના વેચાણની સારી રકમ લઇ બુઢ્ઢા સાથે લગ્ન કરાવી વિધવા સમાજમાં વધારો કરે છે. તેવી જ રીતે આ બુઢ્ઢા વરરાજા પોતાની વૃધ્ધાવસ્થાએ તેર વર્ષની કુમળી બાળિકાને ચોરીમાં જ રંડાપો આપી ભવ બગાડવા તૈયાર થયા છે. તે લગ્ન અટકાવવા રાજ્યાધિકારીઓ ઉપર અરજી કરવામાં આવી છે. રાજ્ય બુઢ્ઢા સાથે થતું લગ્ન અટકાવી નિર્દોષ બાળિકાની અંતર આશિષ મેળવશે.

**સાર્વજનિક લાયબ્રેરીનું પુનર્જીવન**-પેથાપુરમાં કેશવલાલ ગીરધરલાલ સાર્વજનિક લાયબ્રેરીનો લાભ જનતાને ઘણા વર્ષો થયાં બીલકુલ મળતો ન હતો. તે નવા પ્રમુખ તરીકે રમણિકલાલ રતિલાલ મ્હેતા B. A. ની નિમણુંક થતાં લાયબ્રેરીને ગામમાં રાખવામાં આવેલ. તેથી તે ફરી સજીવન થઇ છે અને લોકો તેનો સારા પ્રમાણમાં લાભ લઈ શકે છે.

**પેથાપુર સેવા મંડળની પ્રવૃત્તિ**-પેથાપુરમાં પ્રજાહિતાર્થે સેવા મંડળની થોડા સમય પહેલા સ્થાપના થયેલ છે. પરંતુ તેમાં કેટલાક સંભાવિત-પ્રતિષ્ઠિત ગૃહસ્થ વર્ગને ઇરાદાપૂર્વક અલગ રાખવામાં આવેલ છે. તો તે મંડળના કાર્યવાહકો આવો ભેદભાવ દૂર કરી ગામની પ્રજાનો પૂર્ણ સહકાર મેળવી નિઃસ્વાર્થભાવે સેવા કરી મંડળને એક આદર્શ મંડળ બનાવશે.

**જૈન કોળી ભાઇઓ યાત્રાર્થે**-છોટા ઉદેપુરના કેટલાક કોળી ભાઇઓ જેમણે છેલ્લાં કેટલાંક વર્ષો થયાં જૈન ધર્મનો સ્વીકાર કર્યો છે, તેઓ પૈકી થોડા ભાઇઓ અમદાવાદ યાત્રાર્થે આવ્યા છે અને ત્યાંથી તેઓ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાર્થે જનાર છે.

**હરિજનોનું જૈન બંધુને ત્યાં ભજન**-અમદાવાદમાં શ્રી કેશવલાલ મલુકચંદ શાહને ત્યાં તા૦ ૩-૧૧-૩૨ ના રોજ રાત્રે હરિજનોના ભજન થયા હતા, જે પ્રસંગે હરિજનોને હાથે પ્રસાદ વ્હેંચવામાં આવ્યો હતો. જૈનો! આ બંધુનો દાખલો લઇ હરિજનોને અપનાવશે કે?

**સનાતની માજી દિવાન**-રાધનપુર સ્ટેટના સનાતની માજી દિવાન શ્રીયુત્ ચંદુભાઇ મુંબઇથી પ્રકાશ પામતી "સનાતન ધર્મ પત્રિકા"ની વ્હારે કેવી રીતે ધાય છે તે અતિ રમુજી છે. ગત નૂતન વર્ષના સુપ્રભાતે અભિનંદન આપવા અગ્રગણ્ય શહેરીઓ તેમના માજી ઉંચા હોદ્દાને માન આપી મુલાકાતે ગયા હતા. તે દરમ્યાન આ ભાઇઓને ગોળ ગોળ સમજાવી કહ્યું કે-"ભાઇ! આ પત્રિકાના તમો ગ્રાહક થાવ" શરૂઆતમાં તો તે ભાઇઓએ 'ન'કારમાં જવાબ વાળ્યો. પરંતુ તેમના અતિ આગ્રહની શરમમાં તેઓ ખેંચાઇ ગયા. અને ઘણાઓને ગળે આ લાકડું વળગાડયું. આથી કદાચ માજી દિવાન એમ માનતા હશે કે અહિની પ્રજા ધર્મચૂસ્ત થઇ કહેવાતા સનાતનીઓના બાહ્યાડંબરમાં મોહાઇ જશે. પરંતુ તેમને કયાં ખબર છે કે જે રાધનપુરની જનતા પ્રગતિને માર્ગે કૂચ કરી રહી છે તેનો અવરોધ કરતાં તેમનો કચ્ચરઘાણ વળી જશે.

## ગ્રાહકોને સૂચના.

સ્થાનિક તેમજ બહારગામના ગ્રાહકોને સૂચના કરવામાં આવે છે કે દરેક ગ્રાહકોએ ગઇ સાલના લવાજમો જેમની પાસે બાકી છે તેમણે મનીઓર્ડરથી મોકલી આપવા, અને સાથે ચાલુ વર્ષનું લવાજમ પણ મોકલી આપવું. જેમનું લવાજમ આવતા અંક સુધીમાં નહિ આવે તેમને ગઇ સાલ અને ચાલુ સાલના લવાજમનું વી. પી. કરવામાં આવશે.

જેમને ગ્રાહક તરીકે રહેવા ઇચ્છા ન હોય તેમણે અમને પોસ્ટ કાર્ડદ્વારા ખબર આપવી, જેથી નાહકના પોસ્ટ ખર્ચમાં ઉતરવું ન પડે.

વ્યવસ્થાપક,
"પ્રબુદ્ધ જૈન"

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

જ્ઞાતિ અને ધોળ

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૫ મો. |
| વાર્ષિક રૂ. ૨-૮-૦ | તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | શનીવાર તા. ૨૬-૧૧-૧૯૩૨. |

## એક પ્રશ્ન.

"ધનુ દેશાઇ"

કોકીલા ટહૂકતી હતી, એનાં મીઠાં મીઠાં મધુરાં ગાન 'ટહુ ટહુ'ના ધ્વનિ સારાયે વન્ય પ્રદેશમાં મધુરતા સીંચન કરતાં અગમ્ય ભાવો પ્રદર્શિત કરતાં હતાં, અને એ નવ પલ્લવિત વૃક્ષો વિહંગોના મધુરાં મંજુલ કલ્લોલોમાં આનંદ મગ્ન થતાં વિણામુગ્ધ સર્પશા ડોલી રહ્યાં હતાં, એના ડોલનમાં અજબ માધુર્ય હતું એના હાલનમાં અનેરાં ગુહ્યાર્થ ગુંથાયેલા હતા અને એ પેલો છે સહસ્ત્રરશ્મિ નૈસર્ગિકના પ્રાકૃતિક સૌંદર્યમાં વિલીન થતો ઉંડોને ઉંડો નીચે ઉતરી રહ્યો હતો.

લીલી લીલી કુંજો-હરીઆળા ક્ષેત્ર પર બેઠો બેઠો એ માનવી કો' ગહન વિચારવમળમાં ગોથાં ખાતો અગમ્ય સ્થાને ભ્રમણ કરી રહ્યો હતો, એકાએક તે ઉઠયો, પાસેના લત્તામંડપમાં જઇ કુદરતી સૌંદર્યને નિરક્ષવા લાગ્યો, તેના સૌંદર્ય પિપાસુ નયનોને કાંઈ શાંતિ વળી, તેનું મુખાર્વિંદ સ્મિતથી ચમકયું. તે નિરખતો નિરખતો લતામંડપના ઉપરના ભાગે ખીલેલી એક સુંદર વેલ સમીપે આવી રહ્યો, ત્હેના સૌંદર્યપર માનવી ઘેલો બન્યો. એ વિકસેલ સુંદર વેલને નિરખી રહ્યો.

એકાએક ત્હેના પરવાળાશા ઓષ્ઠો ખીલ્યા, અંદરથી મધુરો ધ્વની નિકળ્યો, અય વેલ ! કો' ક્રૂર માનવી અહિં આવી આ તારી સુંદર સુકોમળ દેહલતાને કચરી નાખે તો ?

"તો શું વળી ? આ હૃદય આનંદભીનું બને"

કેમ ? શું તારા હ્રદયમાં જરાયે કષ્ટ ન થાય ? "શાને થાય ? મ્હારી આ દેહલતા છૂંદવામાં પણ ત્હેનાં હ્રદયમાં આનંદ સ્ત્રોત તો ઝરશે ને ! એટલી ઉપયોગિતા આ મારા અંગની ખરીને ? કોઇના ક્ષણિક આનંદને ખાતર પણ સર્વસ્વની આહૂતિ દેવી એનુ નામજ ખરો આનંદ.

માનવી પ્રત્યુત્તર સાંભળતાં જ સ્તબ્ધ બન્યો, પુનઃ તે વિચારવમળમાં સરી પડયો, ધીમે પગલે પાછો ફર્યો વળી અટકયો, મુખ વ્યોમ પ્રતિ ફેરવ્યું, એક ઉદ્‌ગાર કાઢયો "અહા ! તે પણ ચૈતન્ય ! પારકાને આહૂતિ આપવાની શુધ્ધ ભાવના ! અડગ ધગશ ! જ્યારે એકજ વસ્તુ પણ પારકાને બલિદાન આપવાની મહત્વાકાંક્ષા ધરાવે છે, ત્યારે આ જગતના માનવી પોતાના સ્વાર્થમાં અહોનિશ રચીપચી રહે છે ! કેવું આશ્ચર્ય ? એક જડ બીજું ચૈતન્ય ! એકનો સ્વાર્થ બીજાનો પરમાર્થ !"

માનવી નિશ્વાસ નાંખી જમીન પર ઢળી પડયો, નિશાદેવીએ પોતાનું સામ્રાજ્ય સર્વત્ર ફેલાવી દીધું. ઉષાના રંગ બેરંગી સ્વસ્તિકોને બદલે આભમાં રૂપેરી તારલીઆઓ નાચવા લાગ્યા, સાથે સાથે જડવસ્તુની પરમાર્થવૃત્તિ પણ શું મનુષ્યોમાં નાચશે કે ?

સૃષ્ટિના ઓ માનવીઓ ! આપશો કે પ્રત્યુત્તર આ પ્રશ્નનો ?

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૬-૧૧-૩૨.

## જ્ઞાતિ અને ઘોળ.

(૧)

જ્ઞાતિ બંધારણના ઇતિહાસ તરફ દૃષ્ટિ ફેંકીશું તો આપણી સમાજમાં જ્ઞાતિબંધારણને સ્થાન જ નહોતું. જૈનધર્મ પાળનારનું સામાજીક બંધારણ જ વિશાળ છે. એટલે જૈનધર્મ પાળનાર (જેઓ પ્રભુના શાસનમાં છે) દરેકની સાથે બેટી વ્યવહાર અને રોટી વ્યવહાર થતો હતો. એમ ભૂતકાળ તરફ દૃષ્ટિ કરતાં સમજાય છે. પાછળથી જેમ જેમ નવા ગચ્છો અને નવા ભેદો શરૂ થતા ગયા તેમ તેમ ઓશિયા, શ્રીમાળ (ભિનમાળ) ગોડવાડ ઉપરથી ઓશવાળ, શ્રીમાળીને પોરવાડની જ્ઞાતિઓ બંધાણી, એમાંથી દશા અને પાંચા વિભાગ પડ્યા, દિવસે દિવસે એટલી હદ સુધી સંકુચિતતા દાખલ થઇ કે મહાસાગરમાંથી મહાનદીમાં, નદીમાંથી તળાવમાં અને તળાવમાંથી છેવટે એક ન્હાના ખાબોચીઆમાં લેવડ દેવડના વ્યવહાર ઉપર આવ્યા, જ્યારથી વિશાળતાની જગ્યાએ સંકુચિતતાએ પગપેસારો કર્યો ત્યારથી દિવસે દિવસે સમાજની અવનતિ શરૂ થઈ, તે એટલી હદે પહોંચી કે સતરમી સદીમાં ચાળીશ લાખની હતી તે ઘટીને વીશમી સદીમાં દશ લાખ ઉપર આવી પહોંચી અને જે રીતે ઘટાડો ચાલુ રહ્યો છે તેજ રીતે ચાલુ રહે તો થોડા જ વર્ષમાં પૃથ્વીના પડ ઉપરથી નામ ભૂંસાઇ જવાની ધાસ્તી રહે. વેવલાંઓ કહે છે-'પડતો કાળ છે' આવું કહેનાર સમજે કે બીજી કોમોની ઉન્નતિ અને આપણી જ શાથી પડતી? ઉડાઉ શબ્દોથી મન મનાવી હાથ જોડીને બેસી રહેવા કરતાં સમાજની પડતીના મૂળ કારણો તપાસીએ અને તેના ઉપાયો યોજીએ તો જરૂર ઉન્નતિ થાય ! એટલે હાલના જ્ઞાતિ બંધારણોથી જૈન સમાજને કેટલું સહન કરવું પડ્યું છે, કેટલી અધોગતિ થઇ છે તેનો પહેલો વિચાર કરીએ.

હાલના જ્ઞાતિ બંધારણોની સંકુચિત સ્થિતિના લીધે ઓશવાળ પોરવાડમાં, પોરવાડ શ્રીમાળીને એટલે એક જ્ઞાતિવાળો બીજી જ્ઞાતિને કન્યા નહિ દે. એટલું જ નહિ પણ એક શહેરવાળો પોતાની જ જ્ઞાતિના બીજા શહેરવાળાને નહિ દે, એટલે પરિણામે એક જ્ઞાતિમાં કન્યાની છત હોય અને બીજે સ્થળે મૂરતિયાની છત હોય તો પરિણામ એ આવે કે અરસપરસ બેટી વ્યવહારની બંધીથી બન્નેની પાયમાલી થયે જ છૂટકો ! તેના દાખલા તરીકે દરેક જ્ઞાતિના ચાલુ સૈકાની સંખ્યાનો હિસાબ કાઢશે તો સ્હેજે સમજાશે કે સો વર્ષ ઉપર જે સંખ્યા હતી તેમાં આજે મોટું ગાબડું પડ્યું છે.

સર્કલમાં જ દેવાના બંધારણથી કન્યા કેળવણીને મજબૂત ફટકો પડ્યો છે. પોતાની જ્ઞાતિમાં કે ઘોળમાં કેળવાયેલા મૂરતિયાના અભાવે કન્યાનો પિતા નાતબહારના ડરથી પોતાની દીકરીને ઉંચી કેળવણી ન આપતાં નાતમાં જ જે મળે તેને વરાવી દે, પરંતુ સમગ્ર જૈનોમાં જ દેવાનો રિવાજ હોય તો કેળવણીના હિમાયતી વાલીઓ જેટલો રસ પુત્રને કેળવવામાં લે તેટલો જ પુત્રીને કેળવણી આપવામાં લે. નવાઈ જેવી વાત તો એ છે કે પુત્રને માટે કન્યાને બહારથી લાવવામાં આવે તો છૂટ, પરંતુ દીકરીને બહાર દેવામાં આવે તો નાતનો મહા ગુન્હો ગણાય.

જ્ઞાતિ બંધારણોમાં પલ્લુ, પહેરામણી, વેવિશાળ, લગ્નની આપ લે ના કાયદા, દીકરી બહાર ન દેવાના કડક કાયદા, બહારથી લાવનાર માટે મેજરનો કાયદો, જમણવારો કેમ કરવા, ક્યારે કરવા, કેવી ને કેટલી આપ લે કરવી તેના કાયદા, મુસાળાં, વરોઠી, ટીલી, વરઘોડાની આપ લે વગેરે કાયદા એ જ્ઞાતિ બંધારણ. આવા બંધારણો, સાથે જ્ઞાતિજનોની મનોદશાનો વિચાર કરશું.

પચાશથી સાઠ વર્ષના બુઢ્ઢાઓ ગભરૂ બાળા સાથે લગ્ન કરી તેનો ભવ બગાડી શકે. લગ્નમાં લહાવા લેવાના બ્હાના નીચે તેના કહેવાતા વાલીઓ ઢીંગલા ઢીંગલી જેવા બાળકો પરણાવીને જ્ઞાનની પરબોનાં પાન કરતાં અટકાવે. આબરૂના ઓઠા નીચે પારણામાં ઝુલતાં દૂધમલ દીકરા-દીકરીનાં વેવિશાળ કરી ફુલણજી પેઠે ફુલે કે-મારાં છોકરાં પારણામાં ઉતરે છે. ધણીનો બે ચાર માસ પણ જેણે પલ્લો સેવ્યો નથી. અરે ! જેણે પતિને નિરાંતે નિરખ્યો પણ નથી. તેવી બાળ વિધવાઓને લગ્નની પરવાનગી આપતાં નાતની આબરૂ લૂંટાતી દેખાય. ત્યારે બીજી બાજુ ત્રણ-ચાર વાર વરરાજા બની ત્રણ ચાર બાળકનો પિતા થયો હોય, જેમાં એક બે બાળક તો ઘર સંસાર પણ માંડી ચૂક્યાં હોય તેવા પિતાઓ તૃપ્તિ નહિ થવાથી ચોથી-પાંચમીવાર વરરાજા બની શકે છે. લોકો તેના લગ્નમાં મ્હાલી શકે છે. એક બાળ વિધવા લગ્ન કરવાની હિમ્મત કરે તો તેને હડધૂત કરવામાં આવે છે. અને તેનો બહિષ્કાર સુદ્ધાં થાય છે. વિધવા એટલે અપશુકનીયાળ, વિધવા એટલે બિનઉપયોગી પ્રાણી, સ્ત્રી એટલે પગની મોજડી. પુરૂષનો કાયમી વિયોગ એ સ્ત્રીનો જીવન પલટો. સ્ત્રીનો કાયમી વિયોગી એટલે ભીના જ લુગડે વેવિશાળ, પુત્ર પ્રાપ્તિ એટલે આનંદ, પુત્રી પ્રાપ્તિ એટલે શોક, આ છે માનસિક સ્થિતિ !

જ્ઞાતિવહીવટની પ્રથામાં જે સ્થળે જ્ઞાતિ ભેગી થવાની હોય તેવારે કામકાજની માહિતી સિવાય સ્થળ ને વખત માટે ટેલીઓ-ગોર-પંડ્યો જે હોય તે ઘર દીઠ ફરી આવે. વખતસર નાતિલા ભેગા થવા માંડે, ભેગા થયે બે કલાક પસાર થઈ જાય. મોટો ભાગ આવી ગયો હોય, પરંતુ શેઠ, પટેલ કે અમુક માણસો ન આવ્યા હોય ત્યાં સુધી આવેલામાં કોઈ ઝોકતું હોય! કોઇ ગામ ગપાટા મારતા હોય! જ્યારે શેઠ-પટેલ પધારે એટલે જ નાત ભેગી થયેલી ગણાય. કામ શરૂ થાય. શેઠ-પટેલ પધારતાં મૌનની સનસનાટી ફેલાય. કોઇ મ્હોં ઉઘાડે જ નહિ, આખરે અગાઉથી કરેલ ગોઠવણ પ્રમાણે કલાક બે કલાકે એકાદ જણ વાત ઉપાડે અને વાતચિત શરૂ થાય. બંધારણના

અભાવે શેઠ-પટેલોએ જે નક્કી કર્યું હોય તે પ્રમાણે નક્કી કરવાના પેતરા ગોઠવાય. કોઇને સત્યવક્તા તરીકે વાત કરવાની ટેવજ નહિ એટલે જેને દાવ-પેચ કે મુત્સદીગીરી કહે છે તે પ્રમાણે વાતો થાય. આખરે નિર્ણય થાય, બહુમતિ-લઘુમતિનું ધોરણ જ નહિ, એટલે ઘણા ભાગે શેઠ-પટેલની ધારણા નક્કી થાય. છતાં કોઇ લક્ષ્મિનંદન વિરોધ કરે તો તેને સમજાવી લેવાય. બાકીનાની પરવા ઘણી ઓછી. આ સિવાય શેઠ-પટેલને ચાર ચોદશીઆઓએ કોઇને પીખી નાખવાનું નક્કી કરી રાખ્યું હોય ત્યારે નાત ભેગી કરી જુદું જ કાર્ય આદરી હુંસાતુંસીમાં લોકને થકવી નાખી કામ મુલતવી રાખવા જેવો ડોળ કરી અથવા બીજું કામ કરીને વિખરાઈ જવાની શરૂઆત થાય. કોઇ આડા થાય. કોઈ બીડીઓ ફુંકે ને મોટો ભાગ વિખરાઈ જાય. પછી મોડેથી સાધી રાખેલાઓને એકઠા કરી જેને પીખી નાખવો હોય અગર જે કાર્ય કરવું હોય તે કરીને વિખરાઇ જાય. સવારમાં ઉઠતાં જ નાતિલા નિર્ણયો સાંભળે. અકળાય, છતાં એ નિર્ણયો નાતને માથે ઠોકાય.

નાતનું બંધારણ, માનસ અને વહીવટ કરવાની પદ્ધતિ જોતાં કોઇ એમ કહેશે કે નાત ગંગાનો પ્રવાહ છે! જેઓની સત્તા સરી જતી હશે. જેઓને લાંબો વિચાર કરવાની બુદ્ધિ બુઠી થઇ હશે તેવા કલમે અને વાણીએ કહેવાના. કહે છે કે- 'નાત ગંગાનો પ્રવાહ છે. તેને તોડે તેનું ઘર તૂટે.' આવા શ્રાપ દેનારા એટલું જ સમજે કે ગંગા પતિત પાવન (પરોપકારી) છે તેથી એને ગંગાનું વિશેષણ લગાડયું. હાલની નાતો ગંગાનો પ્રવાહ છે? તે પતિતોને પાવન કરનારી છે? કે પતિત કરનારી છે? રક્ષક છે કે ભક્ષક છે? એ ગંગાનો પ્રવાહ કહેનારા તેની હાલની સ્થિતિમાં જ રાચનારા વેગળે નહિ જતાં પોતાની જ જ્ઞાતિના હિસાબ કાઢે કે વીશમી સદીની શરૂઆતમાં કેટલી વસ્તી? હાલ કેટલી વસ્તી? વસ્તી ઘટવાનું કારણ શું? કેળવણીમાં કેટલા આગળ વધ્યા? વગેરે જ્ઞાતિ ઉન્નતિના પ્રશ્નોનો-વિચાર કરશે તો દરેકમાં ઉધાર બાજુ જ દેખાશે. જમે તો મીંડુ (૦) જ જણાશે. આ સ્થિતિમાં સમાજની ઉન્નત્તિ નથી. પણ અવનતિ છે. એટલે કેવું બંધારણ હોય તો ઉન્નત્તિ થાય તેનો વિચાર આવતા અંકે—

# પ્રાસંગિક નોંધ.

## કેશરીયાજી.

જૈન સમાજના કેશરીયાજી તીર્થમાં સેવાનિમિત્તે પેટ ભરવાની દાનતે રહેતા પંડયાઓથી સમાજ માહિતગાર છે? તે પંડયાઓ જૈનોની નબળાઇ જોઇને 'નબળાની વહુને જોરૂ કહે' એ રીતે ત્રણ વિભાગમાં વહેંચાઇને પંડયાઓ જે લુટ ચલાવી રહ્યા છે, તે લુંટથી જૈન સમાજ અજાણ હોય તો જાણીતી થાય.

પહેલો વિભાગ-ભંડારમાંથી એકત્ર થતા પૈસામાંથી ૩૫ ટકા ઉઠાવે છે.

બીજો વિભાગ-અમુક બોલીમાં લાગો લે છે.

ત્રીજો વિભાગ-ભંડાર, બોલી ને યાત્રિકો પાસેથી લાગો લે છે.

આ સંયોગોમાં મૂળ ગભારાના ભંડારમાંથી ૩૫ ટકા-ઉઠાવે, રંગમંડપના ભંડારમાંથી ચાંદી સિવાય તમામ હલકા સિક્કા ઉઠાવે, આરતી વખત થાળીમાં રૂપીયા કરતાં ઓછી રકમ એકત્ર થાય તે ઉઠાવે.

આ પ્રમાણે ભક્તિ નિમિત્તે સીધી કે આડકતરી રીતે પંડયા પોષણ થાય છે. છતાં આટલા લાગાથી ન ધરાતાં ઉદેપુર રાજ્યના છેલ્લા ફેંસલાના આધારે પૂજા, પ્રક્ષાલને બોલીની આવક માગે છે. એટલે કેશરીયાજી તીર્થ પંડયાઓના નિભાવ માટે આવક સ્થાન બને છે. છતાં આપણે ચોરીયે છીયે. શું જાત્રાએ જવા છતાં પંડયાઓના ઘરમાં જાયે તેવામાં એક પાઇ પણ ન વાપરીયે તો જાત્રાના ફળમાં ઉણપ રહેશે? દેવ રૂઠશે? એ તો નિરંજન નિરાકાર છે. એને મારૂં તારૂં કશુયે નથી, સૌ સરખા છે, તો પછી યાત્રાએ જનાર તેવા ખાતાઓમાં ન ખરચવાનો નિરધાર કરે તો શું ખોટું છે?

પંડયાઓ કેશરીયાજીના ધણી નથી, પણ સેવક છે. છતાં ધણીયાપુ કરવાની તેમની મનોદશાનો એક નમુનો બહાર આવ્યો છે. તેઓ ઉદેપુરના ન્યાય મંદિરે પોતાની અરજી નોંધાવતાં જણાવે છે કે 'હિન્દુઓના પ્રાચિન પુસ્તક શ્રી ભાગવતમાં રૂષભદેવજીને આઠમા અવતાર તરીકે માનવામાં આવ્યા છે અને કેશરીયાજીમાં જે રૂષભદેવ છે તે તેજ પ્રતિમા છે. માટે આ તીર્થ જૈનોનું નહિ પરંતુ અમારૂં છે એટલે આ સ્થાન જૈનોનું જ નહિ પરંતુ વૈષ્ણવનું છે.

કેશરીયાજી તીર્થ જૈનોનું છે, તેની અનેક સાબિતીઓ છે. છતાં પેટ માટે રહેતા પંડયાઓની મનોદશાથી જૈન સમાજ જાગે. અને તીર્થ ઉપર ઘેરાતા વાદળ વિખેરવા મૌન તોડી ગામેગામના સંઘ નિરધાર કરી કેશરીયાજીની યાત્રાએ જનારને સુણાવી દે કે,

ભંડારમાં કે બોલી બોલીને એક પાઈ પણ ન વાપરો.

પંડયાઓ સાથે પૂરેપૂરો બહિષ્કાર કરો.

અમને ખાત્રી છે કે કેશરીયાજીમાં પંડયાઓ જે લૂટ ચલાવી ધણી થવાના મોરચા બાંધવાની બેવકુફાઈ આદરી રહ્યા છે તેના ઓસડ તરીકે દરેક સંઘ જરૂર એટલું કરશે.

## પટણીઓને.

એ મુંજાલના પાટણમાં-જૈનપૂરીમાં હાલના સંજોગોમાં જે સંગઠ્ઠન જોવામાં આવે છે તે પ્રશંસનીય છે. તેમાંયે પુરૂષવર્ગ કરતાં સ્ત્રી વર્ગમાં સમાજ ઉન્નત્તિની તમન્ના વધારે લાગી હોય તેમ જણાય છે. છતાં આગળ ધપવામાં દીક્ષાના પ્રશ્ન સિવાય દરને ડેર લાગે છે.

સંઘ બંધારણનો કાચો ખરડો કેટલાક વખતથી કમીટિએ તૈયાર કરીને સોંપ્યો છે, છતાં કયા સંજોગોના લીધે હજુ સંઘની મીટિંગમાં નથી મૂકાતો? સંઘ તો બંધારણ ઇચ્છે છે! ત્યારે બીજા કામના બોજા અંગે કે પ્રમાદના અંગે આળસ થાય છે? એ બંધારણ ઉન્નતિનો પાયો છે. તમારામાં સંગઠ્ઠન, હિમ્મત ને કામ કરવાની ધગશ છે, સંજોગો અનુકુળ છે, તમે જે ધારો તે સુધારા કરી શકો તેમ છો, એટલે સમાજ ઉપયોગી સુધારા કરીને જરૂર બીજાને આદર્શરૂપ બનશો.

## સમાજ પરિસ્થિતિ.

આખી સમાજને રૂઢીના બંધનો કોરી રહ્યાં છે, તે આખી સમાજ સમજે છે, છતાં રૂઢીથી ટેવાયેલા એ રાહ બદલતાં અચકાય છે, અને જેઓ સુધારા કરવાની વાતો કરે છે તેઓ

# સ્વચ્છ રહેણી કહેણી.

આપણા અનેક સામાજીક પ્રશ્નો માંહેથી સૌથી અગત્યનો પ્રશ્ન તે જનતાની તંદુરસ્તી અને સ્વચ્છ રહેણી કહેણીનો છે, જીવન તો સૌ કોઈ જીવી જીવીને વ્યતીત કરે છે પણ જીવન જીવવામાં અને વિતાવી કાઢવામાં ઘણો તફાવત રહેલો છે. જે મનુષ્ય અસ્વચ્છ જીવન ગાળી, તેની આસપાસના વાતાવરણને પણ તેવું અસ્વચ્છ બનાવે છે તેને નાગરિકતા (Citizenship) ના હક્કોનું અને તેની ફરજોનું ભાન નથી તેમ જરૂર કહી શકાય.

આ વિષય પ્રત્યે આપણી પ્રજામાં અત્યંત ઉદાસીનતા છે: એ એક શોચનીય વાત છે. આપણા શિક્ષિતોમાંથી 'જાહેર તંદુરસ્તી' પરના સરકારી પ્રકાશનો બહુ ગણ્યા ગાંઠ્યાજ વાંચતા હશે. હિન્દનું જન્મ અને મરણ પ્રમાણ, વર્ષ દરમ્યાન ફાટી નીકળેલ રોગો અને તે ઉપર લેવાયેલા ઉપાયો, ચિકિત્સા માટેના સાધનો અને આ સર્વની કોઈ પ્રગતિમાન દેશની પરિસ્થિતિ સાથેની સરખામણી, આવી અનેક માહિતીઓ વાંચક તે માંહેથી મેળવી શકે છે. આપણે મોજશોખો અને જમણવારો પાછળ જે ધન વ્યય કરીએ છીએ તે શુદ્ધ અને સ્વચ્છ જીવન ગાળવા સારૂના પ્રયાસો પાછળ ખર્ચીએ તો તે અનેક રીતે લાભદાયી નીવડશે. **મુંબઈના જૈન સમાજમાં આ દિશા પ્રતિ. જૈન સેનેટરી એસોસીએશન, સાહિત્ય પ્રચાર અને "જાદુઈ ફાનસ" દ્વારા યથાશકિત પ્રયાસ કરી રહેલ પરંતુ તે સંસ્થાના પ્રયત્નોને વધારે જાહેરાતની જરૂર છે તેમ જ ધનવાનો અને કુશળ ડોકટરો તરફથી ઉત્તેજનની પણ તેટલી જ જરૂર છે.** પ્રત્યેક આંગણે સાધારણ માંદગી અને અનેકવિધ વ્યાધિઓએ અડ્ડો જમાવ્યો હોય છે. અને લોકો 'પેટન્ટ' દવાઓ અને દવાના મિશ્રણો પાછળ જે કાંઈ ખર્ચે છે તેનાથી ૧ ૧૦ ભાગ સ્વચ્છ રહેવા પાછળ ખર્ચતા હોય તો તેમની ઘણી પીડાઓ ટળે.

યુરોપના એક પાટનગરમાં જાહેર રસ્તા પર થુંકવાની મનાઈ છે, જ્યારે આપણા અજ્ઞાન ભાઈઓ અનેકવિધ ગંદકીઓથી જાહેર કે ખાનગી અવરજવરના રસ્તાઓને વિભૂષિત (!) કરતાં જરાપણ ક્ષોભિત થતા નથી. સામાન્ય પરદેશીઓ આપણી કિંમત રહેણી કહેણી પરથી આંકે છે અને આ આંકણી પરથી આપણે કેટલા પશ્ચાત છીએ યા તો પ્રગતિમાન છીએ તેનું માપ નીકળે છે. દેશને જેટલા રાજ્યવિદ્યાવિશારદોની જરૂર છે તેટલી જ સમાજ સુધારકોની જરૂર છે તેમ કહેવામાં કશું ખોટુ નથી. મુંબઈના માળાઓ નરકાવાસનું પ્રતિબિંબ પૂરૂં પાડે છે. ચોક, દાદર કે આંગણું ગંદકીથી ભરપૂર હોય છે. અંધારાના ઇજારદાર દાદરોને પગથીએ કે કઠેડે એઠાં કે લીટભર્યા હાથ લગાડતાં તે વ્યકિતને કશો પણ ખ્યાલ હોતો નથી. કમભાગ્ય એ છે કે આવા દુર્ગંધ મારતા લત્તાઓમાં જ્યારે કોઈ શિક્ષિત જન વસે છે ત્યારે તે પણ સારો દાખલો બેસાડવાને બદલે ઉપરોકત વ્યકિતઓ માંહેનો એક થઈ જાય છે. આરોગ્યના સામાન્ય સિદ્ધાંતોનું આવું ઘોર અજ્ઞાનપણું એ દેશનું કમભાગ્ય છે.

આવા વાતાવરણમાં ઉછરેલ દેશ સંતાનો અનેક પીડાઓથી સીદાઇ જીવન વ્યતિત કરે છે. હેરફેરની સારી જગ્યાના અભાવે અને ખાવાની અનેક કુટેવોને લઈ તેમના શરીરો કાંતો લાંબા વાંસડા જેવા સુક લકડી કે કાંતો પીપ જેવા સ્થૂલ હોય છે. સ્વરક્ષણની તેમને ઓછી જ ચિંતા હોય છે તેમનું રક્ષણ નગર રક્ષકો (Police force) પર અવલંબિત હોય છે. આવા કલુષિત વાતાવરણમાં જે માનસ ઘડાયું હોય તે માનસની વિચાર કરવાની બારીઓ પૂર્ણ ઉજાસભરી હોય કે કેમ તે શંકા છે. અને આવાં અનેક માનસો દેશને ઘડે છે યા પ્રજાનું ચારિત્ર બાંધે છે. આપણે કેટલી દુ:ખદાયક અને ઉકળાટ ઉપજાવનારી સ્થિતિમાં છીએ તેનો કંઈક ખ્યાલ, ઉપરોકત લખાણ પરથી વાંચકને જરૂર આવશે.

કેટલેક અંશે આ સર્વનું કારણ ગરિબાઈ છે. પરંતુ આપણી બેદરકારી અને આળસથી આપણે આપણા જીવનનું ધોરણ વિશેષ નીચું બનાવીએ છીએ. જેટલી દરકાર માળાના માલિકો અને સુધરાઈ ખાતાએ રાખવાની છે તે કરતાં વિશેષ સંભાળ નાગરિકોએ રાખવી જોઈએ એટલે કે તેમનો સહકાર વિશેષ ઉપયોગી છે.

આ પ્રાથમિક કાર્ય કર્યા બાદ આપણે વ્યાયામશાળાઓ અને તેવા અનેકવિધ સાધનોથી પ્રજાદેહ સુદૃઢ બનાવીશું.

**—નાનાલાલ દોશી.**

---

જ રૂઢીના કેટલા તાબેદાર છે તેના હેવાલો અમારી પાસે આવી પડયા છે, તેમાં સૌથી મહત્વનો હેવાલ પાલણપુરનો છે. યોગ્ય સુધારા અંગે વિચાર કરવા ત્યાંના મહાજને દોઢેક વર્ષ ઉપર એક સુધારા કમીટિ નીમેલી, છતાં હજુ સુધી કમીટિ કશું કરી શકી નથી. તેમ ગયા વર્ષમાં યુવાનોએ કમીટિને જાગૃત કરવા મહેનત કરી પણ છોટા પટેલોની રૂઢી ચુસ્તતાને લીધે પરિણામ શૂન્ય (૦) માં જ આવ્યું, યુગને પીછાન્યા વગર ઢીંગલા ઢીંગલીના વેવિશાળ કે લગ્નોના પરિણામો સંતોષકારક નથી આવતાં. પરંતુ સંતોષકારક પરિણામ માટે એક બીજાની સંમતિથી યોગ્ય ઉમરે લગ્ન થાય. તો ટુંકા ગાળામાં ચારેક સગપણ તુટયાં તે ન તુટે, બે ત્રણ તુટવાનું સંભળાય છે તે ન સંભળાય. ચાર પાંચ જણ એક પત્નિ ઉપર બીજી પત્નિઓ કરવાના કોડ સેવી રહ્યા છે તે ન બને. આ બધું દેખાય છે, સંભળાય છે, છતાં લ્હાવાની કે મોટાઈની લતમાં પાંચ છ સગપણો એવાં થયાં છે કે ભાઈ હશે સોળ વર્ષના તો બાઈ હશે વીશ વર્ષની, અને આવાં કજોડાંનો ચેપ એટલે સુધી વધ્યો છે કે થોડા દિવસોપર થયેલ સગપણમાં પણ એ સ્થિતિ છે.

આ સ્થિતિમાં સગપણો કરવાના પરિણામ સમજો છો છતાં તમારા લ્હાવાની લતે તેનું અહિત કરો છો તે નથી સમજાતું ? પાલણપુર તો શું પણ જૈન સમાજમાં ઘણે ઠેકાણે આ સ્થિતિ ચાલતી હશે, પણ પાલણપુર કેળવાયેલું (!) છે, અને કહેવાય છે કે ત્યાંનાં જૈનોનું માનસ સ્વતંત્ર(!) છે. એટલા પૂરતો ત્યાંનો દાખલો લઈએ છીએ. પુત્ર કે પુત્રીને પરણાવવાની ઉતાવળ કરતાં તે ઇચ્છે તેટલું ભણાવો, તેમાં જ તમારૂં, સમાજનું અને દેશનું હિત છે.

---

**દેવું ચૂકવાય તો દીક્ષા લઉં**—દેવું આપીને દીક્ષા અપાવનાર એક શેઠે પોતાનું દેવું ચૂકવાય તો દીક્ષાની અભિલાષા ધરાવનાર લીંબડીવાસી એક યુવકનું દેવું આપવા માટે **નન્નો** ભણેલ છે ઘર બાળીને તીર્થ કોણ કરે ?

# આચાર્યશ્રી બુદ્ધિસાગર ઉપર મૂકેલા આળ સામે જૈનોનો વિરોધ.

## સાણંદ

સં. ૧૯૮૯ ના કારતક સુદી ૧૩ ને ગુરૂવારના રોજ જૈનોની જાહેર સભા શેઠ કેશવલાલ ચતુરભાઇના પ્રમુખપણા નીચે મળી હતી, જેમાં નીચે પ્રમાણે ઠરાવો કરવામાં આવ્યા હતા.

**ઠરાવ ૧.**

જૈનોની તેમજ જૈન ધર્મની ઉન્નતિ માટે સદ્‌ગત આચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ શારીરિક તથા માનસિક ભોગ આપી અથાગ પરિશ્રમ વેઠી જૈનો ઉપર મહાન ઉપકાર કર્યો છે તે માટે જૈન કોમ તેઓશ્રીની સંપૂર્ણ ઋણી છે. અને સાણંદના જૈનોની આ જાહેર સભા સદ્‌ગત આચાર્યશ્રીના પ્રયાસ માટે ખાસ આભારની લાગણી સાથે પૂજ્ય ભાવ દર્શાવે છે.

**ઠરાવ ૨.**

સં. ૧૯૮૯ ના કારતક સુદી ૧૧ ને મંગળવારની રાત્રે પ્રતિક્રમણની ક્રિયા પૂર્ણ થયા બાદ સદ્‌ગત આચાર્ય શ્રીબુદ્ધિસાગરજી મહારાજશ્રીએ "સાણંદમાં ઘોળ કરવા સબંધી ઉપદેશ કર્યાથી ચતુર્થવ્રત ખંડન થએલું છે માટે તેમને અમે સાધુ તરીકે માનતા નથી" એવી અણઘટતી ટીકા ધર્મવિજયજી મહારાજે કરીને સાધુને ન છાજે તેવો ગંભીર આક્ષેપ સદ્‌ગત આચાર્યશ્રીની સામે કરી જૈનોની લાગણીને સખત આઘાત પહોંચાડયો છે તે બદલ તેમની સામે સાણંદના જૈનોની આ સભા સખત અણગમો પ્રદર્શિત કરે છે, ને સદરહુ શબ્દો પાછા ખેંચી લેવા ધર્મવિજયજી મહારાજને જાહેર ચેલેંજ કરે છે ને જો આ ચેલેંજ પ્રમાણે તેઓ ત્રણ દિવસની અંદર પોતાના શબ્દો પાછા ન ખેંચી લે તો રાગદ્વેષની પ્રણાલિકા આગળ વધારવામાં તેઓ કારણભૂત થાય તેમાં કયા પ્રકારનું સાધુત્વ સમાએલું છે તેને માટે ખાસ વિચાર કરવા જૈનોને ફરજ પડશે.

---

## ગોધાવી.

અત્રેના જૈનોની જાહેર સભા સંવત ૧૯૮૯ ના કારતક સુદ ૧૫ ને રવિવારના રોજે સાંજના આઠ વાગતાં દેરાસરના ચોકમાં મળી હતી.

સદરહુ સભાનું પ્રમુખસ્થાન રા. રા. કેવલદાસ દોલતરામે લીધું હતું.

ઠરાવ ૧-બાળ બ્રહ્મચારી યોગનિષ્ઠ પરમ પૂજ્ય આચાર્ય શ્રી બુદ્ધિસાગર સુરીશ્વરે અત્રે ધર્મનો યુગ પ્રવર્તાવેલો હોવાથી તેમજ તેઓશ્રીના ગુરૂ પ્રપિતામહ પુણ્યસ્મરણ શ્રી. નેમસાગરજી તથા શ્રી. રવિસાગરજી મહારાજશ્રી આ ગામના તેમજ અન્ય સ્થળોના જૈનો ઉપર તેમ જ વિશેષતઃ તેઓશ્રીએ પ્રણિત વિશાળ જૈન સાહિત્યથી સમસ્ત જૈનોની અને જૈન ધર્મની ઉન્નતિ માટે સતત પ્રયત્ન અને પરંપરાગત ઉપકાર થયેલો હોવાથી તેમના પુણ્ય સ્મરણ વડે તેઓશ્રીનો આભાર માની ગોધાવીના જૈનોની આ સભા તેઓશ્રી પ્રત્યે પૂજ્યભાવ પ્રદર્શિત કરે છે.

ઠરાવ ૨-બ્રહ્મનિષ્ઠ, અધ્યાત્મયોગી પરમપવિત્ર આચાર્ય મહારાજશ્રી બુદ્ધિસાગરજી સૂરીશ્વરના સંબંધમાં શ્રી ધર્મવિજયજી મહારાજના ઉચ્ચરાએલા આક્ષેપ સુચક શબ્દોથી તેઓશ્રીના ભાવિક જૈનોની આણંદમાં ખિન્ન થએલી લાગણી

## મુનિશ્રી ધર્મવિજયજીને જાહેર ચેલેન્જ.

પેથાપુર તારીખ ૧૭-૧૧-૧૯૩૨

કારતક શુદ ૧૧ ની રાતના પ્રતિક્રમણની ક્રિયા વખતે શ્રીમદ્‌ બુદ્ધિસાગરજી સૂરીશ્વરનું બનાવેલું સ્તવન બોલવામાં આવેલું અને ત્યારબાદ આપશ્રી બીજું સ્તવન બોલ્યા અને જ્યારે તેમ કરવાનું પૂછતાં આપના તરફથી એ ઉત્તર આપવામાં આવ્યો કે–

"બુદ્ધિસાગરજીએ વેવિશાળ (ઘોળ) સંબંધીના કામમાં ઉપદેશ આપેલો છે. સાધુઓ મન વચન કાયાથી ચતુર્થ વ્રત ઉચ્ચરે છે. તો તે ભાંગવાથી તેમનું ચતુર્થવ્રત ખંડન થએલું છે. જેથી અમો સાધુ તરીકે માનતા નથી અને અમોએ તેમનો નિષેધ કરેલો છે."

ખરેખર ધર્મવિજયજી મહારાજ આ બાબતમાં તો આપની ભાવના સત્ય વસ્તુસ્થિતિ છુપાવી અસત્ય ફેલાવવાની હોવી જોઇએ, આપે પંચમહાવ્રત ધારણ કરેલું છે. સાધુતાનો પવિત્ર પોશાક ધારણ કર્યો છે. છતાં પણ તમારી બુદ્ધિનો ઉપયોગ ન કરી શક્યા તો જનતા સહેજે સમજી શકે કે જૈન આલમના ગુરૂ થવાનો દાવો કરી જૈન શાસનનું શું ઉકાળવાના હતા?

આજે સારીએ જૈન આલમના રૂંવે રૂંવે સદ્‌ગત આચાર્યશ્રીનો ઉપદેશ વ્યાપી રહેલો છે, એમની વિદ્વતા, ચારિત્ર-તેમજ સાધુતા સારાયે ગુજરાત બલ્કે હિંદુસ્તાનમાં આદર્શમય ગણાઇ ગયું છે, એમનાં બનાવેલાં ૧૦૮ પુસ્તકોમાં પોતાના સત્ય વિચારોની રેલમછેલમાં નાહી આજ આખુંયે ગુજરાત ગાંડુ થઇ ગયું છે. જૈન ધર્મ અને શાસનને ઉન્નતિના શિખરે ચઢી જવાનાં મધુરાં સ્વપ્નાં સેવનાર નવયુગના સરજનહાર શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્‌ બુદ્ધિસાગરજી સુરીશ્વરથી આપ અજાણ હોય તે જનતા કબુલ કેવી રીતે કરી શકે?

એ મહાત્મા યોગીએ ધર્મની તેમ જ સમાજની મહાન સેવા બજાવી છે, તેઓશ્રીએ અધ્યાત્મનાબળે અણમૂલ શક્તિઓ કેળવી જાણી હતી, આવી રીતે જે મહર્ષિએ જીવન જીવી જાણ્યું છે, અને તેમનાં સત્ય ગુંજનો આજે ઘેર ઘેર ગાઇ ઓંસું સારે છે. ત્યારે એક આપના જેવા મુનિ દ્વેષ અને સ્વાર્થથી દોરાઇ અણછાજતી ટીકા કરે ત્યારે આખી જૈન સમાજ તેમજ જૈનેતરને આપણા માટે દુઃખ જ થાય.

આપે તો આ બાબતમાં પૂરો વિચાર કરવો જોઇતો હતો. મહર્ષિને આપ ન ઓળખી શક્યા એ આપણા

વિષેના, સાણંદના સાગરગચ્છના પત્રથી જાણમાં આવતાં તેઓશ્રીના ઋણી અને ઉપકૃત અત્રેના જૈન સમુદાયની લાગણી અતિ ખિન્ન થવાથી વસ્તુતઃ આક્ષેપ માટે અત્રેના જૈનોની આ સભા પોતાની અત્યંત દીલગીરી અને સખ્ત અણગમો જાહેર કરે છે.

ઠરાવ ૩–પરમ પૂજ્ય સદ્‌ગુરૂવર્ય આચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વર બાળ બ્રહ્મચારી, નિઃસંગ, પરમપવિત્ર, ચારિત્ર અને જ્ઞાન પ્રભાવક હોઇ તેમનું બ્રહ્મત્વ અખંડ અને અભંગ હતું. તેથી તેમના ઉત્તમ સાધુત્વ અને પવિત્ર ચારિત્ર વિરૂદ્ધ સભા થાય તેવો જે કાંઇ આક્ષેપ થયો હોય તે ગેરસમજનું પરિણામ હોઇ તે માટે આ સભા પોતાની અત્યંત દીલગીરી જણાવે છે.

બાદ પ્રમુખ રા. રા. કેવલદાસ દોલતરામે જણાવ્યું કે ઉપરોક્ત ઠરાવને યોગ્ય જાહેરાત આપવી.

કમભાગ્ય સિવાય બીજું શું હોઇ શકે? આજે સમસ્ત જૈન જનતા તેમના કાળધર્મ પછી આંસુ સારી સંભાળે છે, ત્યારે એજ અફસોસ થાય છે કે તમારા જેવા પવિત્ર પોષાક ધારણ કર્યાં બાદ પણ આવા સાધુતાને ન છાજે તેવા શબ્દો વાપરો ત્યારે કયો જૈન બચ્ચો તમારા માટે માનની લાગણી ધરાવે?

આજે સમસ્ત જૈન પ્રજા સમજી ચૂકી હશે કે આપે સત્ય વસ્તુ છૂપાવી પોતાના દ્વેષ અને સ્વાર્થના અંગે અસત્ય વસ્તુ પ્રગટ કરેલી છે, પરંતુ હવેથી એ અધ્યાત્મ યોગીને ઓળખી તેમના આદર્શમયી જીવનચરિત્રને પગલે ચાલી તમારા આત્માનું કલ્યાણ કરો અને વાપરેલા શબ્દોનો પશ્ચાતાપ કરી જાહેર કરી દો કે–**મારી અજ્ઞાનતાના પરિણામે શબ્દો વપરાયા હતા.** બસ એ પ્રમાણે થવાથી આપ અત્યારે જે દરજ્જે છો તે દરજ્જો બરોબર સાચવી જાણશો છે. એમ સમજી શકાય.

**બુધાલાલ મંછારામ**
ફેર-સેક્રેટરી
શ્રી બુદ્ધિસાગર સૂરિ સેવા સમાજ.

# મુનિશ્રી ધર્મવિજયજી મહારાજ.

મુ. **સાણંદ.**

સાણંદના જૈનોની જાહેર સભાના પ્રમુખ મહેતા કેશવલાલ ચતુરભાઇની ૧૦૦૮ વંદણા સ્વીકારશો.

જાહેર સભામાં થયેલા ઠરાવની નકલ આપની ઉપર મોકલેલી તેના પ્રત્યુત્તરમાં આપના તરફથી કારતક સુદી ૧૫ નો લખેલો પત્ર મળ્યો છે. તે સંબંધમાં જણાવવાનું કે જાહેર સભામાં દલસુખભાઇએ કરેલા નિવેદન ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે–પ્રતિક્રમણ વખતે આપની પાસેથી આદેશ મેળવી દલસુખભાઈ શ્રીમદ્‌ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનું બનાવેલું નેમિનાથ ભગવાનનું સ્તવન બોલ્યા હતા. પ્રતિક્રમણ પૂર્ણ થયા બાદ દલસુખભાઇએ આપને તે દિવસે જ બીજું સ્તવન બોલવાનું શું કારણ છે તે સંબંધી જ ખુલાસો પૂછેલો હતો. તેના બદલે સત્ય હકીકત છુપાવી બચાવની ખાતર જૈન જનતાને ઉંધા પાટા બંધાવવા માટે આપ આપના પત્રમાં જણાવો છો કે–"મહેતા દલસુખભાઇ ગોવિંદજીએ મને શ્રીમદ્‌ બુદ્ધિસાગરજી સંબંધી મારી માન્યતા વિષે પુછવામાં આવ્યું" આપની સાથે આ સંબંધમાં થએલી સવિસ્તર વાતચીત નીચે મુજબ છે.

દલસુખભાઇએ પુછેલ સવાલ–આપને બીજું સ્તવન બોલવાની શી જરૂર જણાઇ?

ધર્મવિજયજી મહારાજે આપેલો જવાબ–બુદ્ધિસાગરજીનું બનાવેલું માટે.

સવાલ–બુદ્ધિસાગરજીનું બનાવેલું સ્તવન બોલવામાં કાંઇ દોષ હશે ખરો?

જવાબ–બુદ્ધિસાગરજીએ, પાંચ મહાવ્રત ઉચરેલા કે નહિ!

સવાલ–દીક્ષા લે એ પાંચ મહાવ્રત તો ઉચરેજ—

જવાબ–તમારા ગામના કેટલાક માણસોના કહેવાથી મેં સાંભળેલું કે–બુદ્ધિસાગરજી મહારાજે વેવિશાળ [ધોળ] સંબંધીના કામમાં ઉપદેશ આપેલો છે. સાધુઓ મન વચન અને કાયાથી ચતુર્થવ્રત ઉચરે છે. તો તે ભાંગાથી તેમનું ચતુર્થવ્રત ખંડન થયેલું છે. જેથી અમો તેમને સાધુ તરીકે માનતા નથી. અને અમોએ તેમનો નિષેધ કરેલો છે.

ત્યારબાદ સુબોધવિજયજી મહારાજે કહ્યું કે જો આ બાબત ખોટી છે એમ તમે સાબીત કરો તો અમો મિચ્છામિ દુક્કડં દઇશું—

મોહનલાલ કાળીદાસે કહ્યું કે–જો આ બાબત તમારે ખુલાસો કરવો હોય તો કરો.

ત્યારબાદ દલસુખભાઇએ કહ્યું કે એનો ખુલાસો કરવાની કાંઇ જરૂર રહેતી નથી કારણ કે આપે તે વાત સત્ય માની છે. અને તેનો આજે અમલ પણ કર્યો છે.

આ પ્રમાણે વાતચિત થએલી હોવા છતાં પંચ મહાવ્રત ધારક સાધુ તરફથી આવી તદ્દન અસત્ય હકીકત બહાર પાડવાથી ઘણું જ આશ્ચર્ય થાય છે. શ્રીમદ્‌ બુદ્ધિસાગરજી પ્રત્યેની આપની માન્યતા વિષે દલસુખભાઇ તરફથી આપને પુછવામાં આવ્યું જ નહોતું. માટે સદરહુ હકીકત સાબિત કરી આપવા અમે આપને ચેલેન્જ કરીએ છીએ.

ધોળ થયા પછી શ્રીમદ્‌ બુદ્ધિસાગરજીની હૈયાતીમાં તેમજ ત્યાર પછી પણ અત્યાર સુધી કોઇ પણ જૈનાચાર્યે તેમની સામે આવો આક્ષેપ કરેલો નથી તો જૈન શાસનના કયા પ્રતિષ્ઠિત આચાર્યો સંબંધી આપે આપના પત્રમાં ઉલ્લેખ કર્યો છે તે પણ જણાવશો.

અમારી પ્રથમની ચેલેન્જ જેમની તેમ કાયમ જ રહે છે અને તેનાથી આપ છુટા થઇ શકતા નથી. તા૦ ૧૪-૧૧-૩૨

પ્રેસીડેન્ટ.
**કેશવલાલ ચતુરભાઇ.**

સાણંદ તા૦ ૧૬-૧૧-૧૯૩૨

# મુનિ ધર્મવિજયજી મહારાજ.

મુ. **સાણંદ.**

સાણંદના મહેતા મફતલાલ અમૃતલાલ તરફથી આપને જણાવવાનું કે સં. ૧૯૮૯ ના કારતક સુદી ૧૨ ના રોજ રાત્રે સાડાસાત વાગ્યાનાં સુમારે મારા સાંભળવામાં આવ્યું કે અત્રેથી સાધુ ભરતવિજયજી તથા વલ્લભવિજયજી વિહાર કરી અમદાવાદના રસ્તે જાય છે. જીનાજ્ઞા વિરૂધ્ધનું એટલે ચોમા-

સાના કાળમાં રાત્રિના ટાઇમમાં આવું વર્તન સાધુ તરફથી થયાની હકીકત શંકાશીલ જણાયાથી તે સંબંધી જાત માહિતી મેળવવા રાત્રે સવાઆઠ વાગ્યાના સુમારે હું મારી ઘોડાગાડી લઇને તે રસ્તે ગયો. ઉલાળીયા આગળ (અંબાજી માતા પાસે) સદરહુ બે મહારાજ તથા તેમની સાથે એક અજાણ્યો માણસ જતા જણાયા. મેં મહારાજને પુછ્યું કે આ પ્રમાણે રાત્રિ વિહાર કરવાનું શું કારણ છે? મહારાજે જવાબ આપ્યો કે જરૂરી કામસર. મેં ફરીથી પુછ્યું કે શાસ્ત્ર વિરૂધ્ધ આપનાથી આવો રાત્રિ વિહાર થઇ શકે? મહારાજે જણાવ્યું કે જરૂરી કારણસર. આ સંબંધમાં આપને જણાવવાનું કે તે મહારાજ આપની આજ્ઞામાં હતા તો?

(૧) આ પ્રમાણે રાત્રિ વિહાર કરવાનું જરૂરી કામ શું હતું?

(૨) તેમણે રાત્રિ વિહાર કર્યો તેમાં પંચ મહાવ્રત પૈકી કયા કયા વ્રતનું ખંડન થયું ગણાય?

(૩) જીનાજ્ઞા વિરૂધ્ધ વર્તન કરનારને સાધુ તરીકે માનવામાં દોશ ખરો કે નહિ? ને તેવા કહેવાતા સાધુઓને વંદન કરવામાં દોષ ગણાય કે નહિ.

(૪) આપે તેમની આવી પ્રવૃત્તિ સામે અટકાવ ન કરતાં કેવા કારણોસર સંમતિ દર્શાવી? ને તેથી આપ પણ દોષિત ખરા કે નહિ?

ઉપરની બાબતોનો ચોવીસ કલાકની અંદર ખુલાસો કરશો કે જેથી જૈન પ્રજા આ સંબંધમાં યોગ્ય વિચારણા કરી શકે.

Mafatlal A. Mehta.

# આ૦ શ્રી બુધ્ધિસાગરસૂરિ ઉપર મૂકેલા આળ સામે વિરોધ.

**આજોલ**

જૈન સંઘની જાહેર સભા કારતક વદી ૬ ને શનિવારે મળી તેમાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યા છે—

૧ જૈન શાસનની ઉન્નતિ માટે સદ્દ્ગત આ. શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ શારીરિક-માનસિક ભોગ આપી, અથાગ પરિશ્રમ વેઠી જૈન સમાજ ઉપર અત્યંત ઉપકાર કર્યો છે. તે બદલ જૈનકોમ આચાર્યશ્રીની સંપૂર્ણ ઋણી છે. અને તે બદલ સદ્દ્ગત ગુરૂશ્રીના પ્રયાસમાં પૂજ્ય ભાવથી ખાસ આભારની લાગણી પ્રદર્શિત કરે છે.

૨ કારતક સુદી ૧૨ ની રાત્રે પ્રતિક્રમણ પૂરી થયા બાદ સદ્દ્ગત આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી સૂરીશ્વરજીના સામે મુનિ ધર્મવિજયજી (પં. રામવિજયજીના શિષ્ય) એમણે અઘટિત આક્ષેપ કર્યાનું સાણંદ સંઘના પત્રથી જાણીને અત્રેના જૈન સંઘની લાગણીને સખત આઘાત થયો છે. તે બદલ મુનિ ધર્મવિજયજી સામે આજોલના જૈનોની આ જાહેર સભા સખ્ત અણગમો જાહેર કરે છે. અને આશા રાખે છે કે સાંપ્રત જૈન સંઘના સંપમાં હાલ જે ક્ષતિ થયેલ છે તેમાં વધારો ન થાય તે ખાતર મુનિશ્રી ધર્મવિજયજી પોતાના ઉચ્ચારેલા શબ્દો પાછા ખેંચી લેશે.

# મુનિ ધર્મવિજયને ખુલ્લો પત્ર.

**પરમ પવિત્ર અને શુભ ગુણાલંકાર મુનિશ્રી ધર્મવિજયજી**

યોગ્ય-વરસોડા (મહીકાંઠા) ના રહેનાર ધર્મોપદેશક પંડિત ભોળાનાથ શર્માના પ્રભુસ્મરણ સ્વીકારશોજી.

વિશેષ વિજ્ઞપ્તિ કે યોગનિષ્ઠ મહાત્માશ્રી આચાર્ય બુદ્ધિસાગરજી પ્રત્યે કોઇ સાધુરૂપે ન ઘટે એવા આક્ષેપો આપે કર્યા છે. એ સાંભળી અમને દીલગીરી ઉત્પન્ન થાય છે. આ સમય પ્રવૃત્તિનો છે. નવા વાતાવરણમાં "સાધુઓ અને ભેખધારીઓ હિન્દુસ્થાનનો બોજો છે." એમ જાહેર કરવામાં આવે છે. પ્રતિ દિવસ સાધુઓ તરફથી પૂજ્ય ભાવ ઘટતો જાય છે એવા સમયમાં એક એકનો દ્વેષ કરી આપ જેવા સંતોનો જ મહીમા ઘટે એવું કરો તે આપનું જ માન ઘટાડવા બરાબર છે. વળી શ્રી બુદ્ધિસાગરજી વિદ્યમાન હોત અને તેમના સાથે શાસ્ત્રાર્થ કર્યો હોત તો અમો વિદ્વાનો સાંભળી પ્રમોદ પામત. પરંતુ તે તો હાલ પરમપદ પામી ગયા છે આ લોક ત્યાગ કરી પરલોક ચાલ્યા ગયા છે. આવા મરણ પામેલા માનવ પ્રત્યે નિંદા આક્ષેપ એ તો આપ માટે બહુ જ અયોગ્ય કહેવાય.

આક્ષેપ કર્યા વિના આપ ભજનમાં અને આપના શુભ કર્મમાં પ્રવૃત્ત રહો. હિન્દુસ્થાનમાં અગ્રગણ્ય ગણાતા મહારાજા સાહેબ શ્રી ગાયકવાડ સરકાર સમક્ષ તેમના આમંત્રણથી તેમને જૈનધર્મનું રહસ્ય ત્રણ દિવસ શ્રવણ કરાવી રાજાને પ્રમુદિત કર્યા લાખોના ખરચે વીજાપુરમાં પુસ્તક ભંડાર બંધાવરાવ્યા. સેંકડો હૃદયને સ્પર્શ કરનારા લેખવાળા ગ્રંથો બનાવ્યા. જૈનધર્મમાં લુપ્ત થએલી યોગવિદ્યા સમાધિ વીગેરે સતેજ કર્યા. આવા પવિત્ર ગુણો આપની નજરમાં આવ્યા નહિ. અને ન ઇચ્છવા યોગ્ય અવગુણ નજરમાં તર્યા એ શું આપ જેવા ભેખની ભલાઇ છે? આશા રાખું છું કે આવા ઉપદેશક થાઓ, એવા તેજસ્વી થાઓ, શુભાચાર શુભવિચારમાં નિમગ્ન થાઓ, અને એવા કલેશો છોડી દઇ પ્રભુમાં તન્મય થશો અને તમારા સંઘમાં શાન્તિ સ્થાપશો એવી ભલામણ કરૂં છું. સંવત ૧૯૮૯ ના કારતક વદિ ૭.

**લી. સનાતનધર્મોપદેશક કાવ્યવેદાન્ત ધુરંધર**
**પંડિત ભોળાનાથ શર્મા.**

# ખુલાસો કરશે કે?

સંવત્સરી પ્રતિક્રમણમાં અબ્ભુટ્ઠિઓ ખામતી વખતે ત્રણે વખત બોલવામાં આવે છે કે—"બારમાસાણં, ચોવીશ પખ્ખાણં ત્રણશે સાઠ રાઇ દિવસાણં" એ પ્રમાણે બોલીને પછી 'જંકિંચિ અપત્તિયં' વગેરે બોલવામાં આવે છે.

જૈનધર્મના પચાંગમાં જોતાં કોઇ પણ વર્ષ ૩૬૦ દિવસનું નથી હોતું પણ ૩૫૫ અગર તો ૩૫૪ દિવસનું હોય છે છતાં ત્રણસોને સાઠ રાઇ દિવસાણં બોલવાનું કારણ શું? વળી જ્યારે અધિક માસ જે વરસમાં આવે છે ત્યારે બારમાસાણં, ચોવીશ પખ્ખાણં ત્રણસોને સાઠ રાઇદિવસાણંને બદલે તેરમાસાણં, છવ્વીશ પખ્ખાણં, ત્રણસોને ચોરાશી રાઇદિવસાણં કેમ બોલવામાં આવતું નથી? કેમકે ખરી રીતે તે વરસમાં તેર મહિના અને છવીશ પખવાડીઆ થાય છે. આ બાબતનો ખુલાસો કોઇ વિદ્વાન્ મુનિ મહારાજ કે શ્રાવક આ પત્ર મારફતે અગર તો નીચેને સીરનામે આપવા મહેરબાની કરશે એવી આશા છે.

**મણીલાલ લક્ષ્મીચંદ દોશી**
૭૫, મીરચી લેન, મુંબઇ નં ૩.

## આચાર્ય વિજય સિધ્ધિસૂરિને—

સં. ૧૯૮૯ ના કારતક સુદી ૧૨ ના રોજ અત્રે ચાતુર્માસ રહેલા સાધુઓ પૈકી મુનિ શ્રી રામવિજયજીના શિષ્ય ભરતવિજયજી તથા વલ્લભવિજયજી મહારાજ અત્રેથી રાત્રે વિહાર કરી લગભગ ૧૫ માઇલ દૂર અમદાવાદ ગયેલા તે સંબંધી અત્રે વ્યાખ્યાનમાં મુનિ શ્રી ધર્મવિજયજીએ એવો ખુલાસો કર્યો છે કે—"બંને સાધુઓએ જે રાતે વિહાર કર્યો છે તે આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિની કહેવાતી આવેલી ચીઠીથી કરેલો છે," તો આવી આજ્ઞાથી કોઇ વ્રતનું ખંડન થાય કે કેમ ? તે બદલ આ૦ શ્રી જૈન પ્રજાની જાણ માટે સવિસ્તર ખુલાસો બહાર પાડશે ખરા ?

લી. સાચા સાધુનો ઉપાસક.


## ટુંક મુદતમાં બહાર પડશે.

### મુંબઈ પજુસણ વ્યાખ્યાનમાળા.

કિંમત રૂ. ૦-૬-૦ વીશનકલ ઉપર ખરીદ કરનારને રૂ. ૦-૪-૦

### તમે જાણો છો ?

આપણા સમાજમાં ધાર્મિક અને સામાજીક પ્રશ્નોપર અનેક ઘા થઇ રહ્યા છે. એટલે જનતા વિચાર વમળમાં ગુંચવાઇ રહી છે. તેવા પ્રસંગે જનતાની ખરા રસ્તે દોરવણી કરવાના હેતુથી ગત પજુસણમાં મુંબઇમાં પંડિતવર્ય શ્રી સુખલાલજી, પંડિત દરબારીલાલજી, પંડિત નાથુરામ પ્રેમી, ડૉ૦ પ્રાણજીવનદાસ મહેતા, શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, શ્રી ઉમેદચંદ બરોડીઆ, મોહનલાલ દલીચંદ દેશાઇ વગેરે વિદ્વાનો અને પંડિતોએ "ગુરૂપદ અને શિષ્યપદની લાયકાત શી શી ? શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર છે ? ત્યાગી કેવા હોવા જોઇએ ? ધર્મ અને સમાજ, અધ્યાત્મ, સર્વ ધર્મના મૂળ સિધ્ધાંતો, ધર્મનો ભ્રમ, ધર્મ અને વ્હેમો, વિ૦ વિષયો પર સ્વતંત્રપણે નિડરતાથી દાખલા દલીલો સાથે અભ્યાસ કરવા યોગ્ય ભાષણો આપેલાં તે વાંચવા મળશે. આથી તમે ગ્રાહક ન થયા હો તો આજે જ તમારૂં નામ નોંધાવો.

ક્રાઉન સોળ પેજી પોણાબસોથી બસો પાનાના પુસ્તકની ઓછી કિંમત રાખવાનો એજ હેતુ છે કે દરેક જણ લાભ લઇ શકે, તેમ કોઇ પણ ગૃહસ્થ છૂટથી લ્હાણી કરી શકે.

પંડિત દરબારીલાલજી અને પંડિત નાથુરામજીના ભાષણો નાગરી લીપીમાં ને હિન્દી ભાષામાં આપવામાં આવ્યાં છે, તેમ તેનો ટુંક સાર ગુજરાતીમાં આપવામાં આવ્યો છે.

૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩. લખો:— મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ


## જૈન જગત.

**રૂઢીચૂસ્ત પક્ષના ચક્ષુઓ ખુલ્લે છે**—રૂઢીચૂસ્ત પક્ષવાળા દીક્ષાના ઝઘડાઓથી થતાં આર્થિક નુકશાનની ત્રિરાશીઓ મૂકવા મંડી પડયા છે. કોર્ટો આદિમાં દીક્ષાના કેસો માટે એ પક્ષ તરફથી પૈસા નહિ જ મળે એવી વિશ્વાસનીય વાત બહાર આવી છે તેથી તે લોકોના ચક્ષુઓ ખુલ્લે છે, ઠોકર વાગે ત્યારે જ સમજણ આવે ને ?

**અંધશ્રધ્ધાની પરાકાષ્ટા**—કેટલાક બેકારભાઇઓ આર્થિક સહાય કે નોકરી ધંધા માટે સોસાયટીવાળા કડીયાજી પાસે જાય છે તો તેમને આર્થિક મદદ આપવા—અપાવવા કે નોકરી ધંધાનો બંદોબસ્ત કરવાને બદલે દીક્ષાનો ઉપદેશ આપે છે આથી કોઇ બેકારભાઈ ઉશ્કેરાઈ જાય તો કડીઆજીને દીક્ષાના ફજેતાઓના કિસ્સાઓ સાંભળવાનું સદ્‌ભાગ્ય (!) પ્રાપ્ત થાય છે. 'તમે દીક્ષા કેમ નથી લેતા ?' એમ સાંભળતાં કડીઆજી ચોંકી ઉઠી મૌનનું આલંબન કરે છે. બેકારીની ભીષણ ચક્કીમાં પીસાઈ રહેલ બંધુઓને ઉપજેલ સદ્‌બુદ્ધિ ઉપરથી પણ કડીઆજી કંઇ બોધપાઠ નથી શીખતા એ તેમની અંધશ્રદ્ધાની પરાકાષ્ટાના સુચિન્હ (!) રૂપ છે.

**સાધ્વીજીની ઝીક–ટીકીની માગણી**—પાંચ-સાત વર્ષના દીક્ષાપર્યાયવાળા એક વૃદ્ધ સાધ્વીજીએ પોતાની એક સગી સ્ત્રી માટે ઝીક–ટીકી આદિ અપાવવા એક ગૃહસ્થ પાસે થોડા દિવસ પહેલાં માગણી કરતાં 'તમે ઘરબાર છોડયું ને આ બધું શું ?' એમ કહી એ ગૃહસ્થે કંઇ પણ અપાવવાની સાધ્વીજીને સાફ-સાફ ના સુણાવી દીધી છે.

**મોહનસૂરિ ભૈયાને સાથે કેમ રાખે છે ?**—મોહનસૂરિ પોતાની રક્ષા માટે ગુપ્તચર તરીકે સાથે એક ભૈયાને રાખે છે. આને માટે અનેકવિધ ચર્ચાઓ ચાલી રહી છે. એક કડવી ફરીઆદ બાળકના બાપ પાસે જતાં ભૈયાએ ફરીઆદીને માર માર્યો, ખૂબ ધાંધલ મચાવી. આવી રીતે પગારો આપી માણસ રોકવા અને તેનો પગાર સંઘના ચોપડે ચડાવવા પ્રયાસ કરવો અને ભૈયા જેવાના અમાનુષિક કૃત્યોને પ્રોત્સાહન આપવું એ સંઘને શોભે ખરૂં કે ? તીર્થ સ્વરૂપ ગણાતો શ્રીસંઘ આવાંઓના કાળાં કૃત્યોની જાણ થવા છતાં આંખ આડા કાન કયાં સુધી કરશે ?

**ગચ્છ–મતની સંકુચિત મનોદશાનો ત્યાગ**—ખંભાતમાં રતિલાલ બેચરદાસ શાહે પાર્શ્વચંદ્રગચ્છના સાધુ સાગરચંદ્રજી મહારાજનું ચાતુર્માસ પોતાને ત્યાં બદલ્યું હતું. સ્વાગતનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો પૂજા ભણાવવામાં આવી અને રાત્રિ જાગરણ કર્યું હતું. તપગચ્છના શ્રી રતિલાલ બી. શાહે પોતાને ત્યાં પાર્શ્વચંદ્રગચ્છના સાધુને નોતરી ગચ્છભેદની સાંકડી મનોદશા નિવારી, વિશાળ ભાવના દર્શાવી તે બદલ અભિનંદન ! યુવકો ! દાખલો લેશો કે ?

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

જ્ઞાતિ અને ધોળ

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું; અંક ૬ ઠો. |
| વાર્ષિક રૂ. ૨-૮-૦ | તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | શનીવાર તા. ૩-૧૨-૧૯૩૨. |

# અંધશ્રદ્ધાની આંધી.

પિતા મહાવીરે સ્થાપેલા અને પ્રરૂપેલા શાસનમાં તેમના પગલે ચાલતા તકાળના ત્યાગી મહાત્માઓના ત્યાગ, સંયમ, જ્ઞાન અને શાસન પ્રત્યે તેમની ધગશે શ્રાવક શ્રાવિકા વર્ગ તેમનો પડયો બોલ ઝીલતો અને ધર્મશ્રદ્ધા તરીકે હિતાહિતનાં કાર્યો માટે ખડે પગે ઉભો રહેતો.

ભૂતકાળના ગૌરવભર્યા સાધુજીવન સાથે આજના ખટપટીઆ, સ્વાર્થી અને ચારિત્રને ઝાંખપ લગાડનારા સાધુ જીવનનો મુકાબલો કરતાં અશ્રુ વહ્યા વિના નહિ રહે. આજે સાચા ખપી-ત્યાગી અને પ્રભુના આદેશ પ્રમાણે ચાલનારા ત્યાગી ગણ્યાગાંઠયા, બાકી મોટો ભાગ ઇંદ્રિયોનો ગુલામ બનેલો, મોહમાયામાં ડૂબેલો. ક્રોધમાં ધમધમતો, કિન્નાખોરીથી ભરેલો, જ્યારે જેવી જરૂર પડે ત્યારે ષડ્યંત્રો ગોઠવનારો, શાસ્ત્રોના મનમાન્યા અર્થ કરનારો, વિદ્વતાનો ડોળ કરનારો વર્ગ પડયો છે. એટલે તેમની પોલોના રક્ષણ માટે ધર્મના બહાના નીચે ભોળી જનતાને ઉંધે રસ્તે ચડાવી. તાગડધિન્ના મચાવી સમાજરૂપી નાવને નાશના આરે ખેંચવાની રમત રમી રહ્યાછે. છતાં જેઓ કહેવાતા ગુરૂઓની પાછળ ઘેલા બની મોક્ષના પ્રમાણપત્રો મેળવવા પડયો બોલ ઝીલી રહ્યા છે. તેઓ તેમના ગુરૂના ચોકીદાર બની તેમના ચારિત્ર તપાસે તો અંધશ્રદ્ધાની આંધીનો જરૂર નાશ થાય.

સમાજની આર્થિકને સામાજીક સ્થિતિ ભયંકર છતાં અંધશ્રદ્ધાની આંધીએ સાધુઓના સામૈયાઓ પાછળ, પટારા શોભાવવા પુસ્તકો પાછળ, રસોડાં ચલાવવા પાછળ, અયોગ્ય દીક્ષાની ઘેલછા પાછળ, પદવીઓના મહોત્સવ પાછળ, રાજદરબાર પાછળ, કપડાં લત્તાં ને તાર ટપાલ પાછળ, પંડિતો પાછળ, વાહ! વાહ! કહેવરાવવા પાછળ થતા ખર્ચનો જે ધુમાડો થાય છે તેનો આંક કાઢી પરિણામ વિચારશો તો સમજાશે કે ભૂતકાળમાં જે સાધુસંસ્થા શાસનને ઉપયોગી હતી તેટલી જ આજે આપણે આંગણે હાથી બાંધ્યા જેવી થઈ પડી છે.

આજે સાધુસંસ્થાને તેના સડાની પરવા નથી ને તેમને કહિ શકે તેવી સમર્થ વ્યકિત નથી. આ સંજોગોમાં ચારિત્રહીણોને પોષી તેની સ્વાર્થી વાતો પાછળ પૈસા ખરચવા એતો અંધશ્રદ્ધા છે. છતી આંખે કુવામાં ભૂસકો મારવા જેવું છે. એ અંધશ્રદ્ધાની આંધીને વિંધી જાગૃત થઇ એની પાછળ ખર્ચાતી પાઇએ પાઈ બંધ કરી સાચી ઉપયોગિતા પાછળ ખર્ચવાનો નિશ્ચય કરશો ત્યારે તેઓ પણ તેમના ત્યાગ, સંયમ અને મહત્તાનો વિચાર કર્તા થઇ સાચા માર્ગે વળશે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૩-૧૨-૩૨.


## જ્ઞાતિ અને ધોળ.

(૨)

ગયા અંકમાં જ્ઞાતિ બંધારણનું વહીવટી ધોરણ માનસ અને સંકુચિત સ્થિતિનો ચિતાર રજુ કર્યા પછી કેવા બંધારણથી પ્રગતિ થાય તે રજુ કરવાનો કોલ દીધેલો એટલે બંધારણનો ઉપલકીયો વિચાર ન કરતાં કંઇક ઝીણવટથી વિચાર કરીએ તો વધારે ઉપયોગી થઇ પડે એ હેતુથી નીચે મુજબ રજુ કરીએ છીએ-

**ઉદ્દેશ**–ફિરકા ભેદ સિવાય સમગ્ર જૈન સમાજમાં સામાજીક-ઉન્નતિની દૃષ્ટિએ અંતર્ગત જ્ઞાતિઓ, તડો અને ધોળોના સંકુચિત ક્ષેત્રમાંથી વિશાળ ક્ષેત્રમાં આવવા; જૈન સમાજનું સંગઠ્ઠન કરી કન્યા લેવા દેવાનો વ્યવહાર, ભોજન વ્યવહાર, સાથે સમાજોન્નતિના દરેક બનતા ઉપાયો યોજવા ને અમલમાં મૂકવા.

**મતદાર**–જૈનધર્મ પાળનાર અઢાર વર્ષની ઉમર ઉપરના ભાઇ અને સોળ વર્ષની ઉમર ઉપરના બ્હેન મતદાર ગણાવા જોઇએ.

આ પ્રમાણે ઉદ્દેશ અને મતદારનું ધોરણ નક્કી કરી કાયમી શેઠ પટેલોના સ્થાને ઉદ્દેશોને અમલમાં મૂકવા ત્રણ વર્ષ માટે પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીઓને ખચાનચી સહ નિમાયેલ કાર્યવાહક કમીટિ ધારાધોરણ અનુસાર બહુમતિથી વહીવટ ચલાવે વહીવટી ધારાધોરણ કોઇ પણ સંસ્થાના બંધારણ ઉપરથી મુદ્દાસર ફેરફાર કરીને ઘડી શકાય છે એટલે એ મુદ્દા ઉપર લંબાણ ન કરતાં ખાસ નિયમો સૂચવીશું.

હિન્દુસ્થાનની જૈન સમાજમાં કન્યા લેવડદેવડનો, દીકરીનું ચૌદ વર્ષે અને દીકરાનું સોળ વર્ષે તેઓની સંમતિથી જ સગપણ કરવાનો, કેળવણી ફરજીઆત રાખવાનો, દીકરીનું સોળ વર્ષ પછી ને દીકરાનું વીશ વર્ષ પછી લગ્ન કરવાનો, મેજરના નિયમની જગ્યાએ શુદ્ધિનો, લગ્ન પ્રસંગે જમણ, વરઘોડા, માંડવા ઇત્યાદિ ખર્ચ ન કરતાં ફક્ત સો બસોની રકમમાં જ ખર્ચ કરવાનો, લગ્ન પ્રસંગે બિભત્સ ગીતો ન ગાવાનો, એક ઉપર બીજી સ્ત્રી ન કરવાનો, કુમાર, કુમારી, સ્ત્રી કે પુરૂષ દરેકને લગ્ન અંગે સમાન હક્કનો, પીસ્તાળીશ વર્ષ પછી લગ્ન ન કરવાનો, વિધવાને અપશુકનીયાળ ન ગણવાનો, દરેક માંગલિક પ્રસંગોમાં સધવા જેટલો જ અધિકાર વિધવા બેનને લેવાનો, મરણ પ્રસંગે ન કૂટવાનો તેમજ બેસણાં પથાણાં નહિ રાખવાનો અને કોઇ જાતના વરા નહિ કરવાનો, કન્યાવિક્રય કે વરવિક્રય નહિ કરવાનો, દીકરીને વારસા હક્કનો, ફરજીઆત વ્યાયામનો, સગીરને દીક્ષા ન લેવાનો, વ્યાજબી કારણે સગપણમાંથી છુટા થવાનો, પત્નિ અને બાળબચ્ચાંના ભરણપોષણનો બંદોબસ્ત કર્યા પછી જ દીક્ષા લેવાના નિયમો હોવા જોઇએ. આ સિવાય હુન્નર–ઉદ્યોગ, વિધવા આશ્રમ આરોગ્ય ખાતું વગેરે અંતર્ગત થવા જોઇએ અને તેને પહોંચી વળવા સ્થાયી ફંડ કે પછી લાગા નાખીને સારી આવક કરવાથી ઉદ્દેશને બર લાવી શકાય. આર્યસમાજીસ્ટો તેની સમાજની પ્રગતિ પાછળ લાખો ખર્ચે છે તે ઘણા ભાગે લાગાને ઉઘરાણાથી જ ખર્ચે છે.

આ મુદ્દાને અનુસરતા નિયમોવાળા બંધારણથી જૈન સમાજની દશ વર્ષમાં જ આખી સ્થિતિ બદલાઇ જાય એટલે ઉન્નતિ થાય. પરંતુ હાલના જ્ઞાતિ તંત્રો જેઓના હાથમાં છે તેઓ તો એવા ટેવાઇ ગયા છે કે નવી વાત સાંભળતાં જ ધ્રૂજી જાય છે. છતાં જેઓ સમાજનો અભ્યુદય ઇચ્છનારા છે તેવા ભાઇઓએ પોતાની જ્ઞાતિમાં ને ધોળમાં ઉપર મુજબ સુધારા કરાવવાની ઝુંબેશ ઉપાડી લોકમત કેળવવા પ્રચાર આદરે. હાટે ને વાટે, પોળે ને શેરીએ જ્ઞાતિ સંકુચિતતાના નુકશાન સમજાવે, વિનવે, છતાં જેઓ જુની ઘરેડમાં જ પડી રહેવાને રાજી છે અને કશી દાદ દેવાને તૈયાર જ નથી તેવા રૂઢિચૂસ્તો સામું જોઇને બેસી ન રહેતાં મંડ્યા જ રહે, તેમ જ્યારે જ્યારે તક મળે ત્યારે ત્યારે સંકુચિતતાની દિવાલો તોડી નાખવાની પહેલ કરે તેમ બીજાઓ તે પ્રમાણે બહાર આવે તેને મદદગાર થાય અને લોકમત કેળવવાનું ચાલુ જ રાખે તો હાલના સંકુચિત તત્ત્વનો નાશ થયે જ છૂટકો.

સંકુચિતવાડાના સુકાનીઓ વિચારે કે ચાલી આવતા હાનિકારક રિવાજો સામે મોરચા મંડાવા શરૂ થયા છે ત્યાં જુની નુકશાનકારક પ્રણાલિકાઓના ભૂક્કા થયે જ છૂટકા છે, કારણ કે ભવિષ્યના વારસદારો તેમના જીવનનો મુખ્ય પ્રશ્ન તેમના માબાપો ઉપર જ છોડી દેશે એમ માનશો નહિ. તેમ જ વાલીઓ પોતાની દીકરીઓ વાડા બહાર દેશે ત્યારે આવા વાડાઓ અને ભેદોનાં રક્ષણ કરવા ગમે તેવી સાંકળો જકડશો છતાં તે તૂટી જશે. આપ સમજો છો કે કુદરતી સાંકળો ટકી શકે પણ બનાવટી કેટલો વખત ટકવાની ? તો પછી સમાજના હિતાહિતનો વિચાર કરી ઉન્નતિના માર્ગે લઇ જનાર બંધારણ ઘડો, તેમાં જ હિત છે. બાકી સંકુચિત સ્થિતિમાં પડી રહેવાથી કે કોઇ મોટી નાત એના સડેલાં બંધારણ કાયમ રાખી નાની નાતને ભેળવવાની પરોપકારવૃત્તિ (!) બતાવે તેમાં ઉન્નતિ નથી, પણ અવનતિ છે.

યુવાનો ! આ પ્રશ્ન સાધારણ નથી. આ જ્ઞાતિઓ અને ધોળોએ ઓશવાળ, પોરવાડ, શ્રીમાળી, દશા, વીશા, પાંચા વગેરે ભેદોથી આપણી સમાજ નાશના આરે ઘસડાઇ રહી છે. આ ભેદો દરેક જીવનમાં પ્રવેશી પ્રગતિને અટકાવી રહ્યા છે એટલે તે ભેદો અને સંકુચિત બંધનેને ફગાવી દેવામાં જેટલા પ્રયત્નો કરીએ તેટલા ઓછા છે.

**છુટયા**–શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ બી. એ. એલ. એલ. બી. ને સ્પેશ્યલ પાવર્સ ઓર્ડિનન્સની રૂએ સજા થયેલી તેની મુદત પૂરી થતાં તા૦ ૧-૧૨-૩૨ ના રોજ છોડવામાં આવ્યા છે.

# બોટાદના.........અવનવા.

સૂરિઓ અને વાચસ્પતિના બિરૂદધારીઓ કાઠિયાવાડમાં હોવાથી આ વખતે કાઠિયાવાડની મુસાફરીએ લલચાયો. વઢવાણની મુલાકાત લેતાં સાધુ-સાધ્વીની વાતો સાંભળી થંભી જ ગયો. અને તપાસ શરૂ કરી. પરંતુ તે હકીકત પાછળ અનેક કાર-સ્થાનો હોવાથી તપાસને લાંબો વખત લાગશે એમ ધારી બોટાદ દોટ મારવાની ઇચ્છા થવાથી અત્રે આવ્યો છું. સૂરિજીએ વિહાર કર્યો છે એટલે તેમને મળી શકયો નથી. છતાં જે જાણવા મળ્યું છે તે નીચે મુજબ મોકલાવું છું:-

બોટાદ એટલે રૂઢિચૂસ્તોનું ધામ કહીએ તો ખોટું નથી, છતાં આઠ-દશ યુવકોને બહારની દુનિયાનો અને સ્વતંત્રતાનો સ્હેજ પવન લાગેલો છે. પણ સંજોગોને લઇને એવી ખાસ પ્રવૃત્તિ કરી શકતા નથી. તો પણ એટલું તો કરી શકયા છે કે ખોટી અને સમાજને હાનિકર્તા પ્રવૃત્તિઓમાં ભાગ તો લેતા જ નથી. એટલે પેલો રૂઢિચૂસ્તવર્ગ તે યુવાનોને નાસ્તિક-અધર્મી વગેરે નામથી સંબોધે છે. કારણ કે ધાર્મિકપણાનું-શાસનરસિકપણાનું તેમના ગુરૂએ તેમને પ્રમાણપત્ર આપેલું છે. એટલે બિચારા તેમનાથી વિરૂધ્ધ વિચાર ધરાવનારને જેમ આવે તેમ બોલી સંતોષ માને.

યુવાનોની સામાજીક પ્રવૃત્તિને રૂઢિચૂસ્તો કરડી નજરથી જોતા હતા, તેમાં વડોદરા દીક્ષા પ્રતિબંધ બાબત વિરોધ જાહેર કરવા અમદાવાદથી શ્રી નેમિસૂરિએ ભલામણ પત્ર લખી આપી એક ભાઇને અત્રે મોકલેલ, તેણે રૂઢીચૂસ્ત ભાઇઓ મારફત એક કાગળ તૈયાર કરી તેમાં લખેલું કે "અત્રેનો સમસ્ત જૈન સંઘ ઠરાવ કરે છે કે" સાથે વિરોધનો ઠરાવ લખી ખાનગી સહીઓ લેવી શરૂ કરેલી. એ વાત જાણમાં આવતાં યુવાનોએ સમસ્ત સંઘના નામ સામે સખ્ત વિરોધ ઉઠાવ્યો. અને પ્રપંચને ખુલ્લો કર્યો, આથી રૂઢીચૂસ્તો અકળાયા. નેમિસૂરિનું ભયંકર અપમાન થતું માની બેઠા. બુદ્ધિ કોઇના બાપની છે?

બોટાદ એ નેમિસૂરિનું બીજા નંબરનું મૂખ્ય મથક ગણાય છે. એટલે ગત ચોમાસામાં તેમના પરિવારસહ ચોમાસુ પધારેલા, આથી રૂઢીચૂસ્તોએ ખૂબ પ્રવૃત્તિ આદરેલી, તેમની પ્રવૃત્તિમાં સામૈયાં, વરઘોડા, ઓચ્છવો, સમોસરણની રચના, જમણવારો, પ્રભાવનાઓ વગેરે કરી વાહ વાહ કહેવરાવેલી, તેમને અને તેમના ગુરૂને આમાં જ શાસનની ઉન્નતિ જણાય છે. ભલેને હજારો જૈનો ભૂખે મરતાં હોય! કેળવણી વિના અજ્ઞાનતા સેવતાં હોય! કે ધંધા વિના બેકાર સ્થિતિ ભોગવતાં હોય! તેમાં તેમને તેની કશી પડી નથી. તેમ ઉન્નતિ દેખાતી નથી.

ચોમાસાના વ્યાખ્યાનો ત્યાગ, સંયમ, સમતા, સત્ય વગેરે મહાગુણો ઉપર મોટી રાડો સાથે એકટીંગથી અપાતાં છતાં તેમના સમુદાયની અંદર કલેશનો અગ્નિ વારંવાર દેખાતો અને કોઈ કોઇ વાર હદ પણ કુદાવી જવાના પરિણામે હદ ઉપરનો ત્રાસ વર્તતો, કોઇ સહન પણ કરતા, છતાં એક બાળ સાધુ જેનું નામ 'વિમળવિજય' છે તે ત્રાસ ન સહી શકવાથી આપઘાત કરવાના પ્રયત્ને વળેલા, પરંતુ તેમના ભકતોની જાણમાં આવી જવાથી વિમળવિજયને બચાવી લીધેલા ને વાત દાબી દીધેલી, છતાં વાત વાયરે ઉડી ગઇ ને પોલપત્રિકાના પાને ચડી એટલે જગજાહેર થઇ આથી શ્રી વિજયનેમિસૂરિનો ક્રોધાગ્નિ જ્વાળામુખીની જેમ ફાટી નીકળ્યો. તેમ જ લખનારને ખોળી કાઢવાનું કામ તડામાર હાથ ધરવામાં આવ્યું. અને પાસે આવનાર દરેક ભકતોને એજ પૂછપાછ થતી-આ લખનાર કોણ છે? તેમાં સૌ થોડા જ સરખી મતિના હોય છે. એટલે કોઇ દ્વેષથી, કોઇ વ્હાલા થવા. ગમે તે કારણે પેલા સમાજ સુધારક યુવકોના નામ ગણી બતાવતા, સાથે અનેક પ્રકારની સાચી ખોટી વાતો ઠસાવીને ક્રોધના ભભૂકતા જ્વાળાગ્નિમાં ઘી હોમતા.

લાડકચંદ પાનાચંદ નામના એક યુવાન ભાઇ દર્શન કરવા ગયેલા 'ત્યાં તું જ લખનાર છે' કહી સમાજના માલ મલીદા આરોગી ગોળમટોળ કાયા ઘડનાર નંદનસૂરિ નામના સાધુ ગુંડાની પેઠે તે ભાઇના ઉપર તૂટી પડી તમાચાની પ્રસાદી (!) જમાડી. તે બીજા સાધુઓને ઓછી લાગવાથી તે પણ તેમના સ્વભાવ પ્રમાણે ધસી આવી તે ભાઇને બોખરા કર્યા, આવી હેવાનીયત ભરેલી ગુંડાશાહી કહેવાતા શાસનસમ્રાટ્ની રૂબરૂમાં જ થઈ.

આટલેથી ન ધરાતાં સ્વતંત્ર વિચાર ધરાવનારા સેવાભાવી એ યુવાનોની સાથે બેસનારને, સંબંધીઓને, પૈસાની લેવડદેવડ કરનાર વેપારીઓને વગેરેને ઉપદેશોદ્વારા, ખાનગી સૂચનાઓદ્વારા એ પરોપકારી (!) ધર્મગુરૂઓ સમજાવતા ગયા કે-તેઓની સાથે બેસતા નહિ, કોઈ જાતની મદદ આપતા નહિ, કોઇપણ જાતનો સંબંધ રાખતા નહિ, આ પ્રમાણે ઓર્ડિનન્સો કાઢીને વિદાય થાય ને યુવક પ્રવૃત્તિ સજીવન થાય તો?

આથી ભકતોના કાન ભંભેરી એક સાધારણ માણસને ઉભો કરી પાંચ જણ વિરૂદ્ધ સુલેહભંગની અરજી ફોજદારી કોર્ટમાં અપાવી તેમાં લખ્યું કે-"આ લોકો અમારા ધર્મ-ગુરૂઓના અવર્ણવાદ બોલે છે તેથી અમારી લાગણી દુઃખાય છે અને તે લોકો સુલેહનો ભંગ કરે તેવી ધાસ્તી છે તો સુલેહ જાળવવા બંદોબસ્ત કરશો" આથી ફોજદાર સાહેબે તે પાંચ ભાઇઓને બોલાવી કાયદો સમજાવી ધર્મગુરૂ વિરૂદ્ધ બોલવું નહિ, તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહિ. એ પ્રમાણે હુકમ લખી પેલા યુવાનોની સહીઓ લેવામાં આવી.

આથી તો સૂરિ સમુદાય બહુ જ રાચ્યો-માચ્યો ને સમજ્યો કે યુવક પ્રવૃત્તિ દાબી દીધી. બસ! ફતેહ!! આ પ્રમાણે યુવક પ્રવૃત્તિ દબાવી નહિ દબાય, તે તો સાચી ક્યારે દબાશે કે જ્યારે સાધુઓ ગુંડાશાહી છોડી સાધુશાહી ધારણ કરશે ત્યારે.

વઢવાણની તપાસ અધુરી હોવાથી આગળ ન વધતાં પાછો તે તરફ જઉં છું. કારણ કે ત્યાં જે ઘટમાળાઓ બની છે તે પૂરાવા સાથે ભેગી કરી સમાજ આગળ રજુ કરી શકું તો પાખંડીઓની પાપલીલા પૂરેપૂરી બહાર આવે અને તેમની પાછળ ઘસડાતી જનતા જાગૃત થાય.

# યુવાન આલમને આંગણે.

રાજકીય, સામાજીક અને ધાર્મિક વિપ્લવ આ પૃથ્વી પર ઘણાયે થઇ ગયા. જગતનો ઇતિહાસ એ દરેક ભરપૂર બાબતોનો રોમાંચક વાર્તાઓથી ભરપૂર છે.

ધાર્મિક, રાજકીય બાબતમાં ઘણાનાં લોહી રેડાયાં, ઘણાને જીવતાં રેંસી નાખ્યાં, કેટલાકને બળજબરીથી માનવું પડયું. ઘણાને આર્થિક નડતર કરતાં એ માનવું પડયું. જ્યારે જ્યારે નવિન ધર્મનો પ્રચાર, નવિન રાજકીય પ્રચાર થતાં કોણ કહે છે કે લોહીની નદીઓ નથી વહેવરાવેલી ? અત્યાર અગાઉ જગતમાં કોણ જાણે કેટલાયે ધર્મ અસ્તિત્વમાં આવ્યા અને કેટલાયે નાશ પામ્યા. અને કેટલાયે તેમની વિજય પતાકા ફરકાવી કાળના ઉદરગૃહમાં સમાઇ ગયા. પરંતુ જૈનધર્મ કે આજે લાખો કરોડો વર્ષોથી પણ પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે, એજ જૈન ધર્મના સત્ય ગુંજનનો પ્રભાવ સૂચવે છે.

વાસ્તવમાં વિપ્લવ પ્રકૃતિનો અટલ નિયમ છે કે જ્યારે જ્યારે સમાજમાં અંધશ્રધ્ધા ઘૂસે અને ધર્માચાર્યો યા તો નાયકો અત્યાચારની સીમા ઓળંગી જાય ત્યારે ધ્વંસ અને નિર્માણના અમોઘશસ્ત્રોની સાથે વિપ્લવ દેખાય છે. અને ઘાસના ઢગલામાં પડેલી ચિનગારી પવન ફુંકાતા ભયંકર જ્વાળા ફેલાવે તેવી રીતે ઘોર અંધશ્રદ્ધા અને અંધાધુંધીદ્વારાએ ચગદાયેલી જ્ઞાનહીન–વિચારહીન પ્રજામાં એકાએક નવચેતનની ચિનગારી પ્રગટ થાય છે અને તેની ચળકતી ભાવના જતે દિવસે એક દિવસ ભભૂકી ઉઠે છે.

આજે આખા સમાજની એજ સ્થિતિ છે, અંધશ્રદ્ધાનાં પૂર ચો તરફથી ઘેરી રહ્યા છે. અંધાધુંધી અને દંભના મોજાં આજે સારાયે જૈનસમાજ પર ફરી વળ્યાં છે. બિચારી જ્ઞાનહીન–વિચારહીન પ્રજાથી શું થઇ શકે ? શું થઇ શકે ? એ ભાવના જ ખોટી છે. કુદરતનો એવો નિયમ હોય છે કે જ્યારે ધર્મના નામે દંભ, સ્વાર્થ અને અધમતા વધારે પ્રમાણમાં પોષાતી હોય છે ત્યારે એક એવો વર્ગ અસ્તિત્વમાં આવે છે કે તેને જડમૂળથી ઉખેડી ફેંકી દેવા કમર કસે છે. અને એવી જ રીતે જૈન આલમમાં નવચેતનની ચિનગારી મૂકવા 'મુંબઇ જૈન યુવક સંઘ' નામની સંસ્થા અસ્તિત્વમાં આવી છે. તેનો મુદ્રા લેખ દરેક જાતના ભેદભાવ ભૂલી જઇ દેશની ખાતર, ધર્મની ખાતર અને શાસનના હિતની ખાતર જગતમાં સમાનતાની ભાવના ઉદ્ભવવી અને ધર્મના નામે થતા અઘટિત વર્તનોને ખેંચી પ્રકાશમાં લાવવા અને ઐક્યના ઝુંડા નીચે એકત્ર થઇ મનુષ્યત્વ પ્રાપ્ત કરાવવું એ છે. જે મનુષ્ય એશઆરામમાં રચ્યો પચ્યો રહે છે. સાધુ ધર્મનો પવિત્ર પોષાક ધારણ કરેલ હોવા છતાં સ્વાર્થ, દંભ અને અધમતાને જે પોષે છે. તેમ માનાપમાનની બીકે સત્ય બીના સમજમાં હોવા છતાં પણ ગધ્ધાપૂંછ પકડી જનતાને અવળે માર્ગે ઘસડી અધઃપતન કરાવે છે. તેના અસ્તિત્વને હઠાવવા આજે '**યુવક સંઘે**' મોરચા માંડયા છે. ઉદ્દામભાવના, વિચારોની વિશાળતા અને ભાઇચારાની લાગણી ઉત્પન્ન કરવા માટે પણ મક્કમ પગે કાર્ય કરી રહેલ છે. આજે ઘણા બખાળા આ સંસ્થા વિરૂદ્ધ થઇ રહેલા છે. છાપાદ્વારાએ ગલીચભાષા વાપરી પોતાની કિંમત અંકાવી રહ્યા છે, છતાં જનતા ન ભૂલે કે આટલું આટલું તેમના વિરૂધ્ધ પ્રચાર કાર્ય હોવા છતાં પણ નિડરપણે નીતિને વળગી રહી પોતાનું કાર્ય આગળ ધપાવે જાય છે.

દરેક જૈન યુવાન–વૃધ્ધ સ્ત્રી–પુરૂષને નમ્રભાવે અપીલ કરૂં છું કે આજે સારાયે જૈન સમાજમાં જે દાવાનળ સળગી રહ્યો છે. અને તેને જન્મ આપનાર જે પક્ષ છે તેની સામે જેહાદ ઉઠાવો, તેઓને સમજાવવા પ્રયત્ન કરો અને છેવટે ન બને તો યુવક સંઘના ઝંડા નીચે એકત્ર થઇ બંડ જાહેર કરો. તો આપોઆપ ધર્મના નામે પોષાતો દંભ, સ્વાર્થ, અંધાધુંધી અને અધમતા બંધ થઇ સમાજમાં શાંતિના પૂર વહી સર્વત્ર આનંદ પ્રવર્તે.

—**લી૦ ભોગીલાલ પેથાપુરી.**

# એક ખુલાસો.

જૈન તેમજ અન્ય જનતામાં વૈરશાસનના નામે ખ્યાતિ પામેલ "વીરશાસન"ના તા૦ ૧૧ નવેમ્બરના પુસ્તક અગીઆર અંક ૬ ના ૭૬ પૃષ્ઠ પર 'બાલદીક્ષા હાનિકર નથી કિન્તુ શાસનનો અભ્યુદય કરનાર છે' તેવા મથાળા નીચે મારી સહીથી બહાર આવેલ લેખ તર્કટી, સત્યથી વેગળો અને જનતાને અવળે રસ્તે દોરી એનામાં ગેરસમજ ઉત્પન્ન કરનારો હોઇ એ સંબંધી કેટલોક ખુલાસો કરવો આવશ્યક સમજુ છું.

હકીકત એમ છે કે આજથી લગભગ ત્રણ માસ ઉપર દીક્ષા છોડયા બાદ આસો વદ ચૌદસના રોજ હું ખંભાત ગયેલ અને પં. રૂધ્ધિમુનિજી પાસે ઉતરેલ ત્યાં બિરાજતા (!) લબ્ધિસૂરિજીના ભકતો મારી પાસે આવેલા અને આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી પાસે આવવા સંબંધી અત્યંત આગ્રહ કર્યો પણ તેના જવાબમાં તેમની પાસે જવા મેં સાફ ના પાડેલી એટલે એમને બીજો પાસો નાખવાની યુક્તિ પ્રયુક્ત રચવા માંડી, મારી સાથે આડી અવળી અનેક વાતચીતો થયા બાદ વાતમાં ને વાતમાં મને જણાવ્યું કે તમો મહારાજશ્રી પાસે જાતે આવી શકો તેમ ન હો તો એક કાગળ ઉપર તમારૂં નામ લખી આપો જેથી મહારાજશ્રીને અમોએ તમારી મુલાકાત લીધા બદલની ખાત્રી થાય, આમ એ લોકોએ કહ્યું જેથી મારા સરળ સ્વભાવ મુજબ મેં મારૂં નામ એક કાગળ ઉપર લખી આપ્યું.

વસ્તુસ્થિતિ આમ હોવાથી જ્યારે વીરશાસનમાં મારી સહી નીચે છપાવેલ ઉપરોક્ત લેખ જોતાં મારી સરળતાનો આવો ગેરલાભ લેવાયેલો જોઇ મારા હૃદયને કેટલો આઘાત પહોંચ્યો હશે તે મારા પ્રિય બંધુઓને સ્હેજે સમજાય તેમ છે.

આ તર્કટ જોતાં મારા હૃદયને પહોંચેલ આઘાતનું વર્ણન કરવું અશકય છે. તેમજ વધારામાં વળી તે લેખમાં જૈનયુવક સંઘવાળાઓ ઉપર પણ જુઠા આક્ષેપો કરવા પાછી પાની રાખી નથી.

સમાજ આ ઉપરથી સાધુ તરીકેનો ફાંકો ધરાવતા આ પ્રમાણે પોતાની કાવતરાબાજી કયાં લગી ચલાવી રાખે છે તે સમજે.

મુઃ વડોદરા.
ઘડીઆળી પોળ.
તા૦ ૧૪–૧૧–૩૨

લી૦ સેવાભાવી સેવક,
**મગનકુમાર જૈની** સહી દાઃ પોતે.

# મુનિ રામવિજયના શિષ્ય
# કુસુમવિજય કેસનો ચુકાદો.

## સોસાયટીના આગેવાનોની ના. મેજીસ્ટ્રેટે કાઢેલી ઝાટકણી.

તારના નામે ચલાવેલી ઠગાઇ !

છોકરાનો કબજો લેવા દિક્ષા પાર્ટીના કાવાદાવા અને ઘેલછા ભર્યા પ્રયત્નો.

**કોર્ટમાં ભરતવિજયજી એક અરજદાર તરીકે, સાધુથી છોકરાને ઉપાશ્રયમાં રાખી શકાય કે?**

**બીચારા મુનીને પહેલા અને પાંચમા મહાવ્રતનો ભંગ કરવો પડયો છે.**

**દશવૈકાલીક સૂત્ર શું કહે છે?**

**આવા સાધુઓ આ ભવે નિંદાય છે અને આવતે ભવે નર્કમાં જાય છે.**

( ઈંગ્રેજી ઉપરથી ગુજરાતી ભાષાંતર ) **સીટી મેજીસ્ટ્રેટની કચેરી અમદાવાદ.:(હુકમ)**

**દિક્ષા પક્ષ** અને દિક્ષા સામેનો અથવા **સુધારક પક્ષ** એવા બે વિરૂદ્ધ પક્ષો **કાન્તીલાલ ભોગીલાલ** નામના આશરે સોળ વર્ષની ઉમ્મરના છોકરાનો કબજો લેવાનો દાવો કરતા હોવાથી દેખીતો ગુન્હો બનવાના અને પરિણામે સુલેહના ભંગની સંભવીનતાના ભયથી અમદાવાદ રેલ્વે પોલીસ સબ ઈન્સપેકટરે મજકુર છોકરાને કોના કબજામાં સોંપવો તે સંબંધી હુકમ કરવા અત્રે રજુ કર્યો છે.

હમણાં મળેલ માહીતી અનુસાર આ છોકરાનો પૂર્વ ઇતિહાસ રસદાયક છે. ૧૯૩૦ ના જાનેવારીમાં છોકરાએ દિક્ષા લીધી અને પાછળથી તેની માએ છોકરાના વાલી તરીકે પોતાને નિમવા માટે દિવાની દાવો નોંધાવ્યો હતો. એ વખતે છોકરાનો બાપ સંસારી હતો અને તેથી કરીને જીલ્લા કચેરીએ તેની માની વાલી તરીકે નિમણુંક કરી ન હતી. છોકરો વઢવાણ હતો પણ તા. ૮-૧૧-૩૨ ની રાત્રે તેણે છુપી રીતે ઉપાશ્રય છોડયો, સંસારી કપડાં પહેર્યાં અને તેની મા પાસે પાટણ જવા નીકળ્યો. છોકરાના નિવેદન મુજબ બન્ને પક્ષના માણસો વઢવાણથી ગાડીમાં ચડી બેઠા. છોકરાને સ્ટેશન ઉપર મળીને સાનંદમાં હાલ **મુની ભરતવિજયજી**ના નામથી રહેતા તેના પૂર્વાશ્રમના પિતા પાસે જવા સમજાવવા માટે એક તાકીદનો તાર ( S. O. S. ) અત્રેના દિક્ષાપક્ષના આગેવાનો ઉપર મુકવામાં આવ્યો હતો. વિશેષમાં જણાય છે કે બન્ને પક્ષો રેલ્વે પોલીસ પાસે ગયા અને તેથી કરીને પરિણામે છોકરાને કોર્ટ સન્મુખ રજુ કરવામાં આવ્યો.

બન્ને પક્ષની ગેરવાજબી **અસરથી મુક્ત** રાખવા, તેને પોતાને કયાં જવું છે તેનો નિર્ણય કરવા તક આપવા અને બન્ને હરીફ પક્ષો વચ્ચે તાત્કાળીક સુલેહ ભંગ થતો અટકાવવા તે છોકરાને **રા. સા. મહીપતરામ રૂપરામ** અનાથ આશ્રમમાં મોકલવામાં આવ્યો હતો. છોકરાની માએ અને દીક્ષા પક્ષના એક આગેવાન **ચીમનલાલ કડીઆએ** છોકરાની મુલાકાતો લઇને છોકરાને આશ્રમમાં મોકલવાના ઉદ્દેશને નિષ્ફળ બનાવ્યો હતો.

છોકરાએ મારી પાસે એક નિવેદન નોંધાવ્યું છે તેની અંદર તે જણાવે છે કે રાત્રે છુપી રીતે તેણે પુર્વાશ્રમમાં એટલે સંસારમાં જવાની ઇચ્છાથી વઢવાણનો ઉપાશ્રય છોડયો, તેને પોતાની મા પાસે પાટણ જવું હતું અને તે અમદાવાદ આવ્યો ત્યાંસુધી તેનો ત્યાં જવાનો મક્કમ વિચાર હતો. પણ રેલ્વે સ્ટેશને દિક્ષા પક્ષના આગેવાનો તેને મળ્યા અને જણાવ્યું કે તારા પિતા તને મળવા માગે છે એવો તારા પિતાનો અમારા ઉપર તાર છે. આથી છોકરાએ પોતાનો નિશ્ચય ફેરવ્યો અને હવે તે સાનંદ જવા ઇચ્છે છે તો પણ તે જણાવે છે કે હાલ ફરી દિક્ષા લેવાનો તેનો ઇરાદો નથી.

મારે જણાવવું જોઇએ કે છોકરો ચંચળ ( અનિશ્ચિત ) મનનો છે અને કહેવામાં આવતો તાર એ એક ઠગાઇ (hoax) છે જેનાથી તેનો વિચાર બદલાયો છે. એક પણ તાર મારી આગળ રજુ કરવામાં આવ્યો નથી **અને મને શક પડે છે કે છોકરાને સાનંદ જવા માટે લલચાવનારૂં અને પછી એને ફરીથી દિક્ષા લેવા સમજાવવાનું એ એક કાવતરૂં (ruse) હતું. નહિ તો જૈન ધર્મ મુજબ પિતા દિક્ષા લે ત્યારથીજ તેના પુત્ર સાથેના સંબંધનો અંત આવે છે અને તે તેને ઉપાશ્રયમાં પણ રાખી શકતો નથી.**

છોકરાની માએ અને તેના પૂર્વાશ્રમનાં પિતાએ લેખીત અરજીઓ દાખલ કરી દરેક જણે છોકરાનો કબજો પોતાને સોંપવાની માંગણી કરેલ છે. **મને નવાઈ લાગે છે કે છોકરાના પૂર્વાશ્રમના પિતા કે જેણે પોતાના સર્વ સંબંધીઓ સાથેના પોતાના સંસારીક સંબંધો તજી દીધા છે તેણે પોતાના પુત્ર તરીકે આ છોકરામાં જરા પણ રસ શા માટે લેવો જોઇએ.**

**આ દુઃખદાયક કીસ્સામાં છોકરાના પૂર્વાશ્રમના પિતાને ખેંચી લાવવાના, તેની પાસે કોર્ટમાં હાજરી આપવાના, વકીલાતનામું દફતરે ચઢાવવાના અને ટીકીટ ચોઢેલી અરજી કોર્ટને કરાવવાના દિક્ષાપક્ષે કરેલા ઘેલછા ભર્યા ( frantic ) પ્રયત્નો જોઇ હું આશ્ચર્ય પામ્યો છું. દિક્ષા વખતે ગ્રહણ કરેલ ( મહાવૃતો પૈકી ) પહેલું અને પાંચમું મહાવૃત ભાંગવાની આ બીચારા મુનીને ફરજ પડી છે તેને માટે દશ વૈકાલીક સુત્રમાં ભારે સજા ( પ્રાયશ્ચિત ) ફરમાવવામાં આવી છે. આથી આ ભવમાં નિંદાય છે અને આવતા ભવે નર્કમાં જાય છે. આ બધું મારે જણાવવું પડે છે તે માટે હું ઘણોજ દીલગીર છું; દિક્ષા પક્ષના આગેવાનો કેટલી હદે ગયા છે અને છોકરાને જીતી લેવામાં પોતે કેટલો રસ લીધો છે તેમજ બન્ને પક્ષો વચ્ચે સુલેહનો ભંગ થવાના કેવા ગંભીર પ્રસંગો છે તે દર્શાવવા માટેજ મારે ઉપરની હકીકત જણાવવી પડી છે.**

છોકરાની માની અને તેના પૂર્વાશ્રમના પિતાની લેખીત અરજીઓ મેં તપાસી છે. બન્ને પક્ષના વિદ્વાન વકીલોની દલીલો પણ સાંભળી છે. કાયદો પણ વિચારી જોયો છે અને એવા નિર્ણય ઉપર આવ્યો છું કે ફોજદારી કાયદા મુજબ છોકરાને તેની મા કે તેના પૂર્વાશ્રમના પિતાને સોંપવાનો હુકમ કરવાની આ કોર્ટને સત્તા નથી. કોઇ પણ માણસ છોકરાની માતા પ્રત્યે સ્હાનુભુતી બતાવે કે જેનો તે એકનો એક છોકરો છે અને મુસાળની મીલકતનો પણ સંભવીત વારસ છે. તો પણ અરજીઓમાં દર્શાવ્યા મુજબ હુકમ કરવાની કાયદો આ કોર્ટને સત્તા આપતો નથી.

છોકરાને પોતાની સ્વતંત્ર ઇચ્છા શક્તિ અમલમાં મુકવા દેવી જોઇએ અને કોઇના પણ તરફથી ઢીલ અથવા અટકાવ થયા સિવાય તેની જ્યાં ઇચ્છા થાય ત્યાં જવા દેવાનો હું હુકમ કરૂં છું. સુલેહનો ભંગ ન થાય તેટલુંજ પોલીસે જોવાનું છે.

(સહી) **ધીરજલાલ હ.**

સીટી મેજીસ્ટ્રેટ.

અમદાવાદ, તા. ૧૨-૧૧-૨૨

પ્રકાશક,—**જમનાદાસ ટી. શાહ.**

**ચંદુલાલ વર્ધમાન શાહ.**

( વઢવાણ શહેર )

જૈન ભાસ્કરોદય પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.

# સાગરજીની સકલશાસ્ત્ર પારંગતા કે ઉત્સૂત્ર પ્રરૂપણા?

## સાગરજી સત્ય સ્વીકારશે કે ઉત્સૂત્રભાષી કહેવરાવશે?

શ્રીમાન્ સાગરાનંદજીએ તા૦ ૧૫-૧૦-૩૨ ના "સિદ્ધ-ચક્ર" પાક્ષિકના પૃષ્ઠ ૧૩ ઉપર "સાગર સમાધાન" નામના પ્રશ્નોત્તરમાં, પ્રશ્ન ૪૭ ના ઉત્તરમાં જણાવ્યું છે કે-"ધર્મબિન્દુ અને પંચવસ્તુ એ બંનેના રચયિતા ભગવાન્ શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી છે. ધર્મબિન્દુમાં છ માસની પરીક્ષાનું જે લખેલું છે તે માત્ર સૂચના રૂપ છે" સાગરજી આમ કહીને શું કહેવા માંગે છે તે સમજી શકાતું નથી. અપવાદિક સૂત્રોને વિધાન તરીકે ઠોકી બેસાડવા અને વિધાનરૂપ સૂત્રોને સૂચના તરીકે હસી કાઢવામાં જ સાગરજીની સકલશાસ્ત્ર પારંગતા છે કે 'સાઠી બુદ્ધિ નાઠી' એ ન્યાયે આજે સાગરજી સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના અભ્યાસીઓની હસ્તિ જ ભૂલી જઈ જેમ આવે તેમ લખવામાં જ પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરાવવામાં જ પંડિતાઈ માની રહ્યા છે. મને લાગે છે કે વૃધ્ધાવસ્થાને લીધે સાગરજીની જ્ઞાનચક્ષુઓ નિરીક્ષણ કરવાને અશક્ત બની છે, તેથી આ પ્રમાણે લખી રહ્યા છે કે ઇરાદાપૂર્વક પોતાના કૃત્યોના બચાવ માટે જ લખી રહ્યા છે? ધર્મબિન્દુમાં તો સ્પષ્ટ લખ્યું છે કે-"एवं कथितेऽपि साध्वाचारे निपुणमसौ परीक्षणीयः । यतः । અર્થ-એમ સાધુ આચાર સારી રીતે કહ્યા પછી પણ તે પુરૂષ પરીક્ષા કરવાને યોગ્ય છે. તે વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે—

अस्त्याः सत्यसंकाशाः सत्याश्चासत्यसंनिभाः ।
दृश्यन्ते विविधा भावास्तस्माद्युक्तं परीक्षणम् ॥१॥
अतथ्यान्यपि तथ्यानि दर्शयन्त्यति कौशलाः ।
चित्रे निम्नोन्नतानीव चित्रकर्मविदो जनाः ॥२॥

— કેટલાક અસત્ય પદાર્થો સત્ય જેવા દેખાય છે અને કેટલાક સત્ય પદાર્થો અસત્ય જેવા દેખાય છે, એમ વિવિધ પ્રકારના ભાવ દેખાય છે. તેથી પરીક્ષા કરવી યોગ્ય છે. ૧.

— ચિત્રકર્મને જાણનારા પુરૂષો જેમ ચિત્રમાં નીચા ઉંચા સ્થળનાં ભાવોને બતાવે છે, તેમ અતિકુશળ પુરૂષો અસત્યને સત્ય જેવાં બતાવે છે. ૨.

"परीक्षा च सम्यक्त्वज्ञानचारित्रपरिणतिविषया तैस्तैरुपायैर्विधेया। परीक्षाकालश्च प्रायः षण्मासाः॥" દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિપકવતા સંબંધી પરીક્ષા તે તે ઉપાયો વડે કરવી. પરીક્ષાના સમયની અવધિ મોટે ભાગે છ મહિના છે."

આ મુજબ સ્પષ્ટ શબ્દો છે કે પરીક્ષા શા માટે કરવી? તો કેટલા કુશળ પુરૂષો કુશળ ચિત્રકારની માફક ભાવને બતાવી શકે છે માટે પરીક્ષા કરવી, આ જાતના શબ્દો હોવા છતાં સાગરજી આને સૂચના કહે છે એ સાગરજીની બુદ્ધિમતાની અને આસ્તિકતાની બલિહારી સિવાય બીજું શું કહી શકાય?

સાગરજી ત્યાર બાદ જણાવે છે કે-"દીક્ષા દીધા પછી જ સામાયિક આપવાનું છે અને તે આવશ્યકનું પહેલું અધ્યયન છે. આવશ્યક પૂરૂં થયા પછી દશવૈકાલિકના યોગ છે. ચોથું અધ્યયન સૂત્રાર્થ થયા પછી ગોચરી, સ્થંડિલાદિ વગેરેથી પરીક્ષા કરવાની છે. અને તે પરીક્ષા દીક્ષા લીધા પછી જ હોય છે. પંચવસ્તુમાં સાધુની ચર્યા વગેરે દેખાડવા દ્વારાએ પરીક્ષા કરવાનું જણાવ્યું છે અને તેથી દીક્ષા પછીથી જ પરીક્ષા નક્કી થાય છે. **છ માસની પરીક્ષા દીક્ષાની યોગ્યતા માટે નથી પણ આચારમાં તૈયાર થયો અને શ્રધ્ધાવાળો થયો તેની પરીક્ષા છે.**

સાગરજી ઇરાદાપૂર્વક ખોટું બોલી શાસ્ત્રના નામે ભોળી અને અજ્ઞાન પ્રજાને ભમાવવાનો અને શિક્ષિતવર્ગને વિતંડાવાદમાં નાંખી વાગ્જાળ બિછાવવાનો જે પ્રયત્ન ઉપરના વાક્યોમાં કર્યો છે તે એક સાધુતાને અણછાજતો અને ભગવંત મહાવીરના શાસનમાં સાધુતાને લજવનારો હોઈ સાગરજી પોતાના જ શબ્દોમાં ઉત્સૂત્રભાષી છે.

સાગરજી પોતે જ એક વખત કહે છે કે એ **સૂચનારૂપ** છે, હવે કહે છે કે છ માસની પરીક્ષાનું જે લખેલું છે તે દીક્ષા પછીની પરીક્ષા માટેનું છે અર્થાત્ વડી દીક્ષા માટેનું છે, આમાં સાગરજી જે દલીલ કરે છે તે ઇરાદાપૂર્વકની અપ્રાસંગિક છે. કારણ ધર્મબિન્દુમાં તેમજ ધર્મસંગ્રહ તથા પંચવસ્તુમાં પરીક્ષાના દિવસો દરમ્યાન તે ઉમેદવારને સામાયિકાદિ સૂત્રો આપવા એટલે ભણાવવા સંબંધે આ પ્રમાણે લખેલું છે-"तथा सामायिकसूत्र अकृतोपधानस्यापि कण्ठतो वितरणीयं अन्यदपि सूत्रं पात्रतामपेक्ष्याध्यापयितव्यम् ॥२४॥ धर्मबिन्दु" અર્થ-તેમજ સામાયિકસૂત્રાદિ પણ ઉપધાન આદિ વહેલ ન હોય તેવાને પણ મોઢેથી ભણાવવું અને તે સિવાયના બીજા પણ સૂત્રો યોગ્યતાને વિચારીને ભણાવવા.

શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજીના વખત સુધી એ પ્રથા ચાલુ હશે કે ઉપધાન વહ્યા સિવાય નવકારાદિક સૂત્રો ન ભણાવી શકાય, તેવું જે મહાનિશીથસૂત્રનું વિધાન છે. તે મુજબ અત્રે પણ લખ્યું છે, કે દીક્ષા લેનારે ઉપધાન વહ્યા ન હોય તો પણ મોઢેથી સામાયિકસૂત્રાદિ ભણાવી શકાય છે. સાગરજી એમની વાગ્જાળ અત્રે જ ફેલાવે છે અને તે એ કે સામાયિક આદિ જે આપવાનું કહ્યું છે તે સામાયિકાદિ સૂત્રો આવશ્યકનું પહેલું અધ્યયન છે અને તે આખુંયે આવશ્યક પૂરૂં થવા પછી, દશવૈકાલિકના યોગ કર્યા પછી જ આચાર વગેરેની પરીક્ષા કરીને દીક્ષા આપવાનું છે. એટલે તે વડી દીક્ષા આપવા સંબંધે છે. તકરારને ખાતર સાગરજીની આ દલીલ સ્વીકારી લઈએ તો પણ એમાં એ શંકાનું તો સમાધાન કરવું જ પડશે. કે દીક્ષા આપ્યા પછી જ સામાયિકસૂત્ર આપવાનું હોય તો પછી ઉપધાન વહ્યા હોય કે ન વહ્યા હોય તેનો પ્રશ્ન જ રહેતો નથી. કારણ કે દીક્ષા લીધા પછી તો યોગવહન કરીને જ સૂત્રો ભણવાના હોય છે એટલે એ દલીલ પણ ટકી શક્તિ નથી. તેમજ સામાયિક સિવાયના બીજા સૂત્રો પણ યોગ્યતાને વિચારીને ભણાવવા માટે લખ્યું છે. હવે તો આ બધું દીક્ષા આપ્યા

# 'દીક્ષાપાર્ટી'ની મનોદશા-ન્યાયાધિશની સખ્ત ટીકા.

## સોસાયટીના સંચાલકો શાસનસેવા કરે છે કે તેનું અધ:પતન કરે છે?

પાટણના વતની કાંતિલાલ ભોગીલાલને તેર વર્ષની કાચી વયે અમદાવાદમાં દીક્ષા આપી કુસુમવિજય નામ આપેલું. તેની મા ગજીએ તેનો કબજો લેવા અમદાવાદની કોર્ટમાં ફરીઆદ માંડેલી પણ તે વખતે તેના બાપ ભોગીલાલ સંસારી હોવાથી કોર્ટે તેનો વાલીપણાનો હક્ક માની માને દીકરો સોંપવામાં આવેલો નહિ, તે પછી તેના બાપ ભોગીલાલે દીક્ષા લઇ ભરતવિજય નામ ધારણ કર્યું. ઉપરોક્ત કુસુમવિજય ગયા ચોમાસામાં શ્રી રામવિજયજીની સાથે વઢવાણમાં ચોમાસું રહેલો અને ભરતવિજય (તેના બાપ) સાણંદમાં ચોમાસુ રહેલા. વઢવાણમાં કુસુમવિજય કંટાળ્યાથી ચોમાસું (કારતક શુદિ ૧૫ પહેલાં) પૂરૂં થયા પહેલાં ત્યાંથી રાતમાં છુપી રીતે નીકળી વેશ બદલી પોતાની માની પાસે પાટણ જવા નીકળ્યો. પણ દીક્ષા ઘેલા કહેવાતા શાસનપ્રેમીઓ મળવાથી અમદાવાદ ગયો. ત્યાં સ્ટેશન ઉપર ધમાલ થઇ અને કેસ કોર્ટે ચડયો. ખબર પડવાથી ભરતવિજય પોતાના આચાર છોડી ચોમાસું પૂરૂં થયા પહેલાં સાણંદથી મોટરમાં બેસી અમદાવાદ ઉપડયા. અને સંસાર છોડયો છે છતાં પણ કાંતિલાલનો કબજો લેવા કોર્ટમાં અરજી કરી દાદ માંગવા ઉભા રહ્યા. તેની મા ગજીને ખબર પડવાથી ત્યાં આવી તેણે પણ છોકરાનો કબજો લેવા અરજી આપી. અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટ મે. ધીરજલાલ એચ. એ તા૦ ૧૨-૧૧-૩૨ ના રોજ ચુકાદો આપતાં અયોગ્ય દીક્ષાના હીમાયતીઓને "દીક્ષાપાર્ટી" એ નામથી ઓળખાવી તેમના દાવપેચ, ખોટા તાર અને સાધુનાં મહાવ્રતોનો ભંગ કરાવી કરેલાં કૃત્ય સંબંધી કેવા ગંભીર શબ્દોથી ટીકા કરી છે તે વાંચકોની ધ્યાન ઉપર લાવવાની જરૂર હોવાથી અંગ્રેજીમાં જ મુદ્દાના ત્રણ પેરા મૂળ અને ભાવાર્થ સાથે નીચે પ્રમાણે રજુ કરૂં છું:-

(4) A statement of the boy was recorded by me, in wich he states that he left t'e 'Upasra' at Wadhwan secretly at night, as he wished to return to his 'Purva Ashram' i e worldly life. He wanted to go to Patan to his mother and was bent upon going there till he reached Ahmedabad. At the Railway Station, however, he was met by the members of the Diksha Party who told him that they have received a telegram from his father who is wishing to see him On this the boy changed his mind and now wishes to go to Sanand, although he states that he has no intention at present to take Diksha again

(5) I should state that the alleged telegram which is a hoax has changed the mind of the boy, who seems to be indecisive. No telegram has been produced before me and I suspect that it was a ruse to induce the boy to go to Sanand and then persuade him to take Diksha again for otherwise according to Jain religion a father. as soon as he takes the 'Diksha' has no connection with his son nor can he keep him in the 'Upasara'.

(6) The mother and the former father of the boy h ve filed writter applications to the court in which each party requests that the boy may be handed over to her or him I wonder why the former father, of the boy should take any interest in him as his son, since he has renounced all worldly connections with his relations I am surprised to see what frantic efforts have been made by the 'Diksha' party to drag the former father of the boy in this sad affair and made him to appear, in this court, to file a a Vakalatnama and to present a stamped application to this court. The poor Muni has been obliged to break his first and fifth vows which he took on his renunciation and the penalty for which as given in 'Dasa Vaikalik sutra' is very heavy viz, becomes censurable in this world and goes to hell in the next world. I very much regret that I have to mention this and it has been done simply to show to what length the leaders of the Diksha' party have gone and interested themselves to win over the boy and to show that there are grave chances of a breach of the peace among the two parties.

**ભાવાર્થ-**

(૪) છોકરાનું સ્ટેટમેન્ટ મેં લીધું છે, જેમાં તે જણાવે છે કે વઢવાણમાં તેણે રાત્રે છુપી રીતે ઉપાશ્રય છોડયો, કારણ કે તેને પૂર્વાશ્રમમાં એટલે સંસારમાં પાછા જવાની ઇચ્છા થઇ, તેને તેની માની પાસે પાટણ જવું હતું અને અમદાવાદ

---

પછી માટે હોય તો યોગ્યતાનો પ્રશ્ન જ રહેતો નથી. કારણકે દીક્ષા લીધા પછી સાધુ યોગ્ય આવશ્યક સૂત્રો તો ભણવા જ જોઇએ તેમાં યોગ્યતાનો પ્રશ્ન રહેતો જ નથી. એટલે સાગરજીએ અત્રે પોતાના સિવાય આખું જગત અંધ છે એમ માની કેવળ ઉત્સૂત્ર પ્રરૂપણા કરી અઘોર કર્મ બાંધ્યું છે. એમ ન્યાયને ખાતર કહ્યા સિવાય ચાલતું નથી. -ચાલુ.

લી૦ સાધુઓનો ચરણ કિંકર.

કેશવલાલ મંગળચંદ શાહ

પહોંચ્યો ત્યાં સુધી પાટણ જવાને તે મક્કમ હતો. પણ અમદાવાદ સ્ટેશને દીક્ષાપાર્ટીના સભ્યો મળ્યા. અને તેમણે તેને કહ્યું કે તેના બાપ તરફથી તાર આવ્યો છે જે તેને જોવા ઇચ્છે છે, આ ઉપરથી તે છોકરાનું મન બદલાયું અને હવે સાનંદ જવા ઇચ્છે છે, જો કે તે જણાવે છે કે ફરી તેને દીક્ષા લેવાનો ઇરાદો નથી.

(૫) મારે જણાવવું જોઇએ કે કહેવાતો તાર કે જે એક છેતરપટી છે તેથી છોકરાનું મન બદલાયું અને તેથી તે અનિશ્ચિત જણાય છે. મારી આગળ તે તાર રજુ કરવામાં આવતો નથી અને મને શક છે કે તે તાર તે છોકરાને સાનંદ લઇ જવા લલચાવવાને અને ફરી તેને દીક્ષા આપવા સમજાવવાને એક દાવપેચ છે. કારણ કે જૈન ધર્મ પ્રમાણે બાપ દીક્ષા લીધા પછી તેના પુત્ર સાથે સંબંધ રાખી શકતો નથી તેમ જ તેને ઉપાશ્રયમાં પણ રાખી શકતો નથી.

(૬) તે છોકરાની માએ અને પુર્વાશ્રમના બાપે છોકરાને પોતપોતાના તાબે લેવા લેખી અરજીઓ આપી છે. મને આશ્ચર્ય લાગે છે કે પૂર્વાશ્રમના બાપે તેના સગા સંબંધીના તમામ દુનિયાદારીના વ્યવહાર છોડી દીધા છે છતાં પણ તે છોકરાને તેના પુત્ર તરીકે માની હિત સંબંધ ધરાવવા પ્રયત્ન કરે છે. છોકરાના પૂર્વાશ્રમના બાપને આવા ખેદજનક બનાવમાં ઘસડવા, અને આ કોર્ટમાં હાજર કરી વકીલાતનામું દાખલ કરવા અને સ્ટેમ્પવાળી અરજી આપવા દીક્ષાપાર્ટી કેવા ગાંડા પ્રયત્નો કરે છે તે જોઈ મને ઘણી જ અજાયબી ઉત્પન્ન થાય છે. બિચારા સાધુને પોતાનું પહેલું અને પાંચમું મહાવ્રત કે જે તેણે દીક્ષા લેતી વખતે લીધેલું તેનો ભંગ કરવાની ફરજ પડે છે. જેની શિક્ષા દશવૈકાલિકસૂત્રમાં જણાવ્યા પ્રમાણે ઘણી જ ભારે છે એટલે કે તે આ અવતારમાં નિંદાને પાત્ર છે અને આવતા ભવમાં નરકમાં જાય છે. આ હકીકત જણાવતાં મને ઘણી જ ગ્લાનિ ઉત્પન્ન થાય છે. પરંતુ દીક્ષાપાર્ટીના આગેવાનો છોકરાને પોતાના પક્ષમાં લેવા કેટલી હદ સુધી પ્રયત્ન કરે છે. તે માત્ર બતાવવાને અને બંને પક્ષમાં સુલેહનો ભંગ થવાને કેવો ગંભીર સંભવ છે તે દર્શાવવાને આ હકીકત જણાવવી પડે છે.

ઉપર પ્રમાણે દીક્ષાપાર્ટીની ધમાલ સંબંધી ટીકા કરી પોતાને તે કેસનો છેવટનો નિકાલ કરવાનો અધિકાર નહિ હોવાથી મેજીસ્ટ્રેટે તે છોકરાને જણાવ્યું કે તેને જ્યાં જવું હોય ત્યાં જાય, તે ઉપરથી તે છોકરો પોતાની માની પાસે ગયો અને સરકારે પૂરા પોલિસના બંદોબસ્ત સાથે તે છોકરાને તેની મા સાથે પાટણ મોકલ્યો.

પ્રિય વાંચકો! શું આવી ખટપટથી, તારની ખોટી વાતોથી અને દાવપેચ ભરેલી પ્રવૃત્તિથી જૈનશાસનની શોભા વધશે? ભક્તિવિજય સાધુને આવી રીતે પતિત કરવો તે શું ધર્મી અને શાસનપ્રેમીનું લક્ષણ ગણાય? દીક્ષાપાર્ટીના અગ્રેસરો અને તે પાર્ટીને પૈસાથી પોષી રહેલા ગૃહસ્થો આવી આવી ટીકાઓથી નહિ સમજે? અને ધર્મને નામે મેળવેલા પૈસાનો આવો દુરૂપયોગ થવા દેશે? આવા કાવાદાવાનું અદાલતના આંગણે પ્રદર્શન થવાથી સરકાર દીક્ષા ઉપર અંકુશ મૂકવા તૈયાર થાય તેમાં શી નવાઇ? સાધુ સંસ્થા! હવે તારી આંખ ઉઘાડ! સાધુ સમ્મેલન મેળવી તારૂં અધઃપતન થતું અટકાવ! કોર્ટમાં તારા આવા ભવાડાથી જૈન ધર્મ વગોવાય છે.

**મહાસુખભાઇ ચુનીલાલ શેઠ.**

# મી૦ શાહની ડાયરી પર દ્રષ્ટિપાત.

મી૦ શાહની ડાયરીના ચિત્રો યુવક હૃદયને સહજ સમજાશે કે સમાજમાં સુધારણા કરવાના કાર્યો ઘણાં પડેલા છે. મી૦ શાહની ડાયરીના આવા તો કેટલાયે ચિત્રો સંગ્રહિત છે જે અવસરે જનતા સમક્ષ રજુ થયા જ કરશે. એનું ક્ષેત્ર પણ અતિ વિશાળ છે. એમાં અમદાવાદ, ખંભાત, મુંબઇ અને ભાવનગર કે, પાલણપુર સૌ સમાઇ જાય છે. જેમ સામાજીક બનાવોની તારવણી છે તેમ ધાર્મિકની પણ છે જ. એમાં શેરી, ચૌટા કે ઘરના ખૂણા બકાતમાં નથી તેમ દેરાસર, વિદ્યાશાળા કે ઉપાશ્રયના ખૂણા પણ આવી જાય છે. ટુંકમાં કહીએ તો સર્વ જાતની ઓછી પાતળી નોંધ છે જ.

આજે તો વિચારવાનો મુદ્દો એ છે કે આપણે યુવકો કેટલે સુધી મજલ કાપવા તૈયાર છીએ? કોઇ કાળે બધા સુધારા એકદમ થઇ શકયા નથી. અને એક હાથે પણ બની શકયા નથી જ. સુધારાનું ક્ષેત્ર ભલે વિશાળ રહે પણ યુવકે તો 'પગ જોઇને પાથરણું તાણવું' એ યુક્તિ અનુસાર પોતીકા બળાબળનો પૂર્ણ વિચાર કરી જલદી પાર પડે તેવું અને અતિ અગત્યનું હોય તેને જ પ્રથમ હાથ લગાડવો જોઇએ.

પરિષદો અને વર્તમાનપત્રોના હેવાલો પરથી એટલું તો તારવી શકાય છે કે માત્ર મોટા શહેરોના જ નહિ પણ ઓછી વસ્તીવાળા ગામોના યુવકોમાં પણ જાગૃતિની ઉષાના કિરણો ઠીક પ્રમાણમાં પ્રસરી ચૂકયા છે. જરૂરનું તો એ છે કે એ બધાને પ્રથમ તકે સંગ્રહિત કેવી રીતે કરી શકાય એ માટે માર્ગ શોધવો. **'અયોગ્ય દિક્ષાનો સામનો'** એ મારી સમજથી એમાં પાયાનું કામ કરશે. એટલે કે એ બાબતમાં સર્વ સ્થળના વિચારો સરખા જ દૃષ્ટિગોચર થાય છે. એવી જ રીતે સામાજીક રૂઢિઓ સામે બળવો અને ધાર્મિક ખાતાના દૂર કરવા અર્થેનું આંદોલન ખસુસ એમાં ચણતરનું કામ કરશે. એ વિષયો એટલા તો છણાયેલા છે કે હવે માત્ર એ સામે તક પ્રાપ્ત થતાં ઝુકાવનાર એકાદ જુથની જરૂર છે. વળી **'શારદા એકટ'**થી અને **'ટ્રસ્ટના કાયદા'**થી લડત લડવામાં અને માર્ગ નિષ્કંટક કરવામાં ઠીક સહાયતા પ્રાપ્ત થઇ છે. આટલા દૃષ્ટિબિંદુઓ પર અંતરની લાગણીથી સતત કૂચ કરાતી રહે તો યુવકોના શીરે વિજયમાળા અવશ્ય પડવાની.

રખે કોઈ માની લ્યે કે આથી બીજા સવાલો ખોરંભે પડે છે! અગર તો એનો વિચાર કરવામાં દોષ છે! વિચારણામાં વાંધો ન જ હોય, બાકી એના ઉપચારમાં અવશ્ય મતભેદ હોય જ, એ સાથે હાથ ધરવાની ને તોડ આણવાની બાબતમાં પણ મુશ્કેલી હોય જ, કેટલીક વાર એવા સવાલો સારૂ સમયના પરિપાકની, વાતાવરણની અને પગ પર કુહાડો મારી પહેલ કરનારની રાહ જોવી પડે છે. હું દેવદ્રવ્ય અને વિધવાવિવાહને આ કક્ષામાં મૂકું છું. એટલે જ યુવક સંગઠન વેળા એને સ્પર્શ કરવા પણ ઇચ્છતો નથી. વળી એ સવાલો જૈન સમાજના હાલના વાતાવરણને જોતાં અને એની અત્યારની દશા વિલોકતા એટલા બધા ગહન-કપરા અને યુવકો ઉપરાંત મોટેરાઓની મદદની અપેક્ષાવાળા છે કે જેથી એમાં ભૂસ્કો મારવો કે એ પાછળ આંધળીયા કરવા.

યુવકોનું બળ એકત્ર થવાને બદલે શીર્ણવિશીર્ણ થવાનો મને સંપૂર્ણ ભય છે. મારૂં તો મંતવ્ય એટલું જ છે કે યુવકોની ધગશનો લાભ લેવો હોય તો પહેલી તકે બળ સંગઠિત થાય તેવા માર્ગે પ્રયાણ કરવાની અગત્ય છે. પૈસા કે લાગવગ

# અમદાવાદ જૈનસંઘ અને હાલની અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ.

૧ હાલમાં જૈન કોમમાં આજ લગભગ આઠ દશ વરસથી જે દીક્ષા બાબતમાં બે પક્ષો પડેલા છે અને તેના પરિણામે જૈનોમાં ગામોગામ કુસંપના બીજ વવાયેલાં છે, તે કુસંપ જો વધારે વખત ચાલુ રહેશે તો જૈનધર્મની અત્યાર સુધી જાહોજલાલી વંશપરંપરાથી ચાલતી આવે છે તેમાં વધારેને વધારે કુસંપના બીજ રોપાશે.

૨ દિવસે દિવસે અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ વધતી જવાના પરિણામે વડોદરા રાજ્યમાં સંન્યાસ દીક્ષા પ્રતિબંધ સંબંધમાં કાયદો ઘડવાની જરૂરીઆત પડેલી અને તે પરિણામે કાયદો ઘડવાની બાબતમાં યોગ્ય કમીટિ નિમાયેલી છે અને તે કમીટિએ બંને પક્ષનો પૂરાવો પણ લીધેલો છે. હવે ફક્ત કાયદો કરવો કે નહિ તેટલી જ બાબતના ઠરાવ કરવાનો બાકી છે.

૩ વડોદરા રાજ્યે જે કાયદો ઘડવાની બાબતનો ખરડો બહાર પાડેલો, તે વખતે તે ખરડા વિરૂધ્ધ અમદાવાદ જૈન સંઘે સમસ્ત સંઘ મેળવી તે બાબતમાં પોતાનો વિરૂદ્ધ મત પણ દર્શાવેલો અને તે વખતે થયેલા સંઘમાં પણ દીક્ષા સંબંધી યોગ્ય ઠરાવ અમદાવાદના જૈનસંઘે જેમ બને તેમ તાકીદથી કરવા નગર શેઠે પણ તે વખતે સમસ્ત સંઘ વચ્ચે સૂચના કરેલી. પરંતુ તે બાબતને પણ આજ ઘણો વખત થવા છતાં જે સંબંધી યોગ્ય ઠરાવ કરવા સમસ્ત સંઘ ભેગો થઇ શકયો નથી કે સંઘની ખાનગી મીટિંગ પણ મળી તેમાં તે સંબંધી કાંઇ વિચાર સરખો પણ કરવામાં આવ્યો નથી.

૪ દીક્ષા સંબંધી વડોદરા રાજ્યમાં જ્યારથી આવો કાયદો ઘડવાની જરૂરીઆત પડેલી ત્યારથી જ અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ એટલી બધી વધી ગયેલી છે. છેલ્લાં પાટણના એક જૈનભાઇ કાન્તિલાલે દીક્ષા લીધેલી અને જેનું નામ કુસુમવિજ્ય પાડેલું, તેમણે થોડા વખત ઉપર વઢવાણથી સંસારી કપડાં પહેરો અમદાવાદ આવેલા તે બાબતમાં જે પ્રવૃત્તિઓ ઉભી કરવામાં આવેલી છે. તે અત્રેના મે. ફ. ક. મેજીસ્ટ્રેટ સાહેબના આપેલા જજ્મેન્ટથી જણાશે કે રામવિજ્યજીના રાગી શ્રાવકોએ કેવી કેવી પ્રવૃત્તિઓ ઉભી કરેલી કે ચોમાસાના ચાતુર્માસમાં એક ગામથી બીજે ગામ મુનિમહારાજને જૈનધર્મમાં બાદ છતાં રાત્રે વિહાર કરી કોર્ટમાં પોતાના છોકરાનો કબજો લેવા અરજ કરાવેલી.

૫ વડોદરા રાજ્યમાં સંન્યાસ દીક્ષા પ્રવૃત્તિ પ્રતિબંધની ચાલતી તજવીજ અયોગ્ય દીક્ષા બાબતમાં કેટલાક વખતથી જૈનોમાં બે પક્ષો પડી ગએલા છે તે બાબતમાં સમાધાન થઇ એકત્ર થવા દિવાન બહાદુર ગોવિંદભાઈ હાથીભાઈ વગેરે ગૃહસ્થોએ સૂચના પણ કરેલી અને તેજ સૂચના ઉપરથી વિસનગરવાળા મહાસુખભાઇ ચુનીલાલે આપને સૂચના પણ કરેલી હતી. છતાં તે સૂચના વિરૂદ્ધ વીરશાસન તથા સોસાયટી સમાચાર પેપરમાં તેમના સામી અયોગ્ય ટીકાઓ કરેલી.

૬ હાલમાં મારા સાંભળવામાં આવ્યું છે કે ગઇ તા. ૨૭–૧૧–૩૨ રવિવારના રોજ શેઠ જીવાભાઇ તથા પોપટલાલ ધારસીભાઇ તથા એક સુરતના શેઠ સાકરચંદ તથા અમદાવાદના કેટલાક સદ્‌ગૃહસ્થો આપ સમક્ષ બંને પક્ષોની સમાધાની માટે સૂચના કરવા આવેલા હતા. જો આ હકીકત સત્ય હોય તો પ્રથમ અમદાવાદના જૈન સંઘે અયોગ્ય દીક્ષાપ્રવૃત્તિ જે હાલ ચાલે છે તે સંબંધી યોગ્ય ઠરાવ પહેલી તકે કરવા અમો આપશ્રીને તથા નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇ વગેરે ગૃહસ્થોને નમ્ર વિનંતિ કરીએ છીએ અને બંને પક્ષો જેમ બને તેમ એકત્ર થવા આપશ્રી આપનો જાતિભોગ આપવા ચૂકશો નહિ. જો કે બંને પક્ષો એકત્ર થવામાં દરેક મુનિમહારાજો તથા ગામોગામના સંઘની સંમતિ લેવામાં વખત ઘણો લાગશે. આશા છે કે આ બાબત જેમ બને તેમ પહેલી તકે આપશ્રી આપેલી સૂચના ધ્યાન ઉપર લેશો.

હાજાપટેલની પોળ.
અમદાવાદ તા. ૨૯–૧૧–૩૨. } **બાલાભાઇ અમૃતલાલ.**

---

# પેથાપુર પ્રજાહિતાર્થ મંડળ સંબંધી ખુલાસો.

પેથાપુરથી એક 'સેવાભાવી' બંધુ લખે છે કે–

"પ્રબુદ્ધ જૈન" તા. ૧૯–૧૧–૩૨ ના અંકમાં એકભાઈ લખે છે કે–"પેથાપુરમાં પ્રજાહિતાર્થ મંડળની સ્થાપના કરવામાં આવેલ છે, પરંતુ તેમાં કેટલાક સંભાવિત–પ્રતિષ્ઠિત ગૃહસ્થ-વર્ગને ઇરાદાપૂર્વક અલગ રાખવામાં આવેલ છે, તો તે મંડળના કાર્યવાહકો આવો ભેદભાવ દૂર કરી, ગામની પ્રજાનો સંપૂર્ણ સહકાર મેળવી, નિઃસ્વાર્થભાવે સેવા કરી મંડળને એક આદર્શ મંડળ બનાવશે.

ખરેખર લખનાર ભાઇએ સત્ય સમજવાની તસ્દી લીધી હોય તેમ લાગતું નથી. પ્રજાહિતાંર્થ મંડળના નામની સાથે જ એ અર્થ સંડોવાયલો છે કે જે ભાઇની મનોવૃત્તિ સેવા કરવાને ઉત્કંઠા ધરાવતી હોય, બીજાનું ભલું કરવાની અહોનિશ હૃદયમાં રટનતા રહેતી હોય અને માનાપમાનની જપમાળા લીધેલી ન હોય, તે પછી ગમે તે કોમનો હોય, ગમે તે મતનો હોય છતાં તે હર પ્રકારે સેવા કરી શકે છે. આટલી સ્હેલામાં સ્હેલી વસ્તુસ્થિતિ બહારનો માણસ સારી રીતે સમજી શકે તો એક ગામનો જ મનુષ્ય અને સુશિક્ષિત તેમજ સંભાવિત ગૃહસ્થમાં ખપાવવા માગનાર જ્યારે આ અર્થ ન સમજી શકે ત્યારે દીલગીરી ભર્યુંજ કહેવાય.

હું તો તે ભાઇને પૂછું છું કે આપના હૃદયમાં સેવાભાવી બનવાની મહત્વાકાંક્ષા હોય! બીજાનું ભલું થતાં આપ આનંદિત થતાં હો! તો આપને મંડળમાં દાખલ થતાં તેમ આપ જેને સંભાવિત તેમજ પ્રતિષ્ઠિતમાં ગણો છો તેઓને પણ દાખલ થતાં મંડળ તરફથી અગર કોઇના તરફથી અટકાયત નહિ થાય એવું મારૂં માનવું છે માટે આપ સાહેબ આ ઉદ્‌ભવેલી સમજુતી દૂર કરી મંડળમાં સભાસદ તરીકે દાખલ ન થયેલા હોતો વિના વિલંબે દાખલ થઇ આપની બનતી મદદનો લાભ આપો એમ જરૂર ઇચ્છું.

---

વગર યુવકોના કામો પડ્યા નહિ રહે પણ સંકલિત શક્તિ તો જોઇશે જ. જે કામ અજ્ઞાનીઓ પૈસા અને લાગવગના બળે નથી કરી શકતા તે કામ લાગણીના જોરથી નિપજાવી શકાય છે. જરૂર છે માત્ર લાગણી પેદા કરવાની, અને તે ત્યારે જ બને કે જ્યારે જુદે જુદે સ્થળે વિખરાયેલી યુવક શક્તિ શૃંખલાબદ્ધ હોય. સુઘોષાનો નાદ થતાં જેમ બારે દેવલોક નિનાદિત થઇ રહે તેમ એક પડકાર પડતાં જ સર્વત્ર એનો ગર્જારવ થાય. આ શું અસાધ્ય છે?

"ચોકસી."

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

નાં૦ ગાયકવાડ સરકારને-

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૭ મો. |
| વાર્ષિક રૂા. ૨-૮-૦ | તંત્રીઃ–ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | શનીવાર તા. ૧૦-૧૨-૧૯૩૨. |

## સમાજની સડેલ વ્યવસ્થા પુનરૂત્થાન માગે છે.

યુવક હૃદયને આજની સમાજ રચના પ્રતિ અણગમો થાય એ વાસ્તવિક છે. મનુષ્ય જાત આટલી પ્રગતિમાન બની તેની પાછળ લાંબો ઇતિહાસ છે. પરંતુ એ ભૂતકાળના ઇતિહાસને યુવક જનતા આજે માર્ગદર્શન રૂપી નથી સ્વીકારતી અને ભવિષ્યની ઇમારત માટે તેને પ્રમાણભૂત નથી ગણતી. આજના ક્રાન્તિકારક માનસને સઘળો એ ભૂતકાળ લોહીથી ખરડાયેલો લાગે છે. ઇતિહાસને પાને પાને અરાજકતા, લોહી પિપાસા અને ગરીબોને છુંદવાની રીતિ માલુમ પડે છે. એ શાખા એ ઇતિહાસને બાળી આજનો ઉલ્લાસભર્યો યુવાન સમાજનું નવસર્જન કરવા ઇચ્છે છે. અને સમાનતા, સ્વાતંત્ર્ય અને ભ્રાતૃભાવની ભાવનાને ફક્ત અમુક બાબતમાં નહિં, પરંતુ સામાજીક, રાજકિય કે આર્થિક બાબતમાં અને એ પ્રત્યેક ક્ષેત્રમાં મૂર્ત્ત થયેલી જોવા તલસે છે. આજે પ્રત્યેક દેશમાં એવું વિચારબળ એકત્ર થતું માલમ પડે છે કે જે વિચારબળ સાંપ્રત તત્વોને નિર્મૂળ કરી નવા જ આદર્શ અને નવી જ વિચારના મણકારૂપી ઇંટોથી સામાજીક ઇમારતનું પુનર્વિધાન કરશે.

માણસ પ્રથમ પરિસ્થિતિએ એક હથ્થુ ગુલામી સ્વીકારતો, ત્યારબાદ પ્રજાસત્તાક-દેશના પ્રતિનિધિઓની સમિતિનું શાસન આવ્યું એટલે Democracy યુગના મંડાણ મંડાયા અને હવે તે કહેવાતી ડેમોક્રસીથી કંટાળેલ લોકસમુહ મૂડીવાદને બદલે શ્રમજીવિઓનું શાસન ઇચ્છતો થયો છે.

સમાજવાદના સિધ્ધાંતો આદર્શરૂપ લેખતાં કશોય વાંધો ન આવે, ફક્ત તેની સાફલ્યતા માટેની નીતિ-રીતિ માટે જ મતભેદ છે. આજે શાહીવાદી દેશોના કાયદાઓમાં સમાજવાદને થોડા ઘણા અંશે સ્થાન મળવા માંડયું છે તે સ્પષ્ટ વાત છે, અને આજના મૂડીવાદી દેશો બેકારી-ભૂખમરો અને આર્થિક અસમાનતા માટે કશાં પગલાં નહિ લે તો આ ત્રણ જ બાબતો મૂડીવાદની ભક્ષક બનશે એ સામાન્ય માન્યતા છે. જૈનદર્શનમાં પરિગ્રહ પરિમાણ વ્રત વિ. વ્રતો અને સાધર્મીવાત્સલ્ય વિષે જે જે કહેવાયલું છે. તે સામ્યવાદથી ભિન્ન નથી. પરંતુ તેમાં પ્રમાણ ફેર છે. કારણકે ઉગ્ર સમાજવાદ મિલકતનું નિકંદન કાઢવું. એ શરૂઆતની ભૂમિકા તરીકે લેખે છે. પરંતુ આ સિધ્ધાંત વિષયક વાત સામાન્ય વાંચકને ગળે ન ઉતરે; તેથી હું કેટલાક દૃષ્ટાંતો ટાંકી એ વિષયનું ખરૂં રહસ્ય સમજાવીશ.

ગઇ કાલે જ એવો હુકમ નીકળ્યો છે કે નવી દિલ્હિની ઇમારતો ચણનાર ૪૦૦૦ કામદારોએ તેમનાં ઝૂંપડા છોડી; તે શહેરનો ખૂણો છોડી જવો આ હુકમ કેટલો બેહુદો લાગે છે તે ઉંડા ઉતરવાથી માલુમ પડી શકશે. જે મનુષ્યો તમારાં ભવ્ય આવાસોમાં છે, જે ગરીબ જનતા લોહીના પાણી કરી તમારા માટે ધન ધાન્ય પકાવે. જે ભૂખમરો સેવતા પુરૂષો અને સ્ત્રીઓ કહેવાતા લાજ કે શરમને બાજુએ મૂકી તમારી હલકામાં હલકી જાતની સેવા કરે તેને રહેવા ઝુપડા ન આપી શકો? જે ભૂમિમાતાના સંતાન તરીકે તેમનો રહેવાનો હકક ઝુંટવી લ્યો.. તો પછી ત્યાં માનવતાની અવધિ આવે છે.

તેવું જ હરિજનોનું દૃષ્ટાંત છે. એ સેવક વર્ગને આપણી સંસ્કૃતિમાં ગૌરવ માનતી પ્રજાએ કેટલો અવગણ્યો છે તે હવે જગજાહેર બીના છે. આજે અમેરિકામાં પણ ગુલામો પ્રત્યે તેવી જ વર્તણુક દાખવવામાં આવે છે. આવાં આવાં દૃષ્ટાંતો પરથી કેટલાક કરૂણહૃદયો જ્યારે સળગી ઉઠે છે ત્યારે તેમાંથી જે ભડકો નીકળે છે તે એટલો સખ્ત અસરદાયક નિવડે છે કે તે વાદરૂપે જગજાહેર થાય છે. આજના સુંદરમાં સુંદર મગજો મૂડીવાદ પ્રત્યે ઘૃણાની દૃષ્ટિએ નિરખતા હોય તો તે ઉપરોક્ત પરિસ્થિતિને લઇને જ.

આજના સમાજને છેવટની સર્વનાશની પરિસ્થિતિમાંથી અટકવું હોય તો તેને માટે એક જ સુવર્ણ માર્ગ છે, અને તે એ કે દલિત અને પતિતને ઉંચા લાવવાં. આ વસ્તુ કાયદાથી શકય છે તે ફરજ રૂપે નથી હોતી. કારણકે સમગ્ર માનવજનતામાં તેવો હૃદય પલટો લાવવા મહાભારત પ્રયત્નોની જરૂર પડે. શાસનપધ્ધતિ એવી હોય કે મૂડીવાદીઓ પર વધારે કર નાખી સમાજનાં છેદાયેલ અને ચીમળાયેલ અંગોને પ્રફુલ્લિત બનાવે તો તે ક્રાન્તિના સબળ મોજાં સિવાય સમાનતા લાવવા ઉપયોગી થઇ શકે. કારણકે જેમ હજારો ગાડાં ભરે તેટલાં સાહિત્ય કરતા "શારદા એકટ" જ્યારે શાસનની છાપ સાથે બહાર પડયો અને તેનો સુંદર અમલ થયો. તેમ જ્યારે રાજ્યશાસન આવી જ નીતિથી શ્રમજીવિઓ અને જરૂરીઆત વાળી પ્રજા માટે તેના ધનભંડારોનો સદ્દુપયોગ કરશે, તેમજ જ્યારે ધનિકો તેમના કૃપાદૃષ્ટિના પડળો ખોલી નાંખી પોતાની સામાજીક ફરજ સમજશે ત્યારે જ સમાજ કંઇક પુનર્રચના પામી શકશે. —નાનાલાલ દોશી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૦-૧૨-૩૨.


## ના. ગાયકવાડ સરકારને—

**મહારાજાશ્રી !**

આપ શ્રીમંતે જયારથી રાજ્યની લગામ આપના હસ્તમાં લીધી છે, ત્યારથી સામાજીક સડાઓની બદી નાબૂદ કરવા કાયદાઓ ઘડી પ્રજાને જે રીતે રક્ષી છે—બચાવી છે. તેવી જ રીતે અત્યારના કટોકટીના પ્રસંગે પ્રજાહિતનો વિચાર કરી અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકવા માટે 'સગીર સંન્યાસ–દીક્ષા પ્રતિબંધક નિબંધ' નો ખરડો તૈયાર કરાવી પ્રજા ઉપર આપે જે ઉપકાર કર્યો છે. તેને માટે આપ નામદારને અભિનંદન આપીએ છીએ.

સગીર સંન્યાસ–દીક્ષા પ્રતિબંધક નિબંધ પ્રથમ જનતાના અભિપ્રાયાર્થે બે માસ માટે જાહેરમાં રજુ કરી જનતાની લાગણીનું માપ કહાડવા છતાં ઇન્સાફની ખાતર બન્ને પક્ષની જુબાનીઓ લેવા માટે આપે "કમીટિ" નિમેલી, તે કમીટિ સમક્ષ પડેલી જુબાનીઓ, દીક્ષા પક્ષ તરફથી કમીટિ ઉપર આવેલા તારો અને કાગળોનું ખુલ્લું થયેલું રહસ્ય તેમજ અયોગ્ય અને સગીર દીક્ષાના રજુ કરવામાં આવેલા દાખલાઓ અને પુરાવાઓ ઇ૦ થી દીક્ષાપક્ષની સહરાગત ભરેલી વાતો જો કે ખુલ્લી થઇ ગઇ છે. છતાં તે પક્ષે 'સગીર સંન્યાસ–દીક્ષા પ્રતિબંધક નિબંધ' ને 'કાયદા'નું રૂપ આપવામાં આવશે તો સત્યાગ્રહ કરવાની અને બીજી લડાયક ધમકીઓ આપવામાં પાછી પાની નથી કરી. હવે જ્યારે એ 'નિબંધ' કોઇ પણ રીતે રદ ન કરાવી શકાયો ત્યારે આપ નામદારની સ્વારી રાજ્યમાં પધારેલી હોવાથી નિબંધ રદ કરાવવા આપની પાસે ડેપ્યુટેશન મોકલી, મનમાની વાતો કરી આપને સહમજાવી લેવાની પેરવીઓ રચાય છે. એટલે આ પ્રસંગે નીચેની હકીકત ઉપર આપ નામદારનું ધ્યાન ખેંચવાની રજા લઇએ છીએ.

આજે સગીર બાળકોને દીક્ષા આપવા માટે અનેક પ્રકારના કાવાદાવાઓનો પ્રયોગ થઇ રહ્યો છે. દાખલા તરીકે—જે વાલીઓ પૈસાના લોભને વશ થઇ બાળક સાધુને સોંપે છે તેઓને પૈસાથી સંતોષવામાં આવે છે અને જે વાલીઓ પૈસા, સ્વર્ગ કે સુશ્રાવકની પદવીની પરવા નથી કરતા તેમના બાળકોને નસાડી, સંતાડીને કે અન્ય પ્રલોભનો આપીને છુપી રીતે સાધુ બનાવવામાં આવે છે. અને તેમના વાલીઓના હૃદયમાં હમેશની હોળી પ્રગટાવે છે. વળી ઉમ્મરલાયક યુવાનોને પણ ભંભેરી, ભોળવી મુંડી નાખવામાં આવે છે. એટલે તેમની પાછળ તેમની સ્ત્રી, બાળબચ્ચાં અને અન્ય કુટુંબી જનો રઝળી પડે છે. તેથી તેમને રક્ષણ આપવું એ રાજ્યની ફરજ છે. કારણ કે આજનો છિન્ન ભિન્ન અને સાધુશાહીની પ્રબળ અસર નીચે દબાએલો સમાજ અન્યાય પામતી વ્યક્તિઓને ન્યાય નથી આપી શકતો.

એટલું તો નિર્વિવાદ છે કે—બાળકના જે વાલીઓ હોય, તેજ તેનું ભલું ઇચ્છનારા છે—તેના હિતેચ્છુઓ છે. વળી જે યુવાનો ઉપર કુટુંબનો આધાર છે તે કુટુંબને નિરાધાર અને બેકાર દશામાં રઝળતું મૂકીને સ્વેચ્છાએ કે કોઇના ભરમાવ્યાથી અગર કમાવાની ઉપાધ કે દેવાદારસ્થિતિમાંથી મૂક્ત થવા માટે જેઓ સાધુવેશ ધારણ કરે છે. તેઓ પણ પોતાના કુટુંબની લાચાર દશા માટે જવાબદાર છે જ. હાલના સાધુઓમાં મોટો ભાગ આવો જ હોવાથી કેટલાય માણસો નિરાધાર બન્યા હશે એ ખુલ્લી હકીકત છે.

એ હકીકત પણ સ્પષ્ટ કરવાની જરૂર છે, કે—જે બાળકોના વાલી હોવાનો દાવો કરનારા પિતાઓ જ જેમ પૈસાના લોભે સગીર બાળિકાને બુઢ્ઢા સાથે પરણાવી એ કુમળી કળીને જીવતી દફનાવે છે. તેમ પૈસા ખાતર પોતાનું ગભરૂ બાળક શિષ્યની લાલસામાં પાગલ બનેલા સાધુઓને સોંપવામાં એ પિશાચ પિતાઓ જરાય વિચાર નથી કરતા અને બાળકના વાલી મટી દુશ્મન બની રહે છે. વળી આવી પ્રપંચજાળમાં ફસાઇ પડેલા બાળસાધુઓ જ્યારે દીક્ષા છોડી તેને ઘેર જવા નીકળે છે. ત્યારે એ પ્રપંચજાળના પ્રેરકોના સાગ્રિતો તેને કોર્ટમાં ઘસડી જાય છે. અને સંસારને અસાર માની સાધુ બનેલા પિતા સાધુત્વનું લીલામ બોલાવી પુત્રના વાલી તરીકે કબજો લેવા ઉભા થાય છે. હમણાં જ એક એવો બનાવ બન્યો છે. એક સગીર—બાળક—સાધુ, સાધુવેશનો ત્યાગ કરી ઘેર આવતો હતો, તેના વાલી તરીકે તેનો કબજો લેવા અમદાવાદની કોર્ટમાં એક સાધુએ પૂર્વાશ્રમના પિતા તરીકેનો દાવો રજુ કરી માંડેલી ફરીઆદને અંગે અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટ સાહેબ ધીરજલાલ એચ દેશાઇએ આપેલો ચૂકાદો જોઇ જવા આપને વિનવીએ છીએ.

એ એક પ્રશ્ન છે, કે આ સંબંધમાં સમાજ કંઈ ન કરી શકે ? આપ જાણીને ખુશી થશો કે સમગ્ર જૈનકોમનું પ્રતિનિધિત્વ ધરાવતી અમારી શ્રીમતી જૈન શ્વે. કોન્ફરન્સે શ્રી જુન્નર અધિવેશનમાં અયોગ્ય દીક્ષાને અંગે ઠરાવ કરેલો અને તેજ મુજબ અન્ય સ્થળના શ્રી સંઘોએ પણ તેવા ઠરાવો કરેલા. પણ સગીરોને જ મુંડવાનો ધંધો લઇ બેઠેલા સાધુઓ અને તેમના થોડાક ભક્તો, કોર્ટ દરબારે ચઢીને, તોફાનો કરીને ઠરાવને અલવલ પહોંચાડે છે. ઠરાવોનો ભંગ કરી સગીરોને મુંડે છે— અયોગ્ય દીક્ષા આપે છે. અને એમ કરી શ્રી સંઘે અને 'શ્રી. કોન્ફરન્સે' કરેલા ઠરાવને ઠોકરે મારવાનું અભિમાન લે છે. કોઇ સ્થળે સમાજે આવા પ્રકારની દાદાગીરીને ડામવા પ્રયત્નો કર્યા છે. છતાં આ લોકોથી એટલે સાધુઓથી બાળકોનું રક્ષણ કરવાને સમાજ અશક્ત નિવડી છે. એટલે જ તેના બચાવની જવાબદારી રાજસત્તાને માથે સ્વાભાવિક જ આવી પડે છે.

અલબત્ત જેમ 'બાળલગ્ન' અને 'સતી' થવાના પ્રતિબંધક કાયદાઓ પસાર થવા ત્યારે પણ ધર્મશાસ્ત્રોના નામે એ સમાજ જીવનની શોષક રૂઢીઓના બચાવ કરનારા પણ બહાર આવેલા

(વધુ માટે જુઓ પૃ. ૫૫)

# સાગરજી......પૈસા......રાખે......છે?

શાસ્ત્રોના મનમાનતા અર્થો કરી ઉત્સૂત્રભાષિતનું પાપ કરનાર શ્રી સાગરાનંદજી કેટલાય વર્ષોથી લાયક નાલાયકની તપાસ કર્યા વિના પૈસા આપીને જે આવ્યો તેને મુંડી નાખે છે. એમ ઘણા વખતથી લોકોની ફરીઆદ હતી, છતાં બીજાઓની સહીઓથી છાપાઓમાં લેખો લખી સતા થવાનો ખોટો દેખાવ કરનારની સાચી મનોદશા નીચેના કાગળો વાંચવાથી સમજાશે કે સાગરજી પૈસાની સગવડે બેકારોને મુંડી નાખવામાં કેટલા પાવરધા છે.

## સાગરજી બેકારોને રૂપીઆ મોકલી મુંડી નાખવાની કારવાઈ કરે છે તેનો નમુનો–

(૧)

શાંત દાંત મહંત ત્યાગી વૈરાગી સૌભાગી પરોપકારી પરમાર્થ અર્થે જ સદ્બોધ આપી તારનાર અનેક પામરોને જ્ઞાનામૃત પાઇ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરાવનાર કૃપાસાગર પરમ સદ્ગુરૂ આચાર્યના છત્રીશ ગુણેયુક્ત શ્રીમદ્ આચાર્યશ્રી આણંદસાગરજી આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રોની પવિત્ર સેવામાં–પાલીતાણાથી લી૦ દાસાનુદાસ ચર્ણરેજ સેવક નંદલાલ માણેકચંદની વિનયપૂર્વક ૧૦૦૮ વાર વંદણા અવધારશોજી. **આપે રૂ. ૧૫ તારથી મોકલ્યા તે મને મહુવા પહોંચ્યા છે.** મહુવા લગભગ વિસ દીવસ રહેલ. અને ત્યાં **તલકવિજયજી મહારાજને ખબર પડવાથી મને ઘણી હેરાનગતી થઇ એટલે મારી પાસેથી વીસી ખર્ચ કપડાં અપાવેલ તે ખર્ચ આપના આવેલ રૂપીયામાંથી વસુલ કરી લીધું. બાકી ભાડા જેટલા રૂ. ૪ ચાર રહયા તે ખરચી પાલીતાણા ભેગો થયો છુ–** બાકી ત્યાંની રૂબરૂ હકીકત આપ પાસે કહીશ–મોતીવિજયજી મહારાજને પણ ત્યાંના શ્રાવક પાસેથી સાધન કરી અપાવવા ના કહેલી–તેથી અહીં આવ્યો. અહીં આપના શિષ્ય જયસાગરજી પાસે છું તે અહીંથી ગાડી ભાડાનું સાધન કરી દેશે તેવું કહે છે. તો આપ પાસે ચોક્કસ કાલે નીકળી પરમ દિવસ આવીશ. વિલંબ થવાનું કારણ નહિ ધારેલ સંકટ આવી પડ્યું તેથીજ. સેવક આપના દર્શનની પરમાકાંક્ષા રાખી પરોક્ષે પણ આપની પવિત્ર મુદ્રાનું ધ્યાન ધરે છે. ચોક્કસ અને **આજકાલમાં જ આવું છું. મુહુર્ત જોવરાવી રાખશોજી.**

વાર–શનીવાર. તા૦ ૨૮–૬–૧૯

## સાગરજીના શિષ્ય મતિસાગર પણ ગુરૂના પગલે ચાલે છે તેનો નમુનો–

(૨)

દેવગુરૂ ભક્તીકારક સુશ્રાવક શા. દલસુખભાઇ ભાઇચંદ. **તમારે માટે અમોએ ગોઠવણ બધી બરોબર કરી દીધેલી** છે. અને તમારી મેઘની પેઠે રાહ જોવાય છે. તમારે માટે તમારા ઉપર ગામ માતરમાં ચાર કાગળ મોકલ્યા છે. અને એક માણસ મોકલ્યું હતું તેથી ખબર આવી કે ચાર દિવસથી ગામ ગયેલા છે પણ કાંઇથી તમારો જવાબ આવ્યો નહીં પણ આજ રોજે તમારો પત્ર આવ્યો છે વાંચીને બીના જાણી છે આ કાગળ વાંચીને તમારે તરત અહીં આવવું **તમારૂં કામ કરી દીધા પછી આગળ વિચાર કરીશું તે વાતમાં તમારે પડવા જેવું નથી** માટે તમો આ કાગળ વાંચીને અહીં તરત આવજો. **એક જણ તમારૂં કામ કરે દે છે એવું મેળવી દીધેલું છે. માટે તમો આ અવસર કદી ભુલશો નહી** પછીથી તમોને ઘણો પસ્તાવો થશે અને અમો પછીથી તમારા કામમાં ઉભા રહેવાના નથી. આ તમોને નક્કી જણાવવામાં આવે છે માટે તમો સમજુ હો તો તાકીદથી આવીને તમારૂં કામ તમો કરીને ભવનું સફળપણું કરો એવું તમને ટુંકામાં જણાવવામાં આવે છે. **ત્યાંની જાળમાં તમો ફસાસો નહીં પાછળથી તમને પસ્તાવો થશે માટે આંખો મીંચીને કુવામાં પડશો નહીં** તે જાણીને આ કાગળ વાંચીને કોઇને પુછ્યા વિનાજ તમારે અહીં આવવું. ભુલશો નહી.

લાઃ મતિસાગર. તા૦ ૯–૧–૧૮

**આ કાગળને વાંચીને નાશ કરી** દેજો.

## સાગરજીના એક વખતના વહાલા સેક્રેટરી આનંદવિજયના શિષ્ય કમળવિજયજીનો કાગળ, જેમાં પણ રૂપીઆને મુંડવાની જ કાર્યવાહી.

(૩)

રવાના } શ્રી જિરાએ નમઃ તા૦ ૨૫–
આમોદ } ૭–૧૯

શાન્ત–દાન્ત–મહાન્ત–ત્યાગી–વૈરાગી ઔદાર્ય ગંભિર્ય–ઇમ અનેક ગુણે કરી અલંકૃત શ્રીયુત મુનિરાજ શ્રી આનંદવિજયજી.

અત્રેથી–મુનિ–કમલવિજયની વંદના ૧૦૦૮ સ્વીકારશોજી–બાદ અત્રે દેવગુરૂણા પસાયથી સુખસાતા વર્તે છે–આપની તરફના સુખસાતાના કાગલો લખવા મહેરબાની કરશો–જાણું છું કે. તમોને ફરસુત નથી–પન થોડી ફરસુત લઇ કાગલ લખશો. બીજને દીવસે સુરત કતારગાંમ આવેલ. પણ આદ્રાના દીવસ કમ હોવાથી આપ સાહેબોને મલવા આવ્યો નથી–તે માફી માંગું છું કુમુદવિજયજી તથા વિજયસાગરજી સુરત ખાતે પાછા આવ્યા હસે. તેને હાલ દસ વરસ સુધી પંન્યાસ પદવિ લેવી નથી–પણ પુજ્ય મહારાજ–સર્વ જીવના કૃપાલુ આચાર્યજી માહારાજ બહુ આગ્રહ કરે છે–પણ લેવા વીચાર નથી–કડોરમાં વાત થઇ હતી–અમરવિજયજી ક્યાં છે **–વાલજીને માટે રૂ. ૨૫) મોકલાવ્યા** છે–કીર્તિમુનિજી સુ વાંચે છે–મારા કાગલો આપ પાસે ત્રન ચ્યાર આવેલા છે. તે ટપાલ મરફતે મોકલી આપશો–મારા પર કૃપા છે તે બની રહે–જે સૂત્રની નકલોનો ધ્યાંન રાખશો–માહારાજજીને–તથા પંન્યાસજી માહારાજને વંદના ૧૦૦૮ કેશોજી.

મારા નામવાલ કૃપાલુને અનુવંદના કેશો.

દાઃ **કમલવિજય.**

# સાગરજીની સકલશાસ્ત્ર પારંગતતા કે ઉત્સૂત્ર પરૂપણા?

## સાગરજી સત્ય સ્વીકારશે કે ઉત્સૂત્રભાષી કહેવરાવશે?

-ગતાંકથી ચાલુ -

સત્ય હકીકત તો એ છે કે પરીક્ષા કરવા માટે પોતાની પાસે રાખેલા તે ઉમેદવારને તેની યોગ્યતા જોઇને સામાયિકાદિ સૂત્રો ભણાવવા એમ સ્પષ્ટ લખ્યું છે. એટલે છ માસની પરીક્ષા સંબંધે જે ઉલ્લેખ છે તે સૂચના રૂપે પણ નથી કે નથી વડી દીક્ષા માટે, પરંતુ દીક્ષા માટે જ છે. અને તે વિશેષ રીતે સાબિત કરવા 'પંચવસ્તુ' માં શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજીએ જે લખ્યું છે તે વિચારી લઇએ. જુઓ પંચવસ્તુ, પત્ર ૨૦ ગાથા ૧૧૬ થી ૧૨૪.

**धम्मकहा अविखत्तं पव्वज्जा अभिमुहंति पुच्छिज्जा ।**
**को? कत्थ? तुमं सुंदर! पव्वयसि च किं निमित्तंति? ॥११६॥**

-ધર્મોપદેશ વડે અથવા દીક્ષિતોના અનુષ્ઠાન વડે પ્રસન્ન થઇને પ્રવ્રજ્યા લેવાને તૈયાર થયેલને પૂછવું કે-હે દીર્ઘાયુષી! તું કોણ છે? અને તું ક્યાંનો છે? તું શા માટે દીક્ષા લે છે? ૧૧૬.

**कुलपुत्तो नगराए असुहभवक्खय निमित्तमेवेह ।**
**पव्वामि अहं भंते! इइ गेज्झो भयण सेसेसु ॥११७॥**

-દીક્ષા લેનાર ઉત્તર આપે-હે ભગવંત! હું નગરા નગરીવાસી કુલપુત્ર અર્થાત્ અમુકનો દીકરો અશુભ સંસારના ક્ષય માટે જ દીક્ષા લઉં છું. આમ દીક્ષા લેનાર ઉત્તર આપે તો જ લેવો. જો આ રીતનો સ્પષ્ટ ઉત્તર ન આપે અર્થાત્ કુલવાન ન હોય, દીક્ષા લેવાનું કારણ પણ વાસ્તવિક ન હોય તો સૂત્ર પ્રમાણે વિચારીને ભજના સમજવી, રાખવા લાયક હોય તો રાખવો. નહિ તો છોડી દેવો.

**साहिज्जा दुरणुचरं कापुरिसाणं सुसाहुचरिअंति ।**
**आरंभनियत्ताण य इह परभविए सुहविवागे ॥११८॥**

—ઉપર જણાવ્યા પ્રમાણે ઉત્તર આપ્યા પછી દીક્ષા લેનારને સામાન્ય માણસોથી ન પાળી શકાય એવી સાધુઓની ચર્યા જણાવે અને સાથે આરંભને પરિગ્રહથી નિવૃત્ત થયેલાને આલોક અને પરલોક સંબંધી શુભવિપાકો-કર્મફળો પણ દેખાડે.

**जह चेव उ मोक्खफला आणा आराहिआ जिणिंदाणं ।**
**संसार दुक्खफलया तह चेव विराहिआ होइ ॥११९॥**

—સાથે સાથે એ પણ જણાવે કે-જેમ જિનેશ્વરોની આરાધેલી આજ્ઞા મોક્ષદાતા છે તેમ જ જો તેની વિરાધના કરવામાં આવે તો તે દુઃખફળને-સંસારફળને દેનાર છે. અર્થાત્ જો દીક્ષા લીધા પછી તેમાં જરાપણ ખોડખાંપણ લગાડીશ તો તું સંસારમાં ભમીશ એમ જણાવે. ૧૧૯

**जह वाहिओ अ किरियं पवज्जिउं कम्मवाहि खय हेउ ।**
**पच्छा अपत्थ सेवी अहियं कम्मं समज्जिणई ॥१२१॥**

—તેજ રીતે ભાવક્રિયા એટલે ચારિત્રને કર્મવ્યાધિના ક્ષય માટે સ્વીકારીને અપથ્યસેવી એટલે ઉલટું વર્તન કરનાર વધારે કર્મોને ઉપાર્જન કરે છે.

**अब्भुवगयंपि स तं पुणो परिक्खिज्ज पवयणविहिए**
**छम्मासं जाऽऽसज्जा व पत्ते अद्धाए अप्पबहुं ॥१२२॥**

—ઉપર કહ્યું તેમ કઠણમાં કઠણ સાધુક્રિયા કહ્યા પછી દીક્ષા લેનાર તે માટે તૈયાર થાય કે-'આ ક્રિયાઓ મને કબુલ છે.' **એમ સ્વીકારે તો પણ તેને પ્રવચનોકત વિધિ પ્રમાણે તે દીક્ષા લેનારની છમહિના સુધી પરીક્ષા કરે.** યોગ્ય કે અયોગ્ય શિષ્યાદિને આશ્રીને ઓછી વધતી પણ મર્યાદા એટલે પરીક્ષાનો કાળ જાણવો. ૧૨૨

**सोभणदिणंमि विहिणा दिज्जा आलावगेण सुविसुद्धं ।**
**सामाइआइसुत्तं पत्तं नाउण जं जोग्गं ॥१२३॥**

પરીક્ષા કર્યાબાદ યોગ્ય જાણ્યા પછી સારા મુહુર્તવાળા દિવસે વિધિથી સુવિશુદ્ધ રીતે સામાયિકાદિ સૂત્ર આપે-ભણાવે 'આદિ' શબ્દથી પ્રતિક્રમણ સૂત્રાદિ જાણવું.

**तत्तो अ जहा विहवं पूअं स करिज्ज वीयरागाणं ।**
**साहूण य उवउत्तोएअं च विहिं गुरू कुणइ ॥१२४॥**

**ततश्च तदुत्तरकालं 'यथा विभवं' यो यस्य विभवः विभुवानुरुपमित्यर्थः पूजां 'स' प्रविव्रजिषुः कुर्यात् वीतरागाणां जिनानां माल्यादिना साधूनां वस्त्रादिना**

પછી પોતાની સંપત્તિ અનુસાર તીર્થંકરોની પૂજા કરે, સાધુઓની ભક્તિ કરે અને તે પછી ગુરૂ આ પ્રમાણે (આગળ આવતો વિધિ કરે) ૧૨૪

ટીકાર્થ-તે દીક્ષા લેનાર વીતરાગ ભગવાનની માલ્ય-ફુલની માળા આદિથી અને સાધુઓની વસ્ત્રાદિથી પૂજા કરે.

પંચવસ્તુઓની ઉપરોકત ગાથાઓથી તો સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે છમાસની પરીક્ષા જેમ સાગરજી કહે છે તેમ દીક્ષાની યોગ્યતા માટેની નથી, એમ નહિ. પરંતુ દીક્ષાની યોગ્યતા માટે જ છે અને તે દીક્ષાના ઉમેદવાર સંસારી ગૃહસ્થની પરીક્ષા માટે જ છે. કારણકે સાધુપણામાં સાધુથી જિનેશ્વરદેવની ફુલની માળા આદિથી દ્રવ્યવડે પૂજા ભક્તિ કરવી એ મૂળથી જ વિરૂદ્ધ હોઇ સૌ કોઇ સમજી શકે તેમ છે. જો વડીદીક્ષા માટેનો પરીક્ષાનો કાગળ સ્વીકારી લઇએ તો પંચવસ્તુના કથન મુજબ નાની દીક્ષા લીધેલ સાધુએ વડીદીક્ષા લેતા પહેલાં વીતરાગદેવની તથા સાધુઓની દ્રવ્યપૂજા એટલે જિનેશ્વરદેવની ફુલની માળા આદિથી દ્રવ્યપૂજા અને સાધુઓની વસ્ત્રાદિથી પૂજા કરવાનું કથન પણ સાથે સાથે સ્વીકારી લેવું પડશે. એટલે સદરહુ કથન નાની દીક્ષાની પરીક્ષા માટે જ છે એ સિદ્ધ થાય છે.

સાગરજીથી પંચવસ્તુ તથા ધર્મબિન્દુ અજ્ઞાત હશે અગર એમણે નહિ જોયું હોય એમ કહેવું એ મૂર્ખતા જ છે. સાગરજી પોતે પંચવસ્તુ અને ધર્મબિંદુના નામ નિર્દેષદ્વારાજ ઉત્તર આપે છે. એટલે તેઓએ સદરહુ ગ્રંથો જોયા નથી એમ કહી શકાય જ નહિ. ત્યારે સાગરજી સકલશાસ્ત્ર પારંગત હોવાનો દાવો કરી વગર સમજે જ કહી નાંખ્યું છે એમ પણ ન કહી શકાય. સાગરજી આ ઉત્તર પોતાની શિષ્ય મોહની વૃત્તિને પોષવા ખાતર જે પ્રવૃત્તિ આદરી રહ્યા છે. તે પ્રવૃત્તિને શાસ્ત્રના નામ માત્રથી પૂરવાર કરવાનો મિથ્યા પ્રયત્ન સેવીને ઇરાદાપૂર્વક ઉત્સૂત્ર પ્રરૂપણા કરી છે એમ કહેવામાં જરાયે અતિશયોકિત નથી. કારણકે ઉત્સૂત્રી સંબંધમાં સાગરજી 'સિદ્ધચક્ર'ના 'સાગર સમાધાન'માંના

# જર્મનીથી પત્ર.

શાન્તિનિકેતનનો બી. એ. નો અભ્યાસ કરી જર્મનીમાં "જૈનીઝમ" નો અભ્યાસ કરવા ગયેલા ભાઈ શાન્તિલાલનો પત્ર.

–તંત્રી.

બોન. (જર્મની)

તા૦ ૧૫–૧૧–૩૨.

પ્રિય ભાઇ........

કહેવા પ્રમાણે આજે પ્રવાસ લખવાની શરૂઆત કરૂં છું. તે માટે ધન્યવાદની આશા નહિ તો ઉત્તેજનની આશા માણસ સ્હેજે રાખે.

હિન્દુસ્થાનમાં ઘણી જગ્યાએ પ્રવાસ કર્યાં, અને કદાચ તે પ્રવાસ દરમ્યાન અનેક નવા સ્ફુરણો પણ થયા હશે. આજ સુધી કોઈ દિવસ તેની નોંધ રાખવાની ઇચ્છા થઇ નથી, હા, એ ખરૂં કે કોઇએ તેની નોંધ રાખવાને ઉત્સાહ પૂર્યો ન્હોતો.

જ્યારે જર્મની આવવાનું થયું ત્યારે અનેક મિત્રોએ પ્રવાસ લખવાનું કહેલું. કેટલાકે ક્યાં પ્રવાસ લખીને મોકલવો તેના માટે માસિક–સાપ્તાહિકાદિની પણ સગવડ કરી આપી. પરદેશના પ્રવાસે હું કાંઇ આજે નવો નથી જતો! અથવા તો પરદેશ સફરમાંથી હું જ સુંદરતમ તત્ત્વ તારવી શકવાનો છું તેમ પણ નથી! તો પછી એવું કયું કારણ હોઇ શકે કે જેના લીધે મિત્રો તથા અન્યજનો મારી પાસેથી લખાણની આશા રાખે. અને મને પણ લખવાની ઇચ્છા થાય.

મને તેનું એક જ કારણ લાગે છે. લખાણની નૂતનતા જેટલી તેમાં આકર્ષક છે તેના કરતાં લખાણ લખનારની નિકટતા વધારે બળવાન છે. અને લખનારને પોતે અમુક વ્યક્તિઓ માટે લખે છે. તેવો આત્મસંતોષ હોય છે. સંબંધીઓને અને પરિચિતજનોને નિકટની વ્યકિતઓના લખાણમાં સ્વાભાવિક વિકાસ હોય છે.

હિન્દુસ્થાનનો પ્રવાસ લખવાનું નહિ કહેવાનું કારણ તેની અતિ પરિચિતતા છે. "ઓહો! કલકત્તાજને! મદ્રાસજને! એ તો બધા આપણા લોકો!" આ જાતના નીચા મૂલ્યને લીધે આપણે આપણા દેશની નોંધ રાખવાનું ઉચિત નથી ધારતા. જ્યાં સુધી માણસ દરિયો પાર ન કરે ત્યાં સુધીનું બધું સર્વ ઠેકાણે સામાન્યમાં લેખાય છે. અને તે સ્વાભાવિક છે. દરેક દેશમાં એવી માન્યતા છે. તે માન્યતાને ખરાબ માનવાને કંઇ કારણ નથી.

આટલું પ્રાસ્તાવિક–ગમે તે કારણ હોય, પણ પ્રવાસ લખું છું તે હકીકત જ છે–માત્ર લખું છું. તેટલું જ નહિ પણ કોઇ પ્રેરણાના આનંદમાં લખું છું, તે પછી ગમે ત્યાંથી ઉદ્‌ગમતી હોય.

બંદર ઉપર તમને બધાને મૂકીને જ્યારે સ્ટીમર રવાના થઇ ત્યારે તમારા બધાના વિરહે તરત જ વધારે જોર કર્યું. તે વખતે એક માત્ર પ્રવૃત્તિમાં મન લીન હતું–"હું તમારાથી જુદો પડું છું" આ વેદના વિચિત્ર છે, અનેક જાતની વિચારસરણીનું ઉદ્‌ગમસ્થાન તે બની જાય છે. 'હવે ક્યારે મળાશે?' 'મળાશે કે નહિ?' 'મળાશે તે કેટલાને મળાશે? 'કેવી રીતે?' આવી કેટલીયે વિચિત્ર કલ્પનાઓ ગુંગળાવી નાંખે છે. કેટલીક વાર તો એવો કંટાળો આવે કે પથારીમાં હાથ પછાડી પરાણે તેમને દૂર કરવાના વ્યર્થ પ્રયત્નો કરૂં.

આવું માત્ર બે દિવસ, ત્રીજે દિવસે સ્ટીમરના સાથીઓમાં મન લાગવા માંડયું. જરા બ્હાર જઇ બેસવાની ઇચ્છા થઈ. કેટલાકની સાથે વાતો કરી રમ્યો. ઓળખાણો કરી. કંઇક કરવાની સૂઝ પડી. ત્રીજે દિવસે સાંજના અમારા વર્ગમાં સિનેમા હતો (Second Economy વર્ગમાં હમેશ સિનેમા નથી હોતો) જો કે બહુ જ રમુજ આવે તેવું તેમાં કંઇ જ

(વધુ માટે જુઓ પૃષ્ઠ ૫૫)

---

પ્રશ્ન ૬૩ નો ઉત્તર આપતાં કહે છે કે–'અનુપયોગથી, સહસાત્કારથી સ્હેજે શાસ્ત્રવિરૂદ્ધ બોલાઇ જાય પણ તે કથનની સત્યતા સમજાઈ જાય કે તુરત ક્ષમા યાચે, તે કથન પ્રચાર ન પામે તેના માટે બનતું કરે. અગર તે કથન સામે મોરચા ન માંડે તે ઉત્સૂત્ર કથક કહેવાય. અને શાસ્ત્રવિરૂદ્ધ બોલેલ કથનને જગતમાં પ્રવૃત્તિ રૂપે દાખલ કરાવવા બનતો પ્રયાસ કરે. તેની ( ઉત્સૂત્ર કથન ) આડે આવનારા સત્ય પ્રરૂપકો. સત્ય પ્રરૂપણા અને સત્ય પ્રરૂપણાના સાધન પ્રસંગોને જમીનદોસ્ત કરવા અનેકવિધ કાર્યવાહી ચાલુ રાખે તે ઉત્સૂત્ર પ્રરૂપક અને તેવાં ઉત્સૂત્ર પ્રરૂપકને ઉત્સૂત્ર ભાષી તરીકે બનતી ઉતાવળે જાહેર કરવો અને ત્યાગ કરાવવા માટે સર્વશકિત વાપરવી જોઇએ.

સાગરજી સત્ય સમજી સ્વીકારીલે એમ ઇચ્છીએ, પરંતુ **'એ દિન કહાંસે કે મિઆંકે પાઉંમે જુત્તિઆ'** સાગરજીએ કોઇ પણ દિવસ સત્ય સ્વીકાર્યાનું સાંભળ્યું નથી છતાં સ્વીકારીલે એમ ઇચ્છીશું. સાગરજી સત્યને જ સ્વીકારે તો સાગરજીના પોતાના શબ્દો અનુસાર સાગરજી ઉત્સૂત્ર પ્રરૂપક ઠરે છે. અને તેઓના પોતાના જ શબ્દોમાં તેવા ઉત્સૂત્ર પ્રરૂપકને બનતી ઉતાવળે જાહેર કરવો જોઇએ, તો આથી સાગરજીના ધર્મપ્રેમી (?) શાસન પ્રેમી(?) ભક્તોને વિનંતિ કરૂં છું કે આ શબ્દોનો ઉપયોગ સાગરજીએ માનેલાઓ માટે છે કે તેવી પ્રવૃતિ કરનાર માત્રને માટે છે. અને જો દરેકને માટે હોય તો **સાગરજીને પણ ઉત્સૂત્રભાષી જાહેર કરવા તેમના ભક્તો તૈયાર થાવ.** એજ અભ્યર્થના.

---

**સાગરજીએ સગીરને મુંડી નસાડયો.**

**સાદડી ( મારવાડ ) પાસે વાલી ગામના રહીશ મેઘાજી કોરાજીના દીકરા ગોપીલાલ. જેની ઉમ્મર વર્ષ ૧૫ ની છે, જેઓ ઘાટકોપર ઉપધાનમાં હતા. તેવણને માગસર સુદ ૭ મે થાણા અને કુરલાની વચમાં રાતના ટાઇમે નામચીન સાગરજીએ આ બાળકને મુંડી એક શિષ્ય સાથે નસાડી મૂકયો, બાળકના વાલીઓને ખબર પડતાં બાળકનો મોટો ભાઇ અમીચંદ બે ત્રણ ભાઇઓ સાથે ઘાટકોપર જઈ સાગરજીને ઘણું કહ્યું, અરે! ન કહેવાનું કીધુ છતાં આ નામચીન ધાડપાડુ સાંભળી રહી એજ જવાબ દેતા–' એના ખબર આવશે એટલે તમને ખબર આપીશ" આ પ્રમાણે સેંકડો વેણો સાંભળવા છતાં સમતા રાખીને આ નામચીન ધાડપાડુ સાધુએ ઉડાઉ જવાબ આપી વાલીઓને હાલ તો વિદાય કર્યા છે.**

# લોકસાહિત્ય અને જૈનો.

લેખકઃ— નિશાકાન્ત.

સાહિત્ય અર્થાત્ પ્રજાજીવનની ભૂતકાળની સંસ્કૃતિનું રેખા-દર્શન કરાવનાર શાસ્ત્ર. પરંતુ આ શાસ્ત્રમાં વ્યાકરણ આદિનો દોષ ન હોઇ શકે. પ્રજાજીવનનાં મોંઘા મૂલા આદર્શોને પ્રશસ્તિ પર સાચવી યુગ પછી યુગને ભૂતકાળનું પ્રજાજીવન ઉદ્‌બોધનાર શાસ્ત્ર તેજ સાહિત્ય. પરંતુ આજે તો એવા સાહિત્યની વાત છે કે જેના લખનારાઓએ કદી કલમની કમર પણ પકડી નથી, એવા લોક–સાહિત્યનો વિષય અત્રે ચર્ચવામાં આવશે.

ગૌરવશાળી ગુજરાતના સાહિત્ય ભંડારમાં જૈન પ્રજાએ ભૂતકાળમાં ઓછો ફાળો આપ્યો નથી. ભારતના ઇતિહાસમાં કે અધ્યાત્મમાં, વિજ્ઞાનમાં કે જ્યોતિષમાં, ગણિતમાં કે તેવા કોઈ પણ પ્રકારના વિષયમાં જૈન પ્રજાનો ફાળો નથી તે તો ન જ કહી શકાય.

જો કે કેટલીક વ્યક્તિઓએ જૈન સાહિત્યનો પ્રસ્તાવ કરી જૈન સાહિત્યના ઇતિહાસમાં અકથ્ય ફાળો આપ્યો છે. પરંતુ તેમનો ફાળો, તેમની કિલષ્ટ ભાષાના પ્રભાવે સામાન્ય લોકસમૂહમાં જોઇતી પ્રિયતા પામી શકયો નથી. કહેવાનું તાત્પર્ય એ કે પ્રજાનું સાચું હૃદય ઉક્ત સાહિત્યકારો પારખી શકયા નથી. આનું પરિણામ એ આવ્યું કે સામાન્ય પ્રજાનો જોઇતો ચાહ પ્રસ્તુત સાહિત્યકારો સંપ્રાપ્ત કરી શકયા નથી. આ તેમની સાહિત્યની જડબાંતોડ ભાષાને આભારી છે.

આવા સાહિત્યકારોએ ભૂલવું જોઇતું નથી કે શ્લેષાર્થી ભાષાને રાજનગરના ઋષિએ સાબરમતીના ખળખળ કરતાં નીરમાં કયારનીયે વેસરાવી દીધી છે. એ વેસરાવ્યા પછી તો સાહિત્યમાં નવયુગ બેઠો છે અને તેનો સાક્ષાત્કાર નડીઆદના નાગરિકો સમક્ષ અને બારડોલીના બહાદુર ખેડુતો સમક્ષ ભૂલાભાઈ અને વલ્લભભાઇએ કર્યો છે.

ભારતને આંગણે પ્રજા આજે એવું સાહિત્ય વાંચ્છી રહી છે કે જે સાહિત્ય આમ અને ઉદ્દામ વચ્ચે એકતાનો તાર સાંધી ભારતનો પ્રજાવાદ અભેદ્ય રહી શકે. પરંતુ આ સાથે ભાષાનું વિશિષ્ટત્વ, ભાષાનું ગૌરવ, ભાષામાધુર્યનું ખંડન ન થાય એ સાહિત્યકારને હૃદયે જ વસવું જોઇએ.

આધુનિક સાહિત્યમાં વપરાતી ઉચ્ચ ભાષા શિષ્ટ સમાજમાં વપરાય છે, આથી પ્રસ્તુત ભાષામાં લોકજીવનના શા શણગારો? શા રસો? શી મૌલિકતા? કે શું વૈવિધ્ય? શું ભર્યું છે તે સામાન્ય પ્રજાની વિચાર શક્તિથી વંચિત રહે છે. આથી તે સાહિત્ય કોઇ પણ પ્રકારની અસર નીપજાવી શકતું નથી. સાહિત્ય એવું હોવું જોઇએ કે જેનો એક એક સૂર કુંજે કુંજે, વને વને, ઘરે ઘરે ટહૂકવો જોઇએ, કહેવા દો કે એ ટહૂકતા સૂરને ઝીલવા પ્રજાવાદ સશક્ત હોવો જોઇએ. શિષ્ટ–સમાજના ઘરોની દિવાલો ભેદી જે સાહિત્ય ગરીબોના નેસડા સુધી જઇ શકતું હોય અને જેનો ભાવ એ નેસડાનો અભણ આદમી પણ સમજી શકતો હોય તે જ સાચું સાહિત્ય છે.

સાદું સાહિત્ય વધુ વિકાસ પામી શકે તે માટે આપણે તે સાહિત્યની જનની લોક સાહિત્યને પોષણ આપવું જોઇએ. લોક સાહિત્યકારોએ કદી ખડીઓ અને કલમ પણ પકડયાં નથી, પણ જે મુખેથી સર્યું તે મુખપરંપરા ચાલ્યું આવ્યું. પરંતુ ઇસ્લામયુગના ભારત પછી સાહિત્યમાં બે ભેદ પડયા. વિશિષ્ટ અને લોક. આનું પરિણામ લોકસાહિત્ય પૂરતા પ્રમાણમાં વિકાસ પામી શકયું નહિ, તેનું કારણ આપણી પ્રજા પરાજિત થતાં ભાષા પણ પરાજિત થવાનું માની શકાય. એક પરાયી ભાષાને ભારતને આંગણે પ્રાધાન્ય મળવાથી ઉગતી, ખીલતી અને આનંદની છોળો ઉરાડતી ગરવી ગુજરાતની ગૌરવી ગુજરાતી ભાષાનું યૌવન અકાળે કરમાયું. આનું પરિણામ લોકસાહિત્યકારો ઘટયા અને જે સાહિત્યકારો હતા તેમણે તે સમયની ગોઝારી સલ્તનતના ભય અને ત્રાસથી ઐક્યતાના તારને સાંધવાનો અવકાશ ન હતો. આથી અભેદ્ય ગુજરાતની પ્રજા અને ભાષામાં ભેદ પડયા. વિશિષ્ટ અને લોકસાહિત્ય. આ ઉક્ત સાહિત્યકારના ધન લોભને પણ આભારી છે. તેમ જ શ્રીમંતની લોલુપ્તાને આભારી છે. પૈસાની પ્રતિષ્ઠા પર પૂળો મૂકવાને બદલે એ સાહિત્યકારો મદતી–ઝુલતી લક્ષ્મિના ગુલામો બની એ સાહિત્યનો ફેલાવો કરવાને બદલે સાહિત્ય શિષ્ટભાષામાં પરંતુ કિલષ્ટાર્થી રચી વેચવા માંડયું. લક્ષ્મિનંદનોએ કીર્ત્તિ ખાતર ખરીદવા માંડયું, અત્રે જણાવવું જોઇએ કે લક્ષ્મિનંદનોનો ઇરાદો કંઇ સાહિત્યકારોને મદદ કરવાનો ન હતો. પરંતુ કીર્ત્તિની પાછળ ઘેલા બનેલા શ્રીમંતો પોતાનું અમરત્વ ઇચ્છતા હતા. આ ઘેલછાને પરિણામે ગૌરવી ગુજરાતનું સાહિત્ય વિકાસ પામી ન શકયું. અને આથી ભાષામાં બે ભેદ પડયા. શ્લેષાર્થી ભાષાને સ્થાન મળવાથી લોકભાષા વિસારે પડી. "ચીલે ચીલે ચાલવા"ના સૂત્રાનુસાર અદ્યાપિ પર્યંત તે ભાષાજ અસ્તિત્વ ભોગવે છે જો કે ઇસ્લામયુગના ભારત પછી પેશ્વાયુગ, આંગ્લયુગ અને ગાંધીયુગનું ભારત થયું. તો પણ ભાષા યુગમાં પરિવર્તન ન થયું તે તો અફસોસજનક જ કહી શકાય. આધુનિક સાહિત્યકારોની સંકુચિત મનોદશાનું આ પરિણામ હોય તો તેમાં શંકા ઉપસ્થિત ન થાય તે માનવા યોગ્ય છે.

લોકસાહિત્યકારના અભાવે લોકસાહિત્ય પ્રત્યે પ્રજાની પ્રિયતા વધવાને બદલે ઘટે છે. આથી શું પરિણામ ઉપસ્થિત થાય છે? એક લોક ભાષાના કવિ કે સાહિત્યકારને આપણે ન્યાય આપી શકતા નથી. આપણી નૈયાયિકવૃત્તિના વિકાસના અભાવે કરી આપણે પ્રસ્તુત કવિ કે સાહિત્યકારને ન્યાય આપતા નથી એટલું જ નહિ પરંતુ ભાષાનો પણ ઉચ્છેદ કરી નાંખીએ છીએ. આથી આપણે ભાષા પ્રત્યેનું આપણું મમત્વ ગુમાવી બેસીએ છીએ.

"Lady of the Lake" નામની કાવ્ય પુસ્તિકા, "Sir W. Scott"ના "મારી જન્મભૂમિ" નામના કાવ્યમાં જેમ સ્વદેશપ્રેમ વિહોણા માનવીને ટેણો માર્યો છે તેમ જ મારી ભાષાનું મમત્વ ગુમાવવા વિષે પણ હોઇ શકે. ભાષાનું મમત્વ જે માનવીને નથી તે પણ જીવતું અને જાગતું મૃતદેહ એમ ન માનવાને કોઇએ પણ ભૂલ ન કરવી જોઇએ.

આખરી પ્રાણ ખેંચતી લોકભાષાને કોઇ એક ચિકિત્સક મળતાં નવચૈતન્ય આવવાથી આજે એ પૂર્વના લોકજીવનનાં

મોંઘામૂલા આદર્શો ગરવી ગુજરાતને ગામડે-ગામડે, શહેરે-શહેરે, બજારે-બજારે, પોળે-પોળે પુનઃ ઉદ્‌ઘોષી ઉઠ્યા છે. એ ઉદ્‌ઘોષણાનું રણશિંગું ફુંકનાર લોક સાહિત્યનો કવિ-સમ્રાટ્ **'મેઘાણી'** છે. કાઠિયાવાડના કાઠીઓને ડોલાવનાર, નિશ્ચેતનમાં પ્રાણ પૂરનાર કવિ મેઘાણીએ આજે એ લોકસાહિત્યને સજીવન કર્યું છે. તેમણે લોકસાહિત્યમાં "રઢીયાળી રાત" ના ચાર ભાગનું પ્રકાશન કરી લોકસાહિત્યમાં અકલ્પ્યયુગ બેસાડયો છે. ચોથા ભાગમાં તેમણે કેટલીક જૈન સજ્ઝાયોને પણ સ્થાન આપ્યું છે. આ વિષય જેટલો હર્ષનો છે તેટલો જ હર્ષ-શોકના તત્ત્વોમાં પરસ્પરાવલંબી છે. -અપૂર્ણ.

## જર્મનીથી પત્ર. પૃ. ૫૩ થી.

નહોતું. તેમ છતાં વખત પસાર કરવા માટે કંઇ ખરાબ નહિ! તને એમ લાગશે કે-શું સિનેમા સિવાય વખત પસાર જ નહિ થતો હોય? જરૂર, બીજા ઘણા સાધનોથી સમય વીતાવી શકાય છે. જેના નામો ગણાવવા એ અહિ અપ્રસ્તુત લેખાય. પણ અમે તો Second Economy-એટલે કે આ લાઇનના છેલ્લા વર્ગના માનનીય મુસાફરો, અને તેથી અમારૂં સ્થાન સ્ટીમરના તળીયે; આથી સમુદ્રની અસર વધારે થતી. એક તો સાગર તોફાની. અને તેમાં અમારા વર્ગનું કારણ વધારો કરતું, ચોપડી હાથમાં લીધી કે ખલાસ. કેબીનમાં જઇ સુઇ રહયે જ છૂટકો; અને તે વખતે સ્થિતિ બહુ શોચનીય થયેલી. તોફાન દરમ્યાન શરૂઆતમાં અમારા વર્ગની સ્થિતિ દર્શનીય થઇ રહેલી. કોઇ Smoking room માં ટેબલ ઉપર ઉંધું માથું નાખીને પડયું હોય તો કોઇ જરા દૂર મનાઈ છતાં ન છૂટકે વમન કરતું હોય તો વળી કોઈ Smoking room ની બહાર આરામ ખુરશી પર જાણે છ માસની માંદગીથી મુખ લેવાઇ ગયું હોય તેવી હાલતમાં લથબથ થઇને પડયું હોય. કેબીનમાં પણ ઉલટી અને ઉપકાનું ભલું પૂછવું. મારી ઓરડીમાં લગભગ બધા જ સાથીઓ બૂમો પાડતા હતા. એક કહે-"I wish those who were ennying my boyage were in my s oes just now, to see, how terribly I suffer" (મને એમ થાય છે કે જે લોકો મારી અદેખાઇ કરતા હતા તે લોકો અત્યારે આ બધું જોવા મારી સગતળીમાં આવીને બેસે) બધાના શબ્દો મૂકવાને અહિ જગ્યા નથી અને મારી સ્મરણશક્તિ પણ તેવી તીવ્ર નથી. લગભગ બધા આવાજ ભાવનું કંઇક કંઇક લવ્યા કરતા હતા. મારી સ્થિતિ સારી હતી. પરંતુ તેથી પંડિતજીના કહેવા પ્રમાણે સ્ટીમરમાં ભગવતિસૂત્ર વાંચી જવા જેવી તો નહિ જ. આવી હાલતમાં અમારા ત્રણેક દિવસો પસાર થયા.

જે પરોઢીએ એડન આવવાનું હતું તે આખી રાત દરિયો તદ્દન શાંત હતો. બધાને જરા શ્વાસ ખાવાનો અને તાજા થવાનો સમય મળ્યો હતો. કેબીનમાં ગરમી હોવાને કારણે ઘણા ખરા મુસાફરો ડેક ઉપર પોતાની ડેકચેર ઉપર લાંબા થઇને પડયા હતા. એડન બહુ વહેલું પ્હો ફાટતાં પહેલાં આવવાનું હતું. અને સ્ટીમર ત્યાં બહુ થોડો વખત જ થોભવાની હતી. કદાચ એડન જોયા વિના રહી જવાય તે ભયે મારી આંખમાં મુદ્દલ ઉંઘ નહોતી. લગભગ ત્રણેક વાગ્યે દૂરથી ખડક સૂચવતી દીવાદાંડીઓ દેખાવા માંડી. એડનનું બંદર કઈ પ્રકારનું હશે તેનો ખાસ ખ્યાલ ન હોવાને લીધે મેં ધાર્યું તેજ એડન છે. આ ગફલતમાં "એડન આવ્યું, એડન આવ્યું" બૂમ પાડી. મેં મુસાફરી દરમ્યાન થયેલા એકાદ બે સાથીઓને ઉઠાડયા. તેમાંના એકને એડનનો બહુ અનુભવ હોવાથી, પરોઢીઆની ઉંઘનું આવું નિરર્થક ભંગાણ અસહ્ય થઇ પડયું. પ્રાતઃસ્વસ્તિ વાંચન મારો ગુન્હો હોવાથી વિના ઉચ્ચારે વધાવી લીધું.

એડન આવ્યું તેટલામાં ડેકના કઠેડા પાસે મુસાફરો ઉભરાઇ આવ્યા. દૂરથી પાઇલટ હોડી સ્ટીમરને ખેંચવા વ્હીસલ મારતી મારતી અમારી તરફ આવવા માંડી, તેની પાછળ નાના મછવાઓની એક હાર હતી. તેમાં આરબો વસ્તુઓ લઇને વેચવા આવેલા, સ્ટીમર પાસે આવી ભાંગ્યા અંગ્રેજીમાં "સર સીગરેટ, સર ચોકોલેટ" વિગેરે વસ્તુઓના વેચાણની માગણી કરવા માંડયા. આ વેચનારા આરબો એ વિચિત્ર જાત છે: બહુ જ અપ્રમાણિક, લઢવાડી અને અસભ્ય. એમની વિચિત્ર અંગ્રેજી-હિન્દી-ઉર્દુ બોલી, એમની રકઝક અને એમનો વેપ કેટલીકવાર ઘૃણાપાત્ર લાગે. કેટલાક લોકોએ સસ્તી દાણ-નૂર વિનાની સીગરેટાદિ વસ્તુઓ ખરીદી. સાડા સાતે અમે એડન છોડયું.

નાસ્તો કરીને જ્યારે ડેક ઉપર આવ્યો ત્યારે સૂર્ય જરા ઉપર આવ્યો હતો. બધું સ્પષ્ટ જણાતું હતું. મુસાફરો રાતના આરામ પછી ઘણા તર થયેલા જણાતા હતા. ડેક ઉપર કોઇ ચોપડી, તો કોઇ કંઇ રમત, તો કોઇ સાગરનું સૃષ્ટિ સૌંદર્ય નિહાળવામાં લીન હતા. એડન છોડયા પછી અવારનવાર ખડકની હારો બન્ને બાજુ જણાયા કરતી. દરિયો તદ્દન શાંત હતો. તેથી ઉષાના આછા રંગમાં ખડકોની વચ્ચે કોઇ સરોવરની ઝાંખી કરાવતો. મુસાફરો શમશીતોષ્ણ વાતાવરણમાં મ્હાણતા હતા. આજના માટે આટલું બસ!

લી० તમારો-

**શાંતિ.**

## ના. ગાયકવાડ સરકારને- પૃ. ૫૦ થી.

અને ઘણીય ઉહાપોહ થવા છતાં પ્રજાહિતને દ્રષ્ટિ સમક્ષ રાખીને જેમ એ કાયદાઓ પસાર થયેલા છે. તેજ પ્રમાણે પોકળ ઉહાપોહ કે કલ્પિત દલીલો કરતાં પ્રજા હિતનેજ દ્રષ્ટિ સમક્ષ રાખી આપ 'નિબંધ' ને 'કાયદા' ના રૂપમાં ફેરવવા મહેરબાની કરશો એવી આશા છે.

ઉપર સૂચિત અમારી શ્રીમતી કોન્ફરન્સે પણ એ નિબંધને વધાવ્યો છે અને આજે સમાજનો મોટો ભાગ પણ એ નિબંધને વધાવી લ્યે છે. કારણકે સમાજનું સુકાન રૂઢીચૂસ્ત અને એક જ ગરડમાં ચાલવાને ટેવાઇ ગયેલા અંધશ્રદ્ધાળુ આગેવાનોના હાથમાં હોવાથી કંઇ પણ બનવું અશક્ય છે. આજે શિથિલ બની ગયેલી જ્ઞાતિસંસ્થા અને સડી ગયેલી સમાજ વ્યવસ્થાનો લાભ લઈ એ થઇ બેઠેલા આગેવાનો સગીર દીક્ષા સંબંધમાં કંઈ પણ અસરકારક પગલું ભરી શકે એ 'આકાશ કુસુમવત્' જ છે. એટલે હવે રાજ્યસત્તા જ આ પ્રશ્નને હાથમાં લ્યે અને સગીર સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક કાયદો ઘડી અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકે એ જ અનિવાર્ય સ્થિતિ છે. અમને શ્રધ્ધા છે, કે આપ નામદાર ઉપરની હકીકત લક્ષ્યમાં લઇ 'નિબંધ' ને 'કાયદા'નું રૂપ આપી જૈન જનતા ઉપર ઉપકાર કરશો જ. અસ્તુ!

# એક પોરવાલ કન્યાકી કુરબાની.

पोरवाल जाति व ओसवाल जाति दोनुं जाति है. इससे पोरवाल जातिकी वस्ती सिरोही, जोरा, मगरा व गोडवाड व सतावीश, अडतालीश, सीलावटी व सोराइ आदि प्रान्तोमें खुबही है. धनमें अन्धी है, हिमतमें कमजोर हैं, शाह. मुलचंद जेताजी (उमर वर्ष ५० मु. अगवरी वरपक्ष) व शाह. गुलाबचंद जेताजी (कन्याके पिता. रहवाशी गुंदला. कन्याकी उम्मर वर्ष १३) दोनोंको मैंने कार्ड लिखाथा कि बेजोड निवाहकी वात कहां तक सही व सचा है ? परंतु अभी तक कोई उत्तर नहि आया, पोरवालजाति व ओशवालजाति उसी दु.खसे दुःखी है जिससे ओर जातियां दुःखी है, लडकीयां गरीबोको नहि मिलती, धनाढयोकों लडकियां रुपयोंमें बेचकर विधवाका परिवार दिन दुना रात चौगना बढा रहा है. दुनिया काफी जग उठी हैं. माता पिता यह मान बैठे थे कि लडकी. उनकी एक मात्र पुंजी है. चाहे दान दे, दीक्षा दे, बेचे, जातिसे संबंध नहि, समाजके बंधन कडे व कठीन है. बालिका छोटी उम्मर व शर्मके खातिर अपने खुनी व कसई माता पिता के प्रति कुच्छ बोल नहि सकती. इनोने अपनी पुत्रियोंका रोजगार खोल दिया. हजारो रुपये इन लडकियोंके गिनवाने लगते, हजारो क्यां १जातिके कारण पोरवाल पोरवालमें परणे तब जातिमें रहे. ओशवाल ओशवाल जातिसें परणे तब जातिमें रहे. खुन–हडी–मांस माथे–हाथ–लिलाटपर न पोरवालके छपका रहता हैं, न ओशवालही लिखा है, न महत्तर लगा रहता है. यह जातिका भेद संसारिक कर्मके लिये हुवा वहो गृहस्थधर्मको मटियामेट करनेवाला हो गया है. आज पोरवाल अपनी कन्याको दूसरी जातिमें बेचे तो कभी इतनी उंची रकम नहि मिलेगी. यानी लडका व लडकीका संबंध जतिसे हैं. जातिके सरीक होनेसे ही वह विवाह कहा जाता है.

यदि पोरवाल भाई इसमें सरीक न हो तो यह विवाह नहि कहा जायगा, पंच न्यातिके लिये बुलाये जाते है, पंचोके मारफत सगाइ होती है, पंच पापी व पाखंडी व चिटोकडे हो गये. उनका अपने लड्डुओंसे मतलब रह गया, वर वधुकी आयुसे कोई प्रयोजन नहि है, यदि पिता अपनी पुत्री पर कुछ अन्याय अत्याचार करता है तो राज जुम्मेवार है. ठाकुरसाहिब विजयसिंहजी अगवरी व गुंदलाके भाइजन ठाकुरसाहिव देवीसिंहजीको निवेदन है कि वे इस मामलाकी जांच–पडताल करके इस पोरवाल बालिकाकी रक्षा करे या कुरबानी रोके.

में अजमेरमें इतना दूर हूं कि में जान नहि सकता कि यह सच या झूठ है. पोरवाल एक–एक गांवसे ठाकुरसाहिबके नामसे प्रार्थनापत्र जाना चाहिए. ठाकुरसाहिबही ईस कामका बीडा उठाले तो आगे बढनेकी जरुरत नहि रहे. ठाकुरसाहिब अच्छे विद्वान् व विचारशील है. उनके ठिकानेमें यह जुल्म नहि होना चाहिए.

मारवाड–गोडवाड आदि प्रदेशोंके समाज सेवा मंडल व नवयुवकोंको कमर कसके ईस विवाहपर तरिजोरोसें तान देना चाहिए, ओर यदि ईस विवाहको रोक दिया तो आगेके लिये एसे खुनी व समाजके खातरनाक विवाहोंको कालापानी हो जायगा.

जोधपुरस्टेटमेंके महकमोमें अरजी वगेरा करके कन्याके पिताकी व कन्याकी जमानत करा देना चाहिए, जिसे लडकीको हटा न सके, यदि छूपके विवाह कर डाले तो उसे विवाह करार नहि देना चाहिए. महा कृष्ण ६ (मारवाडी तीथी) के रोज सेंकडो नवयुवकोको वहां पहुंच कर इस बालिकाकी उद्धार करके एक नौजवानके साथ धूमधामसे ठाकुरसाहिबकी अध्यक्षता व छत्रछायामें विवाह करा देना चाहिए, परन्तु इसकी सफलता विचारशील, जातिप्रेमी, उत्साही मारवाडके ओशवाल व पोरवाल की हीमत व हीकमत पर है.

युवको ! सभा करके निश्चितरूपसें घोषणा कर डालोकि यह विवाह नहि होने देगा, मैंने नोटिस जोधपुरके अफसरोके पास भेज दिये है. यदि लडकी व वरका फोट्ट कोइ भेज दे तो मेरा काम बहुतही सरल हो जायगा.

शाह. केशरीमल भंडावत. अजमेर.

वार्षिक मेला — श्री सच्चीपार्श्वनाथ तीर्थ मुः सच्ची, प्रगणा जालोरमें प्रतिवर्षके अनुसार मीति पोष कृष्ण १० ( हिन्दि, गुजराती मागशर वदी १०) ता. २२–१२–३२ को भरा जायगा, जिसमें गुढाबालोतरा निवासी शा. हजारीमलजी सेसमल. कस्तुरजी ओर हरजीके समनाजी केवदाजीकी तर्फसे भाता दो दिया जायगा. औरभी सज्जनोकी तर्फसे श्रीफल आदिकी प्रभावना दिया जायगा. पंचकल्याणी पूजा, आंगीरचना आदि धामधूमसे होगा, इस शुभ अवसरपर श्री उमेदपुरजैनबालाश्रमके विद्यार्थीगणं आवेंगे व अपना ड्रामा, लेकचर आदि करेंगा. प्रार्थना है कि संघ मित्रमंडल सहित अवश्य पधारें. आनेवाले सज्जनोंको जालोरकी पंचतीर्थिकी यात्राका अलभ्य लाभ मिलेगा एरणपुरा स्टेशनसे ओर जालोर (J. R.) स्टेशनसे मोटर, बेलगाडी और उंट आदि वाहन मिलते है.

## વિદ્વાનોને ખુશ ખબર.

### ( ન્યાયનો અપૂર્વ ગ્રંથ )

જેની લાંબા સમયથી રાહ જોવાઇ રહી હતી અને જે કલકત્તા, મુંબઇ અને બીજી અનેક યુનિવર્સિટીના ગ્રેજ્યુએટના કોર્સમાં' ન્યાય પ્રથમામાં, અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે, તે ન્યાયનો અદ્વિતીય ગ્રંથ "प्रमाणनयत-त्त्वालोक ' (પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર) કે જેને ન્યાયશાસ્ત્રના ધુરંધર વિદ્વાન્ વાદિદેવસૂરિએ બનાવેલ છે. તે સરલ અને સુંદર બાલબોધિની નામની તદ્દન નવી અપ્રસિદ્ધ ટીકા સાથે થોડા સમયમાં બહાર પડશે. આ ગ્રંથને ન્યાય-કાવ્યતીર્થ, તર્કાલંકાર મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ એડીટ કરેલ છે અને જેમાં ફુટનોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી પ્રસ્તાવનામાં ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડયો છે. અઠાવીશ રતલી સુંદર કાગળમાં, ક્રાઉન સોળપેજી સાઇઝમાં લગભગ સવાબસો પૃષ્ઠના દળદાર ગ્રંથની કિમ્મત માત્ર રૂ. ૦-૧૪-૦ ચૌદઆના છે. પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:—

| | |
|---|---|
| મેસર્સ એ. એમ. એન્ડ કું. | શ્રી વિજયધર્મસૂરિ ગ્રંથમાળા |
| મુ. પાલીતાણા. | છોટા શરાફ |
| (કાઠીઆવાડ) | ઉજ્જૈન (માળવા) |

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

ધાર્મિક ક્રિયાઓમાં થતા અત્યાચારો.

Reg No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો | વાર્ષિક રૂા. ૨-૮-૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૨ જું, અંક ૮ મો. | શનીવાર તા. ૧૭-૧૨-૧૯૩૨.

## સાધુતા! શું ત્હારી આ દશા?

સાધુતા! "સાધુતા!" આ શું ત્હારી દશા? પતનના છેલ્લે પગથીએ બેસી મરણનો છેલ્લો શ્વાસ લેતાં પણ તારાં બાળકો સામે જરી નજર તો કર! તારા ચારિત્ર બળ પર અનેક સલ્તનતો ધ્રૂજી ઉઠતી અનેક રાજા મહારાજાઓ તારા પાયોનું ચરણામૃત મેળવી ધન્ય મનવતા. તારી શીતળતા અને અમૃત ઝરતાં વચનોપર અનેક ભકતો ગાંડા થઇ જતાં. તારૂં તેજસ્વિ મુખાવિંદ જોઇ જનતા અંજાઇ જતી. સારીયે જૈન આલમ નહિ, પણ પૃથ્વિતળ તારીપાછળ ઘેલી થઇ ફરતી. પરંતુ એ સાધુતા! અત્યારે એ કયાં વિસારૂં? અત્યારે તેમાંનું નામ નિશાન નથી તેનું કઇ કારણ? આજે તને તારાં બાળકો હજારો ફીટકાર આપે છે! તિરસ્કારનો વરસાદ વરસાવે છે! અને આજે ઘણી પુત્રવિહોણી માતાઓ તારા નિંદ્યકર્મોને સંભારી રોદણાં રોઇ રહી છે. ઘણી પતિવ્રતા સ્ત્રીઓ પોતાના ધણીના લેતા બળિદાને તને અંતઃકરણથી શ્રાપ આપે છે! અરે! ઓ! અત્યાચારની હદ ઓળંગી જતી સાધુતા! તપાસ કર! મ તાઓ ઝુરે છે! ભાઇ-ભાંડુ ઝુરે છે! પતિન રોદણાં રૂવે છે! અને સગાં સ્નેહિ ધિક્કાર વરસાવે છે! છતાં નથી સમજાતું. ઓ! સાધુતા! કે શાથી આવો રાક્ષસી ભાવ તારામાં પ્રગટયો?

"શું" તું પતિતા તો નથી થઇને? કોઇની મોટપમાં, પૈસાની લાલચમાં અને માનાપમાનની ચકકીમાં ફસાણી તો નથી ને? જગત આજે માને છે કે-તને કેફ ચઢયો છે. મદ ચઢયો છે. લક્ષ્મિનંદનો તને ભરમાવી રહ્યા છે લાલચ આપતા થયા છે. તને તેની સ્હેમાં તાણી તારૂં અધઃપતન કરાવવા માગે છે. પરંતુ આ તો તને ન શોભે? પતિતા થયે નહિ પાલવે? લક્ષ્મિનંદનોની ગોદમાં ભરાઈ બેસવાનું ચાલુ રાખી ફીટકાર, ધિકકાર અને શ્રાપો વ્હોરી લેવા કેમ ગમે? અત્યારે તો તારે દરેકને સમભાવે જોવાના છે. તારા બાળકો ઝુરે છે તેને અટકાવવાના છે. તારા માનનીય પુત્રો તારી લડાયક નીતિથી અંદર અંદર લડી નબળાં પડતાં બચાવી ઉન્નત બનાવવાનાં છે. પૂર્વની શિતળતા, મધુરતા અને તેજસ્વિતા પાછી મેળવવાની છે. અનેક પતિવ્રતા સ્ત્રીઓના અને માતાઓના આશિર્વાદ મેળવવાના છે. ઘણા દિવસો સુધી નિંધકર્મો ચાલુ રાખ્યાં; ઘણા ફીટકાર, ધિકકાર અને શ્રાપો વ્હોર્યાં. પરંતુ મરણને છેલ્લે ટાણે પણ તારૂં જીવન ધન્ય મનાવ! અને જગતને બતાવી આપ કે મારા જેવી ગાળેલી પતિતાવસ્થા, કરેલા નિંદ્ય અત્યાચારોના રસ્તે કોઈ જીવ દોરાશો નહિ. સાધુતા! "સાધુતા!" હવે વધુ કહેતો નથી. આટલા જ શબ્દો તારા માટે પૂરતા છે.

—મી૦ ભોગીલાલ પેથાપુરી.

### મગનકુમાર જૈનીને આવ્હાન.

મુંબઇ તા. ૧૨-૧૨-૩૨

વીરશાશનના તા ૯ ડીસેમ્બર ૩૨ ના અંકમાં "યુવક સંઘની કાવત્રાબાજીનો નાદર નમુનો" એ મથાળા નીચે તમારી સહીથી એકલેખ પ્રગટ થયેલો છે. તેના ખુલાસામાં તમારા કાગળોમાંથી બ્લોક કરાવીને જનતા આગળ રજુ કરવાના વિચારમાં જ હતા ત્યાં તા. ૧૨-૧૨-૩૨ ના રોજ તમારા તરફથી અને તમારા હાથે લખાયેલી નોટીસ મળી, તે નોટીસના અને તમે અમારા ઉપર જે કાગળો લખ્યા છે તેના અક્ષરો જોતાં આપ નામદાર જ(!)લખનાર છો એમ દીવા જેવું દેખાય છે. એટલે આપને હર્ષભેર આવ્હાન કરીયે છીયે કે-આપે નોટીસમાં જણાવ્યું છે તેમ, જેમ બને તેમ તાત્કાલિક કાયદેસર પગલાં ભરો જેથી અમારા પાસે તમારા હાથના લખેલાં જેટલાં કાગળો છે તે કોર્ટમાં રજુ કરવાની તક મળે અને તમારા જેવા બનાઉકળોની પોલ ખુલ્લી પડે. માટે મહેરબાની કરીને તાત્કાલિક કાયદેસર પગલાં ભરો.

પ્રબુદ્ધ જૈન કાર્યાલય.
૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ,
મુંબઈ ૩.

લી૦
ચન્દ્રકાન્ત વી. સુતરીયા.
તંત્રી "પ્રબુદ્ધ જૈન".

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवठ्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૭-૧૨-૩૨.


## ધાર્મિક ક્રિયાઓમાં થતા અત્યાચારો.

ધાર્મિક ક્રિયાઓ આત્મશુદ્ધિ માટેનું સાધન ગણાય છે. ભૂતકાળમાં ક્રિયાઓમાં આપણો સમાજ ખૂબ માનતો પણ કાળના વ્હેવા સાથે એ પ્રથાઓમાં પરિવર્તન કરાવવાની જરૂર જણાઇ અને સમાજમાં તે માટે પ્રચંડ વાતાવરણ ઉભાં થવાં લાગ્યાં. જુનવાણીમાં માનતા રૂઢીચૂસ્તો અને ત્હેને ભંભેરનારા સાધુઓ આ બાબત માટે ખૂબ ઉશ્કેરાયા. અને ખુલ્લી રીતે આ પ્રચંડ પ્રવાહના સામે માથું ઉંચક્યું. ધમાલો થઇ. લોહી રેડાયાં, છતાં ત્હેની અસર સાધુઓ ઉપર જોઇએ તેવી ન થઇ. હવે છરીઓ ઉડવાની નોબત આવીને ઉભી રહી છે. શિહોરમાં એક બનાવ હમણાં જ બની ગયો છે કે જે સાંભળી સમસ્ત સમાજ ચોંકી ઉઠ્યો છે. શિહોરમાં ઉપધાનની માળ માટે ઘી બોલવા જતાં આપસમાં છરી ઉડી અને એક બાળકને છરી લાગવાથી આ ફાની દુનિઆનો ત્યાગ કરી સમાજની રૂઢીચૂસ્તતા ઉપર શ્રાપ વરસાવતો અદ્રશ્ય થયો છે. આવા એક કુમળા બાળકના ભોગથી અહિંસામાં માનતી જૈન સમાજ ઉપર એક ઘોર કલંક લાગ્યું છે. આવા કૃત્યો માટે ભદ્રંભદ્રો જવાબદાર છે. મોહનસૂરિને પાલીતાણા પહોંચવું પડ્યું છે. અને ત્યાં પણ ખૂબ ગમગીની પ્રસરી ગઇ છે. એટલે ધાર્મિક ક્રિયાઓમાં જે આત્મશુદ્ધિ થવી જોઇએ ત્હેને બદલે તેનાથી વધારે કર્મબંધન થતું હોય તો બહેતર છે કે એવી ક્રિયા મોકુફ રાખવી જોઇએ. એ માટે અમારા એક મિત્ર ઉપર એક જાણીતા વિદ્વાન સાધુનો પત્ર આવ્યો છે. તેમાં લખે છે કે–"આજે શિહોરના સમાચાર વાંચીને દુઃખ થાય છે, જૈન સમાજ ક્યાં જાય છે? અને આજે એની શી દશા થઈ રહી છે? ખરે જ જૈન સંઘ ઉપર થોડા જ સમયમાં એવી અનિવાર્ય ફરજ આવીને ઉભી રહેશે કે ઉપધાન કરાવવાં તદ્દન બંધ કરવાં પડશે. આજે આપણી પ્રત્યેક ધર્મકરણીઓ નિર્જીવ થતી જાય છે. અને **મોટે ભાગે એના ઓઠાં નીચે અંધાધુંધી, અનાચારો અને અત્યાચારો જ વધતા જાય છે, સાધુજીવીઓનાં સાધુજીવનની રક્ષા માટે ઉપધાનવહનની પ્રથા તો સત્વર બંધ થવી આવશ્યક છે.** જેમ શ્રી હીરવિજયસૂરિજીના વખતમાં અમુક જ ઉપધાન વહન કરાવે એવું બંધારણ કરવું પડ્યું હતું. તેમ અત્યારના સમયમાં અમુક મુદતને માટે ઉપધાન કરવા–કરાવવાની પ્રથા સદંતર નાબૂદ કરવી જોઇએ. હું તો પહેલેથી જ માનતો અને કહેતો આવ્યો છું કે ઉપધાન આદિ આજે નિરર્થક અને નિષ્ફળ થઇ ગયાં છે" ઉપરોક્ત મુનિશ્રીના આ શબ્દો ખરેખર વિચારણીય છે, આજના ઉપધાનમાં કેટલાયે રૂઢીચૂસ્તો રોગથી પીડાય છે. **સુરતમાં એક જુવાન છોકરાની ગોળી ચઢી જવાથી તેનું મૃત્યુ નિપજ્યું છે, ઘાટકોપરના ઉપધાનમાં એક માણસ ગાંડો બની ગયો છે કે જેને ડાકટરે સ્લીસંગ કરવાની સલાહ આપી છે;** એક બીજા છોકરાને ભગાડી મૂંડી નાંખવામાં આવેલ છે, તે માટે પણ ખૂબ કોળાહળ થઇ રહેલ છે. આમ જે ક્રિયાઓ આપણને આધ્યાત્મિક બાબતોમાં પ્રગતિ કરવા માટે કારણભૂત હતી **તેજ ક્રિયાઓ તેના કરાવનારની નાલાયકતાને લીધે અધઃપતનના આધારભૂત થઇ રહી છે.** અને ત્હેનું કારણ આપણી માત્ર નિર્જીવ પ્રવૃત્તિ છે. ઉપધાન માટે અમે અમારા '**રૂઢીની ગુલામી**'ના નામે નીકળેલા અગ્રલેખોમાં જણાવી ગયા છીએ. એટલે તે સંબંધી પિષ્ટપેષણ કરવા માંગતા નથી.

ઉપધાનની ક્રિયામાં જેમ બને તેમ આવક વધારવા માટે સાધુઓ રૂઢીચૂસ્તોને ખૂબ ઉશ્કેરે છે; અને જેટલી બને તેટલી વધારેમાં વધારે રકમ એકત્ર કરી ત્હેનો સ્વચ્છંદતાથી પોતાની અંગત બાબતોમાં ઉપયોગ કરાવે છે. આમ આવી ક્રિયાઓમાં ત્હેમને જોઇએ તેટલી રકમ મળી શકવાથી તેઓ ઉછૃંખલ અને નિર્લજ્જ બન્યા. પરમાત્મા મહાવીરના નામે, છેદસૂત્રોના નામે સમાજને ભરમાવવા લાગ્યા. સંઘસત્તાને ઠોકરે ઉડાવી પોતાને માને એટલાને સંઘ, બાકીનાને હાડકાંનો માળખો ગણ્યો. પોતાના પ્રવચનો શરૂ કર્યાં. સગીર બાળકોને વેચાતા લઇ મૂંડવા માંડ્યાં, અને કુદરતથી વિરૂધ્ધ કુકર્મો પણ ત્હેમનાં જાહેર થવા લાગ્યાં. **કોન્ફરન્સ અને યુવક સંઘ સ્હામે જેટલું થુંક ઉડાડાય તેટલું ઉડાડ્યું, પરંતુ અસત્ય અને પાપાચાર ક્યાં સુધી નભે?** આજે એ પડળના પડદા ખુલવા માંડ્યા છે. **વઢવાણમાં શ્રી રામવિજયજી કોઢીના બન્યા છે. ચુપચૂપ પાલીતાણા ભેગું થવું પડ્યું છે.** આમ આવી ક્રિયાઓથી સાધુઓનું તેમજ ત્હેની સાથે સાથે સમાજનું પણ કેટલું પતન થાય છે, એ હવે અજાણ્યું નથી. **પાપના ફળો તો દરેકને ભોગવવાં જ પડે છે.**

---

**દવાખાનાનો લાભ લીધો**–મુંબઇ પાયધુની જૈન દવાખાનાનો નવેમ્બર માસમાં ૫૬૬ પુરૂષ દરદીઓ, ૪૨૯ સ્ત્રી દરદીઓ અને ૫૧૨ બાળક દરદીઓ મળી કુલ્લે ૧૫૦૭ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાશ દરદીની હાજરી ૫૦ ની થઈ હતી.

**ઉપધાનમાંથી ઉઠાવગીરી**–સાદરી (મારવાડ) પાસેના વાલી ગામના રહીશ ગોપીલાલ નામના એક ૧૫ વર્ષની ઉમરનો છોકરો ઘાટકોપર ઉપધાનમાં પેઠેલ તેને રાતોરાત થાણાની આજુબાજુના પ્રદેશમાં લઇ જઇ સાગરજીએ મુંડી નાખી છુપાવી દીધેલ છે. તેનો ભાઇ તપાસ કરે છે છતાં પત્તો લાગતો નથી. સમાજમાં આવા નામચીન ધાડપાડુઓ સગીર બાળકોના અપહરણો કરે છે છતાં આંખ આડા કાન કેમ થાય છે? પારકા છોકરાને જતિ કરવાનો ધંધો લઈ બેઠેલાઓને જ્યારે પોતાના પગ ઉપર કુહાડો પડે અર્થાત્ તેમના છોકરાને તેમના માનીતા ગુરૂ ઉઠાવી જાય ત્યારે જ ખબર પડે કે પારકાના છોકરાને કેમ જતિ કરાય છે? સમાજના અગ્રેસરો! આવી ગુંડાશાહીને ક્યાં સુધી નિભાવશો?

# અસ્પૃશ્યો અને જૈન સંસ્કૃતિ.

હજારો વર્ષ પહેલાં પણ ચંડાળો અને અંત્યજો તરફ અત્યાર જેટલી જ કદાચ તેથીએ વધારે અને ઘણી વધારે ઘૃણા તેમ જ તુચ્છ દૃષ્ટિ હતી. જૂના તે વખતના બ્રાહ્મણસૂત્રો વાંચવાથી અંત્યજો તરફની એ લાગણીનો ખ્યાલ આવે. ભગવાન મહાવીરે પોતાના જીવનથી એ વસ્તુનો વિરોધ કર્યો. અંત્યજો અને અસ્પૃશ્યોને સાધુ સંઘમાં દાખલ કર્યાં. બ્રાહ્મણ અને બીજા વૈદિક ઉચ્ચવર્ણમાં ક્ષોભ પ્રગટયો. પણ ભગવાને જરાયે પરવા ન કરી.

અસ્પૃશ્યોને ગુરૂપદ આપવું એનો અર્થ એ છે કે તેને બધી જ જાતની શકિત કેળવવા માટે સ્વતંત્રતા આપવી. તે વખતના જૈન રાજાઓ અને બીજા ગૃહસ્થો પણ એ અસ્પૃશ્ય જૈન ગુરૂઓને અડકવામાં બહુ માન સમજતા. તેમને પગે પડતાં અને એક બ્રાહ્મણ જૈન ગુરૂ જેટલો જ તેમનો આદર કરતા.

ઉત્તરાધ્યનમાં ચિત્ત-સંભૂતિ અને હરિકેશીબળના બે પ્રસંગોએ ભગવાનની હિલચાલના દાખલા છે. આ બે ઘટનાઓ કયે કાળે બની તે નક્કી નથી પણ તે ભગવાનના સમયમાં અથવા પછી તુરત બની હોવી જોઇએ. ચિત્ત અને સંભૂતિ બંને ચંડાળ બાળકો છે. જ્યારે બ્રાહ્મણોના અને બીજા વૈદિક લોકોના તિરસ્કારથી દુ:ખી થઇ આત્મઘાત કરવા તેઓ તૈયાર થાય છે ત્યારે ભગવાનની સાચી દીક્ષા જ તેમને બચાવી લે છે. આ વર્ણ તિરસ્કાર સામેનો પહેલો દાખલો. હરિકેશી ચંડાળ છે. તેને બધા વૈદિક લોકો તરછોડે છે અને ધિક્કાર વરસાવે છે ત્યારે જૈન દીક્ષા એ ચંડાળ પુત્રમાં માત્ર તેજ નહિ પણ અસાધારણ તેજ દાખલ કરે છે.

આ સિવાય પણ કોઇ વિરલ દાખલા છે. મુખ્ય મુદ્દો એ છે કે જૈન સંસ્કૃતિ એટલે જન્મ વર્ણભેદમાં નહિ પણ ગુણકર્મમાં માનનારી સંસ્કૃતિ, અલબત્ત, બૌદ્ધ સંસ્કૃતિ પણ તેવી જ છે. પણ દુ:ખની વાત તો એ છે કે ભગવાન મહાવીરનો ઝંડો લઇ ફરનાર જૈન સાધુઓ એ સંસ્કૃતિ સાચવી ન શકયા.

નવમા સૈકા સુધીના જે દિગંબર વિદ્વાનોએ બ્રાહ્મણોની જન્મસિધ્ધ ઉચ્ચતા અને અંત્યજોની જન્મસિધ્ધ નીચતા સામે તુમૂલ યુધ્ધ શાસ્ત્રોમાં કર્યું હતું અને પશ્ચિમ તેમ જ ઉત્તર હિન્દુસ્થાનના શ્વેતાંબર આચાર્યોએ જે વસ્તુ છેવટ સુધી શાસ્ત્રોમાં તત્ત્વદૃષ્ટિએ સ્થાપી છે તે જ બાબતમાં બધા જ જૈનો-ત્રણે ફિરકાના જૈનો-બ્રાહ્મણોથી હારી ગયા છે. બ્રાહ્મણોએ જે કહ્યું, જે કર્યું અને જે લખ્યું તેમાં જૈનો પાછા ગુલામ થયા. એક વાર જૈન દીક્ષાથી અંત્યજો પવિત્ર થતા અને એની આભડછેટ બળી જતી. આજે એ અંત્યજો અને એની આભડછેટ જૈન દીક્ષાને અપવિત્ર બનાવે છે. શું આ જૈનોની હાર નથી સૂચવતી? કે પહેલાં જૈન દીક્ષામાં પવિત્રતાનો અગ્નિ હતો જેથી આભડછેટ બળી જતી અને આજે કહેવાતી આભડછેટમાં એવો મેલ છે કે તેની સામે આજની જૈન દીક્ષા કાંઇ પણ કરવાને અસમર્થ છે! સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આજની દીક્ષામાં જો ખરે જ કાંઇ સત્વ હોય તો તે આભડછેટથી ભ્રષ્ટ ન થાય પણ ઉલટી આભડછેટને ધોઇ નાખે.

હસવા જેવી વાત તો એ છે કે ખુદ ભગવાન પાસે અસ્પૃશ્યો જાય અને પવિત્ર થાય પણ તેમની મૂર્તિ પાસે જઇ ન શકે અથવા તેમના ધર્મસ્થાનોમાં જઈ ન શકે. જો જૈનમૂર્તિ કહેવાય છે તેમ જિન સમાન જ હોય તો જેમ જિન-તીર્થંકર પાસે અંત્યજો જતા તેમ તેમની મૂર્તિ પાસે પણ જવા જોઇએ અને જઇને પવિત્ર થઈ શકે. એટલે કાં તો જિનમૂર્તિ જિન સરખી એ વાત ખોટી-કહેવા માત્ર છે એમ ગણવું જોઇએ અને કાં તો એ વાત સાચી ઠેરવવા ખાતર તેમ જ જૈન સાધુઓ બ્રાહ્મણોથી નથી હાર્યા એ બતાવવા ખાતર અંત્યજોને જૈન સંઘમાં લેવા જોઇએ અને ઓછામાં ઓછું જો તેઓ ઇચ્છે તો જૈન મંદિરમાં અને બીજા કોઈ ધર્મસ્થાનમાં તેમને જવાની, આવવાની છુટ મળવી જોઇએ.

આ તો ધર્મદૃષ્ટિએ વાત થઈ પણ સમાજ અને રાજકીય દૃષ્ટિએ પણ જૈનો આ વસ્તુ ન વિચારે તો તેઓની નિર્માલ્યતા અને વિચારહીનતા ભવિષ્યની તેમની પ્રજા સમજશે. અને જયારે બ્રાહ્મણ ધર્મીલોકો અસ્પૃશ્યતા દૂર કરશે ત્યારે જ જૈનો તેમનું અનુકરણ કરશે તો તેમાં તેમની પોતાની સંસ્કૃતિ-વિશેષતા નહિ હોય.

અત્યારે આ પ્રશ્ન માત્ર સહાનુભૂતિ પૂરતો નથી. દરેક ગૃહસ્થે કે સંસ્થાના સંચાલકે ઓછામાં ઓછું એક અંત્યજ બાળક કે એક બાળિકાને પોતાને ત્યાં સમભાવ પૂર્વક રાખી જૈન સંસ્કૃતિનો નિર્ભય પરિચય આપવો જોઇએ.

—પં. સુખલાલજી.

---

**બડનગરમાં મુનિ સપ્તાહ**—ચતુર્માસ પૂર્ણ થયે ઉજ્જૈનથી મુનિરાજશ્રી વિદ્યાવિજયજી, આદિ મુનિ મંડળને આગ્રહભરી વિનંતિ થતાં ત્યાંથી વિહાર કરી બડનગર (માળવા) પધાર્યા, ત્યાં સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમ રાજ્યના અધિકારી વર્ગે, તેમ જ ગૃહસ્થોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. મુનિરાજે મંગળાચરણ કર્યા બાદ હેડ માસ્તરે ગોઠવાયેલ 'મુનિ સપ્તાહ'નો કાર્યક્રમ વાંચી સંભળાવ્યો હતો. અને દરેકને વ્યાખ્યાનોમાં પધારવા વિનંતિ કરી હતી.

**યુવક સંઘને આંગણે ચાતુર્માસ બદલ્યું**—વડોદરામાં બિરાજતા મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજનું ચાતુર્માસ શ્રી વડોદરા જૈન યુવક સંઘના આંગણે બદલવામાં આવ્યું હતું. મહારાજશ્રી તથા શ્રી સંઘના પૂનિત પગલાં પોતાને આંગણે થવાથી વડોદરા યુવક સંઘ પોતાને કૃતકૃત્ય માને છે તથા સહર્ષ-આનંદ પ્રદર્શિત કરે છે.

**સોસાયટીના પાપો**—અમદાવાદની ધી યંગમેન્સ જૈન સોસાયટીના પાપો પીપળે ચઢીને પ્રકાશી નીકળ્યા છે આથી તેના સંખ્યાબંધ સભ્યો રાજીનામા આપી છૂટા થનાર છે એવી જોશભેર વાતો સંભળાય છે.

# આમાં સાચું કોણ?

લેખક—
કેશવલાલ મંગળચંદ શાહ.

પોતાને જ ભગવંત મહાવીરદેવની વાણીના સાચા ઉપદેષ્ટા કહેવરાવવાનો દાવો કરનારા અને પોતે જ ભગવંત મહાવીર દેવના શાસનના સાચા પ્રતિનિધિ હોવાનો પણ દાવો કરનારા, પોતાને કહેવાતા શાસનપક્ષના મહારથી આચાર્યો કહેવડાવનાર સાગરાનંદસૂરિ અને અને વિજયદાનસૂરિ પોતાની પ્રવૃત્તિઓના કેવળ બચાવાર્થે જ પરસ્પર વિરૂદ્ધ વિધાન કરે ત્યારે સ્હેજે પ્રશ્ન ઉદ્દભવે કે-**આમાં સાચું કોણ?**

વિજયદાનસૂરિ, વીરશાસન પત્ર, પુસ્તક ૮, અંક ૧૯, પેજ ૨૮૮ ઉપર જ્યારે કહે છે કે-ચોમાસામાં દીક્ષા નહિ આપવાનું કહ્યું છે. તેમાં હેતુ એ જણાવે છે કે-આ 'હુંડા અવસર્પિણી' અને તેમાં પણ 'પાંચમો આરો' એટલે પડતો કાળ હોવાથી ધર્મપરાઙ્મુખ, બહુલકર્મી અને વિઘ્નસંતોષી જીવો ઘણા થશે અને તેથી સોળવર્ષથી મોટી ઉમરનાને દીક્ષા આપવા બહારગામ જવું પડે અગર આપવા માટે નસાડવો પડે તો ચોમાસામાં જઇ શકાય નહિ. એ કારણ હોવું જોઇએ વગેરે કહી પોતાની શિષ્યલોભની પ્રવૃત્તિનો બચાવ કરતા ચોમાસામાં દીક્ષા નહિ આપવાનું જે વિધાન ભગવંતે કરેલું છે તે આજ કારણથી કર્યું હશે" એમ કહી પૂરવાર કરે છે કે-"ચોમાસામાં દીક્ષા અપાય નહિ" ત્યારે સાગરાનંદસૂરિ પોતાને એક શિષ્યની વૃદ્ધિ થતી હોવાથી ચોમાસામાં પણ દીક્ષા આપી પોતાની શિષ્ય લોભની વૃત્તિને સંતોષી તેનો બચાવ કરવા માટે તા. ૧૫-૧૦-૩૨ ના 'સિદ્ધચક્ર' નામના પોતાના વાજિંત્ર પાક્ષિકમાંના 'સાગર સમાધાન'ના પ્રશ્ન ૫૫ના ઉત્તરમાં કહે છે કે-ચોમાસામાં દીક્ષા આપવાનું વિધાન નિશિથચૂર્ણિમાં છે.

સાગરાનંદસૂરિ એક તો આગમોદ્ધારક છે ને સાથે સાથે સકલશાસ્ત્રપારંગત હોવાનો પણ દાવો કરે છે એટલે ચોમાસામાં દીક્ષા આપવાનું વિધાન નિશિથચૂર્ણિમાં હોવાનું કહે છે તે ખોટું તો નહિજ હોય. પરંતુ વિધાનને બદલે પ્રાસંગિક અપવાદિક આધાર હશે એમાં શંકા નથી જ. અપવાદિ દાખલાઓનો ઉપયોગ કરવામાં સાગરજીની સકલશાસ્ત્રપારંગતતા કે આગમોદ્ધારકતા આડે નથી આવતી એટલે આમાં પણ સત્ય શું છે એ તો જ્યારે વિજયદાનસૂરિ જાહેર કરે ત્યારે જ સમજાય કે સાગરજીએ બતાવેલો આધાર અપવાદિક છે કે વિધાનનો. એ વસ્તુ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી તો કહેવું જ રહ્યું કે-**આમાં સાચું કોણ?**

જ્યારે વિજયદાનસૂરિ 'વીરશાસન' પૃ. ૮, અંક ૧૭, પેજ ૨૫૨ ઉપર કહે છે કે-"**તીર્થંકર ભગવંતે કર્યું હોય તે કરવાનું નથી. પરંતુ શ્રી જિનેશ્વરદેવોએ કહેલી આજ્ઞા મુજબ જ કરવાનું છે**" ત્યારે તા૦ ૨૭-૧૧-૩૨ ના 'સિદ્ધચક્ર' પાક્ષિકના સાગર સમાધાન પૃષ્ઠ ૯૨ ઉપર પ્રશ્ન ૧૨૮ માં પૂછાવે છે કે-"**જે કેટલાક કહે છે કે જેટલું તીર્થંકરોએ કહ્યું તેટલું કરવાનું, પણ તીર્થંકરોએ કર્યું એ કરવાનું નહિ એ શાસ્ત્રદૃષ્ટિએ સાચું છે?**" સમાધાનમાં ઉત્તર આપતા સાગરજી કહે છે કે-જે તીર્થંકરોએ કરવા માટે કહ્યું એ કરવા લાયક છે, એ કબુલ છે; પણ તીર્થંકરોએ કર્યું એ કરવા લાયક નહિ એમ કહેનારાઓએ ખરેખર શાસ્ત્રને વાંચ્યા નથી! બલ્કે વાંચ્યા હશે તો તેનો ભાવ પામ્યા નથી! કારણ કે આવી રીતે કહેનારાઓને પૂછીએ કે તીર્થંકરોએ સવસ્ત્રધર્મ પ્રરૂપવા માટે વસ્ત્ર રાખ્યું તો તમે તે રાખો છો કે કેમ? તીર્થંકરોએ સપાત્રધર્મ પ્રરૂપવા માટે પહેલે પારણે પાત્રમાં આહાર કર્યો હતો તો તમે પણ પાત્રમાં આહાર કરો છો કે કેમ? તીર્થંકરો બારે પ્રકારની તપશ્ચર્યામાં ને સાધુની ચર્યામાં તત્પર રહ્યા તો તમે પણ તેમાં તત્પર રહો કે કેમ? પણ એ સાધારણ બોધ માત્રથી ફાવે તેમ બોલી નાખનારાઓએ એ તીર્થંકરોએ કર્યું તે ન કરવાનું કહેવા દિશા ફેરવવી જ રહે છે!

સાગરજીના ઉત્તર ઉપરથી સ્હેજે સમજી શકાય છે કે સાગરજીએ જે જાતની ભાષા વાપરી છે તે સાધુને સંબોધીને જ વાપરી છે અને સાધુઓમાં તો વિજયદાનસૂરિએ જ તે જાતનું વિધાન કરેલું છે એટલે સાગરજી ગર્ભિત રીતે તો એજ કહેવા માંગે છે કે-વિજયદાનસૂરિએ ચોમાસામાં દીક્ષા ન અપાય તેવું પ્રતિપાદન કર્યું છે તે ભૂલભરેલું છે, માટે જ આ જાતનો આક્ષેપ પોતાની ચોમાસાની દીક્ષા શાસ્ત્રોક્ત ઠરાવવા અંગે વિજયદાનસૂરિ પ્રત્યે કર્યો છે એમ સ્પષ્ટ જોઇ શકાય છે. સાગરજીની દૃષ્ટિએ વિજયદાનસૂરિએ ખરેખર શાસ્ત્રને વાંચ્યા જ નથી અને કદાચ વાંચ્યા હશે તો તેના ભાવને પામ્યા નથી એટલે આ ઉપરથી એ પણ ફલિત થાય છે કે સાગરજી એ રીતે એમ કહે છે કે-હું જે કાંઇ કહું છું તેજ શાસ્ત્રોક્ત છે. આથી તો વિજયદાનસૂરિને શાસ્ત્રોનું જ્ઞાન નથી. અને કદાચ હોય તો તેના ભાવને તો તેઓ જાણતા જ નથી. એટલે સાગરજીના કહેવા મુજબ સાગરજી કહે તેજ સત્ય સમજવું. પરંતુ નમ્રભાવે વિજયદાનસૂરિને હું વિનંતિ કરીને પૂછું છું કે-શું આપે કથેલું કથન વાસ્તવિક રીતે શાસ્ત્રોક્ત નથી? અને જો શાસ્ત્રોક્ત ન હોય તો આપ આપશ્રીની આ ભૂલ જોયા પછી સુધારવા તૈયાર છો કે કેમ? અને જો સુધારવા તૈયાર નહિ થાઓ તો સાગરજીના કથન મુજબ આપશ્રી ઉત્સૂત્રભાષી ઠરો છો અને તેથી આપશ્રીને ઉત્સૂત્રભાષી ઠરાવવા એટલે જાહેર કરવાની સાગરજી સિદ્ધચક્ર તા૦ ૧૫-૧૦-૩૨ ના અંક ૧ માં પ્રશ્ન ૬૩ ના પ્રત્યુત્તરમાં જણાવે છે. એટલે આપ માટે બે જ રસ્તા છે કે-કાં તો આપ આપશ્રીનું કથન સાબિત કરી આપો અથવા સાગરજીની માન્યતા અને કથન મુજબ આપ ઉત્સૂત્રભાષી ઠરો, અગર સાગરજીને ઉત્સૂત્રભાષી ઠરાવો, જ્યાં સુધી આનો નિર્ણય ન થાય, એટલે આપશ્રી આપની પુષ્ટિમાં પ્રકાશ ન પાડો ત્યાં સુધી સમાજને તો એજ ભ્રમમાં રહે જ છૂટકો કે-**આમાં સાચું કોણ?**

અને સાથે સાથે એ પણ શંકા રહેવાની કે આચાર્યો પણ પોતાની પુષ્ટિમાં યદ્વા તદ્વા શાસ્ત્રના નામે કથન કરવા માટે જ શ્રાવકોને ઇરાદાપૂર્વક અજ્ઞાન રાખવા શ્રાવકોથી આગમો ન વંચાય તેવી જાતનું વિધાન કરે છે. તો આ જાતની શંકા વધુ પુષ્ટ બને તે ઇચ્છવા યોગ્ય તો નથી જ. તો વિજયદાનસૂરિ આ સંબંધે યોગ્ય સ્પષ્ટિકરણ જરૂર કરશે તેવી આશા છે.

# ભેદી પત્રો!

નંબર ચારના કાગળમાં સાધ્વી હેતશ્રીએ એક છોકરીને નાથુભાઇના કબજે સોંપી છે, તેવી જ રીતે પાટણની વસંતી નામની બાઇને નાથુભાઇને સોંપી પ્રાણની પેઠે સાચવવાની ભલામણ કરે છે. સાથે લખાણ ઉપરથી એમ સમજાય છે કે તેમાં નસાડીને સંતાડવાનો પેતરો જણાય છે, સાધુ છોકરા સંતાડે ને સાધ્વી છોકરીઓ ન સંતાડે તો પછી ચેલીઓ ક્યાંથી વધે? કાગળના પાછલા ભાગમાં નાગરી લીપીમાં લખાણ છે એટલું નાગરીલીપીમાં મૂકયું છે.

નંબર પાંચના કાગળમાં મોતીવિજયજી એક યુવાન ગૃહસ્થને સાગરજીનો શિષ્ય બનાવવા જે ચાલબાજી ચલાવે છે તેનું દૃશ્ય છે.

**ચેતવણી.**

**ભેદી પત્રોના મથાળા નીચે જે કાગળો બહાર પડે છે, અને હવે પછી બહાર પડશે તે દરેકની અસલ નકલો અમારી પાસે છે. એટલે જરૂર જણાયે સમાજ આગળ અસલ પત્રો રજુ કરીશું. એની સૌ ખાત્રી રાખે.**

(૪)

મુ. બુહારી. બેહન કમળા. સુરતથી લા. સાધવી હેતસરીના ધર્મલાભ વાંચજો. બાદ આજ રોજ સાકરભાઇ જોડે વસંતીને મોકલી છે તેને સંભાળી લેજો. ઉપગારનું કામ છે એને બાઇને કોઈ પણ ઠેકાણે એખલી જવા દેસો નહી ને પાટણથી—સીરસરી પાસે આવેલી હતી ને તેહને ત્યાં પુરતો આસરમ નહી મળવાથી હમારે શરણે આવેલી ઓવાથી તમોને સોંપી છે. એજ ૧૯૭૪ ના આસો વદ-૧૨ વાર ગરેઉ હમારા સંઘાડાના સાધુ તથા સાધવી કોઇ પણ જાણતુ નથી માટે આ વાત કોઇને પણ કરવાની નથી જેવી રીતે ચાંદ નારણજીને રાખી છે તેવી રીતે સાચવીને રાખજો એજ.

श्रावक नाथुभाई

बाई कमला धर्मलाभ वाचजो वसंतीने सारी पेठ तमारा प्राणनी पेठ जाणजो मीताभाव राखजो साकेरनी साथे कागल मोकलजो.

(૫)

સવતશ્રી-સુરત બંદર મધે શ્રી સાંન્ત દાંન્ત મહંત અને શ્રીઃ છત્રીસગુણે કરી-સોભાઅમાન શ્રી. વાંચના આચાર્ય સુરી શ્રી. આણંદસાગરજી મહારાજ સાહેબ આદી થાણાં જે હોઅતે જોગ શ્રી મહુવા-બંદરેથી લી૦ મોતીવિજયની વંદના અનું વંદના આપ મુરબી સાહેબ ફુરસદની વેલાએ કબુલ કરસોજી બીજું હું આપના પુન્ય પ્રતાપથી સુખસાતામાં છું આપને મે એ કાગલ લખ્યા છે તેનો જવાબ તુરત કરજો. નહી તો આ આ લોકો તીલકવીજય મહરાજના ભાઈ ટીપ કરવા સુરત તથા મુંબઈ ગએલા છે તેમને સદરહુ નંદલાલને દીક્ષા આપવા માટે તેડાવા છે તે આવસે કે તુરત દીક્ષા આપી દેસે માટે આ કાગળ વાંચી આપની પાસે એ નંદલાલને આવવાની પાકી મરજી છે અને મારાથી એ નંદલાલ તીલકવિજયના ભાઇને ત્યાં બાઅ છે એટલે મારાથી આપનો માણસ તેડવા આવ્યા વગર મોકલાઅ એમ નથી માટે તુરત તેડાવી લેવા તાંર કરજો અઠ્ઠાનક્ષત્ર એહુ નહી. તો હું આપની પાસે આવી દીક્ષા લેવડાવત માટે તુરત તેડાવજો. સંસકરત તથા પ્રતીક્રમણ પાંચ તથા પકરણ તથાઃ ક્રમગ્રંથ ૪ કર્યા છે તથા અંગરેજી પાંચ ચોપડી સુધી ભણેલો છે. માણસ ઘણોજ માયાળુ છે. ને કોઈ પ્રકારનો વેહેમ લેવા જેવુ નથી ને ઉમર આસરે-૨૪ વરસની છે-અને એની મરજી ખાસ આપની પાસે દીક્ષા લેવાની મરજી છે એજ મીતી ૧૯૭૫ ના -જેઠ વદી-૧૦ દા. મોતીવિજયની વંદના આપ ફુરસદની વખતે કબુલ કરસોજી આ કાગળ તાકીદથી પોચે તુરત---

સમાજમાં પાખંડીઓ જે છુપી રમતો રમી સાધુતાનું લીલામ કરી રહ્યા છે. તેને લગતા ભેદી પત્રો રફતે રફતે બહાર મૂકશું ત્યારે સમાજ ચોંકી ઉઠશે એમ માનીએ છીએ, છતાં જયાં સુધી આવા પત્રો બહાર નહિ પડે ત્યાં સુધી સાધુ સંસ્થાની ને શ્રાવક વર્ગની આંખ નહિ ઉઘડે એટલે તેમની આંખ ઉઘાડી સાધુ સંસ્થામાં પેઠેલો સડો નાબુદ કરવાના શુભ આશયથી આ પત્રો રજુ કરીયે છીએ અને કરીશું.

---

**જૈનો માટે સસ્તા ભાડાની ચાલી**—અત્રે અમીચંદજી પનાલાલજીના પુત્ર બાબુ દોલતચંદજી અને સિતાબચંદજી, એ બંને ભાઇઓ લાખોની મિલ્કત માટે કોર્ટે ચડેલા, એના વહીવટ માટે રિસિવર નિમાયા. લાખો રૂપીઆની સખાવતમાંથી દોઢલાખ રૂપીઆ ખર્ચી જૈન ભાઇઓ માટે સસ્તા ભાડાની ચાલી બાંધવાની એક સ્કીમ રિસિવર મારફતે નક્કી થઇ છે અને એડવોકેટની મંજુરી માટે થોડા દિવસમાં રજુ થઇ બહાલી મેળવી તેનો અમલ તુરત થશે. જૈનો માટે આવી સસ્તાભાડાની ચાલીની મુંબઇ જેવા શહેરમાં ખામી છે. તે ખામી દૂર થવાની શરૂઆત છે.

**બામણવાડામાં ચૈત્રી ઓળી**--મરૂભૂમિમાં બામણવાડા એ તીર્થસ્થાનની પવિત્ર ભૂમિ છે. ત્યાં આગામી ચૈત્રની ઓળી કરાવવા માટે શ્રી પોરવાડ જૈન મિત્રમંડળ તરફથી નક્કી કરવામાં આવ્યું છે અને તેના માટે આમંત્રણ પત્રિકાઓ બહાર પાડી સંઘને ઓળી કરવા માટે આગ્રહભરી વિનંતિ કરી છે. માટે દરેક બંધુઓને જવા ભલામણ છે.

# જૈન જગત્.

## અમદાવાદના અવનવા.

(૧) દીક્ષા છોડી પાછા સંસારી બનેલા રા. મગનકુમાર જેમણે 'વીર શાસન' સામે વડોદરાના વીર ક્ષેત્રથી મોરચા માંડ્યા હતા. તેમણે થોડા જ દિવસ બાદ અમદાવાદ આવી પાઘડી કેમ ફેરવી તોળી છે ? તેનું ભેદી કારણ સમજાતું નથી. (૨) સોસાયટીબાઇનું જંગી ફંડ તળીયા ઝાટક થવા આવ્યું છે. (૩) ઓર્ડિનન્સ અનુસાર પકડાયલા શ્રી કાળીદાસ જસકરણ ઝવેરીએ સવિનયભંગની ચળવળમાં કોઇપણ પ્રકારનો ભાગ ન લેવાની કબુલાત આપ્યાથી તેમને છોડી મૂકવામાં આવ્યા છે. (૪) શ્રી શાંતિલાલ ભાઇચંદ શાહની મ્યુનિસિપલ સેક્રેટરી તરીકે પ્રોબેશન પર નિમણુંક થઈ છે. (૫) આંતર રાષ્ટ્રિય મજુર પરિષદના બીન સરકારી પ્રતિનિધિ તરીકે શેઠ અંબાલાલ સારાભાઇએ જે ઉમેદવારી નોંધાવી છે તેને કેટલાક વધુ વેપારી મંડળોનો ટેકો મળ્યો છે. (૬) દાનવીર શેઠ ચુનીલાલ કાનુતીની આર્થિક સહાયથી બામણવાડામાં એક બોર્ડિંગ સ્થાપિત થઇ છે. (૭) ગવર્નરના સ્વાગતનો વિરોધ કરવા માટે જે ભાઇ બ્હેનોની ધરપકડ થઇ હતી તેને છોડી મૂકવામાં આવેલ છે. (૮) વીરમગામના ૩૪ મા સરમુખત્યાર શ્રી ગુલાબચંદ તલકચંદની ધરપકડ થઇ છે. (૯) પોચાલાલ નામના એક ગૃહસ્થ પોતાની ૧૩-૧૪ વર્ષની પુત્રીને એક વૃદ્ધ ગૃહસ્થ સાથે પરણાવવા તત્પર થતાં મામલો કોર્ટે ચડયો છે અને તેમની સામે મનાઇ હુકમ નીકળ્યો છે. (૧૦) વીશા શ્રીમાળી દવાખાનાનો ગયા માસમાં ૮૭૫૦ દરદીઓએ લાભ લીધો હતો. (૧૧) બીન કાયદેસર પત્રિકા રાખવા માટે શ્રી કાંતિલાલ હેમચંદ શાહને ૧ માસની સખ્ત કેદની સજા થઈ છે. (૧૨) વીરચંદ દીપચંદ લાયબ્રેરીઓના ટ્રસ્ટીઓ પોતાની લાયબ્રેરીનો વહીવટ સુધારવાને પ્રેરિત થયા હોય એમ લાગે છે. (૨૩) મોહનસૂરિના અધ્યક્ષપદે શિહોરમાં થયેલા ઉપધાનમાં બનેલા હિંસાકાંડ પછી મેદનીવાળા ધાર્મિક પ્રસંગોમાં પોતાના બાળકો ઉપર કોઇ હુમલો ન કરી જાય તે માટે કેટલાક ભાઇ-બ્હેનોએ ખાસ સાવચેતી રાખવા માંડી છે. (૧૪) માજી દીક્ષિતોને ફરી દીક્ષા આપવા 'રામપાર્ટી' અને 'સાગરપાર્ટી' અમદાવાદમાં તેમ જ અન્ય સ્થળોએ ભારે પ્રયાસ કરી રહેલ છે, પણ એમાં બંને પાર્ટીઓ અત્યાર સુધીમાં છેક નિષ્ફળ નિવડેલ છે એવી વાત વિશ્વસનીય રીતે બહાર આવી છે. (૨૫) રામ સૈન્યના નાયક ભોગીલાલ ભુદરદાસ, જેમની પુત્રીએ દીક્ષા લીધેલ છે, તેમણે પોતાની પુત્રીને નડતી કેટલીક અગવડોના સંબંધમાં ગઇ ચતુર્દશીને દિને વ્યાખ્યાન બાદ એક સાધ્વીજી આગળ ફરીઆદ કરતાં સાધ્વીજીએ તો મૌન જ સેવ્યું હતું. જેથી ભોગીલાલભાઇને પોતાના માનીતા સાધુઓની સેવા કરવા કરતાં કોઇ અન્ય સેવા પોતાને તેમ જ સમાજને લાભદાયી હોવાનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત થયો હતો. (૧૬) માકુભાઇ શેઠે આધુનિક વિચારોને માન આપી સિદ્ધગિરિનો સંઘ કાઢવાનું માંડી વાળ્યું છે એમ કહેવાય છે. આ વાતમાં શું સત્ય છે તે વિષે તેમણે વિગતવાર ખુલાસો બહાર પાડવાની અત્યંત અગત્ય છે. (૧૭) સ્થિતિચૂસ્ત પક્ષે ના૦ ગાયકવાડને માનપત્ર આપ્યા છતાં સગીર દીક્ષાનો કાયદો શીરપાવ રૂપે મળશે જ, એવી લગભગ ખાત્રી હોવાથી જ એ પક્ષે માનપત્ર આપવાનું માંડી વાળ્યું હોય એવું અનુમાન થઇ શકે છે. (૧૭) હાલ જે રડીખડી દીક્ષાઓ અપાય છે તેને લગતી ખબરો સ્થિતિચૂસ્ત પત્રોને મળતી જ નથી કે સ્થિતિચૂસ્ત પત્રો દીક્ષાની પોલ કંઈ ખુલ્લી જાય તે માટે દીક્ષાની ખબરો છાપતાં નથી, એ એક અણઉકેલ કોયડો થઇ પડયો છે. (૧૮) એક બાજુ દીક્ષાના વિરોધીઓ દીક્ષા પ્રકરણને અંગે અનેક જાળો બિછાવે છે એમ કહી રૂઢીચૂસ્ત વાજીંત્રો ચેતવણી આપી રહ્યા છે. બીજી બાજુ કોઇ પણ ભોગે દીક્ષાઓ આપવાની રૂઢીચૂસ્ત વર્ગે વિવિધ પ્રકારની જાળો બિછાવવા માંડી છે, રૂઢીચૂસ્તોનું વર્તન પરસ્પર કેવું અસંબંધ અને અત્યંત વિચિત્ર હોય છે તેનું આ પણ એક સૂચક ચિન્હ છે. (૧૯) સ્થિતિચૂસ્ત પક્ષ પરવારી ગયો નથી એવું દુનિયાને દેખાડવા લેખિનીદ્વારા સ્થિતિચૂસ્ત વર્ગ તરફથી જે પ્રયાસો થાય છે તે સર્વથા નિષ્ફળ નિવડશે એમ જણાય છે. છેલ્લા બે માસમાં સ્થિતિચૂસ્તપક્ષ કોઇ પણ પ્રકારનું મહત્ત્વનું કાર્ય કરી શકયો નથી, એ તો ઠીક છે, પણ કુદરતના કલ્પનાતીત કારમાં કોપનો ભોગ થયેલા ધર્મથી પર એ પ્રથાને લાખોનો આર્થિક ભોગ આપી સંયુક્તપણે અને તે પણ વિરોધ વિના સ્વયમેવ (Automatically) ભયંકરમાં ભયંકર લત્તા પ્રહારો અને છક્કડો નિશદિન ખાવાં પડશે એનો ખ્યાલ આ છેલ્લી ઘડીએ પણ નહિ આવે તો જગતને એ પક્ષ માટે નૈસર્ગિક રીતે દયા ચિંતવવા સિવાય બીજું કશુંયે રહ્યું નથી એમ સામાન્યતઃ મનાય છે. (૨૦) એક જ વ્યક્તિથી લખાયેલી પણ જુદા જુદા તખલ્લુસોથી જુદા પત્રોમાં બહાર પડતી લેખમાળાઓ બંધ પડશે એમ સ્પષ્ટ લાગે છે. એ લેખમાળાઓ દલીલ શૂન્ય હોવાથી સત્યની એરણુ ઉપર ટીપાતાં તેમાંના મુદ્દાઓના ફુરચે ફુરચા ઉડી ગયા છે. હજારોનું પાણી કરવા છતાં ઇતર સમાજોમાં હાંસી થઇ છે અને પહેલાના 'ધર્મીઓ' હવે '**ઘોર અધર્મીઓ**' તરીકે જગજાહેર રીતે મનાવા લાગ્યા છે. હવે એ **લેખમાળા**નું સ્થાન કોણ લે છે તે જોવાનું રહે છે.

**દીક્ષાના અગ્નિકુંડમાં બલિદાન**—સુરતમાં ચાતુર્માસ રહેલા ભક્તિવિજયજી (સમીવાળા)એ દમણના રહીશ શાહ જેચંદ દયાચંદની વિધવા બાઇ વિલાસને લલચાવી સુરત બોલાવેલી અને તે જેને ત્યાં ઉતરેલ તેને ત્યાંથી બજારે જવાના બ્હાને બોલાવી ગુપચુપ વડાચૌટાના ઉપાશ્રયે લઇ જઇ, સંઘના કોઇ પણ સમુદાય વિના, બાઇના સગાંવ્હાલાંથી છાની રીતે બંધ બારણે મુંડી નાખી ચેલી તરીકે કપડાં પહેરાવ્યા. તે બાઇના તેનાથી વિછુટા પડેલાં બે ન્હાનાં બાળકો પથ્થરને પણ પીગળાવે તેવું કલ્પાંત કરતાં અને બારણા ખખડાવતાં બેસી રહ્યા. છતાં આ દીક્ષાધેલા સાધુના હૃદયમાં લેશ માત્ર પણ દયા ન આવી. આ રીતે દીક્ષાની વેદી પર કુમળાં બે બાળકો નિરાધાર બન્યા. જેમના ગુરૂ જગત્ ઉપર અત્યંત ઉપકાર કરી; જૈનધર્મનો પ્રચાર કરી વિશ્વવંદ્ય બન્યા. તેઓના શિષ્ય તરીકે તે મહાત્માની હૈયાતિમાં જ સ્વેચ્છાચારે વર્તી ગુરૂ આજ્ઞા બહાર ફરી ગુરૂ આજ્ઞાનો ભંગ કર્યો છે, તો તે પોતાનું કે બીજાનું શું ઉકાળવાના હતા ? આ મહાત્માશ્રી (!) છોકરાંઓ કરતાં વિધવા કે કે સધવા બૈરાંઓની મુંડન ક્રિયામાં નામચીન અને પાવરધા

# સાગરજીને ખુલ્લો પત્ર.

પાટણ તા. ૧૭-૧૧-૧૯૩૨.

**શ્રીમાન સાગરાનંદસૂરિ !**

મુંબઇ.

આપ પાસેથી બે બાબતોનો સંતોષકારક ખુલાસો મેળવવાની અનિવાર્ય ઇચ્છાએ આ પત્ર લખું છું, તો આશા છે કે યોગ્ય પ્રત્યુત્તર આપશો. આપ તરફથી પ્રત્યુત્તર નહિ મળે તો યોગ્ય રાહ જોઇ આ પત્ર ફરજીયાત જાહેર પેપરોમાં પ્રગટ કરવો પડશે, તો તે જવાબદારી તમારે શીર રહેશે.

મુનિ રામવિજયના શિષ્ય કુસુમવિજય વઢવાણમાંથી સાધુત્વ છોડી આવ્યા તે અંગે ઉપસ્થિત થયેલા મેજીસ્ટ્રેટોની કોર્ટના ખટલા અંગે હું કુસુમવિજય તે હાલના કાંતિલાલની માતુશ્રી સાથે અમદાવાદ ગએલો અને કારતક શુદ ત્રયોદશીના દિવસે રાત્રે એક મિત્રને ત્યાં સુવા માટે ગયેલો. અને શુદ ચતુર્દશીના દિવસે સ્હવારમાં તે મિત્રને ત્યાં પુંજીયો હજુ કેમ નથી આવ્યો પૂછતાં તેના પ્રત્યુત્તરમાં 'પ્રતિક્રમણ કરે છે' તે સાંભળી ઘરકામ કરનાર હાકરડો પુંજીયો અને તે પ્રતિક્રમણ કરે, એ આશ્ચર્યકારક લાગવાથી જીજ્ઞાસુવૃત્તિએ પુંજીઆનો આખોયે ઇતિહાસ સાંભળતાં આપ પ્રત્યે થોડું ઘણું પણ જે માન હતું તે નષ્ટ થયું.

પુંજીઆને લવારની પોળના ઉપાશ્રયવાળા મોતિવિજયજીએ દીક્ષા આપી હતી. આપની નજરમાં તે આવ્યો, આપે એક દિવસ માટે પાછો પુંજીઓ બનાવી બીજે જ દિવસે પાછા તેના તેજ સાધુના કપડાં પહેરાવ્યા અને પુણ્યસાગર એ નામ રાખ્યું.

દીક્ષા લીધેલ એટલે સાધુ થયેલને પતિત બનાવી સંસારી બનાવવાનું મહત્ પુણ્યકાર્ય (!) આપે કર્યું તે શાસ્ત્રોક્ત છે એમ આપ કહેવાને તૈયાર છો ખરા ?

એક સાધુને સંસારી બનાવી બીજે જ દિવસે પોતાનો શિષ્ય બનાવવો એમાં શિષ્ય મોહ નથી એમ કહેવાની આપ હિંમત કરો છો ખરા ?

પ્રતિક્રમણ કરી તમારા પુણ્યસાગર ઘર કામ કરવા આવ્યા, તેઓને જ પૂછીને કેટલીક વાતો સાંભળીને આપ પ્રત્યે માન તો રહ્યું જ નહોતું, પરંતુ તિરસ્કાર ઉત્પન્ન થયો અને સાથે સાથે સને ૧૯૨૦ ની સાલમાં બનેલા પાલીતાણાના બનાવની પ્રતીતિ પ્રબળ થઇ, રહી ગઇ શંકા પણ નષ્ટ થઇ.

તમારા એ પુણ્યસાગરે દીક્ષા કેમ છોડવી પડી તેનું વર્ણન કરતાં રામવિજયના સુગ્રીવવિજય તે હાલનો તમારો નામે ગુણસાગર. પરંતુ કૃતિમાં સંસારીપણામાં હતો તેવો જ દુર્ગુણસાગરના કૃત્યોએ અને તે પ્રત્યેનો તમારો પક્ષપાત સાંભળી અમે તો આભા જ બની ગયા. પુણ્યસાગર ઉપર બબ્બે વખત તમારા દુર્ગુણસાગર ચઢી બેસી માર મારે અને તેની ફરીઆદ સરખી પણ આપ નહિ સાંભળતા ઉપરથી ફરીઆદ કરનારને જ ધમકાવો અને દુર્ગુણસાગરને જ આધિન થવાની ધમકી આપો. અને તમારા દુર્ગુણસાગર ખુન કરવાની ધમકી આપે અને આ બધું આપ સહી રહો, એટલું જ નહિ પરંતુ થવા દો, એથી માનવાને કારણ રહે છે કે એક વખતના ડામીજ અને પતિત આણંદવિજયજી સાથેનો તમારો જે જાતનો સંબંધ હતો તે જ સંબંધ આજે દુર્ગુણસાગર સાથેનો છે અને તેથી જ દુર્ગુણસાગર (ગુણસાગર)ને મનમાની રીતે મહાલવા દો છો. એ જાતનું વર્ણન પણ ગર્ભિત રીતે તમારા પુણ્યસાગર પાસેથી સાંભળીને મને આપ પ્રત્યે તિરસ્કાર થઇ આ પત્ર લખવા પ્રેર્યો છે. કારણ આજે તમે આગમોધ્ધારક, આચાર્યદેવેશ, વગેરે પદોથી વિભૂષિત થઇ એક મહાન ધર્મગુરૂ હોવાનો દાવો કરી નિર્મળ એવી સાધુ સંસ્થાને કલંકિત બનાવી રહ્યા છો. એટલું જ નહિ પરંતુ સાચા સાધુ કહેવરાવી બીજા સાચા અને વિશુદ્ધ સાધુ અને આચાર્યોને મનમાનતી રીતે વગોવીને કેવળ પોતાને જ સાચા સાધુ મનાવરાવવા અથાગ પરિશ્રમ સેવી સમાજમાં કલેષાગ્નિ સળગાવી રહ્યા છો, એટલે જ આ પત્રદ્વારા હું એ પૂછવા ઇચ્છું છું કે તમારા પુણ્યસાગર તરફથી જે આ જાતની વાત મને કહેવામાં આવી છે તે જો કે અસત્ય હોવાનું માનવાને કંઇ પણ કારણ નથી. કારણ કે પાલીતાણા સંબંધમાં આપના સાધુઓ સાથેના અવાચ્ય કૃત્યના જે હેવાલો તમારા તે વખતના ગણધર જેવા ખાસ ભક્ત બાલુભાઇના કહેવાથી, સમાજના બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થોના પત્રો ઉપરથી (કે જે પત્રો આજે મારા તાબામાં છે) તમારો આણંદવિજયજી તથા બીજા સાધુઓ સાથેનો લગભગ સંવત્ ૧૯૬૨-૬૩ ની સાલનો અવાચ્ય વ્યવહાર ખુલ્લો પડે છે, તેથી આજનો પણ દુર્ગુણસાગર સાથેનો તેમજ બીજા સાધુઓ સાથેનો તમારો વહેવાર કલુષિત હોય એમ માનવાને જરાયે શંકાને સ્થાન રહેતું નથી.

આથી મુદ્દાનો પ્રશ્ન એક જ છે કે આપ ગુણસાગર કે જે સાધુસંસ્થાને કલંકિત કરી રહેલ છે અને આપ તેને પોષી રહ્યા છો તેના કારણો જણાવશો.

સાધુ સંસ્થાની નિર્મળતા ખાતર આપ સત્ય વસ્તુ બહાર પાડી જો દોષ હોય તો તત્સંબંધે યોગ્ય પ્રાયશ્ચિત લેવા કે આપવા પ્રબંધ કરવા તૈયાર છો કે કેમ ?

આ પત્રનો જવાબ નવેમ્બરની આખર તારીખ સુધી આવે તેટલી મુદત રાખું છું, ડીસેમ્બરની પહેલી તારીખ પછી આ કાગળને પ્રગટ કરવા હું મુખત્યાર રહીશ એ શરતે કે આપનો પ્રત્યુત્તર નહિ આવે તોજ.

ઠેકાણું—
ગોળપીઠ, હરરવાળા બીલ્ડીંગ, નં. ૧૧ રૂમ નં. ૯૧, મુંબઇ-૪.

લી૦
સાચા સાધુઓનો ચરણકિંકર,
**કેશવલાલ મંગળચંદ શાહ**

---

છે. પણ યાદ હશે કે—મુંડારા ને વીરમગામમાં મુંડવા જતાં કેટલી વીસે સો થઇ હતી ? આવી પ્રવૃત્તિ છોડી દઇ ગુરૂના પગલે ચાલી જીવન સુધારો ! હવેના યુવાનો આ પ્રવૃત્તિ સહન નહિ કરી શકે. આખરે ધોળામાં ધૂળ નાંખવા વખત ન આવે, સમજ્યાને ?

**ચંદ્રપ્રભુજીના દેરાસરમાં ઝવેરાતની આંગી**—મુંબઇ સેન્ડહર્સ્ટ રોડ પર આવેલ શ્રી ચંદ્રપ્રભુજીના દેરાસરમાં માગશર શુદિ ૫ ના રોજ લાખો રૂપીઆનું ઝવેરાત આપી આંગી રચાવવામાં આવી હતી. તેની ચોકી માટે ત્રણ બંદુકધારીઓને રોકવામાં આવ્યા હતા. આ દૃશ્ય નિરંજન નિરાકારના મહાદેવાલયના બદલે કોઇ ઠાકોર, દરબારની કચેરી જેવું રજુ કરતું હતું. હવે તો રૂઢીચુસ્તો સમજે અને અરિહંતને લોક કલ્યાણના સાચા સ્વરૂપમાં જ રાખે.

# બઢતે હુએ ઝગડોંકો રોકનેકી જરૂરત.

लेखक–संघसेवक हेतमुनिजी.

प्रायः अंतिम पच्चीश सालसे जैनधर्ममें क्या प्रवृत्तियाँ हो रही हैं, इससे जैनसमाज अच्छी तरहसें वाकिफ है, यह तो स्पष्टही है कि दिन प्रतिदिन ईर्षा, द्वेष और मत्सर बुद्धिको पा रहे हैं और जिसधर्मकी प्रभावना करनेके लिये हम कटिबद्ध हुए हैं और उसी धर्मकी अवनति हमारेही हाथोंसे हो रही है यह क्या सख्त अफसोसकी बात नहि है ?

मैं श्री संघसें, उसमेंभी जैनधर्मके आचार्योंको, उपाध्याय महाराजाओंको, पंन्यासपद धारकोंको तथा गणिपद भूषित मुनियोंको तथा सामान्य साधुओंको भी विनंति करूंगा कि आपही जैनधर्मके सच्चे उद्धारक हो और आप लोगोंकोहि इसमें हिस्सा न लेना चाहिए। वर्त्तमानके दीक्षा प्रकरणसें समाजमें कितना बखेडा हो रहा है और उतनेमेंही एक विषयका निपटार न करते हुए प्रतिदिन नये बखेडे समाजमें पैदा कर दिये जाते हैं जिसमें भद्रप्राणीयोंकी श्रद्धाको बडी हानि पहूँचती है।

मैं स्पष्टतयासे कहूँगा कि ऐसे झगडोंसे जैनधर्मके तत्वज्ञानको, जैनधर्मधारकजीयोंको कुछभी लाभ नहि होता किन्तु जैनधर्मकी जगतमें हँसी और अवहेलना होती है तथा उसकी प्रमाणिकता पर कुठाराघात होता है.

मैं तो अपने जैनधर्मके शुभचिंतकोंको अर्ज करता हूँ जैसे हो सके वसे जल्दिही इन झगडोंका निपटार करदे अगर भावी कालमें भी ऐसी स्थिति रही तो जैन धर्मीयोंको और उसमें भी साधुसंस्थाको बहुत सहन करना पडेगा।

जिनके पास श्री महावीर प्रभुके उपदेश रत्नोंका खजाना भरा पडा है, जिनके पास अहिंसाका अप्रतिम शस्त्र है, जिनके पास अद्वितीय ज्ञानका स्रोत वह रहा हैं वैसे अगर कायरोंके तरह आपस आपसमें लडने बेठे वहतो सख्त लज्जाकी बात है, उनको तो अब समयकी प्रतीक्षा न करते हुवे जल्दि ही समाधान कर लेना चाहिए, समाधानमेंही, संपमेंही सबकी सुख और शान्ति है.

मुझे फिर अफसोस और रंजके साथ कहना पडता है कि वर्तमानमें जैन धर्मके कितनेक अखबारोंमें ऐसे लेख आते है जो कि जैनधर्मको हानि पहूँचानेवाले हैं। उनको व लेख कतई न छापने चाहिए।

दूसरी औरसें दिगम्बरलोग तीर्थोंके विषयमें मन चाहा उत्पात करते है और स्थानकवासीभी आगमादि पदार्थोंको न मानते हुए अपनी उलटी ही गंगा बहाते हैं. तो इस समयमें आपसमें न झगडते हुए अगर ऐक्य कर लीया जाय तोही कल्याण है वरन अवनति ही है.

और यदि सबसे प्रथम साधुलोग भी अपना ऐक्य कर लेतो भी अच्छा है. पीछे श्रावक वर्ग अपने आप रास्ते पर आजायेंगा. दुनियामें कहावत है कि 'रावणका राज्य बनिया न होनेसे गया' अगर यह कहावत वर्तमानमें विपरितार्थको चरितार्थ कर रहा हैं, बनियोंका राज्यशासन उन्हीके हाथोंसे नष्ट हो रहा है, सज्जनो ! हा ! इति खेद ! पंचमकाल अवश्य है मगर उसका सबसे ज्यादा प्रभाव हमारे परही गिरा नजर आता है.

अन्तमें जैनशासनके मुनिवर्योंको जो कि जैन धर्मके सच्चे उपदेशक, सुधार अथवा समयधर्मवाले है उनकोही समज जाना चाहिए, जिससे शासनमेंसे क्लेश–विषवाद नष्ट हो जाय तथा परधर्ममें जाते हुए जीव स्वधर्ममें जीवन्त रहे और जैनधर्मके उदार सिद्धान्तोंकी तथा उदार विचारोंकी तथा उदार आचारोंकी छाप जगत्पर अमर हो जाय। इति ओ३म् शान्तिः

<u>श्री कोरटाजीतीर्थमें</u> <u>जीवहिंसा</u>–यह तीर्थ २५०० वर्ष पूर्वका पूराणा है और शिवगंज (मारवाड) सें ४ मलके फासलेपर है, हाल यह तीर्थ पीडितावस्थामें पड रहा है. यहां जैनोंकी वस्ती मात्र २५ घरको है, बहुतसी वस्ती राजपूतोंकी है. यह गाममें मुखी गांवके ठाकोर है, इस मंदिरके समिपवर्ति वहांके ठाकुरकी कूलदेवीका स्थान होनेसें प्रतिवर्ष दशहरांके तहेवारमें सैंकडो जीवोंकी कत्ल होती है मगर अफसोसकी बात यह है कि चार मलके फासलेपर शिवगंजमें ६०० ओशवाल-पोरवाल भाईयोंका घर होने परभी हिंसा बन्द नहि करा सकते ? मैं दीलगीरीके साथ कहना पडता है कि आडंबरी उत्सवोंकी पीछे लाखो रुपये खरचते हैं किन्तु चारमैल नजीकके एक पूराणा तीर्थमें होती हिंसा बन्द नहि करा सकते ? यह बहुत शरम जनक है. यह हिंसा बन्द करवानेके लिये ग्राम्यजनों मिलकर वहांका ठाकुरसें विनंति करों, यदि न माने तो सत्याग्रह करों. और मैं बम्बई जीवदया मंडली और अहमदाबाद जीवदया मंडलसें प्रार्थना करता हूं कि अपनी साथ देकर दरवर्ष होती सैंकडोकी संख्यामें हिंसा बन्द करावे और महत्पुण्योपार्जन करें.

—मी. भोगीलाल पेथापुरी.

## વિદ્વાનોને ખુશ ખબર.

### ( ન્યાયનો અપૂર્વ ગ્રંથ )

જેની લાંબા સમયથી રાહ જોવાઇ રહી હતી અને જે કલકત્તા, મુંબઇ અને બીજી અનેક યુનિવર્સિટીના ગ્રેજ્યુએટના કોર્સમાં ન્યાય પ્રથમામાં, અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે, તે ન્યાયનો અદ્વિતીય ગ્રંથ "प्रमाणनयत-त्वालोक" (પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર) કે જેને ન્યાયશાસ્ત્રના ધુરંધર વિદ્વાન્ વાદિદેવસૂરિએ બનાવેલ છે. તે સરલ અને સુંદર બાલબોધિની નામની તદ્દન નવી અપ્રસિદ્ધ ટીકા સાથે થોડા સમયમાં બહાર પડશે. આ ગ્રંથને ન્યાય-કાવ્યતીર્થ, તર્કાલંકાર મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ એડીટ કરેલ છે અને જેમાં નોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી પ્રસ્તાવનામાં ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડ્યો છે. અઠાવીશ રતલી સુંદર કાગળમાં, ક્રાઉન સોળપેજી સાઇઝમાં લગભગ સવાબસો પૃષ્ટના દળદાર ગ્રંથની કિમ્મત માત્ર રૂા. ૦-૧૪-૦ ચૌદઆના છે. પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:—

| | |
|---|---|
| મેસર્સ એ. એમ. એન્ડ કું. | શ્રીવિજયધર્મસૂરિ ગ્રંથમાળા |
| મુ. પાલીતાણા. | છોટા શરાફા |
| (કાઠીઆવાડ) | ઉજ્જૈન (માળવા) |

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

પતન કે ઉત્થાન?

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૯ મો. |
| વાર્ષિક રૂ. ૨-૮-૦ | તંત્રીઃ–ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | શનીવાર તા. ૨૪-૧૨-૧૯૩૨. |


# અસ્પૃશ્યતા અને હારજીત.

અસ્પૃશ્યતાનું ઝેરી ઝાડ ઓછામાં ઓછું ત્રણ હજાર વર્ષ જેટલું તો જુનું છે જ. સૌથી પહેલાં તેનો ઉગ્રસામનો કરનાર ઐતિહાસિક બે મહાન પુરૂષ જાણીતા છે. એક ભગવાન મહાવીર અને બીજા ભગવાન બુદ્ધ. એમનું જીવન અંતઃશુદ્ધિ ઉપર ઘડાએલું હોવાથી એમનો અસ્પૃશ્યતા સામેનો વિરોધ ધર્મપ્રદેશમાં દેખાયો. પરિણામે ચિત્ત અને સંભૂતિ નામના બે અસ્પૃશ્ય બાળકો જેઓ સામાજિક તિરસ્કારથી આત્મહત્યા કરવા તૈયાર થએલા. તેઓ અને હરિકેશી વિગેરે (અંત્યજો) ચંડાળ પણ જૈન મુનિ સંઘમાં દાખલ થયા. બૌદ્ધ ભિક્ષુ સંઘમાં પણ અસ્પૃશ્ય ત્યાગીઓના પગમાં રાજાઓ અને મોટા મોટા શ્રીમાનો જ નહિ પણ જૈન અને બૌદ્ધબ્રાહ્મણો પણ પડવા લાગ્યા. એટલે ધર્મની જાગૃતિ સમાજમાં દાખલ થઇ. એક બાજુ વૈદિક બ્રાહ્મણોનો પ્રચંડ રોષ અને બીજી બાજુ જૈન બૌદ્ધભિક્ષુઓનો ત્યાગ. એ બે વચ્ચે જાદવાસ્થળી શરૂ થઇ. પરિણામે આગળ જતાં બ્રાહ્મણ ધર્મની ગીતામાં અસ્પૃશ્યોને પણ અપનાવવામાં આવ્યા. એટલા પૂરતી જૈન અને બૌદ્ધ ત્યાગ તેમજ વિચારની જીત.

પણ જૈન અને બૌદ્ધ સંઘમાં સંખ્યાબંધ બ્રાહ્મણો દાખલ થયા હતા. તેઓ પોતાનું જન્મસિદ્ધ જાતિ અભિમાન છોડી ન શકયા. તેઓ વિચાર અને પ્રભાવમાં મહાન હોવાથી બીજા લોકો તેમને વશ થયા એટલે શાસ્ત્રીય વિચારમાં જૈન પરંપર હંમેશાં અસ્પૃશ્યતાનો એક સરખો વિરોધ કરતી આવી છતાં સંઘ બહારના અને અંદરના બ્રાહ્મણોના મિથ્યા જાતિ–અભિમાનને ગૃહસ્થ અને ત્યાગી બધાજ જનો વશ થયા અને પરિણામે ધર્મ તેમજ સમાજ બંને પ્રદેશમાં અસ્પૃશ્યતા પરત્વે જૈનો વ્યવહારમાં હાર્યા, બૌદ્ધસંઘ જૈન જેટલો નિર્બળ ન હતો તેથી તે હિન્દુસ્તાનની અંદર અને બહાર અસ્પૃશ્યતાની બાબતમાં પોતાના મૂળ ધ્યેયથી દૂર ન ગયો એટલે એ બાબતમાં છેવટે માત્ર જૈનો હાર્યા જ.

રામાનુજે, કબીરે, નાનકે, ચૈતન્યે, તુકારામે અને બીજા સંતોએ ધર્મની દૃષ્ટિએ અસ્પૃશ્યોને અપનાવવા પોતાથી બનતું કર્યું પણ પાછા તેમના જ શિષ્યો આજુબાજુ ફેલાઇ રહેલા જન્મસિદ્ધ ઉચ્ચનીચના ખ્યાલથી હાર્યા, છેવટે સ્વામી દયાનંદ (જન્મથી બ્રાહ્મણ) આવ્યા. તેમણે ધર્મ સમાજ અને રાષ્ટ્ર એ બધી દૃષ્ટિએ અસ્પૃશ્યતાને પાપરૂપ અને તેને ધોઈ કાઢવા. સંગીન પ્રયત્નો શરૂ કરાવ્યા. એ પ્રયત્નો તે પહેલાંના કોઇ પણ પ્રયત્ન કરતાં વધારેમાં વધારે સફળ થયા છતાં અત્યાર સુધીમાં એ પ્રયત્ન માત્ર એક સમાજ તરફથી ચાલતો અને બીજા સમાજો કાંતો વિરોધ કરતા અને કાંતો તટસ્થ રહેતા.

છેવટે મહાત્માજીનું તપ આવ્યું. એને લીધે બધાજ સમાજોમાં અસ્પૃશ્યતા પરત્વે જાગૃતિ થઇ આ જાગૃતિ વિશ્વવ્યાપી છે. અને તે મોટામાં મોટી જીત છે. આ જીતમાં ફુલાવાને અવકાશ નથી પણ કર્તવ્યનો સવાલ છે. જેઓ અસ્પૃશ્યતા નિવારવાના કામમાં પાછા પડશે તેઓ ધર્મ ચુકશે જ પણ સ્વમાન કદી સાચવી નહિ શકે. ત્યારે હવે આજે શું કર્તવ્ય છે એ ટુંકમાં જોઇ લઇએ—

(૧) અંત્યજોને પોતાને ત્યાં બીજા ઉચ્ચભાઇઓની પેઠે રાખવા.
(૨) જાતે અગર બીજા મારફત કે સ્કોલરશીપ આપીને તેમને ભણાવવા.
(૩) તેમની વચ્ચે જઇને દવા, સ્વચ્છતા, સભ્યતા આદિ માટે કામ કરવું અને તેઓની ખાનપાન શુદ્ધિ માટે પ્રયત્ન કરાવવો.
(૪) તેઓને હિન્દુધર્મનો કથા વાર્તાદ્વારા અને બીજી રીતે સ્પષ્ટ ખ્યાલ આપવો તેમજ તેમના વહેમો દૂર કરવા.

—પં૦ સુખલાલજી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૪-૧૨-૩૨.


## પતન કે ઉત્થાન?

અનંતકાળથી સૃષ્ટિમાં પરિવર્તન થયા જ કરે છે. ઉત્થાન અને પતન, રાત અને દિવસ, તડકો અને છાયો, એ કુદરતના સનાતન નિયમો છે. ઘૂઘવતા મહાસાગરમાં જ્યારે ભરતી આવે છે ત્યારે સમુદ્રની મર્યાદિત જમીન બધી નીરથી પરિવેષ્ઠિત થઇ જાય છે. પણ જ્યારે ઓટ આવે છે ત્યારે એ નીર દૂરનાં દૂર ચાલ્યાં જાય છે. તેને સ્થળે રેતીનાં મેદાન નજરે પડે છે. ભૂતકાળમાં ભારતના અનેક ભાગ્ય વિધાતાઓએ પોતાનું ઉત્થાન અને પતન અનુભવ્યું છે. તેમ વર્તમાનકાળ પણ તે નિયમથી બચ્યો નથી. કોણ જાણતું હતું કે સ્પેનના ધર્મગુરૂઓ કે જેની એક વખત સમગ્ર યુરોપમાં હાક બોલતી હતી. તેઓને પહેર્યે લુગડે દેશપાર થવું પડશે. પોતાની મેળવેલી અબજોની મીલ્કત એક જ કાયદાથી લૂંટાઇ જશે. કોણ ધારતું હતું કે જર્મનના મહા બળવાન કયસરને તાજનો ત્યાગ કરી એકાંતવાસ સેવવો પડશે. કોણ સમજતું હતું કે અફઘાનીસ્થાનના ખીલતા અમાનુલ્લાને પોતાના કુટુંબને દુસ્મનના પંજામાં મૂકી અચાનક નાશભાગ કરવી પડશે. ઇરાનના શાહને અત્તરની દુકાન પર પોતાની આજીવિકા ચલાવવી પડશે. અને તુર્કીના ખલિફાને બીજાને આશરે જવું પડશે. આ તો બધો આપણી સ્હામે અરેબીયન નાઇટ્સની માફક પરિવર્તન થતો વર્તમાનકાળનો ઇતિહાસ છે. જૈન સમાજે પણ અનેક ચડતી પડતીના અનુભવો કર્યા છે; એ પણ એક સમય હતો કે લોર્ડ કર્ઝન જેવા નામીચા વાયસરોયને એક વખત કહેવું પડયું હતું કે હિન્દનો એક તૃતીયાંશ વેપાર જૈનોના હાથમાં છે. દશથી બાર લાખ જેટલી મુઠીભર જૈન આલમ દરેક બાબતમાં મોખરે હતી, આજે એ જાહોજલાલી સ્વપ્નવત્ બની છે. હીરા અને માણેકનો ઝગઝગાટ ઝાંખો પડયો છે. એટલું જ નહિ પણ આપસ આપસમાં એવો કલેશ, કુસંપ અને ઇર્ષ્યાનળનું વાતાવરણ ફેલાયું છે કે જગતમાં બીજા કોઇ પણ સમાજમાં એ શોધ્યું નહિ જડે. આમ આજે જૈન સમાજ પણ ઉન્નતિના ગગનચુંબિત શિખર ઉપરથી ગબડી જઇ અધ:પતનની ઉંડી ખાઇ તરફ એકદમ ધસી રહ્યો છે. છતી આંખે જોઇએ છીએ, છતાં તેને અટકાવવાની કોઇનીયે તાકાત ચાલતી નથી. એ એક આશ્ચર્ય છે. સમાજના અધ:પતનના અનેક કારણો છે, તે પૈકી સાધુઓની સ્વચ્છંદતા પણ કારણભૂત છે. જૈન સમાજની અંધશ્રદ્ધા અને પૂજ્ય બુદ્ધિનો એમણે દુરૂપયોગ કર્યો છે. જ્યાં કેળવણી, આત્મશ્રદ્ધા અને ઉત્સાહનાં બીજ વાવવાં જોઇએ ત્યાં ત્હેમણે પોતાની સત્તાને ટકાવી રાખવા, પોતાના સ્થાનને મજબૂત બનાવવા અને આપખુદીના અખાડા જમાવવાને ખાતર કલેશનાં બી વાવ્યાં છે. આજે તે બીમાંથી વૃક્ષો થયાં છે, અને ત્હેનાં ફળો પણ આવી ચૂકયાં છે. એ ફળનો સમાજ આસ્વાદ લઇ રહ્યો છે. ન્હાનાં ન્હાનાં સરકલોમાં સમાજ વિભક્ત થઇ ગયેલ છે. ત્હેની શકિત અને તેજ હણાઈ ગયાં છે. વ્યાપાર પડી ભાંગ્યા છે, ધાર્મિક તેમ જ સામાજિક ખાતાંઓ હચુપચુ થવા લાગ્યાં છે અને મૃત્યુના શ્વાસોશ્વાસ લેતો સમાજ વિકટ સ્થિતિમાં પસાર થઇ રહ્યો છે. આવી પરિસ્થિતિ છતાં હજુ રાહ સૂઝતો નથી. એ આપણી કમનશીબી છે. આ સ્થિતિ કયાં સુધી નભશે?

જગતભરમાં આજે યુવાનીનાં પૂર વહી રહ્યાં છે. યુવકો જ રાષ્ટ્ર, ધર્મ અને સમાજના સુકાની બની રહ્યા છે. આપણા યુવાનો આજના ડામાડોળ થતા સુકાનને પોતે હસ્તગત નહિ કરે? વૃધ્ધો સમાજના રગશિયા ગાડાનો ભાર વહન કરીને થાકી ગયા છે. છતાં સુકાન છોડવાને તૈયાર નથી. સાધુઓ ત્હેની પીઠ થાબડયા કરે છે. અને પોતાનું ગાડું ગબડાવ્યે જાય છે. શું યુવકોને આ રાહ ઠીક લાગે છે? સાધુઓની આપખૂદી અને સ્વચ્છંદતા સાલતી નથી? આ બાબતોનો શા માટે વિચાર કરવામાં ન આવે?

સાધુઓએ પણ સમજવું ઘટે કે તેઓ કંઇ અમરપટ્ટો મેળવી લાવ્યા નથી, શ્રીમંતશાહીની હુંફથી ત્હમે ભલે અત્યારે સ્વચ્છંદપણે વિચરો પણ યાદ રાખજો કે આજે આપણા સમાજમાં જે યતિઓની દશા છે ત્હેનાં કરતાં પણ બહુ બૂરી દશામાં ત્હમે મૂકાઇ જશો, સમયબળ આગળ મોટા મોટા માંધાતાઓનાં મુગુટો પણ રગદોળાયા છે તો તમે કઇ ગણત્રીમાં? આજે સામાજીક ક્રાંતિનો ભીષણ જ્વાળામુખી ભભૂકી રહ્યો છે, તેમાં સાધુશાહીનો નાશ થયે જ છૂટકો છે.

આપણે હવે વ્યવસ્થિત બનવું જોઇએ, અને એક રાહ નક્કી કરી તે રાહ ઉપર સમાજને લઇ જવા માટે કટિબદ્ધ બનવું જોઇશે. તો જ આપણે પૃથ્વિમાં જીવી શકીશું. આપણી નિરર્થક વેડફાઇ જતી શકિતઓને એકત્ર કરી એક મહાન્ યુવકશકિત સર્જવાની જરૂર છે, કે જે શકિત આગળ ગમે તેવી સાધુશાહી અને ત્હેને પોષતી અંધશ્રધ્ધા અને પૂજ્યબુદ્ધિ ઝાંખી પડે, આવું બનશે તો જ ઉન્નતિનાં પુન: દર્શન કરી શકીશું. નહિ તો અધ:પતન તો નકકીજ છે.

લેખન અને વકતૃત્વનો આ સમય નથી, આજે તો આપણે રચનાત્મક કાર્યક્રમ ઉપાડી લેવો ઘટે છે, ઠરાવોની હારમાળા કરતાં ત્હેને અનુસરતું આચરણ કરવામાં જ આપણી મહત્તા રહેલી છે. જો આપણે રચનાત્મક કાર્યક્રમ હાથ ધરીશું તો આપણામાં અમાપ બળ પ્રકટ થશે. અને એ બળથી સમાજને કોતરી ખાતી રૂઢીઓ, સાધુશાહી અને શ્રીમંતોની એકહથ્થુ સત્તાને હંફાવી શકીશું એટલું જ નહિ, પણ સમાજોન્નતિનાં જે અનેરાં સ્વપ્નાંઓ આપણે સેવીએ છીએ ત્હેની સિદ્ધિની તદ્દન નજીક પહોંચીશું તે વખતે એવી કોઇ દુનિઆમાં શકિત અસ્તિત્વમાં નહિ હોય કે જે આપણી ગતિનો અવરોધ કરી શકે. પૂરાણા અવશેષોના ખોખામાંથી જ નવસર્જન થાય છે તે ભૂલવું જોઇતું નથી, પતનમાંથી જ ઉત્થાન થાય છે, **કોને ખબર છે કે આજની પડતી સમાજની મહાન ઉન્નતિ ન સૂચવતી હોય?**

(3)



# જર્મનીથી પત્ર

બોન (જર્મની.) તા૦ ૩૦-૧૧-૩૨.

**પ્રિય ભાઇ!**

આજે ફરીથી મુસાફરીનું વર્ણન લખું છું-

એડન ઘણી સારી હાલતમાં છોડયું હતું, સાંજના અમે બધા ડેક ઉપર પોતાની આરામ ખુરસી પર આનંદ કરતા હતા. લગભગ ૭ સાડા૭ ના સુમારે સ્ટીમરનાં ડાબા પડખા તરફથી ઉગતા ચંદ્રની રૂપેરી આભા ધીરે ધીરે અમારા ઉપર પથરાવા લાગી. કઇ દિશામાંથી ચંદ્ર ઉગતો હતો તેનો નિર્ણય કરવાની મેં પરવા નહોતી કરી, એ પુરતું મારૂં અજ્ઞાન સ્વીકારવાને હું તૈયાર છું, ચંદ્રની શોભા વધારે સગવડથી ભોગવવા આરામચેર ઉપરથી ઉઠી, સ્ટીમરના અગ્રભાગમાં ઉઘાડા તૂતકના છેડે મેં મારી બેઠક લીધી, ધીરે ધીરે ચંદ્ર ઉપર ચઢવા માંડયો, રાતે આકાશ આબેહૂબ સ્વચ્છ હતું અને તેથી જ્યોત્સ્ના અનુપમ ખીલી ઉઠી હતી, અનંત સાગર ઉપર પથરાતી સુખદ જ્યોતિ અનંત જલધિ અને અનંતાકાશને અનેરી સુંદરતા અર્પતી હતી, પવનની લહેરમાં અને જ્યોત્સના રાત્રીમાં અમારી શ્વેત સ્ટીમર ગૈરવાચ્છન્ન કોઇ વીરની પેઠે વિજય સફરે નિકળી હોય તેમ વેગથી પ્રયાણ કરતી હતી. તૂટકના પ્રાંતે ધ્વજ ચઢાવવાનાં લોહ સ્થંભનો આધાર લઈ હું બેઠો બેઠો સુંદરતા મ્હાણતો હતો, દિવસના તાપ પછી મીઠી પવનની લહેર અતિપ્રિય લાગતી હતી, ઘડીમાં ઉંચે વ્યોમમાં તારક વૃંદમાં રમતો શશિ અને ઘડીમાં સ્ટીમરના તલમાંથી ઉડતી શશિકિર્ણથી શ્વેતતર જલકણો તરફ નિહાળતો, કયું સૌંદર્ય વધારે-સાગરનું કે વ્યોમનું, તે એક પ્રશ્ન થઇ પડેલો, અને કલ્પનાએ પાંખો પ્રસારી ઉડવા માંડેલું. કેટલીય તત્ત્વજ્ઞાનની ભૂમિ ઉપર અને કેટલીય સૌંદર્યની ભૂમિ ઉપર પ્રવાસ કરી મનને જરા વિહ્વલ કર્યું સામેથી આવતી કોઇ સ્ટીમર સખીને પોતાનું અસ્તિત્વ સૂચવતો અમારી સ્ટીમરનો ઘંટનાદ અને વિચાર કૂપમાંથી ઘડી ઘડી બહાર ડોકીયાં કરાવતો જનસમુદાય ઓછો નહોતો, છતાંય તેનો ભાગ્યે જ ખ્યાલ રહેતો. ખરેખર જ્યારે કુદરત પોતાની સોળ કળામાં સજ્જ થઈ બહાર નીકળે ત્યારે બધા કેમ તલ્લીન ન થાય? મને એમ લાગ્યું કે અત્યાર સુધી ભોગવેલા દુઃખનો બદલો આજ એક રાતમાં-અરે! આજ એક ઘડીમાં જ વળી ગયો. ખરેખર તે સૌંદર્યનું વર્ણન કરવું એ સાગર ઉલેચવાના પ્રયત્ન જેવું છે.

ભોજનનો સમય થયે ભોજનાલયમાંથી ઘંટ વાગ્યો, બધાયે નીચે જવાનો પરાણે પ્રયત્ન કર્યો, પેટને પણ તેનો થોડો ઘણો હિસ્સો આપ્યા વિના છૂટકો નહોતો. આ ઠેકાણે અમારા ખોરાકનું થોડું વર્ણન કરૂં તો અપ્રસ્તુત નહિ ગણાય. શરૂઆતના બે ત્રણ દિવસ ભોજનાલયમાં ટેબલ પાસે જવાનું પણ મન નહોતું થતું, એક જાતનો એવો વહેમ પણ હતો કે કદાચ જોઇએ તેવી નિરામિષાહારની સગવડ નહિ હોય. પણ તે દિવસે ટેબલ ઉપર જઇને ખાત્રી થઇ ગઇ કે સ્ટીમરમાં ખાવાની અડચણ લગભગ નહિ જેવી પડે છે. બ્રેડ, માખણ, જામ, ભાત, શાક (આપણું હિન્દી રીતે તૈયાર કરેલું) દુધ, કોકો, ફળ વિગેરે અનેક વસ્તુઓ આપણી સરભરા માટે તૈયાર હોય છે સ્ટીમરમાં અનુકૂળ ખોરાક નહિ મળે તે ભયે ખાવાના ડબ્બા મુંબઇથી ઉંચકવા તે મુર્ખાઈ છે. જો કે મે તો કંઇ ખાસ ખાવાનું સાથે નહિ લીધેલું, પણ કેટલીક મારી અજાયબી વચ્ચે અનેક વસ્તુઓ બહાર કાઢતા, મને એ વિચિત્ર લાગ્યું. જ્યારે આપણી અનુકૂળતા પ્રમાણે ખોરાક મળી રહેતો હોય છતાં બધું ભરી લાવવું, તે મને વધુ પડતી મોટાઈ લાગે છે.

ખાઇને ફરી હું ઉપર આવ્યો, લગભગ બાર સાડા બાર વાગે મેં તૂતક ઉપર જ સૂવાનો સંકલ્પ કર્યો. સૌંદર્યપાન છોડીને સુવું તે જ અરૂચતું હતું તો પછી કેબીનમાં તો કેમ જ જવાય?

પ્રભાત પણ રળીયામણું ઉગી ઉઠયું. પૂર્વગગનની પ્રાંતે સોનેરી વર્ણનાં વાદળામાંથી નિકળતા સૂર્યે અમને જગાડયા, વળી પાછી તૂતક ઉપર વસ્તી થઇ ગઇ. જેટલી ચાંદની રઢીયાળી હતી તેટલું સુંદર પ્રભાત ન્હોતું, છતાં કઢંગુ તો નહિ જ, જેમ જેમ દિવસ વધ્યો તેમ તેમ ગરમી વધવા માંડી, જો કે રાતા સમુદ્રમાં ગરમી ઠીક પ્રમાણમાં હતી પણ અસહ્ય તો નહિ જ. રાતા સમુદ્રની ગરમી માટે ઘણી ઘણી વાતો સાંભળેલી પણ તેમાંનું કંઇ લાગ્યું નહિ. જે વખતે રાતા સમુદ્રમાંથી સ્ટીમર પસાર થાય છે ત્યારે કિનારો બેમાંથી એક બાજુએ, અને ઘણી વાર તો બન્ને બાજુએ દેખાયા કરે છે અને રસ્તો પણ તદ્દન સૂનો નહિ. કલાક બે કલાકના અંતરે એકાદ નાવ નજરે પડે, અરબી સમુદ્ર જેવી શૂન્યતા હવે ન્હોતી રહી.

રાતના બારવાગે સુએઝના નાકે અમે પહોંચ્યા. સામેથી લાંબી દીપાવલિ જણાવા લાગી અમારી સ્ટીમરનો વેગ ધીમો પડયો. આજુબાજુના ખડકોમાંથી ત્રિગુણિત નિશાન સૂચક ઘંટ અને સીંગ (સીટી) રવ વારે વારે સંભળાવા લાગ્યો. સામે બીજી કેટલીક સ્ટીમરોનો તેમાં રહેલા દીપકોના હલનચલનથી સૂચિત-આવરો જાવરો વિચિત્ર ચિત્રો ખડા કરતો હતો. થોડીવારે પાઇલટ હોડી આવી પહોંચી. તેની સાથે બીજા કેટલાક મુલકવતનીઓના મછવા પણ આવ્યા. તેમાંનાં કેટલાક સ્ટીમર ઉપર ચડી આવ્યા. તેમણે તેમની ભેદી (Mystic બોલીમાં પહેલા સ્ટીમરના ખારવાઓ સાથે યાંત્રિક કાર્ય પતાવ્યા પછી મુસાફરો સાથે સોદો શરૂ કર્યો.

થોડી વારે સ્ટીમર સુએઝ નહેરમાં જવા ઉપડી, વેગ તદ્દન ધીમો હતો, કલાકના ચાર માઇલ. ચાંદની અજબ ખીલી નિકળી હતી અને તેથી આખી શુએઝ જાગીને જોવાને મન લલચાયું પણ આગલા દિવસોની ચાંદનીમાં જાગવાની બધી શકિત ખરચી નાખી હતી, એટલે વધારે વખત આંખ ઉઘાડી રાખવી અશકય હતી. થોડાક શુએઝની હદ બતાવતા દીપસ્તંભો જોયા પછી મેં તૂતક ખુરસી પર ઉંઘવાનું શરૂ કર્યું, નાનું મોટું મૃત-સરોવર, કે જે જોવાની પ્રબળ ઇચ્છા હતી. તે બધું ઉંઘમાં જ પસાર થઇ ગયું. સવાર પડી ત્યારે પોણા ભાગની શુએઝ વટાવી દીધી હતી, એક બાજુ યાહુદી અને ક્રિશ્ચિયન લોકોની પવિત્ર ભૂમિમાં જતી પેલેસ્ટાઇન રેલ્વે અને બીજી બાજુ કેઅરો-મિસર દેશ-રેલ્વે જણાતી હતી. જ્યારે કોઇ સ્ટીમર વચમાં મળતી ત્યારે નાની મોટીને માટે બાજુએ ખસી માર્ગ કરતી, જો કે આ બળીયા બે ભાગવાળો ન્યાય મને ન રૂચ્યો, પણ તે નભાવ્યા વિના છુટકો નહોતો. આખી દુનિયામાં એજ ન્યાય ચાલે છે ને? યુકિતબળ કે શરીરબળ જે શકિત સ્વાર્થને માટે વાપરવામાં આવે છે. તે શકિત બળીયાના બે ભાગવાળો જ ન્યાય અનુસરે છે અને ત્યારે તે હંમેશાં નીચ બને છે. પછી તે શકિત ગમે તે હો, ચાહો બુદ્ધિ, ચાહે શરીર, ઠીક પણ, અહિં હું તત્ત્વજ્ઞાન નહિ ડોળું-જેમ જેમ પોર્ટસૈયદ પાસે આવતું ગયું તેમ તેમ બન્ને બાજુ વધારે વધારે મકાનો દેખાવા માંડયા, તેમાંના ઘણા ખરા પેટ્રોલ અને કેરોસીન કંપનીના જણાતા હતા, તેમાંનાં કેટલાક આજુબાજુ સુંદર ઉપવનથી સુશોભિત હતા. બપોરના અગિયાર વાગે અમે પોર્ટસૈયદ પહોંચ્યા.

વિશેષ હવે પછીના પત્રમાં લખીશ. તમારા બધાંના સમાચાર જણાવજો.

લી૦ ત્હારો, **શાંતિ**

# ભેદી પત્રો.

પાલીતાણામાં બહાર પડેલા પ્રકરણથી સાગરજી સૃષ્ટિવિરૂદ્ધ કર્મ કરે છે એવી માન્યતાને અંગે સમાજના એક અગ્રણીય આગેવાને, સમાજના એક અગ્રગણ્ય આચાર્ય પર લખેલા પત્રો.

(૬)

મુંબઈ તા૦ ૨૪-૧૨-૨૦

પ્રરમ પૂજ્ય અનેક શુભ ગુણાલંકૃત મુનિ મહારાજશ્રી × × × × ના ચરણ કમલમાં.

શ્રી × × ×

મુંબઇથી લી. દાસાનુદાસ × × × × × × ની × × × × ×

પાલીતાણાની હકીકત જે પ્રમાણે સાંભળી છે તે ખેદ કરાવે તેવી છે કેટલીક હકીકત એવી છે કે પત્રમાં લખી પણ શકાય નહિ, સૃષ્ટિક્રમ વિરૂદ્ધ કર્મ કેટલાક લાંબા વખતથી ચાલતું હતું તે બહાર આવ્યું છે કાતી સુદિ ૧૧ સવારે દસથી અગીયારના વચમાં આ સંબંધમાં મણિવિજયજી સાથે તકરાર થઇ અને સાગરજી તેમની છાતી ઉપર ચઢી બેસી ગળચી પકડી હતી બંને જણે એક બીજાની એબ પેટ ભરીને ખુલ્લી પાડી જે અવાચ્ય છે. સાગરજીના પ્રથમ ગણધર બાલુભાઈ અમરચંદ સુરતીએ દરેક બનતી હકીકતનું કેટલાક માસથી બારીક અવલોકન કરી આ કર્મ ચાલે છે તેની ખાતરી કરી લીધી. અને સાગરજી તથા આનંદવિજય બંનેએ એકાંતમાં નહિ સૂઇ રહેતાં સાધુ સમુદાય વચ્ચે સુવા આગ્રહ કર્યો પણ સાગરજીએ કહ્યું. **હું બાવો બનીશ ચીપીઓ લઇશ. પણ તેને છોડીશ નહિ.** આ શબ્દો બોલ્યા હતા. એકંદરે જે હકીકતો જુદા જુદા માણસોથી મળતી રહી છે તે જોતાં તથા તેઓના મોંઢામાંથી જે શબ્દો નીકળ્યા છે તે જોતાં શંકાને સ્થાન નથી. ઉપરાંત સાંભળવા મુજબ × × × × × × મારફત × × × × વાળાને પણ કંઇ ભેટ પહોંચી હોય તો તાજુબ નથી. તે પ્રયાસ પણ થયો છે. અંધશ્રદ્ધાળુ ભકતો ઢાંક પીછોડો કરવાની તજવીજ પુરેપુરી કરી રહ્યા છે. સાગરજી શીહોર આવ્યા છે ભાવનગર જવાની ખટપટ કરી રહ્યા છે—ભાવનગર જાય તો કંઇક નવા જુની થાય તેમ લાગે છે. જ્યાં સુધિ હું જાણું છું ત્યાં સુધિ × × × × મહારાજને આ બાબતનો નિશ્ચય પુરેપુરો થઇ ગયો છે અને તેઓએ પોતાના શિષ્યોને વાચનામાં જાતા બંધ કર્યા છે તેઓશ્રીને મજબુત પુરાવાઓથી ખાતરી થઇ છે તેમ મારા જાણવામાં પણ આવ્યું છે બાલુભાઇ રાતોરાતે પાલીતાણાથી નાસી અત્રે ન આવ્યા હોત તો તેઓનો ઘાટ ઘડાઇ જતે—જે હકીકતો એક પછી એક બહાર આવતી રહી છે તે જોતાં સાધુ સમાજમાં ઘણો સડો લાગી ગયો છે અને સાધુ જીવન પ્રત્યે શ્રદ્ધા ઉઠી તેવા પ્રસંગો બનતા રહ્યા છે, બાલવિજયજીને પાલીતાણાથી દેશપાર કર્યા એટલે તળાજાવાળાએ ધામધુમથી સામૈયા સાથે પ્રવેશ કરાવ્યો. સમાજ પણ આવો અંધશ્રધ્ધાળુ છે શાસનપ્રેમીઓએ જાગૃત થઇ વિચાર કરવાની આવશ્યકતા છે × × × × × ને પણ સોળેસોળ આના ખાત્રી થઇ ચુકી છે × × × × × પણ પ્રથમ વિનંતી કરી આવ્યા તે ના કહેવા જવું પડયું છે. × × × × × × × × × ભાઇ જેવા અંતેવાસીઓ—ઢાંક પીછોડો કરવા, કરાવવા, અને તેમાં મદદ કરવા પ્રયાસ સેવી રહ્યા છે તે પણ સાંભળવામાં આવે છે.

(૭)

મુંબઇ તા૦ ૨૮-૧૨-૨૦

પરમપૂજ્ય × × × × × ×

મુંબઇથી લી૦ × × × × × ×

મારા છેલ્લા પત્રથી કેટલીક હકીકત આપશ્રીના સમજવામાં આવી હશે. બાલુભાઈ મારા ત્યાં અત્રે પાલીતાણાથી આવ્યા બાદ બે વખત આવ્યા હતા, અને બબે કલાક સુધિ વિસ્તારથી મુદ્દાસર બધી હકીકત કહી હતી. તેઓ સાગરજીના પ્રથમ ગણધર ગણાતા હતા. પાલીતાણામાં મોટા પાયા ઉપર રસોડું ખોલી ચોમાસું રહ્યા હતા. અને ભાવનગર તથા રતલામની વાચના માટે બન્ને સ્થળે ઘરો પોતે ભાડે રાખ્યાં હતાં—ખાસ ભકત હતા તેઓ સુરતના છે અને શાસ્ત્રમાં પણ સારૂ જાણે છે. તેઓને આ અવાચ્ય દૂરાચાર સેવાય છે તેની માલુમ ત્રણેક માસ થયાં પડી તે ઉપરથી ખાનગી તજવીજ અને પૂરાવા મેળવવા શારૂ કર્યા. અને લગભગ પંદર વરસ થયાં આ સડો ચાલુ હતો તેની મુદ્દાસર—સાલ ગામવાર તથા કયા શિષ્ય અથવા સાધુ સાથે આ રીતે લગભગ સ. ૧૯૬૨-૬૩ થી સાલથી. આ કુકર્મ ચાલુ છે તેની ખાતંરી લાયક વિગતોનું ટીપણ કર્યું છે જે સાંભળતાં ધિક્કાર અને ખેદ થાય તેવું છે કારતગ સુદિ બીજ ત્રીજ લગભગમાં × × × × × અને × × × × × પાલીતાણે ગયેલ તેઓની આગળ છેવટે બાલુભાઇએ આ વાત ત્રણેક કલાક બેસી અથઇતી કહી જે વાત મને × × × × એ અત્રે આવતાં જણાવી હતી. × × × × પાલીતાણેથી ભાવનગર જઇ આ વાત × × × × ને કહી × × × × એ કહ્યું કે કેટલાક વખતથી આ વાત મારા સાંભળવામાં આવે છે પણ આવી મુદ્દાસર સાંભળી નહોતી. જે શિષ્યો સાથે આ કર્મ કરાતું તેઓને સમજાવવામાં આવતું કે **આમાં ચોથા વ્રતનો ભંગ થતો નથી. તે તો સ્ત્રી સાથેના સબંધથી જ થાય છે.** આ ઉપરથી બાલુભાઇએ પાલીતાણામાં બીજા સાધુ પાસે છ છેદસૂત્રો પણ તપાસરાવ્યા. બાલુભાઇએ ખાનગીમાં સાગરજીને જણાવેલ કે જે કંઇ બન્યું હોય તે માટે આપ પ્રાયશ્ચિત લઇ લ્યો અને હું અહિંથી રતલામ સંઘ કાઢી આપને લઇ જઉં અને આનંદ વિજય જે એક ડામીજ તરિકે પ્રથમે બે વખત જાહેર થએલ છે તેમને તમારી પાસેથી દૂર કરો—સાગરજીએ આ એકે વાત સ્વિકારી નહિ બાદ સમુદાયના વચ્ચે સુવાનો આગ્રહ કર્યો તે પણ સ્વિકાર્યો નહિ—તેવામાં કાતી સુદિ ૧૦ ના દિવસે—બંનેના પાટ જુદા કર્યા—છતાં રાતના આનંદવિજય પાટ બહારથી જોડે લાવ્યાં પાટ હમેશાં રાત્રે અમુક જગાથી અમુક જગ્યાએ ખસે ને નીચે સુઇ રહેલા સાધુઓ તથા ઉપધાનવાળા શ્રાવકો સારી રીતે જાણી શકતા હતા—મણિવિજયજીએ × × × × × × × × ને કહ્યું કે ગઇ રાતે પણ આ રીતે બે પાટો ભેગી થઇ હતી—આ વાત ઉપરથી કાતિ સુદ ૧૧ ના દિવસે જે બન્યું તે મેં આગલા પત્રમાં લખેલ છે સાગરજીનો આખો સમુદાય સડી ગયેલો કહીએ તો ચાલે તેમ છે. કેટલાય સાધુ સાથે આ કર્મ થયું છે. પાલીતાણાની ×

(અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૬૯ મું.)

# આપણા જાહેર ફંડો અને તેની વ્યવસ્થા.

નાનાલાલ દોશી.

જૈન સમાજની અમાપ દોલત આજે જુદા જુદા પ્રવાહોમાં વ્હેંચાય છે છતાં તેનું કશું સુંદર પરિણામ દૃષ્ટિગોચર ન થતું હોય તો તેનું કારણ અવ્યવસ્થા છે. અને કેટલીક વેળા એમ પણ બને છે કે જ્યાં તે ધનપ્રવાહનું વ્હેણ વહેવું જોઇએ ત્યાં ન વહતાં બીન જરૂરીઆતવાળાં બાહ્યાડંબરના કાર્યોમાં વહી સુકાઇ જાય છે. આજે આપણી સમક્ષ બે પ્રશ્નો છે. ક્યાં ક્યાં પૈસાની જરૂરીઆત છે તે એક પ્રશ્ન. અને તેનું સુંદર પરિણામ લાવવાની કાર્યસિદ્ધિ તે દ્વિતીય પ્રશ્ન, આ બે પ્રશ્નોને દૃષ્ટિબિન્દુમાંથી બહાર રાખીને જે જે કાર્યો થાય છે તે કોઇ રીતે સમાજ પ્રગતિના વેગને ઉત્તેજન નથી આપતા.

**નક્કર યોજનાની જરૂરીઆત–**

આપણાં દહેરાસરો, ઉપાશ્રયો, જ્ઞાન ભંડારો અને પેઢીઓ વગેરે જાહેર ઉપયોગનાં ખાતાંઓ પાસે વિપુલ ધનભંડારો છે, ગામડે ગામડે મંદિરો છે, જ્યાં ત્યાંના નગરશેઠો આ દ્રવ્યના વ્યવસ્થાપક તરીકે પેઢી દર પેઢીથી કામ કરે છે. જો ક્યાંએક એકહથ્થુ વ્યવસ્થા હોય છે. તો ક્યાંએક સમિતિઓને તે કાર્યની સોંપણી થતી હોય છે. આપણી પાસે એ દરેક ખાતાં પાસે કેટલી મૂડી છે અને તેના આવકખર્ચની શું માહિતી છે તેની વિગત નથી. દર વર્ષે આ હિસાબોને જાહેર પ્રકાશન મળતું હોય તો અત્યારની ગેરવ્યવસ્થા થવી અસંભવીત નથી. શ્રી શ્વે. કોન્ફરન્સ આ વિષેનું કાર્ય ઉપાડી તેની જૈનજનતાને જાણ કરતી રહે તો કંઇક રચનાત્મક કાર્ય કર્યું કહેવાશે. અથવા તો સમાજ સમક્ષ આવાં ખાતાંઓની વ્યવસ્થા માટેની અમુક યોજનાઓ રજુ કરે તો પણ તે કાર્ય અમુક અંશે જરૂર ફળદાયી નિવડશે. આજે દેવદ્રવ્યનાં જાહેર ઉપયોગની વાતથી ભડકતી ધણીએ **"મોટી પાઘડીઓ"** દંભ સેવી આ જાહેર ફંડોનો શું ઉપયોગ કરે છે તે બીના વિષે લંબાણ લખવાની હવે જરાયે જરૂર નથી રહી.

પરિષદોના અને સ્ટેન્ડિંગ કમીટિઓના લાંબા ખુશામતભર્યાં ભાષણો કરતાં આ ઉપયોગી દિશામાં કંઇક નક્કર કાર્ય થાય તો જૈન સમાજનાં જરૂરી ક્ષેત્રોને સિંચન મળશે, એટલું જ નહિ; પરંતુ આજનાં અનેક ગુંચવતાં પ્રશ્નોનો સ્વમેળે ઉકેલ થશે. આજે આંતર નિરીક્ષણની જરૂર છે. **ભપકાદાર ધાર્મિક ઉત્સવોમાં લાખો રૂપિઆ પ્રતિવર્ષે ખરચાય; તેમાં જેટલું જૈન સમાજનું કલ્યાણ આપણા મુનિરાજો અને અનેક ધનિક બંધુઓ માને છે; તે કરતાં હજારગણું કલ્યાણ આપણા સમાજ દેહની ખરી જરૂરીઆતો પોષવામાં છે, તે સમજવાનો વખત હવે બરાબર આવી પુગ્યો છે.** આપણાં વેવલાપણામાંથી છૂટી આપણા આંતર કલહો અને મતભેદો ભૂલી. હાથોહાથ મિલાવી પૂર્ણ ભ્રાતૃભાવની ભાવનાથી રંગાઇ હવે આપણે આપણા અનેક સડાઓનું નિકંદન કાઢી નૂતનયુગ પલ્લવવા નીકળી પડીએ તો થોડા જ વખતમાં પરિવર્તન લાવી શકીશું. જૈન સમાજના મંદોત્સાહી યુવકો અને શિથિલ મુરબ્બીઓ (!) વીશમીસદીનું ધગશવાળું જીવન જીવતાં શીખે તો જ તેમનાં અસ્તિત્વની સાર્થકતા કહેવાશે.

**જૈન બેંકની તાત્કાલિક જરૂરીઆત–**

જૈન બેંકની યોજના જેને હમણાં હમણાં કંઇક સજીવન મળ્યું છે. તે અમલમાં મૂકી અનેક ખાતાંઓના ધન સંગ્રહ માટે તેને કેન્દ્રસ્થાન બનાવવામાં આવે તો તેમાંથી અનેક શુભ કાર્યોની શરૂઆત થવાનો સંભવ છે. જૈન બેંકની યોજના પર આજે અત્યંત ખંત અને ધગશની જરૂર છે. એને માટે જે માનસ કે જે વાતાવરણ ઉપસ્થિત થયું હોય તેનો તે વખતે લાભ લેવાવો જોઇએ. ઉપરોક્ત ગેરવ્યવસ્થા પરથી કંઇક સંગીન કાર્ય પર આવવા માટે મને જૈન બેંકની યોજના બહુ જ સુંદર લાગે છે. આપણાં મંડળોની નાની નાની સમિતિઓ નીમી આવા પ્રશ્નો પરત્વે કંઈ સાહિત્ય એકઠું કરવામાં આવે તો તે અભ્યાસીને ઘણું ઉપયોગી થઈ પડશે.

---

( ૬૮ મા પૃષ્ઠથી ચાલુ )

× × × × કલાર્ક × × × × × × × × × × ગયેલ અને × × × × × × ના ત્યાં બેસી × × × વાળાને કંઇ પણ ન છાપવા સો રૂપીઆ આસરે મોકલાવ્યા પણ તેણે લીધા નહિ. અને જણાવ્યું કે "ચાર આંક હોય તો વાત કરો" અને પ્રથમે ટુંકમાં છાપી દીધું. આ હકીકત મને × × × × × × × × જે × × × × × એ હાલ અત્રે છે તેમણે જણાવી પાછળથી પેટ પુરતું મળી ગયેલું લાગે છે જેથી તેણે કંઈ પણ છાપ્યું નથી–હવે સાગરજીએ સીહોર આવી મુકામ કરી અત્રે × × × × × × ને તાર કરાવ્યો ભાવનગરથી × × × × × પણ ગયા હતા અને તેમનું ચાલત તો જરૂર ભાવનગરમાં સામૈયા સાથે પ્રવેશ પણ કરાવતે પણ ત્યાંના યુવક મંડળે ૪૫ સહીથી આ લોકોને નોટીસ આપી અને ભાવનગર જવાનું બંધ થતાં વિહાર કરી વળા આવવાના સમાચાર મળ્યા છે–બાલુભાઇને પણ પોતાની જીંદગીના ધાસ્તી લાગી અને રાતો રાત × × × અને × × × સિપાઇઓની મદદથી પાલીતાણા છોડી રાત × × × માં જાગતાં કાઢી પરોઢીઆની ગાડીમાં રવાને થઈ અત્રે આવ્યા હતા હું–બાલુભાઇને આજકાલ મળી આપને વિગતે પત્ર લખવા જણાવીશ.

પાલીતાણેથી દેખાવ કરવા આનંદવિજયને જુદો કરેલ તે સાંભળવા મુજબ વળા સાગરજી ભેગો આવી ગયો છે.

× × × ×

ઉપરલી હકીકત બહુ વીસ્તારવાળી છે ટુંકમાં ફક્ત મતલબ લખ્યો છે કેટલીક હકીકત તો લખી શકાય તેમ છે જ નહિ–ધર્મશ્રધ્ધાળુઓને આ હકીકતની જાણ થતાં સખ્ત આઘાત થયો છે તેમના ભકતો ઢાંકપીછોડો કરવાની તજવીજ પુરેપુરી કરે છે જણાવે છે "મણિવિજયજીને આચાર્ય પદવી જોઇતી હતી તે સાગરજીએ આપી નહિ" અને બાલુભાઇને છોકરો જોઇતો હતો તે આપ્યો નહિ એટલે આ વાત ચલાવી" આવી બનાવટી વાત બચાવ માટે ઉભી કરવામાં આવી છે. મુખ્ય સમાચાર આ રીતે છે,

આ પત્રનો મતલબ ધ્યાનમાં લઇ ઉપયોગ કરાવશોજી.

× × × × × ભાવનગર.

**નોંધ–:** પત્રોમાં સમાજના અગ્રગણ્ય આગેવાનોના નામો હોવાથી તે સ્થળે આવી × ચોકડીઓ મૂકી છે, પરંતુ જણાશે તો યોગ્ય સમયે તે નામો બહાર મૂકીશું.

# મૌન એકાદશી.

## ("શાહની ડાયરી"માંથી)

સંગ્રાહકઃ—" ચોકસી "

ધર્મના પવિત્ર પર્વો એ આત્મશુદ્ધિ અર્થે નિર્માયેલા અનુપમ દિનો છે, એ વેળા આત્મકલ્યાણકારી ઉપદેશ શ્રવણ કે વાંચન, મનન અને નિદિધ્યાસન જ શોભે. એ સુસમયે પાપના પોપડા ઉખેડનાર કે દોષયુક્ત વાતો કરનાર જરૂર કર્મથી ભારે બને છે.

અલી જડાવ! આવવું છે ને? આજે તો અમદાવાદના ભોળાશેઠ તરફથી પ્રભાવના થવાની છે. મંછા ડોસીએ ઉપાસરે જતાં મોટા સાદે બૂમ પાડી કહ્યું–હા, કાકીજી! આ આવી. જુવોને હું તો તૈયાર જ છું પણ આ બાબુને ફ્રોકીને શણગારતાં વાર તો લાગે જ ને!

ત્યાં તો પડોશમાંથી કમળી પોતાના ધાવણા બાળ સાથે અને ચંચળ પા ડઝન ચેલકાઓ લઈ સાથમાં ભળી. ડોશીમાના અવાજથી ફળીઉં જાગી ઉઠ્યું ને પ્રભાવનાની જાહેરાત એવી રીતે થઈ કે મંગળ રસોઈ કરતાં ઉઠી અને ચંદન નાના હીરાને બૂમ પાડતાં ઉપાસરા પ્રતિ ચાલવા લાગી. પ્રભાવનામાં એવું જાદુ ભરેલું છે કે એ કર્ણપટ પર અથડાતાં જ નારીવૃંદના ટોળે ટોળા, બાળક–બાળિકાના સમૂહ સાથે ઉપાશ્રયમાં ખડકાવા માંડ્યા. મંછા ડોસીવાળી મંડળી પગથીઆ ચઢવા લાગી ત્યારે ઉપાશ્રય તો ઠસોઠસ ભરાયેલો હતો અને કોલાહલ તો એવો મચેલો કે મહારાજ સાહેબનો સાદ મ્હોટો છતાં વ્યાખ્યાનના શબ્દો ભાગ્યે જ આઘે પહોંચતાં! આગળ બેઠેલા ભગતોમાંથી 'ગરબડ ન કરો' 'શાંતિ રાખો' 'રડતા છોકરાને બહાર લઈ જાઓ' એવા કેટલાયે આદેશો થતાં પણ નગાર ખાનામાં તુતીના અવાજ માફક નિષ્ફળ નિવડતા. આજે નારી સમૂહમાં એ પરત્વે જરા માત્ર પરવા નહોતી. એ તો નાના કુંડાળામાં બંધાઈ વિચિત્ર વાર્તાલાપમાં મશ્ગુલ બની હતી. ઘણા દિવસે મેળાપ થવાથી કોઈ જગાએ ઘર સંબંધી પૂછપરછ થતી, તો બીજે ફલાણી માંદી છે ને પેલાની સાસુ કર્કશા છે એવા મણકા મૂકાતા; વળી ત્રીજે સ્થળે પ્રભાવના શ્રીફળની છે કે પતાસાની એના અનુમાન બંધાતા. જ્યારે ચોથી તરફ ઘડીઆળ સામું ને મહારાજ સામું વારંવાર મીટ મંડાઇ 'સર્વ મંગલ માંગલ્યમ્'ની રાહ જોવાતી હતી. પુરૂષ વર્ગમાં પણ 'જી' 'જી સાહેબ' કરનાર સિવાય કેટલાયની નજર ઘટિકા યંત્રના કાંટામાં રમતી. ઘણાને થતું કે આ ઘોંઘાટમાં તે શું સંભળાય! મહારાજજી નકામો કંઠશોષ કરે છે!

પણ ત્યાગ ધર્મમાં લીન અને તદાકાર બનેલા મુનિશ્રી આવી ચીકાર શ્રોતાગણને પરમાર્થ કારણે થોડા અમૃત ટીપા પાયા વગર પાછો જવા દે તો તેમની વિદ્વત્તાને ક્ષતિ પહોંચે એટલે તેઓશ્રીએ પણ હાંક્યે જ રાખ્યું. વૈરાગ્યનું સ્વરૂપ એવી છટાથી સમજાવતા કે ઘડીભર લાગતું કે આગળ બેઠેલામાંના કેટલાક અવશ્ય પંચમુષ્ટિ લોચ કરી નાંખશે. ઘણાક તો આજથી હાથ જોડશે કે પોતાના સંતાનના હવેથી વિવાહ નહિ કરતાં જરૂર તેઓ તેમને ગુરૂ ચરણે ધરશે. કહે છે કે–ભરથરીનું નાટક જોઈ મુંબઇમાં ભાટીયાંના ચાર છોકરા સન્યાસી બની ગયેલા તો પછી કંચનકામિનિના પચ્ચખ્ખાણવાળા આ મહાત્માનું શું પૂછવું.

અરે! પણ આ શું? પર્ષદાના મોટા ભાગને તો જાણે આ બે કલાકના બોધની કંઇ અસર જ ન મળે. મુનિશ્રીએ ખાતાં ખાતાં નહિ બોલવાનો સામાન્ય નિયમ લેવા જ્યાં હાથ જોડવા જણાવ્યું ત્યાં આખા બે જ હાથ જોડાયા! શ્રોતૃગણની આ દશા!

બસ! 'સર્વ મંગળ' શરૂ થયું ને જ્યાં 'જૈનં જયતિ શાસનમ્' થાય છે, ત્યાં તો ઉપાશ્રયના દરવાજા પર ધમાધમ મચી રહી. ગણ્યા ગાંઠ્યાની ધીરજ રહી. મરદ શું કે ઓરત શું, મોટા નાનાનો વિવેક પડી કે બાંધી, કેમ જલદી પ્રભાવના લઇ વંજો મપાય એ ઇરાદે ધમાધમ કરતાં દોડવા લાગ્યા. વાનર સેનાના ઉત્પાતનું તો પૂછવું જ શું? આજના પવિત્ર પર્વને ધ્યાનમાં લઇ ચોપગા વાંદરા તો ગેરહાજર રહેલા પણ બે પગાએ પતરા ખખડાવવામાં મણા ન રાખી અને પેલાઓની ઠીક યાદ આપી. અજાયબી તો એ હતી કે નીતિ–વિવેક અને સભ્યતા સંબંધી લાંબી પહોળી વાતો કરનારા સંખ્યાબંધ મોટેરાઓ જે બાજુ સ્ત્રીઓની સખ્ત ભીડ હતી. અને બાળકોના હાથ પગ કચરાતા હતા તે તરફ ધક્કા મારતા આગળ વધવા લાગ્યા. તેમના મુખ પર શરમનો છાંટો નજરે આવતો નહિ! તેમના આગમનથી થોડીક અબળાઓને આઘુ ઓઢી પાછું ખસવું પડ્યું, જ્યારે કેટલીક તો શરમાઈ એક બાજુ ઉભી થઇ રહી.

ઉપાશ્રયના બારણા ઉભય બાજુ હોવાથી સરળતાથી સ્ત્રી પુરૂષો જુદા જઇ શકે તેમ હતું. વળી જે મુખ્ય માર્ગથી મોટા ભાગે પુરૂષો નીકળતાં તે તરફ જવલ્લે જ કોઇ સ્ત્રી નજરે ચઢતી; છતાં પુરૂષો શા સારૂ શંભુ મેળો કરતા હશે? ભાવના ભલેને શુધ્ધ હોય છતાં વ્યવહારથી આવું વર્તન અવશ્ય ઉલટું ગણાય.

પ્રભાવના વ્હેંચતાં કેટલાકો આપતી વેળા કેવો ભેદભાવ કરે છે, લેનાર બૈરાંઓમાંની કેટલીક એક કરતાં વધુવાર કેવી રીતે લે છે અને સામે આવી માંગનારમાં સમાજની જ બ્હેનો કેવી કેવી વાતો સંભળાવે છે એ આખુયે ચિત્ર એટલું વિરૂપ ને શરમ ઉપજાવે તેવું છે કે જે માટે લેખિની ગતિ ન કરી શકે. વળી પ્રશ્ન થાય છે કે ભારોભાર દોષથી ભરેલા ખાંડના પતાસાની તે પ્રભાવના હોય! એ તૈયાર કરતાં કંદોઇને ત્યાં કેવી જીવહિંસા થાય છે, વળી ખાલી થતાં ખોખામાં મંકોડાના કેવાયે ઝુંડ વળ્યા હોય છે અને એમાંના કેટલા અટવાય છે ને ચગદાય છે! ગળપણાશને લઈ એ પાછળ કીડીઓની કેવી હાર મંડાય છે, એ બધો વિચાર કરતાં જૈન હૃદય એને કેમ નભાવી શકતું હશે? પ્રભાવનાનું આવું વિકૃત સ્વરૂપ ઘડીભર ચલાવી લેવાય જ શી રીતે?

જે પ્રભાવનામાં ભાવના કરતાં વધુ સામર્થ્ય સમાયેલું છે તે શું આ પ્રકારની?

જ્યાં મહારાજશ્રી પાટ ઉપરથી ઉતરી ઉપર સિધાવ્યા ત્યાં પોષાતી ને દેશાવકાશિક વ્રતવાળા નાના મોટા ટોળામાં વ્હેંચાઇ ગયા. સમજુ મંડળમાં તો ધર્મચર્ચા, સ્તવન, સંભારણા અગર તો દીક્ષા પ્રકરણ શરૂ થયું. પણ બીજી બાજુ તો 'પોષાતીના જમણને કેમ તાળાં દેવાઇ ગયાં છે?' 'સંખ્યામાં સાથી ઘટાડો થયો?' 'ભાવોમાં આવું પરિવર્તન એકાએક ક્યાંથી ચઢી

આવ્યું ?” અગર ‘લાડુને બદલે શીરો કરવાથી ખર્ચ ઓછો આવે કે કેમ ?” ઇત્યાદિ વિષયો ઉથલાવા લાગ્યા. કોઇ સ્થળે તો ‘એ તો દીક્ષા વિરોધીઓ જ છે, ધર્મનું સત્યાનાશ વાળવા બેઠા છે, અરે ! મહારાજ કહેતા હતા કે–એવાઓની ધર્મકરણીમાં પણ દંભ ભર્યો હોય છે !’ વગેરે પ્રવચન ચાલતાં, તો એકાદ બે વ્યકિતઓએ બધા તરફ દુર્લક્ષ્ય દાખવી બુલંદ અવાજે ‘નિરખ્યો નેમિજિણંદને અરિહંતાજી’ લલકારતી, નાની વયના બાળપોષાતી ચરવળા સાથે ઘૂમી રહ્યા હતા. જ્યારે વૃધ્ધોમાંના ઘણાયે તો નિરાંતથી કટાસણાની મર્યાદ વટાવી આગળ વધી ઢેલ્લતાને લંબાવી હતી ને કોઇક તો ઝોકે ચઢી પણ ચૂકયા હતા ! આ મૌન એકાદશીના વ્રતધારીઓ ! ચંદ્રકાંતે પણ આજે પૌષધ કર્યો હતો. તેના ઘણા મિત્રોએ કંઇ ને કંઇ વ્રત કર્યું હોવાથી તેમ જ રજાનો દિન હોવાથી ઉપાશ્રયમાં સારી સંખ્યામાં દેખા દીધો હતો. જુની ઘરેડનાને આ અછેરાભૂત લાગતું. એ ભાગ તરફ સૌની નજર પડતી, કેટલાક તો ધીમેથી આવી નજીકમાં બેસી જઈ શું ચાલી રહ્યું છે તે કાન દઈ સાંભળતાં પણ જેનાં રૂંવાડે વીતરાગના વચનો પ્રવેશી ચૂકયા છે એવા ચન્દ્રકાન્તને તેની ચિંતા જ કયાં હતી. મધુરવાણીએ તે તો સુણાવી રહ્યો હતો–

“પૌષધને, દેશાવકાશિકને, આપણે બધાએ પોસોને દેશાવગાસીયું બનાવી દઈ બાળકના ખેલનાની સ્થિતિએ પહોંચાડી દીધેલ છે. બાકી એનું સાચું સ્વરૂપ તો જુદું છે. સમતા ભાવપૂર્વકનું સામાયિક કહ્યું છે, એ અડતાલીસ મીનિટમાં આત્માની સ્થિતિ એવી વર્તતી હોવી જોઇએ કે માત્ર પોતાની જાતનું જ નહિ પણ સારાયે સ્થાનનું વાતાવરણ શાંત બની જાય. સર્વ જીવો પ્રત્યે સમતા, ઇન્દ્રિયોનાં વિકાર પર કાબુ, મૈત્રી આદિ અથવા તો અનિત્ય વગેરે ભાવનામાં એકતાન અને આર્ત રૌદ્ર ધ્યાન વર્જી ધર્મ–ધ્યાનમાં રમણતા એનું નામ તે સામાયિક, દિશિગમનના સંક્ષેપ સાથે એવા દશ સામાયિક કરવાને વ્રતમાં એકાસન હોય તે દિશાવગાસિક. એ પ્રકારની સ્થિતિમાં લીનતા ધારણ કરી જ્ઞાનપૂર્વકની કરણી સહિત ચાર પહોર કે આઠ પ્રહર સામાયિક યોગમાં વ્યતીત કરવા તેજ પૌષધ. અર્થાત્ એક દિવસનું સાધુપણું. જરા વિચારમાં ઉંડા ઉતરતાં સહજ જણાઇ આવશે કે આપણું વર્તન આજે તેવું છે ખરૂં ? વળી મૌન એકાદશી તો મુખ્યતયા મૌનપણામાં જ શોભે. આટઆટલા વર્ષોથી વ્રતમાં જોડાયા. છતાં બીજું વધારે નહિ તો જે ક્રિયા કરી રહ્યા છીએ તેનું રહસ્ય સરખું પણ સમજવા પ્રયત્નશીલ ન બનીએ તો કેવું કહેવાય ? તપને દિને પ્રમાદને હાંકી કાઢવાનો હોય કે સંઘરવાનો ? બાળકોમાં સંસ્કાર પાડવા પણ તે ક્રમને યોગ્યતા પૂર્વક કે ગમે તેમ અથવા તો વસ્તુ સ્વરૂપના જ્ઞાન વગર ? આમ તેમ ચરવળો પકડી ઘુમતા બાળકો શું એક દિનનું સાધુપણું આચરે છે એમ કહી શકાશે કે ? વ્રત પાલનનો ઉદ્દેશ શું ? લોકરંજન કે આત્મોન્નતિ ? આપણે દરેકે આજે આ બધું વિચારવું જોઇએ. એ પર વિમર્શ–પરામર્શ કરવો ઘટે.”

ત્યાં તો દેવવંદાયછેની હાકલ પડી. સૌ સચેત થવા માંડયા. બેથી દેવવાંદતાં છતાં ઘણાને આજના દોઢસો કલ્યાણક કેવી રીતે ગણાય છે તેની ગમ નહોતી. ક્રિયામાં જ ધર્મ માની લેવાથી જ્ઞાન પ્રત્યે સ્પષ્ટ ઉપેક્ષાભાવ થયેલો દૃષ્ટિપથમાં આવતો. કેટલાક તો માળા ફેરવતા જાય, તો પછી શેમાં ઉપયોગ માનવો ?

સંધ્યા નજીક આવતાં પડિક્કમણા ભકતોની સંખ્યા વૃદ્ધિ પામવા લાગી. કટાસણું પાથરવા માટે બોલાચાલી પણ થઇ રહી, કોઇ સ્થળે તો હેંસાતોંસી ને ઉધ્ધતાઈના પ્રદર્શન પણ થયાં. કોઇએ તો જગ્યા રજીષ્ટરના પરવાના દેખાડયા ! સારા નશીબે ‘કરેમિ ભંતે !’ના ઉચ્ચાર સાથે એ બધું શાંત થયું ! સૂત્રો બોલવા સારૂ પ્રથમથી જ ટાંકની જ ઉછામણી થયેલી એટલે ‘સૂત્રશુધ્ધ કે અર્થ વિચારણા’નો અભિલાષ ધરવો એ આકાશપુષ્પ જેમ નિરર્થક હતો. જ્યાં ધનવૃદ્ધિનો જ હેતુ હોય ત્યાં ‘વંજણ અત્થ તદુભયે’નો નાદ સાંભળે કોણ ? ગમે તેમ સૂત્રો બોલાઈ જતાં અને મુહપત્તિવાળા હાથ ફરી જતાં ! પ્રતિક્રમણ કરતાં કરતાં જેના કેશ કૃષ્ણતા ખંખેરી શ્વેતતાને વર્યા હતા તેવા બુઝર્ગોને પણ અર્થ કે હેતુનું જરા સરખું ભાન નહોતું જણાતું, તેથી તો જે કડકડાટ ચલાવી જાય તે હુંશિયાર ગણાતો.

ઘણી વાર તો પડિક્કમણું ઝટ પૂરૂં કેમ થાય એજ આશય જણાતો. ‘કષાયાતાપાર્દિતજંતુ નિવૃત્તિમ્’ આવતાં જાણે પહાડ તૂટી પડયા જેટલો ગર્જારવ થતો અને ‘મયિ વિસ્તરો ગિરામ્’ પદ તો વિચિત્ર ફેશનમાં લંબાતું. કેમ જાણે અતિશય જોરથી આરડવું એજ ધર્મ ન હોય ! આવા કારણોથી કેટલીક વાર ચન્દ્રકાંત એકાંતમાં પ્રતિક્રમણ કરવાનું પસંદ કરતો. એના મનમાં ઘણી વાર થઈ આવતું કે વર્ષોના વર્ષોથી કરાતી કરણીમાં એની એજ અનભિજ્ઞતાને અવ્યવસ્થા કેમ ચલાવી લેવાતી હશે ! યથાર્થ સમજ વગર સાચું પ્રાયશ્ચિત સંભવી જ કેમ શકે ?

આ સ્થિતિના અભાવે આપણે રોજના પડિક્કમણ કરનારમાંના ઘણામાં વિવેક-સમતાને સ્થાને અવિવેક અને કષાયનું મોકળાપણું ડગલે પગલે જોઇએ છીએ.

જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે–મેરૂ પર્વત જેટલા ઓઘા મુહુપતિ કર્યાં છતાં ભવ નિસ્તાર ન થયો’ તેમાં આવું જ કારણ દેખાય છે. **પહેલું જ્ઞાન અને પછી દયા** અથવા તો **પ્રથમ જ્ઞાન તે પછી કરો કિરિયા** જેવા ટંકશાળી વચનોને અભરાઇ પર ચઢાવવાથી એજ પરિણામ આવેને ? જો કે આજે ચંદ્રકાંતનો ઘણો ખરો સમય તો જિજ્ઞાસુ મિત્રો સહની ધાર્મિક ચર્ચામાં જ વ્યતીત થયો હતો. છતાં મૌન એકાદશીનું સાચું મહત્ત્વ વેગળું જ રહેલું ભાસ્યું. ઉપાશ્રયનું સામાન્ય ચિત્ર વિચારતાં અમને આ પર્વનું જે મહાત્મ્ય શાસ્ત્રકારોએ દર્શાવ્યું છે તે જોતાં તો સ્પષ્ટ લાગે તેમ હતું કે–

**સાપ ગયા ને લીસોટા રહ્યા.**

---

( ૭૨ મા પૃષ્ઠથી ચાલુ )

दरवज्जा दुनियाभरके उंच–नीच सभी मनुष्योंके वास्ते खोलकर उनको कल्याणके रास्ते पर लगादे.

यह सच है कि आपके साधु शूद्रोंकोभी दीक्षा देकर अपनी उदारताका परिचय देतेहै, परन्तु धर्मसे अनजान १०–२०–५० लोंगोंको साधुबनाकर भिक्षावृत्ति उपर लगा देनेसे कया होता है? पहेले तो जैनश्रावक बनानेकी जरूरत है और ताभि उनमेंसे जैनसाधु हो सकते है.

भाईयो! आपको तो जैनधर्मके प्रचारका एक महान बीडा उठाना चाहिये और एक भारतवर्षही क्या किन्तु ईसाइयोंकी तरह पृथ्वीके कोने कोनेमें इस धर्मकी घोषणा करनेका प्रयत्न करना चाहिये.

आप धनपात्र है और उदार है. इस वास्ते आप सबकुछ कर सकते है. सिर्फ मनमें आनेकी देर है, पालीतानामें आपने जैनमंदिरों। एक नगरही बसादिया है. यदि एक जगहपर इतने मंदिर न बनाकर दूर दूर देशोमे धर्मप्रचारके मंदिर बनाये गये होते वो आज दुनियाभरमें फेलाहुवा होता और आपका गुणगान होता.

अब भी आप मिशनरियोंकी तरह हजारों ऊपदेश घूमा सकते है और लाखो करोडो पुस्तक छपाकर बाट सकते है.!

—सूरजभानु वकील.

# જૈનધર્મકી કુઝી કિસકે હાથમેં હૈ?

जो जीवमात्रका कल्याण करनेवाला, नीचसे उँच बननेका रस्ता बतानेवाला और आत्मासे परमात्मा होनेका पाठ पढाने-वाला है, वही धर्म सबके ग्रहण करने योग्य सच्चा धर्म हो सकता है, और ये सबबातें जैनधर्ममेंही पाई जाती है. इस वास्ते जैनधर्मको ही यह गारव प्राप्त है कि वह जीवमात्रका सच्चा धर्म कहला सके। संसारके जीव अनादिकालसे संसार-भ्रमण करते हुए नाना प्रकारके दुःख उठा रहे हैं, यहां तककि अनादिकालसे निगोद जैसी महानीच अवस्थामें पडे रहकर अनन्तकाल व्यतीत कर रहे हैं. और करते रहे हैं। इस महा-नीच अवस्थासे उत्थान करके यह जीव परमात्मापद प्राप्त कर-सकता है और करता रहा है। यही जैनधर्मका मुख्य सिद्धान्त है, नीचका उच्च बनाना और उसे उच्चतम कोटितक पहुचा देना, यही जैनधर्मका मुख्य काम है. परंतु शोकके साथ कहना पडता है कि आजकल जैनधर्मने ऐसा विकृतरूप धारण करलिया है कि वह नीचको उँच बनानेके बदले उँच कहलाने वाली जातियोंकी एक मात्र संपत्ति ही बनगया है.

संसारी जीव कषायवश सदा आपसमें लडते रहे हैं और जो विजेता रहेहैं वह अपनेको उँच और जिनको जीता है या जिनपर काबू पाया है उनको नीच समझकर उनपर अनेक प्रकारके अत्याचार करते रहे है। हब्शियोंमें तो यहाँ तक दस्तूर था कि जिनको लडाईमें जीततेथे, उनको मारकर खाजातेथे और खुशी मनातेथे. बहुतसे मुल्कोंमे उनको बांदी, गुलाम बनाकर ढोरोंकी तरह रखते थे और बेचतेथे. गुलामोंकी बेचनेकी यह प्रथा अब दुनियासे उठगई है. और इसको उठा देनेका श्रेय अमेरिका वालोको ही प्राप्त हुआ है. इसकेलिए इनको आपसमें महायुद्धतक करना पडा और आखिरकार अंतमें उन्होंने इस घृणित प्रथाको दुनियासे उठाकर ही छोडा.

यह श्रेय तो उनको जरूर प्राप्त हुवा, और इसके लिये सारी दुनियाँ उनकी आभारी भी रहेगी. परंतु नीच और ऊंचके इस भूतका अमेरिकाके गोरोंके हृदयपर इतना गहरा प्रभाव है, कि वे गुलामोंकी सन्तानोंको, चाहे वे बुद्धिमें. विद्यामें, धनमें और सभ्यतादि सभी बातोंमें चाहे जितने ऊंचे हो गये हों नीच ही गिनते है. और अपने होटलोमें, किरायेकी मोटरोमें तथा औरभी बहुतसी जगहोमें उनको स्थान देने तकको तैयार नहि होते हैं।

मनुष्यका अभिमान उसको आपही अपमानित करदेता है. इसीकारण जिन अमरीका वालोंने इतना श्रेय प्राप्त कियाथा वही अपने इस अभिमानके कारण स्वयं अपमानित हो रहेहैं।

इसी प्रकार जो लोग अपने कुलाभिमानके कारण अपने कोही धर्मका अधिकारी मानकर दूसरोंको नीच मानते और उनको धर्मसे वंचित रखना चाहते हैं, क्या वे अपनेको और अपने धर्मको अपमानित नहीं करते हैं?

भाईयो! मैने दिगम्बर सम्प्रदायमें जन्म लिया हैं और आदिपुराण आदि दिगंबर शास्त्रोंमें यहपढा हैं कि सर्वमनुष्योंकी एक मनुष्यही जात है, जिसमें भिन्न भिन्न आजीविका और भिन्न भिन्न कर्मोंके करनेसे भिन्न भेद हो गये है. श्री गुणभद्र स्वामीने तो उत्तरपुराणमें इसपर बहस उठाकर इस प्रकारकी दलील भी दे डाली है कि चूँकी गाय और घोडेके मेलसे न गर्भ रह सकता है और न घोडा या बेल पेदा हो सकता है. इसी प्रकार अमरूदके बीजसे अनारकापेड उत्पन्न नहि हो सकता इस वास्ते इनकी जाति तो भिन्न भिन्न जरुर है, परन्तु मनुष्योंमें तो आपसमें यह भेद नहि है, यहाँ तो ब्राह्मणभी चमारीको गर्भधारण करा सकता है और चमारभी ब्राह्मणीको गर्भवती कर सकता है, घोडे और बेलमें व अमरूद और अनारमें तो साफ साफ ऐसा आकारभेद है कि हरकोई देखते ही बता सकता है, कि यह घोडा है और यह बैल है, यह अमरूद है और यह अनार है, परन्तु ब्राह्मण, क्षत्रीय, वैश्य आदि मनुष्योंकी आकृतिमें ऐसा भेद नहि है. सभीका मनुष्यके समान आकार है, तब जन्मसे जाति–भेद मानना कैसे हो सकता है?

इसी प्रकार अन्यभी अनेक कथन दिगम्बर शास्त्रोंमें मोजूद हैं. परंतु आज कलके दिगंबरोका यह दावा है कि जो जन्मसें ब्राह्मण, क्षत्रिय या वैश्य हो वही मोक्ष प्राप्त कर सकता है, बहुत ही आश्चर्यजनक मालूम होता है, यही नहि, आजकलतो दिगंबर जैनमुनियोंका वही एक धर्मप्रचार रह गया है कि शूद्रके हाथका और जो विधवाविवाह करते है उनके हाथका जल पीना छोड दोगे तभी तुम धर्म ग्रहण करनेके पात्र बन सकोगे और तभी हम तुमारे हाथका आहार ले सकेंगे।

देखिये! जीवमात्रका कल्याण करनेवाला, पतित–पावन यह जैनधर्म कहांसे कहां लेजाकर पटका गया है! कैसी उसकी दुर्दशा की गई है! कहांतो दिगंबर जैनधर्मके परमाचार्य सामन्तभद्रस्वामी यह बताते है कि चांडालकी ओलादभी यदि जैनधर्मपर श्रद्धान ले आवे तो देवोंके समान पूजनीय है, और कहा आजकलके हमारे दिगंबर साधु ऐसा भेदभाव फैलाते फिरते है! ऐसी दशामें यदि विचारवानोंको अपने स्वतंत्र विचार और धर्मपर होता हुआ यह अन्याय प्रकट करनेका मोका न मिले तो फिर आपही जान सकते है कि उसका परिणाम क्या होगा?

यद्यापि मैं श्वेताम्बर संप्रदायकी सभी बातें माननेका तैयार नहि हूँ, क्योंकि समयकी हेरफेरसे उनमेंभी अनेक विकृतियां आगई है. तो भी हृदयसे उनका गुणानुवाद गानेसे नहि रह सकता हूं. क्योंकि उनमें और चाहे जो कुछ होगया हो, परंतु दिगबरोंके समान यह विकार नहि आया है. जिसने जैनधर्मको धर्मकी कोटिसे ही निकालकर नीचे गिरा दिया है. व अबतक खुले शब्दोंमें यह मानते है कि शूद्र, यहांतक कि अस्पर्श्य शूद्र, और स्त्री आदि सभी मनुष्य उसी प्रकार मोक्ष पा सकते है और मोक्ष पानेकी कोशिष कर सकते है. जिस प्रकार कोइ ब्राह्मण, क्षत्रिय या वैश्य, इससे यह कहा जा सकता है कि सच्चे धर्मका जो लक्षण है वह अबतक श्वेतांबरोमें मौजूद है. और दिगंबरोने उसको खोदिया है, और यदि कोइ निशान बाकी रहभी गया है तो जीजानसे उसके मिटानेकी कोशिषकी जा रही है. ऐसी हालतमें यदि यह कहा जाय कि इस वक्त धर्मकी कुंजी श्वेतांबरोकेही हाथमें रह गइ है तो कुच्छ बेजान होगा।

भाइयो इस मामलेमें यदि मुझको आपमें ईर्षा उत्पन्न हो तो कोई आश्चर्य नहि, आपको यह मौका प्राप्त है कि धर्मका

(અનુસંધાન માટે જુઓ પૃ. ૭૧ મું)

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30, Dhanji Street Bombay, 3.

વ્યાખ્યાન કુ ઉશ્કેરણી.

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રીઃ—ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૦ મો.<br>શનીવાર તા. ૩૧-૧૨-૧૯૩૨. |

# સમાજ અને ધર્મ ઉપર જઝુમતો ભય.

આજે આપણે આપસ આપસમાં લડીને આપણી શકિત ક્ષીણ કરી રહ્યા છીએ, મતભેદ તો દુનીઆમાં હોય પણ તે પ્રમાણિક હોવા જોઇએ, એ મતભેદની પાછળ કાંઇ અંગત સ્વાર્થ કે ગંદી વૃત્તિ ન જોઇએ. તોજ મતભેદ ઉપયોગી નિવડે છે, આજના મતભેદો એ મતભેદો નથી, પણ સાધુઓએ શાસ્ત્રોને નામે, પ્રભુ મહાવીરના નામે એક જાતની કુટિલ જાળ બીછાવી છે, પોતાની સત્તા કાયમ રહે; પોતાની વૃત્તિઓ પોષાતી રહે, પોતાના સામૈયાં થયાંજ કરે, તે માટે એવા તો આગ્રહી બન્યા છે કે ખૂદ પરમાત્મા મહાવીરદેવ આવીને સ્હમજાવે તો પણ અત્યારે સ્હમજી શકે તેમ નથી, સંઘ સત્તાને ઠોકરે મારી ત્હેમણે સમાજ અને ધર્મ ઉપર એક જાતની આફતજ ઉભી કરી છે, સમાજ અનેક સરકલોમાં વિભકત થઇ ગયેલ છે, સાધુશાહીએ દીક્ષાને માટે એવા તો ભવાડાઓ કર્યા છે કે આમ જનતાને ત્હેમાં રસ ઉત્પન્ન થયો છે, અને તે કેવળ જાહેર છાપાઓમાં આવે છે એટલુંજ નહિ પણ હવે નાટ્ય જગતની રંગભૂમિ ઉપર કદાચ અયોગ્ય દીક્ષાના નાટકો ભજવાય તો આપણને જરાપણ આશ્ચર્ય થશે નહિ, પરંતુ આ સ્થિતિ જરા પણ ચાલુ રહે તે ધર્મ અને સમાજ માટે હિતાવહ નથી, આટલી હદ સુધી પહોંચવા માટે અયોગ્ય દીક્ષાનો હિમાયતી શાસન (!) પક્ષ જ જવાબદાર છે, ત્હેણે જો આવી અયોગ્ય દીક્ષાને ટેકો ન આપ્યો હોત, સંઘ સત્તાને ઠોકરે ન ઉડાવી હોત, અને બંધારણ સર કાર્ય કર્યું હોત તો આજે જૈન સમાજની જે દશા છે તે ન હોત, આજે તો ત્હેના પવિત્ર સાધુવેશને સ્ટેજ ઉપર હાંસી પાત્ર બનાવવાને કમર કસવામાં આવે છે, આવતી કાલે તો ત્હેના તીર્થંકરોનો કોઇ દારૂડીઆને પાઠ આપી ત્હેના વિશ્વવ્યાપી સિધ્ધાંન્તોની હાંસી કરાવશે. ત્હેના સાહિત્ય ઉપર, ઇતિહાસ ઉપર અને ધર્મના દરેક અંગ ઉપર પ્રહારો થશે, આ બીના કોઇપણ રીતે ચલાવી શકાય તેમ નથી આટલી હદે સમય બદલાયો હોવા છતાં સાધુઓની આંખ ન ઉઘડે તો ત્હેને સાધુ કહેવા કે × × × ×? તે સમજી શકાતું નથી ત્હેમણે જો સંઘસત્તાને માન આપ્યું હોત તો આજે સ્થળે સ્થળે । માટે જે કાયદાઓ થઇ રહ્યા છે તે ન થાત. હજુ પણ ચેતે તો સારૂં છે નહિંતર સમાજ અને ધર્મ ઉપર એક જબરજસ્ત આફત આવી રહી છે એ ભાગ્યેજ કહેવાની જરૂર હોય? આજથી દશવર્ષ પહેલાં સાધુઓનું સમાજમાં જે સ્થાન હતું તે આજે છે? સંપ હતો તે આજે છે, તે વખતે પણ ચર્ચાઓ ઉઠતી શાસ્ત્રાર્થો થતા, વિચારભેદો ઉપસ્થિત થતા, છતાં સમાજ અવિભકત હતો, આજે તે સ્થિતિ કાં નથી? ત્હેનાં કારણો શોધવા જવાં પડે તેમ નથી. આપણી સ્હામેજ છે. આજના ઝઘડાઓ કેવળ મતભેદજ નથી પરંતુ ઇર્ષ્યા અને સત્તાના પિપાસુઓનું તાંડવ-નૃત્ય છે, સાધુઓ આજે રણે ચઢયા છે, કોની સ્હામે? સમાજ સામે, અરે જે સમાજ ઉપર તેમનું જીવન છે, જેના જીવન મરણની જોડે તેને નિકટનો સંબંધ છે, ત્હેની સામે રણે ચઢયા છે. જો ત્હેમના આંતર રિપુઓ સ્હામે રણે ચઢયા હોત તો આપણે ત્હેમને પૂજત પણ આતો સ્વાર્થની લડત છે. સત્તાની મારામારી છે, હવસ અને ગંદી વૃત્તિઓ પોષવા માટેની કુટિલ જાળ છે. આટલું સમજયા પછી પણ આપણે જાગ્રુત ન થતાં અંધશ્રધ્ધાને પોષ્યે જશું તો સમાજ અને ધર્મ ખુબ ભયમાં છે એ સમજવું ઘટે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આંચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૩૧-૧૨-૩૨.


## વ્યાખ્યાન કે ઉશ્કેરણી.

જૈન સમાજનાં ચાર અંગો નિયત કરવામાં આવ્યાં છે, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. ત્હેમાં સાધુએ સમાજનું સૌથી અગત્યનું અંગ છે, સાધુ એટલે ઉચ્ચ કોટિનો ત્યાગી. સંસારના વ્યવહારોને તિલાંજલી આપી ધન, દૌલત, કુટુંબ, પરિવાર, વાડી, બંગલો, સ્ત્રી વગેરેનો ત્યાગ કરી આત્મ ભાવનામાં લીન થનારો યોગી. ત્હેના આચાર અને વિચાર એક જ હોય. આવા સાધુઓ એ જગતનું ભૂષણ છે. પરંતુ પરમાત્મા મહાવીરનો ભેખ પહેરી સાધુતાને નામે સફેદ કે પીળી પછેડી ઓઢી આનંદ લૂંટાતો હોય, સત્તા અને મદાંધતા પોષાતી હોય, પડદા પાછળ રહીને સૃષ્ટિ વિરૂદ્ધનાં કાર્યો આચરી બ્રહ્મચારીમાં ખપાતું હોય અને સાધુપણાના લેબાસમાં સાધુતાના મૂળમાં જ ઘા થતો હોય, આવા સાધુઓ (!) સાધુઓ નથી પણ દુર્જન કરતાં પણ ભૂંડા છે, જેની વચનગુપ્તિનું ઠેકાણું ન હોય, સાધુઓએ કહેવાં વચન બોલવાં જોઇએ ત્હેનું ભાન ન હોય, તેવા સાધુઓ જગતનું કલ્યાણ કરવાને બદલે નુકશાન કરે છે, એટલું જ નહિ પણ પોતાના આત્માને અધોગતિ તરફ ઘસડી જાય છે. ખરેખર આવા સાધુએ પોતાની વાચાળતાને અંગે સમાજની અંધભક્તિનો પૂરેપૂરો દુરૂપયોગ કરે છે, ત્હેની જાળમાં અનેક ભોળા લોકો ફસાય છે. પરિણામે પોતે ડૂબે છે અને બીજાને ડૂબાડે છે. આવા કુસાધુઓનો પડછાયો લેવામાં પણ પાપ છે એમ અમે પ્રમાણિકપણે માનીએ છીએ.

લાલબાગની વ્યાખ્યાનપીઠ ઉપરથી સાગરજી મહારાજ(!) જે પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરી રહ્યા છે, તે પણ ઉપરોક્ત કથનને પુષ્ટિ કરતું હોય તેમ અમારા સાંભળવા પ્રમાણે જણાય છે, તેઓ પોતાના ભક્તોમાં પોતાથી બને તેટલી ઉશ્કેરણી ફેલાવે છે. અને પોતાને નહિ માનનારા તરફ આંગળી ચીંધી ચીંધીને એવું તો અસત્ય ભરડે રાખે છે કે ન પૂછો વાત. કોઇ ત્હેમની પ્રવૃત્તિ વિરૂદ્ધ કંઇ પણ કરતું હોય તો ત્હેમના હરિફ પક્ષનો ત્હેમાં હાથ હોય તેવી એકદમ કલ્પના સ્ફૂરે છે અને એ કલ્પનાની ઇમારત ઉપર પોતાના ભક્તો તરફ એવા કડક શબ્દોમાં બયાન કરે છે કે ત્હેમના ભક્તોની લાગણી એકદમ ઉશ્કેરાય જાય છે. હમણાં જ મુંબઇમાં એક કિસ્સો બન્યો છે. બાબતમાં એમ છે કે કોઇ નવયુગ નાટક સમાજ નામની નાટક મંડળી તરફથી 'અયોગ્ય દીક્ષા' નામનું તા૦ ૨૯-૧૨-૩૨ ના દિને, નાટક ભજવી બતાવવાની જાહેરાત થઇ છે. સાગરજી મહારાજને આ બાબતની જાણ થતાં તેઓ મુલુન્ડથી શીઘ્ર ઉગ્રવિહાર કરી મુંબઇને આંગણે પધાર્યા. અમદાવાદ વગેરે સ્થળેથી સોસાઇટીના લીડરોને બોલાવ્યા, વ્યાખ્યાનમાં એ વાતની ખૂબ ચર્ચા કરી. અને સુધારક પક્ષને જેટલો ભંડાઇ તેટલો ભાંડયો છે. જૂઓ ત્હેમના વચનની વાંનકી:—

"હવે તો સુધારક પક્ષવાળા જુલ્મ કરવા લાગ્યા છે, અયોગ્ય દીક્ષાનું નાટક ભજવવામાં ત્હેમનો જ મુખ્ય હાથ છે. આવા પાપીઓનો તો ખરેખર ત્હેનો બદલો આપવા માટે સંપૂર્ણ બહિષ્કાર કરવો જોઇએ. ત્હેમનો પડછાયો લેવામાં પણ પાપ છે. ત્હમારા કોઇમાં પાણી ક્યાં છે? ત્હમે કશું કરતા નથી, પરમાત્મા મહાવીરના શાસનની હેલના થઇ રહી છે, ત્હમને શાસન પ્રતિ પ્રેમ જ ક્યાં છે? ત્હમે જો કંઇ પણ નહિ કરો તો સુધારક પક્ષ દેવદ્રવ્ય ખાઇ જશે. વિધવાઓનાં પુનર્લગ્ન કરાવશે, શાસ્ત્રોને અભરાઇએ ચઢાવશે, ત્હમારે ત્હેમનો પ્રચંડ સામનો કરવો જોઇએ." મહારાજનું આ વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે એક મારવાડી ભાઇએ કહ્યું કે મહારાજ ! અયોગ્ય દીક્ષાનું નાટક ભજવાતું હોય તો ત્હેના કારણભૂત ત્હમે છો. કારણ કે ત્હમે આ પ્રશ્નની એવી તો જીદ્દ પકડી છે કે જૈનેતર લોકોમાં અયોગ્ય દીક્ષા માટે પુષ્કળ રસ ઉત્પન્ન થયો છે અને ત્હેને નાટ્ય પ્રયોગના રૂપમાં ફેરવી નાંખી સાહસ ખેડવા તૈયાર થયા છે. આ ભાઇને કોળાહળ કરી મૂકી બેસારી દેવામાં આવ્યા હતા, પરંતુ આથી સાગરજીનું માનસિક પ્રતિબિંબ ઠીક સ્વરૂપમાં જણાય આવે છે. સુધારકો પ્રત્યે ત્હેમને ક્યાં સુધી દ્વેષ અને સુગ છે. તે ત્હેમનાં ઉપરોક્ત વાક્યમાં તરી આવે છે. અરે એક સાધારણ માણસનાં મુખમાંથી પણ ન શોભે ત્હેવી વાણી જૈન સમાજના કહેવાતા એક આચાર્ય (!) ના મુખથી નિકળે એ શરમભરેલું છે.

અયોગ્ય દીક્ષાના નાટકના સંબંધમાં યુવક સંઘનો જરા જેટલો પણ હાથ નથી. છતાં કહેવું કે આ સુધારકોનું કર્તવ્ય છે, એ નરી મૂર્ખાઇ છે. આમ ફાવે તેમ બોલવાથી યુવક સંઘની કીર્તિને જરાયે એબ નહિ લાગે. બાકી અમે મતભેદ ગમે તેટલો તીવ્ર ધરાવતા હોઇએ પણ તે આપણામાં અંદરો અંદર છે. બહારની કોઇ પણ વ્યક્તિ જૈન ધર્મ કિંવા ત્હેના પવિત્ર સિદ્ધાંતો ઉપર કોઇ પણ જાતનો પ્રહાર કરે એ અમે જરાયે ઇચ્છતા નથી. એટલે અયોગ્ય દીક્ષાના નાટકો ભજવાય. ત્હેને અમે તિરસ્કારની દૃષ્ટિથી જોઇએ છીએ. ત્હેમાં ધર્મ અને સમાજ બંનેની અમે હીલના થતી માનીએ છીએ.

પાંડવો અને કૌરવો અંદરોઅંદર ખૂબ લડતા પણ જ્યારે બહારનો કોઇ શત્રુ ત્હેમના ઉપર ચઢી આવતો ત્યારે તેઓ એકત્ર થઇ એ શત્રુનો સામનો કરતા હતા. આપણે જો પ્રમાણિક હોઇએ. શાસન અને ધર્મ પ્રતિ તીવ્ર લાગણી ધરાવતા હોઇએ તો આપણી પહેલી ફરજ એ હોઇ શકે કે બહારના શત્રુને મહાત કરવો. પણ આવી પ્રમાણિકતા આપણામાં હોત, આપણે શાસનપ્રતિ દૃષ્ટિ રાખીને જ કોઇ પણ જાતનું કાર્ય કરતા હોત તો જે સ્થિતિ આજે પ્રવૃત્તિ રહી છે તે ન હોત. સંઘ સત્તાને ઠોકરે ઉડાવી ત્યારથી જ અવનતિનાં પગરણ મંડાઇ ચૂક્યાં છે. શાસન પ્રતિ રાગ ઉડી જઇને વ્યક્તિ તરફ રાગ વધ્યો છે અને ત્હેનું એ પરિણામ છે કે દીક્ષા જેવા પવિત્ર કાર્યમાં રાજ્ય સત્તાને કાનુનો ઘડવા પડયા છે, અને સંઘ સત્તાની નિષ્ક્રિયતાને

# હૃ દ ય......પ લ ટા નો......ભે દ.

## શ્રી ચીમનલાલ કેશવલાલ કડીઆ ખુલાસો આપશે?

### સોસાયટીનો ઉદ્દેશ બર લાવ્યા છો?–બાઇ રતનના કેસમાં મેજીસ્ટ્રેટે કરેલી ટીકા વાંચો.

લેખકઃ–**મહાસુખભાઇ ચુનીલાલ–વીસનગર.**

યંગમેન્સ જૈન સોસાયટીના અગ્રેસર ભાઇ ચીમનલાલ કેશવલાલ કડીઆ "એક સુધારકનો જાહેર એકરાર અને પશ્ચાતાપ" એ મથાળાવાળા લેખમાં તા૦ ૬–૧૨–૩૨ ના મુંબઇ સમાચાર પાના ૫ ઉપર પોતાનું નિવેદન રજુ કરે છે. તેમાં તે ભાઇ જણાવે છે કે–

"થોડાંક વર્ષો પૂર્વે હું પણ એવો જ એક સુધારક હતો અને તેવા સુધારક વિચારનો થઇને ફરવામાં હું મારી જાતને ગૌરવભરી માનતો હતો. જો કે આજે મને એવું અવશ્ય દુઃખ છે કે હું કેવળ છાપાંઓમાં ચર્ચાની બાબતો માત્રથી સત્ય જાણ્યા વિના દોરવાઇ ગયો હતો. પરંતુ વસ્તુ સ્થિતિ એ છે કે રોજ કાને એવા જ પડઘા પડતા હોય, છાપાઓમાં એવા જ લેખો દૃષ્ટિમાં પડતા હોય અને વાતોમાં પણ એની જ ચર્ચા ચાલુ હોય એટલે એની અસર થવી બહુ જ સ્વાભાવિક છે. × × પરંતુ એક બનાવે મારો જીવન પલટો કરાવ્યો. એ બનાવે મને સુધારક એવો ધર્મવિરોધી સુધારક મિટાવી સામાનો ઉપાસક બનાવ્યો. એ બનાવ જૈન જગતમાં મોટી ચર્ચાનો વિષય બન્યો હતો. મુનિશ્રી તિલકવિજયજી (સંસારી ત્રિકમલાલ) મહારાજે ઘરની વ્યવસ્થા તેમ જ ઘટતી જાહેરાત કરીને લગભગ ત્રીસેક વર્ષની વયે ચલોડામાં દીક્ષા ગ્રહણ કરી આ નિમિતે તેમના પત્નિ બાઈ રતને પાછળના ભાગમાંથી આવીને મારા જ રેહાણ નજદિકમાં ધર્મોપદેશ આપી રહેલા પૂજ્ય પન્યાસ પ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણીવરનો કપડો ખેંચ્યો. આથી એક વૃદ્ધ પુરૂષે તે છોડાવી દીધો અને પૂજ્ય શાંત મુનિશ્રી ઉઠીને ઉપાશ્રયમાં ગયા. આ આખોએ બનાવ મેં મારી નજર સમક્ષ નિહાળ્યો હતો. માત્ર આટલા જ બનાવને તે બાઇએ ગંભીર બનાવ્યો. માથુ કુટયું, રડી અને બીજા સુધારક ગણાતા સલાહકારોની ચઢવણીથી તે બાઇએ મેજીસ્ટ્રેટની કોર્ટમાં સાધુઓએ માર માર્યાની ફરીઆદ નોંધાવી" વિગેરે જણાવે છે.

પ્રિય વાંચકો! આ બનાવે ભાઇશ્રી ચીમનલાલને સુધારક મટાડી શાસનપ્રેમી બનાવ્યા. તેમની ધર્મની ધગશ જાગી અને યંગમેન્સ જૈન સોસાયટીની હુંફ મળતાં તેના સંચાલક બન્યા. હાલ સોસાયટી તરફથી નીકળતા તેના મુખપત્ર "સોસાયટી સમાચાર"ના તંત્રી છે.

હવે ભાઇશ્રી ચીમનલાલને પૂછું છું કેઃ–

(૧) જ્યારે છાપાં જ મનુષ્યના મગજને ફેરવી અવળા રસ્તે દોરે છે અને છાપાંથી જ અધર્મી, નાસ્તિક, ધર્મદ્રોહી સુધારક બનાવે છે એવો તમારો જાતિ અનુભવ થયેલો છે તેવું જાણવા છતાં પણ તમે શા માટે "સોસાયટી સમાચાર" પત્રનું તંત્રીપણું સ્વીકારી લેખો લખી રહ્યા છો? શા માટે વીરશાસન, જૈન પ્રવચન, સિદ્ધચક્ર વિગેરે પત્રોને પુષ્ટિ આપી અનુમોદન કરી રહ્યા છો? તમે જ્યારે છાપાંની ટીકાનો તિરસ્કાર કરો છો તો પછી તમારાં છાપાંની કિમ્મત શી રીતે વધારે આંકી શકતા હશો?

(૨) બાઈ રતનના કેસથી તમારૂં હૃદય કંપાયમાન થયું, બાઈ રતને શ્રી રામવિજયનો કપડો પકડયો તે દેખાવથી અને ચાલેલા કેસથી તમારૂં હૃદય વિહ્વળ બન્યું અને છેવટે સુધારક હૃદય પલટાઈ શાસનપ્રેમી હૃદય બની ગયું. આ તમારા હૃદય પલટાનું કારણ બતાવો છો તો તમને ભાર દઇને પૂછું છું કે બાઈ રતને સાધુનો કપડો પકડયો તેનું મૂળ કારણ શોધી કાઢયું? કેમ બીજી કોઇ બૈરીએ નહિ અને બાઈ રતને જ કપડો પકડયો? બાઇ રતને બીજા સાધુનો નહિ–શ્રી રામવિજયનો કપડો કેમ પકડયો? તેનું કારણ શોધી કાઢયું? જો શુદ્ધ ભાવથી તેનું કારણ શોધી કાઢયું હોત તો આ વખત ન આવત. તે કેસ અમદાવાદના ફર્સ્ટકલાસ માજીસ્ટ્રેટ મી૦ એન. પી. દેશાઇ આગળ ચાલેલો. જો કે પુરાવાના અભાવે કેસ છુટી ગયો હતો પરંતુ તા૦ ૯–૫–૧૯૨૭ ના રોજ મેજીસ્ટ્રેટે સખ્ત ટીકા કરી બાઇ રતને સાધુનો કપડો શાથી પકડયો તેનું સત્ય અને મૂળ કારણ સારી રીતે બતાવ્યું છે. માજીસ્ટ્રેટના જજમેન્ટની તે ટીકામાંથી તમારે અને જૈન સમાજે બોધ લેવાનો હોવાથી તેનો મુદ્દાનો પેરો નીચે પ્રમાણે રજુ કરૂં છું—

#### દાઝયાને ડામ જેવું છે.

"ત્રિકમલાલ (રતનબાઇનો ધણી) દીક્ષા માટે ગયો તેમાં શંકા નથી. તેથી પોતાના કેવળ નાશના સાધન તરીકે રતનબાઇ રામવિજયજીને જુએ તેમાં કાંઇ આશ્ચર્ય નથી. હિન્દુ સમાજમાં જ્યાં આગળ વિધવા માટે પુનર્લગ્ન નથી ત્યાં આગળ વૈધવ્ય તે મોટામાં મોટું દુઃખ છે. જ્યાં આગળ પુરૂષ પોતાની જુવાન

---

લઇને સુધારક પક્ષે ત્હેને ટેકો આપ્યો છે. છતાં હજુ આંખ ઉઘડતી નથી ત્હેનો અર્થ શું સમજવો? અમને તો જણાય છે કે સાધુઓને સમાજની કે ધર્મની કશી પડી નથી. ત્હેમને તો એટલું જ જોઇએ છીએ કે ત્હેમનું સ્થાન અવિચળ રહે, ત્હેમની સર્વોપરિતા બની રહે. અને ત્હેમની સત્તા ટકી રહે, પછી ત્હેમનામાં ભલે યોગ્યતા હોય કે ન હોય, આ બાબતમાં દંભ કયાં સુધી ચાલશે? અમે ઇચ્છીએ છીએ કે સાગરજી મહારાજ આવા કલેશાત્મક કાર્યોથી હાથ ઉઠાવી લોકોનો શાસન પ્રતિ રાગ કેમ વધે તેવા પ્રયત્નો કરશે.

# જૈન જગત્.

## અમદાવાદના અવનવા.

સાગરજી મુંબઇથી બનતી ત્વરાએ સુરત આવી ભકિતવિજય-જીને આચાર્યપદ આપી અમદાવાદ આવવા ઇચ્છે છે. શેઠ કસ્તુરભાઈ લાલભાઇનાં વયોવૃદ્ધ માતુશ્રી મોહીનાબાઈ સ્વર્ગવાસી થવાથી તેમના હિતાર્થે સવાદોઢ લાખની સખાવત થનાર છે. આશા છે કે તે સખાવતનો ઉપયોગ, બેકારી નિવારણ હુન્નર ઉદ્યોગ શિક્ષણ, ધર્મપ્રચાર આદિ સમયને અનુરૂપ કાર્યોમાં વપરાય, એ સર્વથા ઇચ્છિનીય છે. પોચાલાલ મણીલાલ જેઓ મણી કે કાશી નામની એક કન્યાને એક વૃદ્ધ ગૃહસ્થ સાથે લગ્ન કરવા તત્પર થયા હતા તેમની સામે મનાઇ હુકમ નીકળ્યા બાદ છોકરીને કોર્ટમાં રજુ કરવાનો હુકમ થયો હતો. આ ઉપરથી પોતાને પુત્રી ન હોવાનો તેમ જ ફરીઆદ અરજીમાં જણાવ્યા મુજબની મણી કે કાશી નામની કોઇ કન્યાની પોતાને લેશ પણ માહીતિ ન હોવાનો તેમણે કોર્ટ સમક્ષ એકરાર કર્યો છે.

---

સ્ત્રીનો હંમેશને માટે ત્યાગ કરે ત્યાં આગળ તે સ્ત્રીની સ્થિતિ વિધવા કરતાં પણ ઘણી માઠી છે અને સ્વાભાવિક રીતે જ લાગણી વાળો કોઈ પણ પુરૂષ આવી સ્ત્રીના ભાવી તરફ દયા દર્શાવે, જે પુરૂષ પોતાના ઓધાની આટલી બધી લાગણી દર્શાવે અને અંદાર વર્ષની સ્ત્રીના સામાજિક જીવનને દૂર કરવામાં સાધનરૂપે હોવામાં દિલગીર ન હોય અને જેને તેણીના માટે ભાગ્યે જ લાગણી હોય, જીવતા પુરૂષ છતાં યુવાન બાળાને ખરી રીતે વિધવા બનાવવામાં જે પોતે માન માને તેવા પુરૂષની મનોદશા હું જાતે સમજી શકતો નથી. રતનબાઇ નિરાધાર અને લાચાર બની ગઇ છે. અને આમ છતાં તહોમતદાર પોતાના જવાબમાં એવું માન ધરાવે છે કે હું ધાર્મિક ફરજ અદા કરૂં છું. આ કાંઇ દાઝયાને ડામવા જેવું છે. આવા પુરૂષના શબ્દો ઇશ્વરના શબ્દો તરીકે માનવાનું અને કહેવામાં આવે છે પણ તેવો આધાર રાખી શકાય કે કેમ તે બાબત મને ઘણી જ શંકા છે.” (વાંચો તા૦ ૨૦-૫-૨૭ નું વીર શાસન પાનુ ૫૧૭) આ પ્રમાણે મેજીસ્ટ્રેટ ટીકા કરે છે.

ભાઇશ્રી ચીમનલાલ! આ જજમેન્ટ સ્મરણ બહાર ગયું હોય તો ફરી વાંચી જુઓ. માજીસ્ટ્રેટે સ્પષ્ટ શબ્દોમાં ટીકા કરી છે એટલે મારે વધુ સ્પષ્ટિકરણ કરવાની જરૂર નથી. તમે ત્રીકમલાલે ઘરની વ્યવસ્થા કર્યા પછી દીક્ષા લીધાનું જણાવો છો પણ ઘરની વ્યવસ્થા કેવા પ્રકારે થઇ શકે એ જજમેન્ટના શબ્દો સારી રીતે દર્શાવી શકે છે. નિર્દોષ બાઇ રતન ઉપર દયા નહિ લાવનાર અને તેના ધણીને દીક્ષા આપી તેને નિરાધાર વિધવા જેવી દશામાં લાવી મૂકનાર ઉપર દયા લાવનારની મનોદશા કેવી માનવી એ ન્યાયાધીશે સ્પષ્ટ કહી બતાવ્યું છે. આને કોણ હૃદય પલટાનું કારણ માની શકે? ઉલટું બાઈ રતનના કરૂણાજનક દેખાવથી શાસનપ્રેમી હોય તે સુધારક બની જાય છતાં તમે સુધારક મટી શાસનપ્રેમી થયા એ ઘણી જ આશ્ચર્ય-કારક વાત છે માટે હૃદય પલટાનો ભેદ સમજાવશો?

વીરનગર તા૦ ૨૬-૧૨-૩૨

પોતાની વિરૂધ્ધ છાપામાં કંઇ ન લખાય તે માટે બનતો પ્રયત્ન કરવા મોહનસૂરિ અને રામવિજયે નેમિસૂરિને આગ્રહભરી વિનંતિ કરી છે. તેમ પોતાને આચાર્યપદ અપાયું તે વખતે થયેલ કરારના ભંગ માટે શાસન સમ્રાટની માફી માગી છે અને આપત્તિ સમયમાં પોતાને સહાય આપવા વિનંતિ કરી છે, સાથે પોતા માટે લખનારની શોધખોળ અંગે મહેનત કરી રહ્યા છે, અને ઓચ્છવો વિગેરે થાય તો મોહનસૂરિ બને તેટલી ઉતાવળે કાઠીયાવાડ વીંધી અમદાવાદ આવવા તત્પર છે એવી વાતો જોસભેર ગામમાં ચાલે છે.

રૂઢીચૂસ્તોના હાથમાં આવેલ એ પંખેરૂં કેટલાક સુધારક ભાઇઓના પ્રયાસથી છટકી ગયું છે જેથી રૂઢીચૂસ્તો આભા બની ગયા છે. અને × × × લાલ મહા મહેનતે પંખેરૂંને પકડી પાડી ઓઘો મુહવતી પકડાવવા આખુ અમદાવાદ ઘૂમ્યા પણ તેમાં તેઓ નિષ્ફળ નિવડયા છે.

નેમિસૂરિ અમદાવાદમાં ન હોવાથી અને કાઠીયાવાડમાં ભાવ ન પૂછાવવાથી રામવિજયને અમદાવાદ આવવાની પ્રબળ ઇચ્છા થઇ છે. તેમ માહા માસમાં અમદાવાદની અંદર ઉપધાન કરાવવાની ઇચ્છા રાખે છે. તેવા આશયની ટપાલો છુટી છે. આથી અમદાવાદે વિચારવાની જરૂર છે કે હાલના પુણ્યવંત અને અત્યંત આહ્લાદજનક વાતાવરણને કલુષિત કરવા ઇચ્છતા કુગુરૂઓની અમદાવાદને બીલકુલ જરૂર નથી. એવો પોતાનો મક્કમ નિરધાર સુણાવી દેવાની જરૂર છે. જે કુગુરૂઓ અમ-દાવાદમાં ધામા નાખી શાન્તિનો ભંગ કરાવી કલેશની હોળીઓ સળગાવવા માગે છે તેઓ માટે અમદાવાદમાં સ્થાન નથી તેવો દૃઢ નિશ્ચય અમદાવાદે બહાર પાડી અન્ય સ્થળોને માર્ગદર્શક બનવું, આ જૈનપૂરી માટે અત્યંત આવસ્યક છે.

પડછાયાની જેમ રામવિજયને અનુસરનારા જયાશ્રી પાલી-તાણે ન જતાં અનિવાર્ય કારણોસર એક નાના ગામડામાં ભરાઇ રહેવાની અત્યંત આશ્ચર્યકારક ઘટના બની છે. એનો કોઇ જાણભેદુ ઉકેલ કરશે?

જયાશ્રી અંગે પેપરોમાં જે ચર્ચાએ સ્થાન લીધેલું તે અંગે તેમના સંસારના પિતા ફરીઆદ કરનાર છે એવું એક જૈન પેપરમાં જાહેર થયેલું. તેમ અત્રે એમ પણ વાતો ચાલે છે કે હવે સાધુઓ કોર્ટમાં ફરીયાદ કરી શકે છે. તો પછી તેમના પિતાએ તસ્તી લેવા કરતાં ખુદ જયાશ્રીજ ફરીયાદી કરે તો વાંધા જેવું શું રહ્યું? જેમ પેલા ભરત-વિજયને કોઇ ગીતાર્થે રજા આપી તેમ જયાશ્રીને એવા કોઇ ગીતાર્થ રજા આપે તો થોડો વાંધો છે.

તા. ૧૮ મીએ અસ્પૃશ્યતા નિવારણ દિન ઉજવાતાં કેટલાક ભાઈ બહેનોએ સારો સહકાર આપ્યો હતો. શેઠ ચીમનલાલ નગીનદાસની બોર્ડિંગના વિદ્યાર્થીઓએ હરિજનોના કેટલાક મહોલ્લાઓ સાફ કર્યા હતા. શેઠ અંબાલાલ સારાભાઇના શાન્તિસદનમાં ભજન થયું હતું. કુ. ભારતી બહેન વિગેરે બહેનોએ ફંડ એકઠું કરવામાં સારો ભાગ લીધો હતો.

વડોદરા સગીર દીક્ષા પ્રતિબંધક સમિતિએ સરવાનુમતે સખ્ત ભલામણો કર્યાથી હવે શું કરવું અને કાયદો થાયતો શો માર્ગ લેવો એ સંબંધમાં રામવિજય વિગેરે સાધુઓ સાથે વાટાઘાટ કરવા કહેવાતા ગણધરો, પ્રધાનો, લાલો ને ચંદો, એટલે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ પાલીતાણા વિગેરે સ્થળે દેડાદોડી કરી રહ્યા છે. છતાં પરિણામ કંઇ જણાયું નથી. મને નવાઇ

# દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખકઃ-
કેશવલાલ મંગળચંદ શાહ.

(તા૦ ૫-૧૧-૩૨ ના અંકથી ચાલુ.)

–અત્યારે તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને લાભાલાભને વિચારીને પૂર્વાચાર્યની આચરણાથી ઉપધાન વહ્યા સિવાય પણ નવકારાદિ સૂત્રો ભણાવતા દેખાય છે. “અશઠ પુરૂષે. આચાર્યાદિએ કોઇ પણ ઠેકાણે જે કાંઇ નિર્દોષ આચારણા કરી હોય અને જેને કોઇએ ના પાડી ન હોય અને ઘણા આચાર્યાદિએ જે આચર્યું હોય, તે આચરણ કહેવાય.” આચરણા જિનાજ્ઞા જેવી જ માન્ય ગણાય છે—ભાષ્યમાં કહ્યું છે કે—અશઠ આચાર્યોએ આચર્યું હોય, ગીતાર્થોએ ના પાડી ન હોય એને મધ્યસ્થ આચાર્યો આચરણા કહે છે. અને તે આજ્ઞા જ એટલે તીર્થંકરની આજ્ઞા તરીકે માને છે એમ સમજવું. શાસ્ત્રકારોનું જ ફરમાન આપણી સમક્ષ એ વાત સ્પષ્ટ કરે છે કે, “શઠ નહિ તેવા એટલે સરળ અને પાપભીરૂ આચાર્યે કરેલી આચરણા એટલે કે વિધિવિધાનને બીજા આચાર્યોએ સમ્મતિ આપી હોય તે ભગવંતની આજ્ઞા જેવી જ સમજવી” આથી આપણે જે વાત ઉપર વિચાર કરીએ છીએ તે વધારે સ્પષ્ટ થાય છે કે સમય અને સંયોગો ઉપર જ દરેક આજ્ઞાઓ અને નિષેધો વિધિવિધાનો રચાયા છે. અને સમય અને સંયોગોની પ્રતિકૂળતાએ તો તે પરિવર્તનને પાત્ર હોય છે. એટલું જ નહિ, પરંતુ પરિવર્તન પામે છે. શ્રીમદ્ આર્ય રક્ષિતસૂરિના સમય સુધી સાધ્વીઓ સ્ત્રીઓને પોતે જ દીક્ષા આપી શકતી હતી. પરંતુ સમય અને સંયોગો લાભાલાભની દૃષ્ટિથી જ. શ્રીમદ્ આર્ય રક્ષિતસૂરિએ સાધ્વીઓને દીક્ષા આપવાના અધિકારથી વિમુખ કરીને અધિકાર સાધુઓને જ આપ્યો. જુઓ અંચલમતદલન પૃષ્ઠ ૯.—**आर्यरक्षितसूर्याचीर्ण साध्वीदीक्षाऽऽलोचनाकालग्रहणनिषेध—साधु कटीदवरकदान त्रिप्पणकाद्याचरणादिकं**” અર્થ—શ્રી આર્યરક્ષિતસૂરિની આચરણા સાધ્વીઓને દીક્ષા ન આપવી, કોઇને આલોયણા—પ્રાયશ્ચિત્ત ન આપવું, કાલગ્રહણ લઇ ન શકે. અને સાધુઓએ કંદોરો પહેરવો, તરપણી આદિ ઉપકરણ રાખવાં.

આ જાતની આચરણા શ્રી આર્યરક્ષિતસૂરિએ શા માટે કરી? એ પ્રશ્ન સહેજે ઉત્પન્ન થાય છે. દીક્ષા ન આપવી, પ્રાયશ્ચિત ન આપવું, અને કાલગ્રહણ ન કરવું. આ આદેશ જ એ પૂરવાર કરે છે કે તે અધિકારોને પાત્ર તે સમયની સાધ્વીઓ નહિ હોવાથી સદરહુ અધિકાર તેઓની પાસેથી છીનવી લીધો અને તેમાં સાધ્વી સંસ્થાની નિર્મળતા સચવાઇ રહે તેજ ઉદ્દેશની પરિપૂર્ણતા જ હોવી જોઇએ. સ્ત્રીઓને દીક્ષા આપવામાં જે જે ઉદ્દેશોને અનુલક્ષીને શાસ્ત્રકારોએ વિધાનો કરેલાં છે, તે વિધાનોની પર થઇને દીક્ષાઓ આપવાનો અતિરેક થઇ રહ્યો હશે અને પ્રાયશ્ચિતોમાં પણ બુદ્ધિના ઉપયોગ વિના જ પ્રાયશ્ચિતોના નામે શિક્ષાઓનો જ અધિકાર ભોગવાતો હશે ત્યારે જ આ જાતનો હુકમ કરવાનું વ્યાજબી માન્યું હશે એમ સહેજે શમજી શકાય છે.

પરિવર્તનો થયા છે અને તે પરિવર્તનોને જ આચરણા કહેવામાં આવી છે અગર કહેવાય છે. અને તે આચરણા શાસ્ત્રોક્ત હોવા છતાં આજે તે મુજબ પરિવર્તનો કરવાને યોગ્ય સમયમાં એટલે કે અમુક પરિવર્તન, અમુક આદેશમાં કે નિષેધમાં કરવા યોગ્ય આ સમય છે એમ કહેનાર કે ઉપદેશ આપનાર સાધુઓને આજના તે મહા પુરૂષો (?) કે જેઓ પોતાને ભગવંત મહાવીરના સાચા સાધુઓ કહેવરાવી ધર્મનો સાચો ઉપદેશ આપનારા તરીકે પોતાની જાતને આત્મશ્લાઘાથી ધન્ય માનનારાઓ ઉત્સૂત્રી, ધર્મદ્રોહી. સમયધર્મી તથા સગવડીઆ કહી નિંદે છે, એટલું જ નહિ, પરંતુ તેવા સાધુઓને સાધુ તરીકે નહિ માનવા પરોક્ષ રીતે ઉપદેશ આપી પોતે અને પોતાને સહાનુભૂતિદર્શક સહી આપનારાઓ જ સાચા સાધુઓ છીએ, એમ મનાવવા આજે આકાશ-પાતાળ એક કરી સમાજને છિન્નભિન્ન કરી રહ્યા છે. એ કોઇથીયે અજાણ્યું નથી, ત્યારે સત્ય શું છે એ આપણે ઉપરના આધારો અને આદેશોથી જોઇ શક્યા છીએ કે “દેશ, કાળ, ભાવ અને લાભાલાભની દ્રષ્ટિએ પરિવર્તનો થયાં છે અને થઇ શકે છે. પરંતુ એથીયે આગળ વધીને કહી શકીએ છીએ કે–હે મહાપુરૂષો (?) તમે જેમ કહો છો તેમ કેવળ સગવડને ખાતર જ પરિવર્તનો થયા છે તો નમ્ર ભાવે પૂછું છું કે કેવળ સગવડને ખાતર જ પરિવર્તન કરનાર પૂર્વાચાર્યને પણ આપ મહાપુરૂષો (?) સગવડીઆ કે સમયધર્મી કહી ઉત્સૂત્રી અને ધર્મદ્રોહીનું બિરૂદ આપવા કેમ તૈયાર થતા નથી? આજના જ સાધુઓ તમારી દ્રષ્ટિએ શા માટે સગવડીઆ જણાય છે? એ કોયડો આપ ઉકેલ જ રાખશો કે ઉકેલશો? જુઓ આપ ભલે ન ઉકેલો પરંતુ મ્હારે તો મ્હારી ફરજ બજાવ્યે જ છૂટકો. યુગપ્રધાન કાલિકાચાર્યે શાલિવાહન રાજાની સગવડ ખાતર જ પાંચમના પર્યૂષણાને બદલે ચોથના પર્યૂષણા કર્યાં અને આપ મહાપુરૂષો એ સગવડને ખાતર જ કરાવેલા પરિવર્તનને આજે પણ અમલમાં મૂકી સગવડીઆને બદલે સગવડીઆના અનુગામી કહેવરાવો છો તે સ્મૃતિબહાર નહિ જ હોય. જે સગવડ માટે તે પરિવર્તન કરવું પડ્યું હતું તે કારણનો હવે અભાવ છે. છતાં આજે પણ પાંચમને બદલે ચોથના પર્યૂષણા કરવામાં આવે છે. આજે આખીએ જૈન સમાજના ઐક્ય માટે એકેએક ફીરકા, તડ કે ગચ્છોનું ઐક્ય થતું હોય તો શું આપ તે ચોથની પાછી પાંચમ કરવા માટે તૈયાર થાઓ ખરા કે? કારણ સ્પષ્ટ છે કે શાસ્ત્રકારોના ઉદ્દેશ કે હેતુઓ તરફ દુર્લક્ષ રાખી તમારે તો તમારો કક્કો ખરો કરાવવામાં અને તમારી પોતાની મોટાઇ અને મહત્તા સાચવી રાખવામાં જ સાચી સાધુતા જણાય છે. અને તેમાં જ ભગવાન્ મહાવીર દેવના શાસનની–ધર્મની સાચી સેવા ક્યાંથી સાંપડે? જુઓ, સગવડ ખાતર પરિવર્તન થયાના દાખલાઓ—

—ચાલુ.

---

એ થાય છે કે વડોદરા રાજ્યની પ્રજાના રક્ષણ ખાતર કાયદો થાય છે ત્યાં અમદાવાદ, સુરત, કેમ દોડાદોડ કરતું હશે? શું તેના ઉપર ગાયકવાડ સરકારની આણ વર્તે છે?

સુથારણ અને ડાક્ટરના મન મનાવી લેવામાં આવ્યા છે.

બે ચાર દિવસથી એ વાત ચાલે છે કે સુથારણ નર્સ અને ડાક્ટરનું મન મનવવામાં કંઇ વાંધો પડવાથી નવું પ્રકરણ ઉત્પન્ન થવાની ધાસ્તીથી નર્સ અને ડાક્ટરના મન મનાવી લેવામાં આવ્યા છે.

# જર્મનીથી પત્ર ત્રીજો.

ઓન (જર્મની) તા૦ ૧૨-૧૨-૩૨

**પ્રિય ભાઇ!**

અમે પોર્ટસૈયદ પહોંચ્યા ત્યારે લગભગ અગીયાર વાગ્યા હશે. મુંબઇથી ઉપડયા પછી જમીન ઉપર પગ મૂકવાનો મોકો પોર્ટ-સૈયદમાં પહેલીવાર મળવાનો હતો, તેથી અનેક જાતના મનોરથો ઘડી મૂકેલા "કેવી રીતે ઉતરશું, કેવી રીતે હોટેલમાં જઇને એકાદ પ્યાલો ચા અગર કોફી ઉપર આનંદ કરીશું, કેવી રીતે શહેર જોઇશું, ત્યાં કદાચ વર્તમાન પત્ર મળે તો હિન્દુસ્થાનના સમાચાર જાણી શકાશે." વિગેરે વિગેરે અનેક વિષયો ઉપર વિચાર કરી રાખ્યા હતા. પોર્ટસૈયદ આવ્યું એટલે, ચલણાન્તર કરનારા ત્રણ ચાર વેપારીઓ સ્ટીમર પર આવી પહોંચ્યા. તેમની આગળ ઇજીપ્સીયન નાણું લેવાને ઇચ્છનારાઓની ઠઠ જામી હતી. આ વેપારીઓ આગળ ઉપર જણાવેલા આરબ ફેરીઆઓના જેવા અસભ્ય નહતા, પણ સાટુ કરવામાં આપણે ત્યાંના મારવાડીઓના જેવા–કોઈ દિવસ એમની પાસે ચોક્કસ દરની આશા રાખી જ ન શકાય.

ધીરે ધીરે ઉતારૂઓ સ્ટીમર પરથી શહેર તરફ જવા માંડયા. હું પણ મારા એકાદ બે સાથીઓ સાથે નીચે ઉતર્યો. પોર્ટસૈયદ, નાનુ પણ મજાનું શહેર છે. સ્વચ્છ રસ્તાઓ, બજારમાં સુંદર મકાનોની હાર, અનેક જાતના લોકોથી મિશ્રિત વસ્તી, રસ્તા ઉપર હેરાન કરતા ફેરીઆઓ બહાર વરંડામાં ખુરશીઓ ગોઠવેલી હોવાથી જરા વિચિત્ર દેખાતા વિશ્રાંતિ ગૃહો, જવલે દેખાતી પરદાનશીન સ્ત્રીઓ વિગેરે સંપૂર્ણ કુતૂહલશીલ જણાતું હતું. હું પોર્ટસૈયદને લગતી એકાદ બે બાબત ઉપર ધ્યાન ખેંચવા માગું છું. તે ત્યાંની વસ્તી અને ત્યાંના વેપારીઓ, અહિં આપણને બ્રિટીશ, ફ્રેંચ, જરમન, ગ્રીક, ઇજીપ્સીઅન, ઇટાલીઅન, આરબ વિગેરે અનેક જાતના લોકો જોવા મળે છે, તેમાંના લગભગ બધા જ વેપાર અર્થે આવેલા હોય છે, તેમનો સંબંધ માણસમાં એક જાતની ગુઢ લાગણી પેદા કરે છે; જો કે આંતર રાષ્ટ્રીયવાદ વિચારકોમાં એક ઉચ્ચ આદર્શ તરીકે સ્થાન ધરાવે છે. છતાં આ જાતનું કોઇ પણ એવા આદર્શના આધાર વિનાનું મિશ્રિત જીવન ખરેખર આશ્ચર્ય જનક લાગે છે. તેમાના બધાયનું ધ્યેય સ્વાર્થ છે. નથી તેમનામાં બલીદાનની વૃત્તિ, નથી તેમનામાં જિજ્ઞાસુ વૃત્તિ, નથી તેમનામાં સંગઠિત થવાની વૃત્તિ, નથી તેમનો આશય આવા મિશ્રણના પ્રયોગથી એક મહાપ્રજા થવાનો, ટુંકાણમાં આ હકીકત–તેમનું ભેગા વસવું–તે અપ્રયોગશીલ છે. માત્ર સ્વાર્થે તેમને ભેગા આણ્યા છે. આવા આંતર રાષ્ટ્રીય–સંમિલનનું શું પરિણામ હોઇ શકે? આવું રાષ્ટ્રીય સંમિલન કોઇ પણ કાળે આપણને ભેગા આણી શકે? મને તેમની સરખામણી યોગ અને વિલાસમાં લાગે છે. સામાન્ય દ્રષ્ટિથી જોતાં યોગત્વ અને વિલાસમાં બહુ ફેર નથી જણાતો. બન્નેની ક્રિયાઓ શરીરને અવગણે છે. પણ બન્નેના રૂપાંતરમાં ફેર છે. પહેલાની શરીર અવગણનામાં મોક્ષ રહેલો છે, બીજામાં બંધન અથવા પહેલું જ્ઞાનવાન, બીજું અવિદ્યાવાન છે. આ આંતર રાષ્ટ્રીય સંગઠન માનવ જાતના પ્રેમને માટે નહિ વિનાશને માટે છે. અને તેથી જ પોર્ટસૈયદમાં અત્યંત ઐહિક રમણીયતાનો અવકાશ છતાં પ્રકાશ કરતાં અંધકાર વધારે છે, આટલું ત્યાંના લોકોને માટે. હવે વેપારીઓ વિષે કહું. માણસની અનીતિ જ્યાં સુધી અશ્લીલ નથી હોતી ત્યાં સુધી સમાજ તેને ક્ષમ્ય ગણે છે. અને તેથી જ જો કે વેપાર એક દેખીતી અનીતિ છતાં, આપણે તેને નભાવી લઇએ છીએ. પણ અહિં વેપારીઓ અસભ્ય રીતે અનીતિવાન છે. જે માણસમાં તેમના તરફ એક જાતની જુગુપ્સા ઉત્પન્ન કરે છે. અહિંના વેપારીઓ કેટલીક અશ્લીલ વસ્તુઓ ચોરી છુપીથી વેચે છે તેટલું જ નહિ પણ તે વસ્તુઓ ગ્રાહકોને વેચવા માટે તેમના શરીરને વળગે છે. હિમ્મતમાં પરદેશી જોઇને તેને હમેશાં ચીરવાના જ પ્રયત્નો થાય છે. જે ચાના પ્યાલાના ત્યાંના દેશીને બે કે ત્રણ આના પડે તેના આઠ અથવા દશ આના આપણી પાસેથી પડાવવામાં તેમને જરાયે સંકોચ નથી થતો. આવી અનેક વસ્તુઓ હું વર્ણવી શકું. કે જે કોઇ પણ સભ્ય માણસને ખૂંચ્યા વિના ન રહે, પણ વખત તથા સ્થળના અભાવે હું તેને અહિં જ બંધ પાડુ છું.

શહેરમાં અને બહાર દૂર ઘણા જોવા લાયક સ્થળો છે, કે જ્યાં ઘણું જ્ઞાન સંપાદન કરી શકાય. મેં આમાના ઘણા થોડા જ જોયા. મને વધારે રસ અહિના લોકોમાં પડયો. મેં બે ચાર દુકાનોમાં જઇને તેમના નિકટ પરિચયમાં આવવાનો પ્રયત્ન કર્યો.

ફરતાં ફરતાં એક હિન્દી વેપારીની ઓળખાણ થઈ તે ભાઇએ મારા તરફ ઘણી જ લાગણી દર્શાવી. હું એક વખત શ્રી ટાગોર અને પૂજ્ય બાપુની શાળાઓમાં હતો તે જાણીને એને ઘણો આનંદ થયો, તે ભાઇ ખાદી ધારી હતા. હિન્દની ઉન્નતિમાં ઘણો રસ લેતા હતા. સાંજના લેસેપોના પુતળા પાસે બાંધેલા સમુદ્રઘાટ ઉપર ફરવા ગયો અને મને ચોપાટી યાદ આવ્યું. લેસેપોના પુતળા પાસે બેઠો એટલે અનેક જાતના વિચારો મગજમાં પસાર થઇ ગયા. જો આ મહા માણસે હિમ્મતભેર પહેલ વહેલા સુએઝ બાંધવાનો પ્રયત્ન ન કર્યો હોત તો કદાચ પૂર્વ પશ્ચિમનો સંબંધ આટલો ગાઢ ન જામ્યો હોત.

ધીમે ધીમે અંધારૂં થતું હતું. સામે રહેલી સ્ટીમરની દીપસારણી અને કિનારા ઉપરના બંદર તથા વિશ્રાંતિ ગૃહના દીપકો ચંદ્રજ્યોતને જરા ટકરૂપી બનાવતા હતા પણ તે છતાં સાગરમાંથી આવતી શીતલ પવન–લહરી, દૂરથી આવતા નૃત્ય–સંગીત અદ્‌ભૂત પ્રિય થઈ પડતું હતું. સામે સમુદ્રમાં અમારી સ્ટીમર દીપાવલીથી એટલી તો સુંદર મનહર લાગતી કે મને તે વખતે સંસ્કૃતમાં આવતું અભિસારિકાનું વર્ણન યાદ આવ્યું.

ભોજનનો સમય થયે મેં નાવ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં આવતો કાઝીનો નૃત્ય અને સંગીતના વિનોદમાં મગ્ન હતો. અમારી સ્ટીમરના કેટલાએ ઉતારૂઓ અનેક દિવસની નાચની ભૂખ ભાંગવાને ત્યાં ગયા હતા. તેમાંના ઘણા ખરા સમય થઈ ગયો હોવાથી પાછા ફરતાં મને રસ્તામાં મળ્યા.

આખો દિવસ અથડાવવામાં અત્યંત થાક લાગ્યો હતો. તેથી ખાઇને અડધોએક કલાક તૂતક ઉપર ફરી આવી કેબીનમાં જઇ સુઇ ગયો. પ્રભાતે જ્યારે ઉઠીને જોઉં છું તો ન મળે બંદર, ન મળે કિનારો, ન મળે કિનારા ઉપરના ઘરો કે જે લગભગ ૩૬ કલાક સતત જોયા કર્યું હતું. બધું જ અદ્રશ્ય! વળી પાછો મધ્યસાગરમાં વાયુનાં હિચતાં મોજાંઓની સાથે અમારો વસ્તી શૂન્ય પ્રવાસ વળી ઉછળતા સમુદ્ર તરંગો અમારી સ્ટીમર સાથે અવાજ સાથે અફળાવવા માંડ્યા, અને અમારી સ્ટીમર ઘણા છોકરાની માની જેમ તેમના ઉપર જરા રીસે બળતી આગળ વધવા માંડી.

અઢારમી સપ્ટેમ્બરે સવારના નેપલ્સ પહોંચ્યા. નેપલ્સનું વર્ણન આવતા વખતે લખીશ.

લી૦ **શાંતિ.**

# મા૦ કુસુમવિજયજીએ શ્રી રામવિજયજીને પૂછેલા પ્રશ્નો.

તા૦ ૭-૧૨-૩૨.

મહારાજશ્રી રામવિજયજી મહારાજશ્રીની સેવામાં વાગડોદથી લી. શાહ કાંન્તીલાલ ભોગીલાલની વંદણા સ્વીકારશોજી નીચેની શંકાઓના સમાધાન આપશ્રી કરશો એવી આશા છે.

**આ રહ્યા તે પ્રશ્નો (શંકાઓ)**

**પ્રશ્ન ૧**–આપશ્રીના વ્યાખ્યાનમાં મેં સાંભળ્યું છે કે જે સાધુ નવીન શ્રોતાને પ્રથમ સર્વ વિરતી, પછી દેશ વિરતી, પછી સમ્યગ, દૃષ્ટિપણું અને પછી માર્ગાનુસારી પણું આ પ્રમાણેનો અનુક્રમે ઉપદેશ ન આપે તો જીનાજ્ઞાનો વિરાધક થાય અમારૂં લખાણ સાચું છે કે ખોટું ? જો સાચું હોય તો નીચેના પાઠનો આપશ્રી શો અર્થ કરો છો તે જણાવવા કૃપા કરશોજી.

**उपासकस्य तु यक्ष स्वरुचि धर्मकथां करोतु न कश्चिद्दोषः**

(બૃહદ કલ્પ સૂત્ર)

**પ્રશ્ન ૨**–આપશ્રી કોઈપણ આચાર્યના જીનાજ્ઞાને અનુસારતા કથનને તીર્થંકર ભાષિત કહો છો "આ પ્રમાણે મારા સાંભળવામા આવ્યું છે તે સાચું છે ? જો સાચું હોય તો પૂજ્ઞ આચાર્ય મહારાજોએ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને જાણીને તે તે કાલમાં ઉપયોગી ગ્રંથો બનાવ્યા છે. તેથી કાંઈ તીર્થંકર ભાષિત કહેવાય.

**પ્રશ્ન ૩**–ઉપધાન તથા યોગ વહન વિગેરેમાં જે જે સૂત્રોની ક્રિયા કરી હોય તે તે સૂત્રોની વાંચના, યોગ, તથા ઉપધાન કરાવનારને આપવી જોઇએ એવી શાસ્ત્રીય વિધિ છે કે નહિ ? અને જો શાસ્ત્રની એ વિધી હોય તો એ વિધિનું પાલન શાસનમાં ધુરંધર ગણાતા સૂરિ મહારાજાઓના કોઇપણ સમુદાયમાં કે શ્રીમદ્ વિજયદાન સૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં હાલ થાય છે ? જો પાલન થતું ન હોય તો એનું શું કારણ"

**પ્રશ્ન ૪**–શ્રાવક દશવૈકાલીક સૂત્રનું પાંચમું અધ્યયન વિગેરે મુખે કરી શકે કે નહિ. અને ન કરી શકાય તો એનું શું કારણ. જો પહેલા ચાર અધ્યયન વિગેરે મુખે કરી શકાય તો એનું શું કારણ અને પાંચમું અધ્યયન વિગેરે મુખે ન કરાય તો એમાં (ચાર અધ્યયન વિગેરેમાં) પણ સાધુ સંબંધી આચારો જ છે તો એ પણ મુખે કેમ કરાય.

**પ્રશ્ન ૫**–આપશ્રીનાં વ્યાખ્યાનમાં મેં સાંભળ્યું છે કે– "સોળથી અંદરની ઉંમરવાળાને દીક્ષા આપવી હોય તો એના માબાપની રજા જોઇએ. અને સોળથી ઉપરનાને માટે માબાપ પાસે રજા માંગવી અને જો રજા ન આપે તો એમને એમ પણ દીક્ષા અપાય" આ મારૂં લખાણ સાચું છે કે નહિ.

**પ્રશ્ન ૬**–પંચસૂત્ર ગ્રંથના ત્રીજા સૂત્રનો અર્થ આપશ્રી શું કરો છો. એ સૂત્રમાં સોળથી ઉપરની ઉંમરવાળાને પણ માત પિતાની આજ્ઞાથી દીક્ષા આપવાનું છે કે નહિ, અને અનેક ઉપાયો કરવા છતાં રજા ન આપે તો માત પિતાના તથા પોતાના હિતને માટે દીક્ષા લે એમ ખરૂં કે નહિ. અને દીક્ષા લે ત્યારે પણ પાછળથી માત પિતાને દુઃખ ન આપે તે માટે તેમને માટે દ્રવ્યની સગવડ કરીને જ દીક્ષા લેવાયને. એ સૂત્રમાં વિગેરે શબ્દ છે, જો હોય તો વિગેરે શબ્દથી કોણ લેવા પોતાને માતા પિતા પછી પ્રાણ પ્રીય સ્ત્રી હોય કે નહિ.

**પ્રશ્ન ૭**–બાલ તથા યુવાનને દીક્ષા આપવાની આ વિધિનું હાલ પાલન થાય છે કે નહિ. જો પાલન ન થતું હોય તો તે પાલન ન કરનાર સાધુ તથા આચાર્યને કાંઈ પણ દોષ લાગે કે નહિ. જો દોષ લાગે તો એ દોષનો સ્વિકાર કરીને પણ જો આ વિધિનું ખુન કરીને દીક્ષા અપાતી હોય તો વર્તમાન સાધુ સંસ્થા પ્રત્યેનો જે ચેલા ભૂખ્યાનો આક્ષેપ છે તે સાચા કહેવાય કે નહિ.

**પ્રશ્ન ૮**–પંચસૂત્રમાં જણાવેલ વિધિનું પાલન ભાવિક શ્રાવકને કરવાનું છે પણ એ વિધિનું પાલન ભાવિક શ્રાવકે કર્યું છે કે નહિ. તે જોવાનું કામ દીક્ષા આપનાર સાધુ કે આચાર્યાદિકનું ખરૂં કે નહિ. અજ્ઞાત ભાવિક શ્રાવકને દીક્ષા આપનાર સાધુ તથા આચાર્યે આ વિધિનો ઉપદેશ કરવો જોઇએ કે નહિ અને જો તે પ્રમાણે ન કરે તો એનો દોષ દીક્ષા આપનારને લાગે કે નહિ. હાલ ભાવિક ઉમેદવારને આ જાતનો ઉપદેશ દીક્ષા આપતાં પહેલાં આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજના કે બીજા કોઇ પણ સમુદાયમાં અપાય છે અને ન અપાતો હોય તો એનું શું કારણ ?

**પ્રશ્ન ૯**–આપશ્રી સંઘની વ્યાખ્યા શી રીતે કરો છો કયો સંઘ હાડકાના માળ જેવો અને કયો સંઘ રત્નની માળ જેવો ?

**પ્રશ્ન ૧૦**–મહાવીર વિદ્યાલય કોણના ઉપદેશથી અને શા ઉદ્દેશથી સ્થપાએલ છે. એ ઉપદેશ અર્થ કામનો જ કહેવાય. અને એ સંસ્થા સ્થાપવામાં ઉદ્દેશ શુભ જ છે કે નહિ. એ સંસ્થામાં જ દેડકા મારવા વિગેરે મોટી હિંસા થાય છે ?

**પ્રશ્ન ૧૧**–વર્તમાન સાધુ સંસ્થામાં કેટલા સાધુઓ અંગ ઉપાંગ આગમ મુજબ સાધુપણું પાળે છે.

**પ્રશ્ન ૧૨**–ગાંધીજીની લડતના સંબંધમાં આપશ્રીનો શો અભિપ્રાય છે.

**પ્રશ્ન ૧૩**–ચોમાસામાં તથા રાત્રે રાજા-મંત્રી તથા અતિ ભાવિક શ્રાવકને છોડીને જે કોઈ પણ શ્રાવક આવે તેને દીક્ષા આપી શકાય.

**પ્રશ્ન ૧૪**–શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ અમદાવાદમાં એક દીક્ષા ચોમાસામાં આપી છે. અને એક દીક્ષામાં (ધના સુતારની પોળવાળા પ્રાયઃ નામ લક્ષ્મીચંદ) બાપથી છોકરાને મોટો કર્યો છે. અને એક બાળ સાધુ કે જેનું નામ ચંદ્રોદય સાગરજી રાખવામાં આવ્યું છે. તેણે પોતાના પિતા તથા કાકાની સાથે દીક્ષા લીધેલી તે દીક્ષામાં છોકરાને સાગરજીએ પોતાનો શિષ્ય કર્યો અને તે છોકરાના પિતા તથા કાકાને પોતાના શિષ્ય માણેક સાગરના શિષ્ય કર્યા છે. અર્થાત છોકરાને પોતાનો શિષ્ય કરી બાપ તથા કાકાને છોકરાથી નાના કર્યા છે. ઉપરની ચારે દીક્ષાઓ શાસ્ત્ર સિદ્ધ છે. જો શાસ્ત્ર સિદ્ધ હોય તો કયા કયા શાસ્ત્રના આધારે અને એ આધારો કયા કયા શાસ્ત્રના કયા કયા પાને.

**પ્રશ્ન ૧૫**–આપશ્રીએ પાટણમાં એક જાહેર ભાષણ આપ્યું હતું તેમાં શ્રી આત્મારામજી મહારાજે જૈન તત્વાદર્શ ગ્રંથમાં સંયોગવશ નાસ્તિક, અધર્મી વિગેરે લખ્યું છે તેનું લીસ્ટ આપશ્રીએ સંભળાવ્યું હતું અને તે કયા પાને છે.

# અખિલ ભારતવર્ષીય પોરવાલ સમાજસે અપીલ.

सिरोही में ता. ६-१२-३२ को उत्साही सज्जनोंकी मीटिंग हुई जिसमें सर्व सम्मति से अखिल भारतवर्षीय पोरवाल महा सम्मेलन की अपिल जैन वर्तमानपत्र में भेजनेका निश्चय हुआ। कार्य कारिणी कमेटी के प्रेसीडन्ट शेठ भभुतमलजी चतराजी देलदर निवासी शेठ भीमाजी मोतीजी (बम्बाई वाले) शाह एस. आर. सींधी जनरल सेक्रेटरी बीजेराजजी सींधी व पुनमचन्दजी बाहितरा, पुनमचन्दजी हंसराजजी सींधी ट्रेजरर मुकरर किये गये और पन्दर महाशयोंकी एक कमेटी बनाई गई।

सर्व सज्जनों की जयजिनेंद्रके पश्चात् निवेदन है कि पोरवाल (प्रागवट) ज्ञाति जोकि किसीसमय भारत में पुर्ण उन्नति के शिखरपर पहुँचीथी और जिसके हाथ भारतका आधेसे जियादा वाणिज्य था और जिसके जहाज भारतके बाहिर केम्बेसे देश देशान्तरोंको आते और जातेथे। आज उस जातिका दिनों दिन पतन हो रहा है यदि इसका उपाय शीघ्र न कियागया तो यह जाति भारत में ५० वर्षों से अधिक नहीं जी सकती एक समय यहथा जब इस जातिका दौर–दौरा भारतमें ही नथा परन्तु सारे संसार में था जिस जातिकी कीर्तिका उज्वल इतिहास अबतक आबु, देलवाडा के अनुपम जिनालय और सिरोही व राणकपुरके जैन मन्दिर बता रहे है।

इस जाति में सबसे बढिया भाव जो स्वामीवत्सल्यताका था वह सर्वथा लोप होगया है। उस भावके लोप हो जानेसे आज जातिकी हीन अवस्था हो रही है। आपको इतिहाससे यह बात विदित ही है कि एक ही चंद्रावती नगरी में जो वर्त्तमान आबुरोड से चार मील दक्षिणामें थी और जहांपर पोरवालों के हजारों घर थे और उनमें संगठन होनेकी बजेह से सब करोडाधीपति थे और सारे शहरका खाना एक सज्जन (पोरवाल) के घरवारी २ से होता था! वहां यहांतक स्वामी वत्सल्यता का हिसाब था कि यदि किसीको व्यापार में हानी हो जाती, जहाज डुबजाता था और किसी वजहसे नुकसान हो जाता तो वहां की पंचायतका यह नियम था कि वे एक २ लाख रुपया घरपति दे देते थे और जिस वहभी करोडाधीपति हो जाताथा और इसी तरह हरएक को सहायता देनेसे हर आदमी अपनी असली स्थिति में कायम रहता था। दर असल देखा जाय तो असली स्वामीवत्सल्यता का मतलब इसी में है और वे इसीमें अपनी जाति धर्मका गौरव समजतेथे।

उन्नति और अवनतिका प्रवाह सदाकाल बहता ही रहता है इसी नियमके अनुसार आज पोरवाल जाति मणानिमुख हो रही है और जगह २ क्लेश और द्वेषसे परीपुर्ण है इन सबको दुर करनेके लिये और जातिको ठीक रास्तेपर लानेके लिए हम सबको तन, मन, धन, से तैयार होकर कार्यक्षेत्रमें उतरजाना चाहिए ताकि हम अपनी जातिको संसारकी और जातियों के साथ उन्नतिका घुडदौड में सामिल रखसके इसके लिये एक सम्मेलन करनेके सिवाय दुसरा कोइ उपाय कि लहाल नजर नहीं आता। अतएव मेरा इरादा यह है कि बामण वाडजी में चैत्र महीने में ओलियांके मौके पर सम्मेलन के लिये विचार कियाजाय और वहांपर इसकी रुपरेखा तैयार कर अखिल भारत वर्षीय सम्मेलन किसी खास जगहपर जो सबको अनुकूल होगी तय किया जायगा! अतःव आप कृपा कर अपनी योग सम्मति इस विषयपर प्रदान कर और अपने आसपास के गांवोके पोरवाल कार्यकर्त्ता और उत्साही सद्-गृहस्थों के नाम व गोत्र व मनुष्य संख्या व घरकी संख्या नीचे के कोष्टक में भरकर भेजे ताकि जहां २ पर पोरवालों के घर हो वहां २ उनको साहित्य या पत्रिकाएँ भेजने में पूर्ण सुभीता रहे। आपका उत्तर व सम्मति आनेपर आन्दोलन पत्रिकाओं द्वारा किया जायगा।

भवदीय,

सींधी शाह समर्थमल, रत्नचन्दजी वकील.

जनरक सेक्रेटरी, अखिल भारत वर्षीय पोरवाल महासम्मेलन,

मु. पो. सिरोही (राजपूताना)

---

મહારાજશ્રી આ પ્રશ્નો સ્વમતિથી જ થયેલા છે નહિ કે કોઇની પણ દોરવણીથી. આ પ્રશ્નોના ઉત્તરોની રાહ તા ૧૫-૧૨-૩૨ સુધી નહિ મળે તો મારે મારી શક્તિ મુજબ પ્રયત્નો કરવા પડશે જો આ પ્રશ્નોના ઉત્તરો મને ૧૫-૧૨-૩૨ સુધી મળશે તો મારા બીજા પ્રશ્નો પણ હું પૂછી શકીશ માટે આ પ્રશ્નોના ઉત્તરો જરૂર તા૦ ૧૫-૧૨-૩૨ સુધીમાં મોકલાવશોજી.

લી૦ સાચા સાધુઓનો ઉપાસક,

**કાંતિલાલ ભોગીલાલ શાહની**

૧૦૦૮ વાર વંદણા સ્વીકારશોજી.

---

# વિદ્વાનોને ખુશ ખબર.

## ( ન્યાયનો અપૂર્વ ગ્રંથ )

જેની લાંબા સમયથી રાહ જોવાઇ રહી હતી અને જે કલકત્તા, મુંબઇ અને બીજી અનેક યુનિવર્સિટીના ગ્રેજ્યુએટના કોર્સમાં ન્યાય પ્રથમામાં, અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે, તે ન્યાયનો અદ્વિતીય ગ્રંથ "प्रमाणनयत-त्वालोक" (પ્રમાણનય-તત્ત્વાલોકાલંકાર) કે જેને ન્યાયશાસ્ત્રના ધુરંધર વિદ્વાન્ વાદિદેવસૂરિએ બનાવેલ છે. તે સરલ અને સુંદર બાલબોધિની નામની તદ્દન નવી અપ્રસિદ્ધ ટીકા સાથે થોડા સમયમાં બહાર પડશે. આ ગ્રંથને ન્યાય-કાવ્યતીર્થ, તર્કાલંકાર મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ એડીટ કરેલ છે અને જેમાં નોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી પ્રસ્તાવનામાં ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડ્યો છે. અઠાવીશ રતલી સુંદર કાગળમાં, ક્રાઉન સોળપેજી સાઇઝમાં લગભગ સવાબસો પૃષ્ઠના દળદાર ગ્રંથની કિમ્મત માત્ર રૂા. ૦-૧૪-૦ ચૌદઆના છે. પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:—

**મેસર્સ એ. એમ. એન્ડ કું.** મુ. પાલીતાણા. (કાઠીઆવાડ)

**શ્રીવિજયધર્મસૂરિ ગ્રંથમાળા** છોટા શરાફા ઉજ્જૈન (માળવા)

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.